


નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૧૬-૧૧-૨૦૧૮ શુક્રવાર
AHMEDABAD
ESTABLISHED-1991




Regd. No.Guj.168/2016-2018 Valid up to Dt. 31-12-2018 • તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodaydaily@yahoo.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 • વર્ષ-૨૮ અંક-૧૦૭ • ૭ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૦ • 16 NOVEMBER 2018 • PAGES 12 • મૂલ્ય ₹ ૫.૦૦

# ફ્રાન્સ સરકાર દ્વારા 'નો ગેરંટી' એ રાફેલના કબાટમાંથી નીકળેલું નવું કંકાલ : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

રાફેલ મુદ્દે દેશના હિતો સાથે સમાધાન કરવાનો કોંગ્રેસે ગુરૂવારે વડાપ્રધાન મોદી પર ગંભીર આરોપ લગાવતા પાર્ટીના અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે, રાફેલના કબાટને ખંગોળતા નવા કંકાલ બહાર આવ્યા છે અને તે એ છે કે, સોદાની મજબૂતી માટે ફ્રાન્સ સરકારે કોઈ ગેરંટી આપી જ નથી. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, રાફેલ



જેટ સોદાને સરકાર સાથે સરકારનો કોન્ટ્રાક્ટ ગણાવાય છે અને પીએમ મોદી એમ કહે છે કે ફ્રાન્સ સરકારે વફાદાર રહેવાનો વાયદો તેમના પત્રમાં કર્યો છે. રાહુલ ગાંધીએ આ અંગે ટ્વિટર પર 'ચોકીદાર બીક ગયા' ટેગ કરીને લખ્યું હતું કે, રાફેલના કબાટને ઊંધો કરતા નવા કંકાલ બહાર આવ્યા છે. આ સોદાને મજબૂતી માટે ફ્રાન્સ સરકારે કોઈ ગેરંટી આપી નથી. પણ આપણા પીએમ કહે છે કે, ફ્રાન્સ સરકારે વફાદાર રહેવાનો વાયદો તેમના પત્રમાં કર્યો છે. આને સરકાર સાથે સરકારનો સોદો કહેવું અતિશયોક્તિ ગણાશે. કેન્દ્ર સરકારે બુધવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, ૩૬ રાફેલ જેટ વિમાન માટેના સોદામાં ફ્રાન્સ સરકાર દ્વારા કોઈ સાર્વભૌન ગેરંટી અપાઈ નથી. જોકે, એટોર્ની જનરલ કેકે વેણુગોપાલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, ફ્રાન્સ સરકારે ભારત સરકારને આશ્વાસન પત્ર આપ્યો છે જે પૂરતો છે. પોતાની પાર્ટીના અધ્યક્ષ સાથે સૂરમાં સૂર પુરાવતા પાર્ટીના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું કે, મોદીએ રાફેલની બેન્ચમાર્ક પ્રાઇઝને વધારીને ૬૨ હજાર કરોડથી વધુ કરી નાખી હતી જયારે કોંગ્રેસના સમયે કિંમત ઘણી ઓછી હતી. તેમણે આ સાથે જ સંયુક્ત સંસદીય સમિતિની તપાસની માગ કરી હતી.

## રક્ષામંત્રાલયની સલાહ છતાં ચોકીદારે ચોર દરવાજાથી રાફેલ ડીલ બદલી નાંખી : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૫

કોંગ્રેસે રાફેલ ડીલને લઈને ગુરૂવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ફરીથી નિશાન સાધ્યું અને આરોપ લગાવ્યા કે, મોદીએ અધિકારી, સરક્ષણ મંત્રી અને રક્ષા ખરીદ પરિષદની સલાહની વિરૂદ્ધ જઈને ફાઈટર વિમાનોની બેન્ચમાર્ક પ્રાઈઝ (આધાર મૂલ્ય)ને વધારી દીધી. પાર્ટીએ તે પણ આરોપ લગાવ્યો કે, વડાપ્રધાને રાફેલ સાથે જોડાયેલી ગેરંટીને માફ કરાવી દીધી અને મધ્યસ્થાની જોગવાઈને બદલી નાંખી જે દેશની સુરક્ષા સાથે છેડછાડ છે. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ રાફેલ મામલાની સંયુક્ત સંસદીય કમિટીની તપાસની માંગ દોહરાવીને પ્રશ્ન કર્યો છે કે, આખરે વડાપ્રધાને કોઈને ફાયદો પહોંચાડવા માટે કામ કર્યું? કોંગ્રેસના તાજા આરોપો પર સરકાર અથવા બીજેપી તરફથી કોઈ જ પ્રતિક્રિયા આવી નથી. સુરજેવાલાએ કહ્યું, દેશના કાયદા મંત્રાલય અને રક્ષા મંત્રાલયના અધિકારીઓની લેખિત સલાહ છતાં ચોકીદારે ચોર દરવાજાથી ડીલ બદલી નાંખી હતી. વડાપ્રધાન મોદીએ વિમાનની બેન્ચમાર્ક પ્રાઈઝને વધારીને ૬૨ હજાર કરોડ રૂપિયાથી વધારે કરી દીધી, જ્યારે કોંગ્રેસના સમયે કિંમત ઘણી ઓછી હતી. તેમને કહ્યું, રાફેલ વિમાનની ખરીદી માટે વાતચીત કરનાર કમિટીમાં આને લઈને ઘણો વિવાદ થયો કે, બેન્ચમાર્ક પ્રાઈઝ શું થશે. તત્કાલીન રક્ષા મંત્રી મનોહર પર્રિકરે વધેલી કિંમતને માનવાથી ઈક્રાર કરી દીધુ હતુ. સુરજેવાલાએ દાવો કર્યો, રક્ષા ખરીદ પરિષદે પણ વધેલી કિંમતનો સ્વીકાર કર્યો નહી અને કાગળ વડાપ્રધાન પાસે મોકલી દીધા. આ બધુ હોવા છતા વડાપ્રધાને વધેલી કિંમતનો સ્વીકાર કરી લીધો. તેમને કહ્યું, અમારો પ્રશ્ન છે કે વડાપ્રધાનપ તમે કોઈને ફાયદો પહોંચાડી રહ્યા છો?

## રાફેલ સોદાના 'લેટર ઓફ કમ્ફર્ટ' અંગે પૂર્વ સંરક્ષણ અધિકારીએ કહ્યું : કાં તો પાર્ટી વાયદો તોડી શકે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

સંરક્ષણ મંત્રાલયના પૂર્વ અધિકારી સુધાંશુ મોહન્ટીએ રાફેલ સોદાની બેન્ચમાર્ક કિંમતમાં ફેરફાર અને સાર્વભૌમ ગેરંટી આપવાનો ફ્રાન્સ સરકારનો ઈન્કાર બંને બાબતોની ટીકા કરી છે. એક ઈન્ટરવ્યૂમાં પૂર્વ સંરક્ષણ એકાઉન્ટ અને સંરક્ષણ વિભાગના ફાયનાન્સિયલ સલાહકાર કમ્પટ્રોલર જનરલ મોહન્ટીએ સોદાની બેંચમાર્ક કિંમતમાં ફેરફાર શંકાસ્પદ છે. અહેવાલો અનુસાર ૩૬ રાફેલ જેટ વિમાનોનો સોદો ૫.૨ બિલિયન યુરોમાં થયો હતો. આ સોદો અચાનક ૮.૨ બિલિયન યુરોનો થઈ ગયો હતો જેમાં બાદમાં ફેરફાર કરી તેને ૭.૮૭ બિલિયન યુરોનો કરાયો હતો કારણ કે, બેન્ચમાર્ક અને અંતિમ કિંમતો વચ્ચેનો અંતર વધી જતા કાયદા અનુસાર તે યોગ્ય ન હતું. આ કિંમતોના ઉછાળા સામે સવાલ ઉઠાવતા મોહન્ટીએ કહ્યું કે, મંત્રાલય દ્વારા આટલા મોટા પ્રમાણમાં ઉછાળાને કેમ સ્વીકાર કરવામાં આવ્યો તેની તપાસ થવી જોઈએ. સરકારે આ અંગે ખુલાસો કરવો જોઈએ. મોહન્ટીએ એવો પણ સવાલ ઉઠાવ્યો હતો કે, સંરક્ષણ સંપાદન કાઉન્સિલને બદલે બેંચમાર્ક કિંમતોમાં અંતિમ ફેરફારની ભલામણ સલામતી અંગેની કેબિનેટ સમિતિએ કેમ કરી.

## તામિલનાડુમાં આજે ચક્રવાત 'ગાઝા' ત્રાટકવાની તૈયારી સાથે ભારે વરસાદની આગાહી, સેના એલર્ટ પર, બચાવકર્મીઓની તૈનાતી, શાળા-કોલેજો બંધ

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૫

બંગાળના અખાતમાં તોફાની ચક્રવાત 'ગાઝા' અહીંથી લગભગ ૪૭૦ કિલોમીટર દૂર દક્ષિણ-પૂર્વમાં સ્થિર થયું છે અને આજે કુડ્ડલુર અને પમ્બાનના પશ્ચિમી ભાગે ત્રાટકી શકે છે. જેથી તામિલનાડુમાં ભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'ગાઝા' ગુરૂવાર સાંજે અથવા રાત્રે પમ્બાન અને કુડ્ડલુર વચ્ચે તટીય ક્ષેત્રને ઓળંગી શકે છે. એ દરમિયાન ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તામિલનાડુ સરકારે પહેલેથી ૩૦૫૦૦ બચાવકર્મીઓ ગોઠવવાની જાહેરાત કરી છે. બીજી બાજુ તંજૌર, તિરૂવરૂર, પુડુકોટ્ટાઈ, નાગપટ્ટિનમ, કુડ્ડલુર અને રામનાથપુરમમાં ગુરૂવારે શાળાઓ-કોલેજો બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. કેન્દ્રીય જળ પંચે બંધો ઉપર સતત નિગરાની રાખવા સલાહ આપી છે અને આના અનુસંધાને તામિલનાડુના મહેસૂલ મંત્રી આર.બી. ઉદયકુમારે પત્રકારોને જણાવ્યું કે, બંધો, ઝરણાઓ અને નદીઓ પર સતત નિગરાની રાખવામાં આવી રહી છે. એમણે કહ્યું કે, ભારે વરસાદથી ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં બધા બંધો અને જળાશયો ભરાઈ શકે છે. સરકારે તેલનો પુરવઠો પૂરો પાડતી કંપનીઓને જણાવ્યું કે એમણે બળતરનો પૂરતો સ્ટોક રાખવો. બીજી બાજુ ભારતીય નૌસેનાને પણ એલર્ટ ઉપર મૂકવામાં આવ્યું છે. નૌસેના મુજબ બે ભારતીય નૌસૈનિક જહાજો રણવીર અને ખંજરને ગોઠવવામાં આવ્યું છે. એ ઉપરાંત વધારાના ગોતાખોરો, ડોક્ટરો, હવાવાળી રબ્બરની હોડીઓ, હેલિકોપ્ટરો અને અન્ય રાહત સામગ્રી સાથે વહીવટને સાબદું કરવામાં આવ્યું છે. સરકારે મોબાઈલ સેવાઓ પૂરી પાડતી કંપનીઓને જણાવ્યું છે કે, એમણે પોતાના સંસોધનોની પૂર્ણ ચકાસણી કરી લેવી જોઈએ જેથી આપત્તિના સમયમાં માહિતીની આપ-લે કરી શકાય.

## ભાજપના શાસનમાં મધ્યપ્રદેશમાં ૮,૯૦૦ કરોડ રૂપિયાનું ઈ-ટેન્ડરિંગ કૌભાંડ : કોંગ્રેસ

**બિડિંગ આવ્યા બાદ પણ સરકારે તેની રકમ ઓછી કરવા સોફ્ટવેર કંપનીને હાયર કરી જેનાથી માનીતા બિડરોને કોન્ટ્રાક્ટ આપી શકાય, તપાસ થાય તો આ કૌભાંડની રકમ ૫૦ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે, અમે સત્તામાં આવીશું તો તપાસ કરાશે : રણદીપ સૂરજેવાલા**

(એજન્સી) ઈન્દોર, તા. ૧૫

કોંગ્રેસે બુધવારે આરોપ લગાવ્યો હતો કે, ભાજપની દેખરેખ હેઠળ ઈ-ટેન્ડરિંગ કોન્ટ્રાક્ટ ફાળવણીમાં ૮,૦૦૦ કરોડથી વધુ રૂપિયાનું કૌભાંડ આચરાયું છે. જો સત્તામાં આવશે તો આ ગેરરીતિ સામે તપાસ કરાવવાની જાહેરાત કરતા કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા રણદીપ



સૂરજેવાલાએ કહ્યું કે, તપાસ બાદ આ કૌભાંડ ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું હોવાનો અંદાજ છે. તેમણે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ પાસે આ ગેરરીતિ સૂચવતા દસતાવેજો છે. બીજી તરફ ભાજપે કહ્યું છે કે, આ અંગે રાજ્ય પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા તપાસ થઈ ગઈ છે. સૂરજેવાલાએ આરોપ લગાવ્યો હતો કે, ઈ-ટેન્ડરિંગ સોફ્ટવેર બનાવવા માટે પ્રાઈવેટ કંપનીને ભાજપની સત્તાધારી સરકારે પસંદ કરી હતી જેણે જમા થયેલા ટેન્ડરની રકમમાં ફેરફાર કર્યા હતા. તેમણે દસ્તાવેજ દેખાડતા કહ્યું કે, જ્યારે ટેન્ડર જમા થાય છે ત્યારે તેમાં કોઈ બદલાવ કરી શકાય નહીં પરંતુ અહીં તેમાં પણ ઘણા ફેરફાર કરાયા છે જે દુર્ભાગ્યપૂર્ણ છે. સરકારે એવી કંપનીઓને ટેન્ડર જારી કર્યા જે બ્લેક લિસ્ટમાં છે. સરકારે તેમની કોઈ પ્રકારે તપાસ નથી કરી. આ પ્રકારે અહીં ૯૦૦૦ કરોડ રૂપિયાના ટેન્ડરની રકમ બદલી નાખવામાં આવી છે આમ કરીને ૫૦,૦૦૦ કરોડ કરતા વધુનું કૌભાંડ આચરાયું છે. સૂરજેવાલાએ એમ પણ કહ્યું કે, મુખ્યમંત્રીએ મુખ્ય સચિવનું કાર્યકાળ વધારી દીધું છે એવા સમયે મુખ્યમંત્રીની ભૂમિકા પણ શંકાના ઘેરામાં છે.

### કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૭૧.૯૫ |
| પાઉન્ડ | ૯૨.૧૧ |
| યુરો | ૮૧.૩૪ |
| યેન | ૬૩.૫૬ |
| સઉદી રિયાલ | ૧૯.૧૭ |

### ક્યા બાત હૈ ?!

**૨૦૧૯ની ચૂંટણીઓ સુધી આપણે અહીં જ રહે શું !**



-જામી

## મુસ્લિમો પર અત્યાચાર મામલે ચીનને ઘેરવા ૧૫ દેશોના રાજદૂતોની યોજના

**કેનેડાની આગેવાનીમાં ચીનમાં ૧૫ દેશોના દૂતાવાસોએ ૧૦ લાખથી વધુ મુસ્લિમોને અટકાયતમાં રાખવા મામલે સરકારને પત્ર મોકલવાની યોજના ઘડી, શિનજિયાંગમાં ઉઇઘર મુસ્લિમો પર થતા અત્યાચારના સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ બાદ વિવિધ દેશોના રાજદૂતો ચીનથી ખફા**

(એજન્સી) બેઈજિંગ, તા. ૧૫

ઉઇઘર મુસ્લિમો પર માનવઅધિકાર ઉલ્લંઘન મામલે ચીનને હવે ઘેરવાની તૈયારી થઈ રહી છે. બેઈજિંગમાં પશ્ચિમી દેશોના ૧૫ રાજદૂતોનું એક સમૂહ ચીનના અશાંત શિનજિયાંગ ક્ષેત્રમાં ટોચના અધિકારીઓ સાથે બેઠક કરવા જઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ચીનનું શિનજિયાંગ પ્રાંત મુસ્લિમ બહુમતીવાળું છે અને ચીન સરકાર તેમના પર હંમેશા દમન ગુજારતી હોવાના અહેવાલો આવતા રહે છે. હવે પશ્ચિમી દેશોના રાજદૂતોએ ચીન પાસે આ અંગે જવાબ માગવાની યોજના બનાવી છે જેમાં મહત્વની ભૂમિકા કેનેડાની છે. ટોચની સમાચાર એજન્સીને પત્રનો એક ડ્રાફ્ટ મળ્યો છે જે અનુસાર આ તમામ રાજદૂતો એક પત્ર લખીને શિનજિયાંગની કમ્યુનિસ્ટ પાર્ટીના અધ્યક્ષ ચેન ક્વાંગુઓને અપીલ કરશે. ચીનમાં માનવ અધિકાર મામલે આ પ્રકારે ઘણા દેશોનો સામુહિક પ્રયાસ ઘણું મહત્વ રાખે છે. નોંધનીય છે કે, મુસ્લિમો વિરૂદ્ધ નીતિઓને લઈ કાર્યકરો, શિક્ષણવિદો, વિદેશી સરકારો જ નહીં પણ સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર નિષ્ણાતોએ પણ બેઈજિંગની આકરી ટીકા કરી છે.

ચીનમાં મોટી સંખ્યામાં ઉઇઘર મુસ્લિમો અને અન્ય મુસ્લિમ જૂથોને ડિટેન્શન કેમ્પમાં રાખવામાં આવે છે અને તેમના પર આકરી નજર રાખવામાં આવે છે સાથે જ અત્યાચારો પણ ગુજારવામાં આવે છે. અહીના મુસ્લિમો આ વિસ્તારને જ પોતાની માતૃભૂમિ ગણાવે છે. ઓગસ્ટમાં સંયુક્ત રાષ્ટ્રની માનવ અધિકાર પેનલે કહ્યું હતું કે, તેને ઘણી વિશ્વસનીય માહિતીઓ મળી છે કે, ૧૦ લાખ અથવા તેના કરતા વધુ ઉઇઘર મુસ્લિમોને હિરાસતમાં રાખવામાં આવ્યા છે. જોકે, ચીન આ આરોપોને ઈન્કાર કરે છે. તે આવા કેન્દ્રોને શિક્ષણ કેન્દ્ર ગણાવે છે. ચીન દલીલ કરે છે કે, નાના-મોટા અપરાધોમાં દોષિત ઠેરવાયેલા લોકોને પણ તે વ્યવસાયિક કેન્દ્રોમાં મોકલે છે જેનાથી તેઓને રોજગારની તકો અપાવી શકાય. દુનિયાભરના દેશો દ્વારા માનવ અધિકાર અંગે ટીકા કરવાની બાબતને ચીન અન્ય દેશોમાં દખલ ગણાવે છે.



ચીનના ટોચના રાજદૂતે મંગળવારે પણ જણાવ્યું હતું કે, દુનિયાના લોકોએ શિનજિયાંગ મુદ્દે ચર્ચા કરવાને બદલે અધિકારીઓ પર ભરોસો કરવો જોઈએ. હાલ એ સ્પષ્ટ નથી કે આ પત્ર મોકલ્યો છે કે પછી તેમાં સંશોધન કરવાના બાકી છે. એક દૂતાવાસના સૂત્રે કહ્યું છે કે, ઘણા દેશો તેના પક્ષમાં છે. કેટલાક રાજદૂતોમાં એવો પણ ભય છે કે, વધુ ચર્ચા કરવાથી ચીન નારાજ થઈ જશે કારણ કે ચીને ઘણા દેશોમાં પોતાનું રોકાણ કરી રાખ્યું છે.

ચેનને સંબોધીને લખાયેલા પત્રમાં રાજદૂતોએ કહ્યું છે કે, તેઓ શિનજિયાંગ અંગે સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટથી ઘણા ચિંતિત છે. પત્રના ટ્રાફ્ટ અનુસાર સામુદાયિક લઘુમતીઓ સાથે જે પ્રકારનો વ્યવહાર થઈ રહ્યો છે તેને લઈ આવતા રિપોર્ટોને કારણે અમે ઘણા વ્યથિત છીએ. સ્થિતિને યોગ્ય રીતે સમજવા માટે અમે તમારી સાથે બેઠક કરવા માગીએ છીએ. આ પત્રને ચીનના વિદેશ મંત્રાલય સહિત બે અન્ય વિભાગોમાં મોકલવાની તૈયારી કરાઈ છે. જોકે, હાલ ચીનના કોઈ અધિકારીનું આ અંગે કોઈ નિવેદન આવ્યું નથી.

## અમેરિકાના સાંસદોએ ઉઈઘર મુસ્લિમો પર દમન ગુજારવા બદલ ચીન પર પ્રતિબંધો લાદતું બિલ રજૂ કર્યું

અમેરિકાના સાંસદોએ ઉઈધર મુસ્લિમોના માનવાધિકાર ભંગ બદલ ચીનને સજા અપાવવા માટે બુધવારે સંસદમાં એક બિલ રજૂ કર્યું હતું. યુએસની સેનેટ અને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ બંને ગૃહોમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. આ બિલ દ્વારા ઉઈધર મુસ્લિમો પર અત્યાચાર માટે જવાબદાર ચાઈનીઝ અધિકારીઓ સામે પગલાં લેવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર પર દબાણ ઊભું કરવામાં આવ્યું હતું. આ બિલમાં કેટલાક ચોક્કસ ચાઈનીઝ અધિકારીઓ પર પ્રતિબંધો મૂકવાનો અને ચોક્કસ ચાઈનીઝ રાજકીય સંસ્થાઓને અમેરિકન કંપનીઓ દ્વારા કરવામાં આવતા ચીજવસ્તુઓના વેચાણ પર નિયંત્રણ લાદવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી ઉઈધર મુસ્લિમો ચીનના અમાનવીય અત્યાચારોનો ભોગ બની રહ્યા છે. યુએનના અંદાજ પ્રમાણે લગભગ એક મિલિયન જેટલા ઉઈધર મુસ્લિમોને ડિટેન્શન કેમ્પમાં કેદ કરવામાં આવ્યા છે. આ બિલના મુખ્ય સમર્થક સેનેટર માર્કો



રૂબિયોએ કહ્યું હતું કે, વોશિંગ્ટને માનવાધિકારોના ભંગ બદલ જવાબદાર ચાઈનીઝ અને સામ્યવાદી અધિકારીઓ સામે પગલાં લેવા જોઈએ. કુલ ૧૫ સેનેટરોએ આ બિલને સમર્થન આપ્યું હતું.

## મોદી સરકારને નોકરીઓ આપવામાં નિષ્ફળ ગણાવી નારાયણમૂર્તિએ નોકરીઓ વધારવા અંગે સલાહ આપી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

દેશમાં રોજગાર નીતિની સૌથી મોટી વિડંબના એ છે કે, ગત એક દશકમાં આર્થિક વિકાસના દર સતત ઝડપી થઈ રહ્યા છે અને રોજગારના આંકડા ગંભીર સ્થિતિમાં જઈ રહ્યા છે. એકતરફ વૈશ્વિક સ્તરે અર્થશાસ્ત્રી તેને જોબલેસ ગ્રોથ ગણાવે છે ત્યારે મોદી સરકાર માટે રોજગારની સમસ્યા સૌથી મોટો પડકાર બનીને ઉભી છે. આવી સ્થિતિમાં આ સરકારની ઉતાવળનું પરિણામ જ છે કે, તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં વડાપ્રધાન મોદીએ દાવો કર્યો હતો કે, જ્યારે માર્ગની બાજુમાં યુવા પકોડા વેચીને ૨૦૦ રૂપિયા કમાવી રહ્યા છે તેને પણ રોજગાર પેદા કર્યા કહેવાની જરૂર છે.

બીજી તરફ છેલ્લા બે દશક દરમિયાન દેશમા નવી નોકરીઓ ઉભી કરવામાં મહારથ હાંસલ કરનારા આઈટી કંપની ઈન્ફોસિસના સહસ્થાપક એન. આર. નારાયણમૂર્તિએ આગામી દશકમાં નોકરીઓ ઉભી કરવાનો મંત્ર મોદી સરકારને આપ્યો છે. બ્લૂમબર્ગને આપેલા ઈન્ટરવ્યૂમાં નારાયણમૂર્તિએ જણાવ્યું કે, મોદી સરકારે વેપાર માટે અચ્છે દિન લાવવાની સાથે-સાથે દુનિયાભરના ઉદ્યોગપતિઓને રોકાણ કરવા માટે આકર્ષવા જોઈએ. તેમણે કહ્યું કે, હાલના વૈશ્વિક પડકારો વચ્ચે જો દેશની સરકાર નોકરીઓ ઉભી કરવાને ગંભીરતાથી લેવા માગે છે તો તેણે આ બે પક્ષો પર ઈમાનદારીથી કામ કરવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા દોઢ દશક દરમિયાન એક તરફ અર્થવ્યવસ્થા સાત ટકા કરતા વધુ ઝડપથી વધી રહી છે જ્યારે રોજગારના આંકડા આ દરમિયાન ૨.૮૭ ટકાના દરે નીચે આવી ગયા છે અને એક ટકાથી ઓછા સ્તરે પહોંચી ગયા છે.




નારાયણમૂર્તિએ કેન્દ્ર સરકારને નોકરીઓ ઉભી કરવાનો મંત્ર આપ્યો સાથે જ ઉદ્યોગપતિઓને અપીલ કરી છે કે, આગામી દશકમાં વધુમાં વધુ યુવાઓને નોકરીઓ માટે તૈયાર કરવા માટે તેઓ નવા યુગની ટેકનોલોજીમાં રોકાણ અને ટ્રેનિંગને મહત્વ આપે. નારાયણમૂર્તિએ દાવો કર્યો છે કે, છેલ્લા દોઢ દશક દરમિયાન ઈન્ફોસિસની સફળતાનું સૌથી મોટું રહસ્ય એ જ છે કે, તેણે યુવાઓની તાલીમને સૌથી વધુ મહત્વ આપ્યું અને હાલના સમયમાં કંપની પાસે ૧૪ હજાર યુવાઓને તાલીમ આપવાની ક્ષમતા છે.



## મુખ્ય સમાચાર સારાંશ

# ચૂંટણી પહેલાં મિઝોરમના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.બી. શશાંકની બદલી અને નવ અન્ય મુખ્ય સમાચારો

(એજન્સી) તા.૧૫

૧. ગુરૂવારે ભારતના મુખ્ય ચૂંટણી કમિશનરે મિઝોરમના મુખ્ય ચૂંટણી અધિકારી એસ.બી. શશાંકની બદલી કરી. આઈએએસ અધિકારી આશિષ કુંદ્રાને તાત્કાલિક ધોરણે ચાર્જ સોંપાયો.
૨. રૂપિયો સતત મજબૂતી તરફ, ક્રૂડના ભાવોમાં ઘટાડાને કારણે સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ ઉછાળા સાથે બંધ.
૩. દિલ્હી યુનિવર્સિટી બનાવટી ડિગ્રી વિવાદ : એબીવીપીએ અંકીવ બિસોયાને સસ્પેન્ડ કરી તેમને છાત્રસંઘનું પ્રમુખપદ છોડવા કહ્યું.
૪. મરાઠા અનામત : સમિતિએ સરકારને રિપોર્ટ સુપરત કરી અનામની ભલામણ કરી.
૫. મધ્યપ્રદેશ ચૂંટણી : ભાજપે ઉમેદવારી રદ ન કરનાર ૫૩ બળવાખોર ઉમેદવારોની હકાલપટ્ટી કરી.
૬. સબરીમાલા વિવાદ : શુક્રવારે ફરીથી મંદિરના પ્રવેશદ્વાર ખોલવામાં આવશે તે પહેલાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં કોઈ સંમતિ ન સધાઈ.
૭. દિલ્હી : ફેશન ડિઝાઈનર અને ઘરઘાટી મૃત અવસ્થામાં મળી આવ્યા, ત્રણ લોકોની ધરપકડ.
૮. ડોકલામ વિવાદના કારણે એક વર્ષ લાંબા વિલંબ પછી ભારત-ચીન સંરક્ષણ બેઠકનું આયોજન કરશે.
૯. વિદેશ સચિવ વિજય ગોખલેએ કહ્યું કે, અમેરિકાથી વધારે પ્રમાણમાં ખનીજ તેલ અને ગેસની આયાત કરવા માટે ભારત મુક્ત છે.
૧૦. પીડિતાના પરિવારની વિનંતી પછી વકીલ દીપિકાસિંહ રાજાવતને કઠુઆ કેસમાંથી દૂર કરવામાં આવ્યા.

# મુસ્લિમોને "ગૌમૂત્ર" અંગે સલાહ આપનાર બાબા રામદેવને પ્રયાગરાજ કોર્ટે નોટિસ ફટકારી

(એજન્સી) પ્રયાગરાજ, તા.૧૫

યોગ ગુરૂ બાબા રામદેવે મુસ્લિમોને 'ગૌમૂત્ર' ઉપયોગ કરવાની સલાહ અપાતા મુશ્કેલીમાં મૂકાયા છે. એબીવી ન્યુઝના જણાવ્યા મુજબ ઉત્તરપ્રદેશની પ્રયાગરાજ કોર્ટે બાબા રામદેવને એમણે અપાયેલ નિવેદન બદલ નોટિસ ફટકારી જવાબ માંગ્યો છે. એમને એક અઠવાડિયામાં જવાબ દાખલ કરવા કહેવાયું છે. સૂત્રોએ જણાવ્યું કે, પ્રયાગરાજની એડીજે કોર્ટે ૨૨મી નવેમ્બરે વધુ સુનાવણી હાથ ધરશે. કોર્ટે બાબા રામદેવને પૂછ્યું છે કે, તમે કયા આધારે મુસ્લિમોને "ગૌમૂત્ર" ઉપયોગ કરવાની સલાહ આપી છે. કયા ધાર્મિક પુસ્તકોના આધારે મુસ્લિમોને ગૌમૂત્ર ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી છે. નોંધનીય છે કે યોગગુરૂ બાબા રામદેવે હાલમાં કહ્યું હતું કે, "ગૌમૂત્ર" મુસ્લિમોને પણ અસ્વીકાર્ય છે કારણ કે એનો ઉપયોગ સારવાર માટે કરવામાં આવે છે. એમણે દાવો કર્યો હતો કે, કુર્આનમાં લખેલ છે કે ગૌમૂત્રનો ઉપયોગ સારવાર માટે કરી શકાય છે.

# અયોધ્યા મુદ્દો : લઘુમતી પંચનો સુપ્રીમ કોર્ટમાં જવાનો ઈન્કાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

બાબરી મસ્જિદ-રામજન્મભૂમિ જમીન વિવાદ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કરતા રાષ્ટ્રીય લઘુમતી પંચે જાહેરાત કરી છે કે એ સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરશે નહીં પણ એમના ચુકાદાની રાહ જોશે. આ પ્રકારનો નિર્ણય પંચની ઉચ્ચ સ્તરીય કમિટીએ એમની સીજીઓ કોમ્પલેક્ષ ખાતે આવેલ એનએમસી ઓફિસમાં કર્યું હતું. ઈન્કલાબ નેશનલ માઈનોરિટી ચેરમેન સૈયદ ઘાયુરૂલ હસન રિઝવીના જણાવ્યા મુજબ અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે ચેરમેનનો નિર્ણય એ પંચનો નિર્ણય નથી પણ એક વિચાર છે, એમણે કહ્યું કે, પાછલા દિવસોમાં એમના વિચાર બાબત હોબાળો મચ્યો હતો. જેના લીધે પંચે પોતાનો વલણ સ્પષ્ટ કરવા મીટિંગનું આયોજન કર્યું છે. એનએમસીના ચેરમેને કહ્યું હતું કે, જ્યારે સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી કેસનો નિર્ણય જાન્યુઆરી મહિનામાં કરવાની છે. એવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરવાનો કોઈ અર્થ નથી. આપણે સુપ્રીમ કોર્ટના નિર્ણયની રાહ જોવી જોઈએ.

# મરાઠાઓ માટે પેનલે ૧૬ ટકા અનામતની ભલામણ કરી, તેમને સામાજિક અને આર્થિક રીતે પછાત ગણાવ્યા

(એજન્સી) તા.૧૫

પછાત વર્ગ પંચે મરાઠાઓને ૧૬ ટકા અનામત આપવાની ભલામણ કરી છે. સૂત્રો મુજબ પંચે બંધ કવરમાં પોતાનો રિપોર્ટ સરકારને સોંપી દીધો છે. આ રિપોર્ટમાં જણાવાયું છે કે, રાજ્યમાં ૩૦ ટકાની વસતી ધરાવતાં મરાઠાઓ છે. એવામાં તેમને સરકારી નોકરીમાં અનામત આપવાની જરૂર છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર મરાઠાઓને અનામત આપવાને લઈને ઘણાં સમયથી માગણી કરવામાં આવી રહી હતી. પછાત વર્ગના પંચે આ મામલે હવે સરકારને સીલ બંધ કવરમાં પોતાનો રિપોર્ટ સોંપી દીધો છે. પંચે કહ્યું કે, જે રાજ્યમાં ૩૦ ટકા વસતી મરાઠાની હોય ત્યાં ૧૬ ટકા અનામત આપવી જોઈએ. તેની સાથે એમ પણ કહ્યું કે, મરાઠાઓને અનામત આપવા દરમિયાન ઓબીસી કોટામાં કોઈ ફેરફાર ન કરવો જોઈએ. જો આ અનામત પર મોહર લાગશે તો તમામ શ્રેણીઓને મિલાવીને રાજ્યમાં કુલ ૬૮ ટકા અનામત થઈ જશે. હાલ રાજ્યમાં અલગ અલગ વર્ગને મિલાવીને ૫૨ ટકા અનામત છે. મહારાષ્ટ્ર સરકારે જૂન ૨૦૧૭માં પછાત વર્ગ પંચને મરાઠા અનામતના મુદ્દાઓ પર સર્વેક્ષણ કરવા કહ્યું હતું. ગત ૧૫ મહિનામાં પંચે મહારાષ્ટ્રના અનેક ભાગોની મુલાકાત લીધી. આ દરમિયાન પંચે બે લાખ મરાઠા સમુદાયના સભ્યોની ફરિયાદ સાંભળી. આ દરમિયાન પંચે ૨૫ હજાર પરિવારોનો સરવે કર્યો. આંદોલનકારીઓના એક ભાગે ગત ગુરૂવારે રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત પણ કરી હતી. આ પક્ષ મહારાષ્ટ્રમાં આગામી લોકસભા ચૂંટણી લડશે. નવા પક્ષનું નામ મહારાષ્ટ્ર ક્રાંતિ સેના રખાયું છે જેનું નેતૃત્વ સુરેશ પાટિલ કરશે. તેમણે દાવો કર્યો હતો કે તે મરાઠા અનામત સંઘર્ષ સમિતિ સાથે ગત ૧૦ વર્ષથી કામ કરી રહ્યાં છે. સુરેશ પાટીલે કહ્યું હતું કે, તેમણે અને તેમના સમર્થકોએ ઐતિહાસિક રાયરેશ્વર મંદિરમાં નવા રાજકીય પક્ષ બનાવવા અને સમુદાય માટે કામ કરવાનો સંકલ્પ લીધો હતો.

# મરાઠા અનામત : પંચે રિપોર્ટ સુપરત કરતાં મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું ૧ ડિસેમ્બરે ઉજવણી કરવાની તૈયારી કરો

(એજન્સી) તા.૧૫

મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકાર જલદી જ મરાઠા સમુદાયને અનામત આપવાની જાહેરાત કરી શકે છે. એવું મનાય છે કે સીએમ ફડણવીસ ૧ ડિસેમ્બરે તેની ઔપચારિક જાહેરાત કરી શકે છે. મુખ્યમંત્રી ફડણવીસે ખૂદ આ વાતનો સંકેત આપતાં કહ્યું હતું કે, મરાઠાઓ ઉજવણીની તૈયારીઓ કરો. ફડણવીસે કહ્યું હતું કે, અમને મરાઠા અનામત પર બેકવર્ડ કમીશનનો રિપોર્ટ મળી ગયો છે. હું તમને સૌને નિવેદન કરૂં છું કે તમે ૧ ડિસેમ્બરે ઉજવણીની તૈયારીઓ કરો. ફડણવીસના આ નિવેદન પર અનેક પ્રકારની આશંકાઓ વ્યક્ત કરાઇ રહી છે. એવું મનાય છે કેસરકાર મરાઠાઓ અનામત આપવાની જાહેરાત કરી શકે છે. ગુરૂવારે મહારાષ્ટ્ર પછાત વર્ગ પંચે મરાઠાઓને ૧૬ ટકા અનામત આપવાની ભલામણ કરી છે. આ મામલે પંચે પોતાનો રિપોર્ટ સરકારને સોંપી દીધો છે. મહારાષ્ટ્રમાં ૩૦ ટકા વસ્તીવાળા મરાઠાઓ છે એટલા માટે તેને સરકારી નોકરીઓમાં અનામત આપવાની જરૂર છે. જ્યારે સૂત્રોએ કહ્યું કે, મરાઠાઓને અનામત આપવા દરમિયાન ઓબીસી ક્વોટારા કોઈ ફેરફાર નહીં કરાય. જો આ અનામત પર મોહર લાગશે તો તમામ શ્રેણીને મિલાવીને રાજ્યમાં કુલ ૬૮ ટકા અનામત થઈ જશે. હાલ રાજ્યમાં અલગ-અલગ વર્ગને મિલાવીને કુલ ૫૨ ટકા અનામત છે. ગત કેટલાક સમયથી ચાલી રહેલા મરાઠા આંદોલન દરમિયાન અત્યાર સુધી રાજ્ય પરિવહનની બસો સળગાવીને લગભગ ૫૦ કરોડ રૂપિયાથી વધુનું નુકસાન કરાયું છે. આજે તોડફોડથી ડરીને મુંબઈમાં પરિવહન વિભાગે પોતાની બસો ઊભી રાખી અને જેના કારણે રાજ્યની સામાન્ય પ્રજાને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

# મ.પ્રદેશમાં ભાજપે ૫૩ બળવાખોર નેતાઓને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા

(એજન્સી) ભોપાલ,તા.૧૫

મધ્યપ્રદેશમાં આંતરવિગ્રહ અને અસંતોષ સામે લડત લડી રહી ભારતીય જનતા પાર્ટીએ ૫૩ બળવાખોર નેતાઓને પાર્ટીમાંથી બહાર ખસેડ્યા છે. ભાજપે પાર્ટી ઉમેદવારો વિરૂદ્ધ ચૂંટણી લડનાર બળવાખોર નેતાઓ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. પાર્ટીમાંથી બરતરફ કરવાની કાર્યવાહીનો પત્ર સંબંધિત જિલ્લાના જિલ્લા અધ્યક્ષ દ્વારા જારી કરવામાં આવશે. પાર્ટીથી બહાર કરવામાં આવેલા નેતાઓમાં સરતાજ, રામકૃષ્ણ કુષ્મારિયા, નરેન્દ્ર કુશવાહ, સમીક્ષા ગુપ્તા, લતા મસ્કી, ધીરજ પટેરિયા, રાજકુમાર યાદવના નામ શામેલ છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા જ સરતાજસિંહ કોંગ્રેસમાં જોડાયા હતા. કોંગ્રેસમાં જોડાયાના લગભગ થોડા કલાકો પછી જ પાર્ટીએ તેમને હોશંગાબાદ વિધાનસભા ક્ષેત્રથી પોતાના ઉમેદવાર બનાવ્યા હતા. તે સમયે હાથનો સાથ મળવાથી ખુશ સરતાજસિંહે જણાવ્યું હતું કે, 'હું કોંગ્રેસનો આભારી છું કે તેણે મને હોશંગાબાદ બેઠકથી ટિકિટ આપી છે. હું ૫૮ વર્ષ સુધી ભાજપમાં રહ્યો, પરંતુ તેમ છતાં ભાજપે મને આ વખતે પણ ટિકિટ આપી નથી. હું લોકોની વચ્ચે રહીને સેવા કરવા માંગું છું, તેથી ચૂંટણી લડી રહ્યો છું.'

# શ્રીલંકાની સંસદના સ્પીકરને ઘેરી લેવાતા ગૃહમાં અરાજકતાની સ્થિતિ સર્જાઇ

### રાજપક્ષેએ દેશની વર્તમાન રાજકીય કટોકટી ઉકેલવા માટે નવેસરથી ચૂંટણીઓ યોજવાની માગણી કરી

(એજન્સી) કોલંબો, તા. ૧૫

શ્રીલંકાની સંસદમાં વિશ્વાસનો મત મેળવવામાં નિષ્ફળ નીવડેલા વડાપ્રધાન મહિંદા રાજપક્ષેએ દેશની વર્તમાન રાજકીય કટોકટી ઉકેલવા માટે નવેસરથી ચૂંટણીઓ યોજવાની માગણી કર્યા બાદ રાષ્ટ્રપતિ મૈત્રીપાલા સિરિસેના અને રાજપક્ષેને વફાદાર અને ઉશ્કેરાયેલા સાંસદોએ ગુરૂવારે સંસદમાં સ્પીકરને તેમની ખુરશીમાં જ ઘેરી લેતા ગૃહમાં હિંસાના દ્રશ્યો સર્જાયા હતા. શ્રીલંકામાં નવેસરથી ચૂંટણીઓ યોજવાની માગણી કરી રહેલા રાજપક્ષે દ્વારા કરવામાં આવેલા એક નિવેદન પર મતદાન યોજવાની પદભ્રષ્ટ વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેની યુનાઈટેડ નેશનલ પાર્ટી તરફથી કરવામાં આવેલી એક વિનંતી પર ગૃહના સ્પીકર કરૂ જયસૂર્યા રાજી થઇ જતા ગૃહમાં હોબાળો સર્જાયો હતો. જયસૂર્યાએ રાજપક્ષેને સંસદ સભ્ય તરીકે ઉપરોક્ત નિવેદન આપવાની મંજૂરી આપતા કહ્યું હતું કે તેઓ શ્રીલંકા ફ્રીડમ પાર્ટી (એસએલએફપી)ના નેતાના દાવાને માન્ય રાખતા નથી. એસએલએફપીના નેતાએ બુધવારે વિશ્વાસનો મત ગુમાવી દીધો હતો. રાજપક્ષેએ જણાવ્યું હતું કે હું રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન રહી ચુક્યો છું, તેથી આ વડાપ્રધાનપદ તેમના માટે મહત્વનું નથી. શ્રીલંકાના વડાપ્રધાન



મહિંદા રાજપક્ષેએ ગુરુવારે દાવો કર્યો છે કે, સ્પીકર પાસે ધ્વનિમતથી તેમને પદ પરથી હટાવવાનો કોઈ અધિકાર નથી. આ વાત રાજપક્ષેએ તેમના વિરુદ્ધ મંગળવારે પાસ થયેલા અવિશ્વાસના પ્રસ્તાવ વિશે કહી છે. ત્યારપછી શ્રીલંકાની સંસદમાં સાંસદો વચ્ચે મારા-મારી થઈ ગઈ હતી. શ્રીલંકાની સંસદ ગુરુવારે ફરી બોલાવવામાં આવી હતી. તે દરમિયાન સ્પીકર કારુ જયસૂર્યાએ જણાવ્યું કે, દેશમાં કોઈ સરકાર નથી. હાલ અહીં કોઈ વડાપ્રધાન નથી. પછી ભલે કે રાષ્ટ્રપતિ તરફથી નિમણૂક કરેલા રાજપક્ષે તરફથી હોય કે, તેમના પ્રતિ સ્પર્ધી વિક્રમ સિંઘે. વિરોધીઓએ રાજપક્ષેના નિવેદન પર વોટ કરવાની માંગણી કરી તો અમુક સંસદોએ વેલીમાં આવીને નારેબાજી કરવાની શરૂઆત કરી દીધી. ત્યારપછી ૩૫-૩૬ સાંસદો વચ્ચે મારા-મારી શરૂ થઈ ગઈ હતી. આ દરમિયાન અમુક સાંસદોને ઈજા પણ આવી હતી.

# ગુજરાત રમખાણોમાં મોદીને સીટની ક્લિનચીટને ઝકિયા જાફરીએ શા માટે પડકારી

### ઝકિયા જાફરીના વકીલે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી કે સીટના રિપોર્ટ વિરૂદ્ધ તેમના અસીલે કરેલી અરજીને ગુજરાતની કોર્ટના મેજિસ્ટ્રેટે જરૂરી વિચારણા હાથ ધર્યા વિના જ ફગાવી દીધી હતી ● ૧૯મી નવેમ્બરે સુપ્રીમ કોર્ટમાં ઝકિયા જાફરીની અરજીને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે સુનાવણી હાથ ધરાશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ગત ૧૩ નવેમ્બર મંગળવારના રોજ સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, તે કોંગ્રેસના પૂર્વ સાંસદ અહેસાન જાફરીના વિધવા ઝકિયા જાફરી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)એ આપેલી ક્લીનચીટ વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી અંગે ૧૯ નવેમ્બરના રોજ સુનાવણી હાથ ધરશે. આ કેસ ૨૦૦૨ના ગુજરાત રમખાણો સાથે સંબંધિત છે જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા.

ગુજરાતમાં મુસ્લિમોની થયેલી કત્લેઆમ દરમ્યાન ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ અમદાવાદની ગુલબર્ગ સોસાયટી પર ટોળાએ હુમલો કરી અહેસાન જાફરી સહિત ૬૮ લોકોની ક્રૂર રીતે હત્યા કરી નાખી હતી.

જસ્ટિસ એ.એમ. ખાનવિલકર અને દિપક ગુપ્તાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે, અરજીનો વિસ્તૃત અભ્યાસ બાકી હોવાથી આ મામલે આગામી ૧૯મી નવેમ્બરના રોજ સુનાવણી હાથ ધરવામાં આવશે. સુનાવણી દરમ્યાન જાફરી તરફથી હાજર રહેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રી સી.યુ.સિંહે જણાવ્યું હતું કે, ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ અને મે ૨૦૦૨ના સમય દરમ્યાન એક મોટું કાવતરૂ ઘડવામાં આવ્યું હોવાના સંબંધિત અરજી હોવાથી નોટિસ ઈસ્યુ કરવાની જરૂર છે. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે, કોર્ટમાં અહેવાલ રજૂ કરતા પહેલાં સીટે આપેલી ક્લીનચીટ વિરૂદ્ધ અરજીકર્તા દ્વારા અપીલ દાખલ કરવામાં આવી હતી. જે અરજી પર જરૂરી સુનાવણી હાથ ધરાયા વિના જ મેજિસ્ટ્રેટ દ્વારા તે અરજી ફગાવી દેવામાં આવી હતી. ધારાશાસ્ત્રીએ વધુમાં રજૂઆત કરી હતી કે, સુપ્રીમ કોર્ટ સમક્ષ ખાસ અરજી ફાઈનલ જજમેન્ટ તથા ગુજરાત હાઈકોર્ટના પાંચ ઓક્ટોબર ૨૦૧૭ના ચુકાદા વિરૂદ્ધ દાખલ કરવામાં આવી છે. જેમાં મેજિસ્ટ્રેટના ચુકાદાને ખોટી રીતે માન્ય ઠેરવતા સીટ દ્વારા રજૂ કરાયેલા ક્લોઝર રિપોર્ટનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ૨૦૦૨માં ગુજરાત રમખાણોની તપાસ માટે આ કોર્ટ દ્વારા જ સીટની રચના કરવામાં આવી હતી.

# રાફેલ સોદો : શું મોદી સરકારના કહેવાથી એરફોર્સના અધિકારીઓ સુપ્રીમ કોર્ટમાં જૂઠું બોલ્યા હતા ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

શું નરેન્દ્ર મોદી સરકારના કહેવાથી એરફોર્સના અધિકારીઓએ સુપ્રીમ કોર્ટમાં ખોટી જુબાની આપી હતી. સુપ્રીમ કોર્ટમાં એરફોર્સના અધિકારીઓએ કહ્યું કે, ભારતીય વાયુસેનામાં ૧૯૮૫ પછી કોઈ પણ લડાકુ વિમાનો સામેલ કરાયા નથી. એમના નિવેદનો સત્યથી ઘણાં જ દૂર છે, ભારતીય વાયુસેનામાં ૨૦૦૪ના વર્ષમાં સુખોઈ લડાકુ વિમાનો સામેલ કરાયા હતા. એરફોર્સના રેકર્ડ મુજબ ૧૯૮૫માં સુખોઈ વિમાનોનું ઉત્પાદન પણ કરાયું ન હતું. ૪૨ વિમાનોનો કાફલો ૨૦૧૨ના વર્ષમાં ભારતીય વાયુસેનામાં સામેલ કરાયો હતો. રાફેલ સોદાના કેસની સુનાવણી દરમિયાન સીજેઆઈ રંજન ગોગોઈએ એરવાઈસ માર્શલ જે. ચલાપથી અને એરમાર્શલ વી.આર. ચૌધરીને પૂછ્યું હતું. જેમાં બંને અધિકારીઓએ કોર્ટને ગેરમાર્ગે દોરતી માહિતી આપી હતી. એરફોર્સ વિભાગ અને નિષ્ણાતો આ માહિતી અને જુઠ્ઠાણાંથી ચોકી ગયા છે. ખરી હકીકત એ છે કે ૧૯૮૫માં સુખોઈ વિમાનો ઉત્પાદિત પણ થયા ન હતા. સુખોઈની ડિઝાઈન ૧૯૯૫માં મંજૂર કરાઈ હતી. સુનાવણી દરમિયાન એરવાઈઝ માર્શલે કોર્ટને રાફેલનું મહત્ત્વ જણાવ્યું હતું અને ભારતને એની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું અને બધા અધિકારીઓએ કહ્યું કે, ૧૯૮૫માં સુખોઈ વિમાનો સામેલ કરાયા હતા એના પછી કોઈ પણ વિમાનો સામેલ કરાયા નથી. એરફોર્સના અધિકારીઓના ખોટા નિવેદનો ખૂબ જ ગંભીર છે. એમની જવાબદારી છે કે એમણે સત્ય હકીકતો જણાવવી જોઈએ પણ સરકારના ઈશારે ખોટી માહિતી આપી રહ્યા છે. સુખોઈ વિમાનોનો કરાર રશિયા સાથે ૧૯૯૬ના વર્ષમાં કરાયો હતો. તે વખતે યુપીએની સરકાર હતી. આ કરાર મુજબ રશિયા ભારતને ૧૪૦ સુખોઈ અને ટેકનોલોજી પણ આપવાની હતી. રશિયાએ ટેકનોલોજી પણ આપતા ભારતની હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડે ૨૦૦૦ની સાલમાં સુખોઈ વિમાન બનાવવાની શરૂઆત કરી અને ૨૦૦૪ના વર્ષમાં પ્રથમ વિમાન ભારતીય એરફોર્સમાં સામેલ કરાયો. એ પછી ૪૨ સુખોઈ વિમાનો ૨૦૧૨ના વર્ષમાં એરફોર્સમાં સામેલ કરાયા હતા. અધિકારીઓના નિવેદનો બાબત ખુલાસો કરતા એરફોર્સ બુધવારે સાંજે જણાવ્યું કે, ભૂલથી અધિકારીઓએ ખોટી માહિતી આપી હતી.

### ભારત જેવા દેશમાં શિક્ષણને ભાગ્યે જ મહત્ત્વ આપવામાં આવતુ હોય છે ત્યારે

# બોલો..પરીક્ષામાં વિદ્યાર્થીઓને ખલેલ ન પહોંચે માટે ફ્લાઈટ-ટ્રેનોનો સમય બદલી નાંખ્યો!!

### ફ્લાઈટને મુલતવી રાખી વિમાનોને ઊંચાઈથી વળવા કહેવાયું

સિઓલ,તા.૧૫

ભારતના જાહેર જીવનમાં શિક્ષણને ભાગ્યે જ મહત્વ આપવામાં આવતુ હોય છે. જ્યારે દક્ષિણ કોરિયામાં તેના કરતા ઉલ્ટી પરિસ્થિતિ છે. ખબર પ્રમાણે ગુરુવારે દક્ષિણ કોરિયામાં સૌથી મહત્વની યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ૫.૯૫ લાખ વિદ્યાર્થીઓ બેઠા હતા. મહત્વની વાત એ છે કે પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓને ખલેલ ના પહોંચે તે માટે સંખ્યાબંધ ફ્લાઈટસનો સમય બદલી નાંખવામાં આવ્યો હતો. ટ્રેનના ટાઈમ ટેબલમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. સ્ટોક એક્સચેન્જ અને બેંકો પણ એક કલાક મોડી ખોલવામાં આવી હતી. જેથી ટ્રાફિક જામ ના થાય અને વિદ્યાર્થીઓ સમસયસર પરીક્ષા આપવા માટે પહોંચી શકે. પરીક્ષા શરુ થતા પહેલા ખુદ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિએ ફેસબૂક પર છાત્રોને શુભેચ્છા પણ પાઠવી હતી.થોડા દિવસ પહેલા આવેલા ભૂકંપના કારણે પહેલી વખત પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરાયો હતો. આ પરીક્ષા ગુરુવારે લેવાઈ હતી.

# હવે કર્ણાટકની ૧૨૦૦ કરોડની કાવેરી પ્રતિમા બનાવવા યોજના, ૧૨૫ ફૂટ ઊંચી હશે

(એજન્સી) બેંગ્લુરૂ,તા.૧૫

સ્ટેચ્યુ બનવાની હોડ ચાલી રહી છે અને આ હોડમાં કર્ણાટક પણ શામેલ થવા જઈ રહ્યું છે. કર્ણાટક સરકાર ૧૨૫ ફૂટનું માતા કાવેરીનું સ્ટેચ્યુ બનાવવા જઈ રહી છે. આ સ્ટેચ્યુ કૃષ્ણા રાજા સાગર બંધ પાસે બનશે. માંડ્યા જીલ્લામાં માતા કાવેરી નદીનું સ્ટેચ્યુ બનાવવામાં આવશે.

આ ઉપરાંત એવી પણ માહિતી મળી રહી છે કે સરકાર મ્યુઝીયમ કોમ્પ્લેક્ષ, ૩૬૦ ફીટના બે ગ્લાસ ટાવર જ્યાંથી કૃષ્ણા રાજા સાગર બંધનું વિહંગાવલોકન થઈ શકે.બસસ્ટેન્ડ, ઈન્ડોર સ્ટેડીયમ પણ હશે. ટુરીઝમ વધારવા માટે ઐતિહાસિક સ્મારકો પણ બનાવામાં આવશે. આ પ્રોજેક્ટ માટે ૪૦૦ એકર જગ્યા જોશે.

આ પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ ૧૨૦૦ કરોડ ગણવામાં આવી રહ્યો છે. જેનાં માટે સરકાર પ્રાઈવેટ રોકાણકારોની મદદ લઇ રહી છે. આ પહેલાં ગુજરાતમાં દુનિયાની સૌથી ઉચી મૂર્તિ બનાવામાં આવી છે. જે સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં નામે ઓળખાય છે.

# ટી.એમ. કૃષ્ણાને ટ્રોલ્સ દ્વારા રાષ્ટ્ર વિરોધી, શહેરી નકસલવાદી ગણાવાયા બાદ એરપોર્ટ ઓથોરિટીએ કૃષ્ણાનો કોન્સર્ટ રદ કર્યો

### કૃષ્ણાનો કોન્સર્ટ રદ કરવા માટે AAIએ કામની આવશ્યકતાને ટાંકી છે, પરંતુ કલા અને સંસ્કૃતિ ક્ષેત્રમાં હતાશા વ્યાપી ● કૃષ્ણાનો કોન્સર્ટ રદ થવા પાછળ જમણેરી ટ્રોલ્સને જવાબદાર ઠરાવવામાં આવ્યા : મનિષ સિસોદિયાનો ઘટનાક્રમમાં પ્રવેશ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

દિલ્હીમાં શનિવારે યોજાનાર કાર્નેટિક મ્યુઝિક (શાસ્ત્રીય સંગીત)માં ટોચના નામોમાંના એક સિંગર ટીએમ કૃષ્ણાનો કોન્સર્ટ જમણેરી ટ્રોલ્સને કારણે રદ કરવામાં આવ્યો છે. કૃષ્ણાનો કોન્સર્ટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને સાંસ્કૃતિક સંગઠન, એસપીઆઈસી-એમએસીએવાય દ્વારા સંયુક્ત રીતે આયોજિત દિલ્હીના ચાણક્યપુરીના નેહરૂ પાર્કમાં યોજાઇ રહેલા બે દિવસીય 'ડાન્સ એન્ડ મ્યુઝીક ઈન ધ પાર્ક' ફેસ્ટિવલનો એક ભાગ હતો. ૧૦મી નવેમ્બરે એર ઈન્ડિયા ઓથોરિટી (એએઆઇ)એ એક ટ્વિટમાં આ ઈવેન્ટમાં કૃષ્ણા પરફોર્મ કરવાના હોવાની જાહેરાત કરી હતી. શહેરના ઘણા અખબારોમાં પણ આ કાર્યક્રમની જાહેરાત આપવામાં આવી હતી. ન્યૂઝ ૧૮ સાથેની વાતચીતમાં કૃષ્ણાએ એવો ઘટસ્ફોટ કર્યો કે એએઆઇએ મંગળવારે રાત્રે એસપીઆઈસી-એમએસીએવાયને જાણ કરી હતી કે કેટલીક સમસ્યાઓને કારણે આ કોન્સર્ટ રદ કરવામાં આવ્યો છે અને સંગઠન ડાન્સ અને મ્યુઝીક કોન્સર્ટ સાથે આગળ વધવાની સ્થિતિમાં નથી. ઇ-મેલમાં નવી તારીખ સુધી કોન્સર્ટ મોકૂફ રાખવાની વિનંતી કરવામાં આવી હતી અને સંબંધિત બધા પક્ષોને જાણ કરી હતી. ટૂંક સમયમાં એસપીઆઈસી-એમએસીએવાય સાથે નવી તારીખ અંગે ચર્ચા કરવામાં આવશે. દરમિયાન, ટીએમ કૃષ્ણાનો કોન્સર્ટ રદ કરવા માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ અનિવાર્ય કાર્યોને ટાંક્યા છે પરંતુ કલા અને સાંસ્કૃતિની ભાવ ભાંગી પડી છે. ટીએમ કૃષ્ણા કેટલાક જમણેરી ટ્રોલ્સના લક્ષ્યાંક બની ગયા છે. આ જમણેરી ટ્રોલ્સ કૃષ્ણાના ગીતોમાં જિસસ અને અલ્લાહના ઉલ્લેખ સામે વાંધો ઉઠાવે છે. કટ્ટરવાદી ટ્રોલ્સના દબાણને કારણે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કૃષ્ણાનો કાર્યક્રમ રદ કર્યો છે. ૧૭મી નવેમ્બરે દિલ્હીમાં કૃષ્ણા 'મ્યુઝીક એન્ડ પાર્ક' ફેસ્ટિવલમાં પરફોર્મ કરવાના હતા. ટીએમ કૃષ્ણાનો કોન્સર્ટ રદ થવા પાછળ જમણેરી ટ્રોલ્સને જવાબદાર ઠરાવવામાં આવ્યા છે. એક અગ્રણી દૈનિકના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જમણેરી ટ્રોલ્સની ઝુંબેશ કે દબાણને કારણે કૃષ્ણાનો કોન્સર્ટ રદ કરવો પડ્યો છે. અહેવાલમાં એએઆઇના ચેરમેનને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે અમારી કેટલીક સમસ્યાઓ છે. કેટલીક અનિવાર્ય જરૂરિયાતો આવી પડી છે અને અમે એ દિવસે ફ્રી નથી. દરમિયાન, દિલ્હી સરકારે જણાવ્યું કે સરકારને કૃષ્ણા માટે કોન્સર્ટ આયોજિત કરીને ખુશી થશે. દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાન મનિષ સિસોદિયાના કાર્યાલયે કૃષ્ણાનો સંપર્ક કર્યો છે.

# એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ધમકીઓ વચ્ચે ઈવેન્ટ રદ કર્યા બાદ અરવિંદ કેજરીવાલે ટી.એમ. કૃષ્ણાને કહ્યું : દિલ્હી સરકાર કોન્સર્ટ યોજશે

### અર્બન નક્સલ, પ્રેસ્ટીટ્યુટ, એન્ટી-ઈન્ડિયન જેવા શબ્દો એવા લોકોએ બનાવ્યા છે, જેમને ખબર નથી કે લોકશાહી શું છે' તેઓ તમને ડરાવવા માંગે છે અને અન્ય લોકોના રોષનો તમને ભોગ બનાવવા માંગે છે, તેઓ આ કારણોનો ઉપયોગ કરીને આજે એક ફેસ્ટિવલ રોકી રહ્યા છે : કૃષ્ણા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

ચોક્કસ હિન્દુ જમણેરી ટ્રોલ્સે આપેલી ધમકીઓને પગલે નામાંકિત સિંગર ટીએમ કૃષ્ણાનો દિલ્હીનો કોન્સર્ટ રદ થયા બાદ કૃષ્ણાએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે 'અર્બન નક્સલ, પ્રેસ્ટીટ્યુટ, એન્ટી-ઈન્ડિયન જેવા શબ્દો એવા લોકો દ્વારા બનાવવામાં આવ્યા છે, જેમને ખબર નથી કે લોકશાહી શું છે.' તેઓ તમને ડરાવવા માંગે છે અને અન્ય લોકોના રોષનો તમને ભોગ બનાવવા માગે છે. તેઓ આ કારણોનો ઉપયોગ કરીને આજે એક ફેસ્ટિવલ રોકી રહ્યા છે. ૧૭ અને ૧૮મી નવેમ્બરે નવી દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલા નેહરૂ પાર્કમાં યોજવામાં આવનારા બે દિવસીય 'ડાન્સ એન્ડ મ્યુઝીક ઈન ધ પાર્ક' ફેસ્ટિવલના એક ભાગરૂપે એક કોન્સર્ટમાં કૃષ્ણા પરફોર્મ કરવાના હતા પરંતુ જમણેરી ટ્રોલ્સની ધમકીઓને કારણે આ કોન્સર્ટ રદ કરવામાં આવ્યો છે. નેહરૂ પાર્કમાં કૃષ્ણાનો કોન્સર્ટ રદ કરવામાં આવ્યો છે. એએઆઇએ કૃષ્ણાનો કોન્સર્ટ રદ કર્યો છે પરંતુ કૃષ્ણાને દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલનો સાથ મળ્યો છે. દિલ્હી સરકારે કૃષ્ણાને અલગ કોન્સર્ટની ઓફર કરી છે. કેજરીવાલે અલગ કાર્યક્રમ આયોજિત કરવાનો કૃષ્ણાને પ્રસ્તાવ આપ્યો છે. સિંગરનું સમર્થન કરતા કેજરીવાલે જણાવ્યું કે આમ આદમી પાર્ટી (આપ) સરકારને ટીએમ કૃષ્ણા માટે કોન્સર્ટ આયોજિત કરીને ખુશી થશે. કેજરીવાલે સિંગરને સુરક્ષા આપવાની પણ વાત કહી છે. દિલ્હીના સંસ્કૃતિ પ્રધાન મનિષ સિસોદિયાના કાર્યાલયે કૃષ્ણાનો સંપર્ક કર્યો છે અને ટેકો આપ્યો છે.

# આસામમાં NRCના નામે ગંદી રાજકીય રમત રમાઈ રહી છે : મમતા બેનરજી

### આસામમાં અસલ મતદારોના નામ મતદારયાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે જેનો અમે વિરોધ કરીએ છે : પ.બંગાળના મુખ્યમંત્રી

(એજન્સી) કોલકાતા, તા.૧૫

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે, આસામમાં અસલ મતદારોને યાદીમાંથી દૂર કરી નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી) જાહેર કરવા પાળ ગંદું રાજકારણ રમાઈ રહ્યું છે. મમતાએ સ્પષ્ટતા કરી હતી કે, તેઓ આસામ સરકારની વિરૂદ્ધ નથી પણ તેઓ એનઆરસીને સમર્થન કરતા નથી. મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણામાં ઠાકુરનગર ખાતે પોતાની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, હું હજુ પણ એમ જ માનું છું કે, એનઆરસીના નામે રાજકારણ રમાઈ રહ્યું છે. મતદાર યાદીમાંથી અસલ મતદારોના નામ દૂર કરવામાં આવી રહ્યા છે. અમે આવી હિલચાલને સમર્થન કરતા નથી. ગત ૩૦ જુલાઈએ આસામમાં એનઆરસી ફાઈનલ ડ્રાફ્ટ જાહેર કરાયા બાદથી મમતા બેનરજી ભાજપ નેતૃત્વવાળી સરકારની ટીકા કરી રહ્યા છે તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો હતો કે, તે દેશમાં "ભાગલા પાડો અને રાજ કરો"ની નીતિ હેઠળ રાજકારણ ખેલે છે. નરેન્દ્ર મોદી પોતાના રાજકીય ફાયદા માટે આસામના લાખો લોકોને દેશ વિનાના કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# બાંગ્લાદેશ : ધરપકડ કરાયેલ ચળવળકારી શાહિદુલ આલમને ૧૦૨ દિવસ જેલમાં રખાયા પછી જામીન ઉપર મુક્ત કરાયા, અસંખ્ય અરજીઓ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

બાંગ્લાદેશની કોર્ટે ૬૩ વર્ષીય એવોર્ડ વિજેતા ફોટોગ્રાફર, શિક્ષક, પત્રકાર અને ચળવળકારી શાહિદુલ આલમને જામીન ઉપર મુક્ત કર્યું છે. એમની ધરપકડ ખોટા પ્રચાર કરવાતા કારણે કરાઈ હતી. એમની ધરપકડને વાણી સ્વતંત્રતાના અધિકાર સાથે જોડવામાં આવ્યું હતું. હાઈકોર્ટે એમની વય અને જેલમાં ગાળેલ સમયને ધ્યાનમાં રાખી કાયમી જામીન મંજૂર કર્યા હતા. સરકાર તરફે સુનાવણી સમયે નાયબ એટોર્ની જનરલ હાજર રહ્યા હતા અને શાહિદુલ આલમ તરફે સારા હોસૈન અને બરૂઆ હાજર રહ્યા હતા. હોસૈને કહ્યું કે, છેવટે હાઈકોર્ટે અમારા અસીલના જામીન મંજૂર કર્યા જેથી અમે પ્રસન્ન છીએ. જો કે સરકારી વકીલે કહ્યું કે અમે એમના જામીનને સુપ્રીમ કોર્ટમાં પડકારીશું. એટોર્નીએ કહ્યું કે, આલમના નિવેદનો સરકારની છબિને બગાડી રહ્યા હતા. અલ જઝીરા ટીવી ચેનલ ઉપર ઈન્ટરવ્યુ આપવાના લીધે એમની ધરપકડ કરાઈ હતી. એમણે ઈન્ટરવ્યુમાં સરકાર ઉપર ભ્રષ્ટાચાર અને બનાવટી એન્કાઉન્ટરો દ્વારા નિર્દોષ લોકોની હત્યાના આક્ષેપો મૂક્યા હતા. જે આક્ષેપોનો સરકારે ઈન્કાર કર્યો હતો.

# અકાલીદળના ધારાસભ્યે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણ કેસના દોષિતને થપ્પડ મારતાં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં ધક્કામુક્કી સર્જાઇ

(એજન્સી) તા.૧૫

દિલ્હીના પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી માટે પહોંચેલા ૧૯૮૪ના શીખ તોફાનોના દોષિતો પર કોર્ટ પરિસરમાં હુમલો થયો. હુમલા સમયે પોલીસ પણ ત્યાં હાજર હતી. કોર્ટ પરિસરમાં હાજર અકાલી દળના ધારાસભ્ય મનજિન્દરસિંહ સિરસાએ શીખ તોફાનોના દોષિતને થપ્પડ મારી. જે બાદ પોલીસે વચ્ચે પાડીને સિરસાને અલગ પાડ્યા.

આ હુમલા બાદ ઘટના સ્થળે તણાવ પ્રસરી ગયો. ૧૯૮૪ના તોફાનોમાં અવતારસિંહ અને હરદેવસિંહની હત્યાના મામલે પટિયાલા હાઉસ કોર્ટમાં સુનાવણી થઇ. આ દરમિયાન કોર્ટે દોષિતોની વિરૂદ્ધ સજાનો ચુકાદો અનામત રાખ્યો. હવે ૨૦ નવેમ્બરે દોષિતોને સજા સંભળાવાશે. હુમલા બાદ સિરસાએ કહ્યું કે દોષિતોએ ૧૯૮૪માં નિર્દોષ લોકોને માર્યા, તેમ છતાં તેઓ ગુંડાની જેમ ફરી રહ્યા છે.

# બનાવટી ડિગ્રી વિવાદ : ડીયુએસયુ પ્રમુખ અંકિવ બૈસોયાએ હોદ્દાએથી રાજીનામું આપ્યું, તપાસ પુરી નહીં થાય ત્યાં સુધી ABVPએ હકાલપટ્ટી કરી

**અંકિવ દ્વારા રજૂ કરવામાં આવેલું BA સર્ટિફિકેટ બનાવટી : NSUI • દિલ્હી હાઈકોર્ટે આ પ્રકરણમાં તપાસ કરવા માટે દિલ્હી યુનિ.ને ૨૦મી નવેમ્બર સુધીની મહેતલ આપી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

અખિલભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)એ બનાવટી ડિગ્રી મામલામાં ફંસાયેલા દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી યુનિયન (ડીયુએસયુ)ના પ્રમુખ અંકિવ બૈસોયાને હોદ્દાએથી રાજીનામું આપવાનું કહી દેવામાં આવ્યું હોવાની ગુરૂવારે જાહેરાત કરી છે. એબીવીપીના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે બનાવટી ડિગ્રી કેસમાં તપાસ પુરી નહીં થાય ત્યાં સુધી સંગઠનની બધી જવાબદારીઓમાંથી અંકિવની હકાલપટ્ટી કરવામાં આવી છે. નોંધનીય છે કે ડીયુએસયુની ચૂંટણીઓ બાદ વિપક્ષના વિદ્યાર્થી સંગઠનોએ બૈસોયા સામે બનાવટી ડિગ્રીથી યુનિવર્સિટીમાં એડમિશન લેવાનો આરોપ મુક્યો હતો અને ત્યાર પછી આ મામલાની તપાસ શરૂ થઈ છે. જો કે, આરએસએસ સાથે સંલગ્ન સંગઠને બૈસોયા સામેના આરોપો ફગાવી દીધા હતા અને જણાવ્યું કે, દિલ્હી યુનિવર્સિટી દ્વારા દસ્તાવેજોની જરૂરી ખરાઈ કે ચકાસણી કરવામાં આવ્યા બાદ અંકિવને એડમિશન આપવામાં આવ્યું હતું. કોંગ્રેસનો



ટેકો ધરાવતા એનએસયુઆઈએ તિરૂવલ્લુવર યુનિવર્સિટીનો એક પત્ર જારી કર્યો છે. આ પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, અંકિવ દ્વારા રજૂ કરવામાં આવેલું બીએ સર્ટિફિકેટ બનાવટી છે. આ મામલામાં એનએસયુઆઈના સની છિલ્લરે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી છે અને હાઈકોર્ટે અરજી પર સુનાવણી કરીને તપાસ કરવા માટે દિલ્હી યુનિવર્સિટીને ૨૦મી નવેમ્બર સુધીની મહેતલ આપી છે. દિલ્હી યુનિવર્સિટીએ જણાવ્યું કે, યુનિવર્સિટી એવું ઈચ્છે છે કે, કોર્ટ તમિળનાડુની તિરૂવલ્લુવર યુનિવર્સિટીને માર્કશીટના વેરિફિકેશનમાં દિલ્હી યુનિવર્સિટીને સહયોગ આપવાનો આદેશ આપે, કારણ કે શરૂઆતથી જ યુનિવર્સિટીએ તેને સપોર્ટ કર્યો નથી. અંકિવે એમએ કોર્સમાં એડમિશન માટે માર્કશીટ રજૂ કરી છે. જ્યારે તિરૂવલ્લુવર યુનિવર્સિટીએ આવા નામના કોઈ વિદ્યાર્થીના એનરોલમેન્ટનો સ્પષ્ટપણે ઈન્કાર કર્યો છે. તેમના રેકોર્ડમાં એ સિરીયલ નંબરની કોઈ માર્કશીટ નહીં જણાઈ હોવાનું પણ એનએસયુઆઈએ જણાવ્યું છે.

## બનાવટી ડિગ્રી વિવાદ : ABVPએ અફવા અંગે ખુલાસો કર્યો, કહ્યું અંકિવ બૈસોયાને હાંકી કઢાયો નથી, સસ્પેન્ડ કરાયો છે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૫

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)એ દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી સંગઠન (ડીયુએસયુ)ના પ્રમુખ અંકિવ બૈસોયાની એબીવીપીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી હોવાની ફેલાયેલી અફવાઓ અંગે ગુરૂવારે ખુલાસો કર્યો છે. એબીવીપીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે બનાવટી ડિગ્રીનો વિવાદ સર્જાયા બાદ અંકિવને તેના હોદ્દાએથી રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું છે. અંકિવને સંગઠનમાંથી હાંકી કાઢવામાં આવ્યો નથી પરંતુ તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

# આસામના ડિટેન્શન કેમ્પ : પ્રાયશ્ચિત સ્થળ કે પછી નર્કાગાર ?

**એવું કહેવાય છે કે, આસામના આ ડિટેન્શન કેમ્પમાં લોકોને એવી અમાનવીય સ્થિતિમાં રાખવામાં આવે છે કે, આ ડિટેન્શન કેમ્પ પ્રાયશ્ચિત સ્થળ કે નર્કાગારથી પણ બદતર છે**

(એજન્સી) તા.૧૫

આસામમાં અટકાયતી છાવણીઓ એટલે કે ડિટેન્શન કેમ્પને લગતી ઘણી ભયાનક વાતો સાંભળવા મળે છે. ઓક્ટો.૨૦૧૮માં તેજપુર ડિટેન્શન કેમ્પમાં ૬૧ વર્ષના જોબર અલીનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. અગાઉ મે,૨૦૧૮માં પણ ગોલપારામાં સુબ્રતા ડેનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું. બીજું જો તમે બે દસ્તાવેજોમાં તમારા નામની જોડણી અલગ અલગ લખો તો પણ તેમને ડિટેન્શન કેમ્પમાં ધકેલી દેવાની તમામ શક્યતાઓ રહેલી છે. જેમ કે સાકેન અલીને તેમના નામમાં સ્પેલિંગમાં વધારાનો એચ આવી જતા તેમને પાંચ વર્ષ ડિટેન્શન કેમ્પમાં રહેવાની ફરજ પાડવામા આવી હતી. એટલે સુધી કે બીમાર માણસોને તેમની હોસ્પિટલની



પથારીમાં હાથકડીથી બાંધી રાખવામાં આવે છે. સગર્ભા અને વયોવૃદ્ધ મહિલઓને પણ છોડવામાં આવતી નથી. જેમ કે રશ્મીનારા બેગમને ત્રણ માસનો ગર્ભ હોવા છતાં તેમને જેલની પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે સપ્ટે.૨૦૧૮માં ૫૦ વર્ષના સોફિયા ખાતુનને જાત મુચરકાના જામીન પર છોડવાનો આદેશ કર્યો હતો અને તેમન ડિટેન્શન કેમ્પમાં એટલો ભયાનક અનુભવ થયો હતો કે ઘરે આવ્યા બાદ તેઓ ૧૫ દિવસ સુધી એક પણ શબ્દ ઉચ્ચારી શક્યા ન હતા. આજે આસામમાં છ જગ્યાએ ડિટેન્શન કેમ્પ ચાલે છે. આસામ વિધાનસભા સમક્ષ રજૂ કરાયેલા આંકડા અનુસાર ૨૬ માર્ચ ૨૦૧૮ના રોજ ૯૦૦ લોકોની આ કેમ્પમાં અટકાયત કરવામાં આવી છે અને ૧૯૮૫થી અત્યાર સુધીમાં ૩૦,૦૦૦ લોકોને દેશનિકાલ કરાયા છે અને અનેક માનવ અધિકારી સંગઠનોએ આ કેમ્પમાં લોકોને જે અમાનવીય સ્થિતિમાં રાખવામાં આવે છે તેના પર ધ્યાન દોર્યું છે.

એવું કહેવાય છે કે, વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારબાદ તેમને સ્વર્ગમાં મોકલતા પહેલા પોતાના પાપ કર્મો બદલ આત્માને પ્રાયશ્ચિત સ્થળમાં મોકલવામાં આવે છે. આસામના ડિટેન્શન કેમ્પ આ પ્રકારના ડિટેન્શન કેમ્પ છે કે, વાસ્તવિક નર્ક સમાન છે. એવું કહેવાય છે કે, આસામના આ ડિટેન્શન કેમ્પ પ્રાયશ્ચિત સ્થળ કે નર્કથી પણ બદતર છે.

# નરેન્દ્ર મોદીને સમાજવાદ, લોકશાહી પસંદ નથી : એમ.કે. સ્ટાલિન

**મોદી ''નોન-રેસિડેન્ટ પ્રાઈમ મિનસ્ટર'' છે : DMK પ્રમુખ સ્ટાલિન**

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૫

ડીએમકેના પ્રમુખ સ્ટાલિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધતા જણાવ્યું હતું કે, મોદીને સમાજવાદ, લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા પસંદ નથી તેઓ બસ પોતાના વિદેશ પ્રવાસોમાં વ્યસ્ત છે. સ્ટાલિને મોદીને નોન-રેસિડેન્ટ પ્રાઈમ મિનિસ્ટર ગણાવ્યા હતા. ઓગસ્ટમાં ડીએમકેનું નેતૃત્વ સંભાળ્યા બાદથી સ્ટાલીને કેન્દ્રની ભાજપ અને નરેન્દ્ર મોદી સરકાર



સામે પોતાના વાકપ્રહારો તેજ બનાવ્યા છે. સ્ટાલીને જણાવ્યું હતું કે, મોદી માત્ર ઉદ્યોગપતિઓનું જ વિચારે છે. તેઓ અદાણી તથા અંબાણી વિશે જ વિચારે છે. અમે બિનનિવાસી ભારતીય વિશે સાંભળ્યું છે પણ મોદી બિનનિવાસી વડાપ્રધાન છે. સ્ટાલિને જણાવ્યું હતું કે, મને વડાપ્રધાનની ૮૪ વિદેશ યાત્રાઓ સામે કોઈ વાંધો નહોત જો તેઓ કોઈ નક્કર પરિણામ કે દેશ માટે સન્માન લઈને આવ્યા હોત. તેમણે વિદેશ પ્રવાસ પાછળ માત્ર કરોડો રૂપિયાનો ખર્ચ જ કર્યો છે. સ્ટાલિને એઆઈએડીએમકે સરકાર સામે પણ નિશાનો સાધતાં જણાવ્યું હતું કે, શાસક પાર્ટી કેન્દ્ર સરકાર પ્રત્યે નરમ વલણ અપનાવે છે.

# માતાએ મોબાઈલ ફોન લઈ લેતાં વીડિયો ગેમના બંધાણી ૧૪ વર્ષીય સગીરનો આપઘાત

**મહારાષ્ટ્રની ઘટના : સમાજ માટે આંખ ઊઘાડનારો કિસ્સો**

(એજન્સી) મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રમાં એક માતાએ વીડિયો ગેમના બંધાણી ૧૪ વર્ષીય પુત્ર પાસેથી મોબાઈલ ફોન છીનવી લેતાં સગીરે અંતિમ પગલું ભર્યું હતું એમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું. ક્રિશ સુનીલ લુનાવત નામનો આ સગીર પોતાની માતા અને મોટી બહેન સાથે મહલ વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ક્રિશ કલાકો સુધી મોબાઈલ ફોનમાં વીડિયો ગેમ રમ્યા કરતો હતો. તેણે છેલ્લા એક વર્ષથી શાળાએ જવાનું પણ બંધ કરી દીધું હતું. એમ પોલીસ ઈન્સ્પેક્ટર ઉમેશ બેશારકરે જણાવ્યું હતું. તેની માતા અને બહેન ખાનગી કંપનીમાં નોકરી કરે છે જેથી ક્રિશ આખો દિવસ ઘરે એકલો જ રહેતો હતો. બે દિવસ અગાઉ ક્રિશની માતા મુંબઈ આવ્યા હતા જેથી તેમણે પુત્ર પાસેથી ફોન



લઈ લીધો હતો. પહેલાં ક્રિશે ફોન આપવા આનાકાની કરતા માતાએ મોબાઈલ ફોન છીનવી લીધો હતો. આ ઘટનાથી લાગી આવતાં ક્રિશે પંખા સાથે લટકી આપઘાત કરી લીધો હતો. પોલીસે આ મામલે આત્મહત્યાની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# અલીગઢ : એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા નૌશાદ અને મુસ્તકીમના કુટુંબના પુનઃવસન માટે કલેક્ટરનો આદેશ

**પોલીસ અથડામણમાં માર્યા ગયેલા આ બંને શખ્સોના પરિવારને ઘરમાંથી હાંકી કાઢવામાં આવતાં તેઓ રસ્તા પર રહેવા મજબૂર બન્યા હતા**

(એજન્સી) આગ્રા, તા.૧૫

ઉત્તરપ્રદેશના અલીગઢમાં મકાનમાલિક દ્વારા ઘરમાંથી હાંકી કાઢવામાં આવેલા અને પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયેલા નૌશાદ અને મુસ્તકીમના પરિવારના પુનઃવસન માટે અલીગઢ વહીવટી તંત્રએ નિર્ણય કર્યો હતો. અલીગઢના કલેક્ટર સી.બી. સિંહે જણાવ્યું હતું કે, આ સ્થાનિક વહીવટીતંત્રની જવાબદારી છે કે પીડિત પરિવારનું પુનઃવસન કરાવવામાં આવે અને ઘરવિહોણા થવાથી તેમને પડેલી તકલીફ દૂર કરવા તેમની ખાસ



સંભાળ લેવામાં આવે. સિંહે જણાવ્યું હતું કે, આ પરિવારને શેલ્ટર હોમમાં ખસેડવા માટે સંબંધિત અધિકારીને સૂચના આપવામાં આવી હતી તેમજ જિલ્લા પુરવઠા અધિકારીને પણ તાકીદ કરવામાં આવી છે કે, પરિવારને રાશન ઉપલબ્ધ કરાવવામાં આવે. કલેક્ટરે જણાવ્યું હતું કે, આ પરિવારના મૂળ અંગે સ્થાનિક ગુપ્તચર તંત્ર તરફથી ક્લિનચીટ ન મળે ત્યાં સુધી અમે સરકારી યોજના હેઠળ આ પરિબળને ઘર ઉપલબ્ધ કરાવી શક્તા નથી.

# VHPની રેલીની યોજના બાદ મુસ્લિમ અરજદારે કહ્યું ''અમે અયોધ્યા છોડી દઈશું''

**અયોધ્યામાં રહેતા મુસ્લિમોને વિહિપની વિશાળ રેલીથી શહેરમાં ડિસેમ્બર ૧૯૯૨ની જેવી સ્થિતિ સર્જાવાનો ભય, યુપી સરકારને અયોધ્યામાં વિહિપ અને શિવસેનાની રેલીઓથી કોઈ સમસ્યા સર્જાવાની શક્યતા જણાતી નથી**

(એજન્સી) લખનૌ, તા. ૧૫

વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ)એ અયોધ્યામાં વિશાળ રેલી યોજવાના બનાવેલા પ્લાનથી અયોધ્યામાં રહેતા મુસ્લિમો ભારે ચિંતિત છે. અયોધ્યામાં રહેતા મુસ્લિમોને એવો ભય છે કે વિહિપની વિશાળ રેલીથી શહેરમાં ડિસેમ્બર ૧૯૯૨ની જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. વિહિપની વિશાળ રેલીની સાથે મહારાષ્ટ્રમાં ભાજપના સહયોગી પક્ષ શિવસેના દ્વારા પણ અયોધ્યામાં રેલી યોજવામાં આવશે. જ્યારે ઉત્તરપ્રદેશ સરકારને અયોધ્યામાં વિહિપ અને શિવસેનાની રેલીઓથી કોઈ સમસ્યા સર્જાવાની શક્યતા જણાતી નથી. ઉત્તરપ્રદેશ સરકારે



જણાવ્યું છે કે અયોધ્યામાં વિહિપ અને શિવસેનાની રેલીઓ દરમિયાન કોઈ પણ પ્રકારની અશાંતિ નહીં સર્જાય, તેની ખાતરી કરવા માટે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવશે. વિહિપની 'ધર્મસભા' આગામી ૨૫મી નવેમ્બરે વિશાળ રેલી યોજવાની છે. વિહિપના નેતાઓએ ગત સપ્તાહે મીડિયાને જણાવ્યું હતું કે મંદિર નિર્માણ અંગે ચર્ચા કરવા માટે તેઓ અયોધ્યામાં એક લાખ લોકો 'રામભક્તો' ભેગા કરવા માગે છે. દરમિયાન, આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીઓ પહેલાં શિવસેના દ્વારા પણ અયોધ્યામાં રામમંદિર નિર્માણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. મંદિર નિર્માણના સંદર્ભમાં જ અયોધ્યામાં યોજવામાં આવનારી શિવસેનાની રેલીને પક્ષ પ્રમુખ ઉદ્ધવ ઠાકરે દ્વારા સંબોધન કરવામાં આવશે. દરમિયાન, ઉત્તરપ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન કેશવ મૌર્યે પણ મીડિયાને જણાવ્યું કે અયોધ્યામાં વિહિપના કાર્યક્રમ યોજવામાં તેમને કશું જ ખોટું જણાતું નથી. જો વિહિપ દ્વારા રામભક્તોને અયોધ્યામાં ભેગા કરવામાં આવી રહ્યા છે તો તેની સામે અમને કોઈ વાંધો નથી.

## બાબરી મસ્જિદ કેસમાં અરજદાર ઈકબાલ અન્સારીએ અયોધ્યામાં મુસ્લિમોને સુરક્ષા નહીં અપાય તો સ્થળાંતરની ચીમકી આપી

(એજન્સી) લખનૌ, તા.૧૫

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ) અને શિવસેનાની યોજાનાર રેલીઓ અગાઉ બાબરી મસ્જિદ મામલે અરજદાર ઈકબાલ અન્સારીએ વિસ્તારના મુસ્લિમો ભયના ઓથાર હેઠળ છે અને સુરક્ષા પૂરી પાડવામાં નહીં આવે તો તેઓ ઘરબાર છોડી દેશે એવો દાવો કર્યો છે. ઉલ્લેખનીય છે કે અયોધ્યામાં ૨૫ નવેમ્બરના રોજ વિહિપ અને શિવસેના રેલીઓ કરશે. અહેવાલ મુજબ ઈકબાલ અન્સારીએ જણાવ્યું કે, વર્ષ ૧૯૯૨માં અમારા ઘરોને સળગાવી મૂક્યા હતા અને અમે વિવાદિત સ્થળ પર ગયા પણ નહોતા. જો ૧૯૯૨ જેવું મહેરામણ જામશે તો મુસ્લિમોને અને મને સુરક્ષા આપો. અન્સારીએ અયોધ્યાના હિન્દુ અને મુસ્લિમ એમ બંને સમુદાયના લોકો માટે સુરક્ષાની માંગ કરી છે. અન્સારીના જણાવ્યા અનુસાર અનેક મુલાકાતીઓ એમની મુલાકાત માટે આવે છે. એવી સ્થિતિમાં એમની સુરક્ષાનું જોખમ રહે છે. એમણે કહ્યું કે, અગાઉ પણ તેમની સુરક્ષા વધારવા માંગ કરી હતી. જો સુરક્ષા વધારવામાં નહીં આવે તો તેઓ ૨૫ નવે. પહેલાં ક્યાંક જતા રહેશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. ઉલ્લેખનીય છે કે, ઈકબાલ અન્સારી રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ મામલામાં મુખ્ય પક્ષકાર હાશિમ અન્સારીના પુત્ર છે. આ દરમિયાન યુપી ડીજીપી ઓ.પી. સિંહે તમામ લોકો સુરક્ષિત છે જેમાં લઘુમતી પણ સામેલ હોવાનું જણાવ્યું હતું. એમણે કહ્યું કે, અન્સારીના તાજા નિવેદન અંગે તેમને જાણકારી નથી.

# કઠુઆ કેસની વકીલ દીપિકા રાજાવતને દૂર કરાઈ; કુટુંબીજનોએ કહ્યું કોર્ટમાં ભાગ્યે જ આવતી હતી

(એજન્સી) શ્રીનગર,તા.૧૫

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં ૮ વર્ષની બાળકી સાથે થયેલા ગેંગરેપની ઘટનામાં ચર્ચિત વકીલ દીપિકાસિંહ રજાવતને પીડિતાના ફેમિલીથી હટાવી દેવામાં આવી છે. બાળકીના પિતાએ પઠાણકોટ કોર્ટમાં વકીલ દીપિકાસિંહ રાજાવતને કેસથી હટાવવા માટે અરજી કરી હતી, જેણે કોર્ટે સ્વીકાર કરી લીધી છે. તમને જણાવી દઈએ કે, રાજાવતે પરિવાર તરફથી પીડિતાને કેસ લડવા માટે પહેલ કરી હતી, ત્યારબાદ તે એક નેશનલ સેલેબ્રિટી બની ગયા હતા. પરિવારનું કહેવું છે કે, તે રાજાવતને તેમની તરફથી જીવનો ખતરો



ગણાવીને, કેસમાં ઓછો રસ લેવા અને કોર્ટમાં ન આવવાના કારણે હટાવી રહ્યા છે. પરિવારના નજીકના સૂત્રોએ જણાવ્યું કે, પીડિતાના ઘરવાળા દીપિકાની આત્મમુગ્ધતાથી ઘણા દુઃખી હતા. એટલા માટે તેમણે રાજાવતને કેસથી હટાવવાનો નિર્ણય કર્યો છે. એક સૂત્રએ એક અંગ્રેજી અખબારને જણાવ્યું હતું કે, તે કેસ પર ધ્યાન આપી રહી નહોતી અને પોતાની જાતને ન્યાય માટે ધર્મયોદ્ધા સાબિત કરવામાં લાગેલી હતી. જ્યારે આ કેસના સમય વિશે પૂછવામાં આવ્યું ત્યારે તે બિલકુલ અજાણ હતી. તે આ કેસ માટે મુશ્કેલથી કોર્ટ રૂમમાં આવતી હતી અને દાવો કરતી હતી કે મારા જીવને ખતરો છે. પીડિતાના પિતાએ જણાવ્યું કે આજ સુધી ૧૦૦ વખત કેસની સુનાવણી થઈ છે અને ૧૦૦ સાક્ષીઓને તપાસવામાં આવ્યા છે, પણ વકીલ દીપિકાસિંહ માત્ર બે જ વખત કોર્ટમાં હાજર રહી હતી.

## મારી પાસે જાહેર કરવા રેકોર્ડિંગ છે, શું હું જાહેર કરૂં ? કઠુઆ કેસની વકીલ રાજાવતે પ્રશ્ન કર્યો

(એજન્સી)શ્રીનગર, તા.૧૫

કઠુઆ કેસમાંથી વકીલ દીપિકા રાજાવતનો દૂર કરાયા પછી વકીલ દીપિકાએ આક્ષેપો કર્યા છે કે પીડિતાના પિતાનો કહેવામાં આવ્યું હતું કે, એમણે પોતે નીમેલ વકીલને દૂર કરવા અરજી આપે. રાજાવતે ફેસબુક ઉપર લખ્યું છે કે મારી પાસે એ વકીલોની વાતચીતની રેકોર્ડિંગ છે જે પીડિતાના પિતા ઉપર મને દૂર કરવા દબાણો કરી રહ્યા હતા. શું હું એ રેકોર્ડિંગને જાહેર કરી વકીલોના નામો જણાવું ? મને આશ્ચર્ય થયું છે. જો કે એમણે વકીલોના નામો જાહેર કર્યા નથી. ઘણા પ્રયાસો પછી આ મુદ્દે પ્રતિસાદ મેળવવા દીપિકા સામે સંપર્ક થયું નથી. કઠુઆ બળાત્કાર હત્યા કેસની સુનાવણી પઠાણકોટમાં ચાલી રહી છે. આજે આ પહેલાં વકીલ દીપિકાએ એમનો વકીલ તરીકે દૂર કરાયા છતાં પીડિતાના કુટુંબની પડખે હોવાનું જણાવ્યું હતું. એમણે કહ્યું કે, અન્ય કામો હોવાના કારણે હું પઠાણકોટ જઈ શકતી ન હતી.

# કે. ચંદ્રશેખર રાવે સોગંદનામામાં ૨૨ કરોડ રૂા.ની સંપત્તિ જાહેર કરી, ખુદને ખેડૂત ગણાવ્યા

(એજન્સી) હૈદરાબાદ,તા.૧૫

એવું તો તમે ક્યારેક જ સાંભળ્યું હશે કે કોઈ નેતા પાસે કાર નથી. તો એક એવો જ કિસ્સો છે આ નેતાનો. તેલંગણા રાષ્ટ્ર સમિતિના પ્રમુખ અને મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ પાસે સંપત્તિમાં ૨૨ કરોડ ૬૦ લાખ છે પરંતુ તેમની પાસે એક પણ કાર નથી. આ જાણકારી તેમના સોગંદનામા પરથી મળી છે. કેસીઆરે ગજવેલ વિધાનસભામાંથી પોતાનું નામ નોધાવ્યું છે. સોગંદનામા મુજબ તેમની વાર્ષિક આવક ૨ કરોડ ૭ લાખ છે. શપથપત્રમાં કેસીઆરે કહ્યું કે પોતે ખેતી સાથે જોડાયેલ છે અને પત્ની શોભા ગૃહિણી છે. તેમની જંગમ મિલકત ૧૦ કરોડ ૪૦ લાખ છે, જ્યારે સ્થાવર મિલકત ૧૨ કરોડ ૨૦ લાખ છે. સ્થાવર મિલકતમાં સીધીપેટમાં ૫૪ એકરની કૃષિ જમીન પણ છે જેની કિંમત સાડા છ કરોડ



બતાવવામાં આવી રહી છે. કે. ચંદ્રશેખર રાવની સંપત્તિ છેલ્લા ચાર વર્ષમાં લગભગ સાડા પાંચ કરોડ રૂપિયા જેટલી વધી છે અને તેમણે ૧૬ એકર કૃષિ જમીન ખરીદી છે પરંતુ વાત એમ છે કે તેઓ પાસે એક પણ કાર નથી. રસપ્રદ વાત એ છે કે બુધવારે આપેલાં સોગંદનામા અનુસાર ચિહ્નમાં કાર પસંદ કરનાર તેલંગણા રાષ્ટ્ર સમિતિના અધ્યક્ષ પાસે એક પણ કાર નથી. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓમાં તેમણે જણાવ્યું હતું કે તેઓ પાસે ૩૭.૭૦ એકર કૃષિ જમીન છે અને નવાં સોગંદનામા મુજબ તેમની પાસે ૫૪.૨૪ એકર છે. તેલંગાણામાં આગામી ૭ ડિસેમ્બરે મતદાન યોજાનાર છે. ૨૦૧૪માં ઉમેદવારી પત્રક ભરતી વખતે રાવે સોગંદનામામાં ખુદને એક વેપારી અને ખેડૂત બંને હોવાનું જણાવ્યું હતું. જ્યારે વર્તમાન સમયમાં તેમણે ખુદ એક ખેડૂત હોવાનું જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે દેશના કેટલાક ગણતરીના મહત્ત્વપૂર્ણ નેતાઓમાં રાવ એક એવા નેતા છે કે જેઓ ના તો ફેસબુક પર છે અને ના તો ટ્વીટર પર. ટી.આર.એસ. ચીફ પાસે લગભગ ૨.૪ લાખની કિંમતના સોનાના ઘરેણાં છે જ્યારે તેમના પત્ની પાસે લગભગ ૯૩ લાખના ઘરેણાં છે. કે.સી.આર. પર લગભગ ૬૩ જેટલા ગુનાહિત કેસો પણ દાખલ છે.

# રોહિંગ્યા મુસ્લિમોની એમની મરજી મુજબ મ્યાનમાર વાપસી થવી જોઈએ : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) મ્યાનમાર, તા.૧૫

લાખો રોહિંગ્યા શરણાર્થીઓને આશ્રય આપનાર બાંગ્લાદેશે જણાવ્યું છે કે, કોઈપણ રોહિંગ્યા શરણાર્થીઓને જબરદસ્તી મ્યાનમાર પરત મોકલવામાં આવશે નહીં. બાંગ્લાદેશના 'શરણાર્થી રાહત અને વાપસી આયોગ'ના પ્રમુખ અબ્દુલ કલામે જણાવ્યું છે કે, શરણાર્થીઓ સાથે કોઈપણ પ્રકારની બળજબરી કરવામાં





આવશે નહીં હું કેમ્પમાં જઈને શરણાર્થીઓ સાથે વાતચીત કરીશ. એમની ઈચ્છા હશે તો જ ટ્રાન્ઝિટ કેમ્પમાં લઈ જવામાં આવશે. જો કે સંયુક્ત રાષ્ટ્રે સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી રોહિંગ્યા શરણાર્થીઓને મ્યાનમાર પરત નહીં મોકલવા જણાવ્યું છે. જો કે પ્રમુખે કેટલા શરણાર્થીઓ પોતાની મરજીથી બાંગ્લાદેશ છોડીને મ્યાનમાર પરત જવા માંગે છે એ સ્પષ્ટ કર્યું નથી. જો કે બાંગ્લાદેશ ૨૨૬ શરણાર્થીઓને પરત મોકલવાની તૈયારી કરી રહ્યું છે. પ્રથમ જથ્થામાં ૨૨૦૦થી વધુ શરણાર્થીઓને પાછા મોકલવાની યોજના છે.

### ૫૦ ખેડૂતોને ફોન કરી બોલાવવામાં આવ્યા હતા

## જામનગર માર્કેટયાર્ડમાં મોડે સુધી ખેડૂતોને પ્રવેશ નહિ મળતાં હોબાળો

જામનગર, તા.૧૫

જામનગર સહિત દ્વારકા જિલ્લામાં માર્કેટયાર્ડમાં આજથી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ થયો છે. જો કે, જામનગર યાર્ડમાં મોડે સુધી ખેડૂતોને પ્રવેશ નહીં મળતા હોબાળો મચી જવા પામ્યો હતો. સૌરાષ્ટ્રભરનાં યાર્ડમાં ભાજપ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ થયો છે.

જામનગર માર્કેટયાર્ડમાં ૫૦ ખેડૂતોને આજે ફોન કરીને મગફળી માટે બોલાવવામાં આવ્યા હતાં. આથી ખેડૂતો પોતાની મગફળી ભરેલા વાહનો સાથે માર્કેટયાર્ડમાં આવી પહોંચ્યાં હતાં. પરંતુ કલાકો સુધી તેમને યાર્ડમાં પ્રવેશ નહીં મળતા હોબાળો મચાવ્યો હતો. આખરે મોડેથી તેમને પ્રવેશ અપાતા મગફળી ખરીદીનો પ્રારંભ થયો હતો. જામનગર જોડીયા, કાલાવડ, ધ્રોલ, જામજોધપુર, લાલપુર ઉપરાંત દ્વારકા જિલ્લાના ખંભાળીયા, ભાણવડ અને કલ્યાણપુરના યાર્ડમાં પણ મગફળી ખરીદીનો પ્રારંભ થયો છે.ભાણવડથી અમારા પ્રતિનિધિઓના જણાવ્યા પ્રમાણે મગફળી ખરીદીમાં ચોક્કસાઈ રાખવામાં આવી રહી છે. અલગ-અલગ વિભાગનાં નોડેલ ઓફિસર નાફેડ-૧, ગ્રામ સેવક-૧, નાયબ મામલતદાર, રેવન્યુ અધિકારી સહિતની ટીમ ઉપરાંત ટીડિઓ ભરતસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં મગફળી ખરીદીનો ભાણવડ માર્કેટિંગ પ્રારંભ થયો છે. જામનગર માર્કેટયાર્ડમાં ૨૭૦૦ ખેડૂતોની નોંધણી થવા પામી છે.

### મોરબી રવિરાજ ચોકડી પાસે

## ધરમપુરના ભરવાડ યુવાનની બોથડ પદાર્થના ઘા ઝીંકી નિર્મમ હત્યા

મોરબી, તા.૧૫

મોરબી રવિરાજ ચોકડી નજીક આવેલા સ્વામિનારાયણ ગુરૂકુળ પાસે ધરમપુરના ભરવાડ યુવાનને પથ્થર અને હથિયારના ઘા ઝીંકી રહેંસી નંખાતા અરેરાટી વ્યાપી ગઈ છે ઘટના અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબી રવિરાજ ચોકડી પાસે આવેલ સ્વામિનારાયણ ગુરૂકુળ નજીક મોરબી તાલુકાના ધરમપુર ગામના ભાવેશ ભરવાડ નામના યુવાનની લાશ પડી હોવાની જાણ થતાં મૃતક યુવાનના પિતા મંગાભાઈ ભરવાડે અજાણ્યા ઈસમ વિરૂદ્ધ તાલુકા પોલીસમથકે મોડીરાત્રે હત્યાનો ગુનો નોધાવ્યો હતો પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક ભાવેશ ભરવાડને પથ્થરના ઘા ઝીકી હત્યારાઓએ હથિયાર વડે નિર્મમ હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. ઘટનાની જાણ થતા જ મોરબી એસપી સહીતનો પોલીસ કાફલો ઘટનાસ્થળ પર દોડી ગયો હતો જેમા મોરબીના ડીવાયએસપી એલસીબી તાલુકા પોલીસ સહીતનો પોલીસ કાફલો રવિરાજ ચોકડી નજીક આવેલ સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે જ્યાં ભરવાડ યુવાનની હત્યા કરાયેલ હાલતમા મૃતદેહ મળ્યો ત્યાં ઘટનાસ્થળનુ બારીકાઈ ભર્યું નિરીક્ષણ કર્યું હતુ હાલમાં મોરબી તાલુકા પોલીસે મૃતક ભાવેશના પિતાની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હત્યા અંગેનો ગુન્હો નોંધી હત્યાનું મૂળ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## જામનગરમાં વીજ કંપનીનો સપાટો ૩૪ લાખની વીજચોરી ઝડપાઈ

જામનગર, તા.૧૫

જામનગરના બેડીથી હાપા સુધીના વિસ્તારોમાં વીજ કંપનીની ૬૬ ટૂકડીઓએ આજે વીજચોરી પકડવા માટે ચકાસણી કરતા રૂા.૩૪ લાખ ઉપરાંતની વીજચોરી ઝડપાઈ જવા પામી છે.

જામનગર શહેર-જિલ્લામાં વીજચોરી અંકુશમાં લેવા માટે વડોદરા સ્થિત ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ચેકિંગનો આરંભ કરાયા પછી આજે સિટી-૧ ડિવિઝન હેઠળ આવતા પટેલ કોલોની, દરબારગઢ, સાત રસ્તા તથા હાપા સબ ડિવિઝન હેઠળના વિસ્તારોમાં વીજ અધિકારીઓની ૬૬ ટૂકડીઓ ધસી ગઈ હતી.

નગરના બેડી, ધરારનગર, પટેલ કોલોની, રામેશ્વરનગર, પાંચ બંગલા તેમજ ગુલાબનગર, કૌશલનગર, હાપા કોલોની વગેરે વિસ્તારોમાં વીજ ચેકિંગ માટે ગયેલા અધિકારીઓની સુરક્ષા માટે સ્થાનિક પોલીસના તેર જવાનો, સત્તર એક્સ આર્મીમેન, જીયુવીએનએલ પોલીસના અઢાર જવાનોને ખડેપગે રાખવામાં આવ્યા હતા. જ્યારે તેના શુટિંગ માટે ચાર વીડિયોગ્રાફરો પણ જોડાયા હતા.

આજે બપોરે જ્યારે આ કાર્યવાહી પૂર્ણ થઈ તે પહેલા વીજ ટૂકડીઓએ ૧૧૨૮ જોડાણો ચેક કર્યા હતા જેમાંથી ૧૯૩ જોડાણોમાં ગેરરીતિ સાંપડી હતી. આ જોડાણોના ધારકોને રૂા.૩૪.૫૩ લાખના બિલ આપવામાં આવ્યા છે.

## સાપુતારા ખાતે દિવાળી ફેસ્ટીવલમાં ડાંગ દર્શન નામક તસવીરી પ્રદર્શન રજૂ કરાયું

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૧૫

ગુજરાતના એકમાત્ર ગિરીમથક એવા સાપુતારા ખાતે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજિત કરાયેલા ૨૩ દિવસના દિવાળી ફેસ્ટિવલમાં ડાંગ જિલ્લા માહિતી કચેરી દ્વારા ડાંગ દર્શન નામક તસવીરી પ્રદર્શન રજૂ કરાઇ હતી.

ગિરીમથક સાપુતારા સહિત ડાંગ જિલ્લાના અન્ય પ્રવાસન સ્થળોથી, અહી આવતા પ્રવાસીઓ વાકેફ થઇ શકે તે હેતુથી આયોજિત આ પ્રદર્શનીમાં ગીરાધોધ, ગીરમાળ ધોધ, મહાલ વૉટર ફોલ, ધુલદા રીવર સાઈટ, માયાદેવી, અંજનકુંડ, પાંડવા, પંપા સરોવર, શબરીધામ, ડોન હીલ સહિત મહાલ-કિલાદ અને દેવીનામાળ ખાતે આવેલી ઈકો ટુરીઝમ કેમ્પ સાઈટ જેવા સ્થળોના રંગબેરંગી ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરાયા છે. આ ઉપરાંત ડાંગના માજી રાજવીઓ, ડાંગના નૃત્યો, વાંજિત્રો સહિત અહીંના જનજીવનની તસવીરો પંઆ પ્રદર્શની ઉપરાંત રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા સાપુતારા એસ.ટી.બસ સ્ટેન્ડની બાજુમાં માહિતી ખાતા હસ્તક એક કાયમી પ્રદર્શન કેન્દ્ર પણ શરૂ કરાયું છે. અહી અદ્યતન પ્રદર્શના ગેલેરીમાં સાપુતારા સહિત ગુજરાતભરના અન્ય પ્રવાસન સ્થળોની રંગીન તસવીરો પ્રદર્શિત કરવામાં આવી છે.

## ઈન્ટરનેટના માધ્યમથી લોકોને આર્થિક નુકસાન પહોંચાડનાર વડોદરાનો વિદ્યાર્થી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૫

સુરતની સાયબર ક્રાઈમ પોલીસે અલગ-અલગ રાજ્યોના જી-મેલ યુઝર્સ તથા યુ ટ્યુબ ચેનલ યુઝર્સના એકાઉન્ટ હેક કરી, તેઓને આર્થિક નુકસાન પહોંચાડનાર વડોદરાના વિદ્યાર્થીની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના અઠવાલાઈન્સ પોલીસ મથકમાં અબરાર સાબીર શેખ નામના યુવકે આઈટી એક્ટની કલમ ૬૬ (સી), ૬૬ (ડી) મુજબનો ગુનો અજાણ્યા વયક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ અબરાર શેખનું ગુગલ આઈડી હેક કરવા સાથે તેની યુ ટ્યુબ ચેનલ અને પ્લે.સ્ટોરનું જે ઓનલાઈન વર્ક ચાલતું હતું, તે વર્કના નાણાં બેંક એકાઉન્ટમાં જમા થતા બંધ થઈ ગયા હતા. અબરાર શેખને આર્થિક નુકસાન થતું હોવાની ફરિયાદ પોલીસ સમક્ષ નોંધાઈ હતી. પીએસઆઈ જે.બી. આહિર, એએસઆઈ પૃથ્વીરાજસિંહ તખ્તસિંહ અને કોન્સટેબલ વનરાજ કાળુભાની ટીમે તપાસના અંતે વડોદરાથી ભૌદિપગીરી દિલીપગીરી ગોસ્વામી ઉ.વ.૨૦ ધંધો અભ્યાસ રહે. ડી-૭૯ ગુણાતીતધામ સોસાયટી, અટલાદરા વડોદરાની અટકાયત કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપી ભૌદિપગીરીએ કબૂલાત કરી હતી કે તેને અબરાર શેખનું ગુગલ એકાઉન્ટ હેક કરી યુ ટ્યુબ ચેનલના ૧,૪૨,૪૧૫ રૂપિયા પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. આરોપીએ ફરિયાદીનો મોબાઈલ નંબર યુ ટ્યુબ ચેનલ ઉપરથી મેળવી તે નંબર ઉપર વોટ્સએપમાં સ્પોન્સરશીપની ઓફર આપી અબરાર શેખનું યુ ટ્યુબ ચેનલ ફેસિંગ કરી જી-મેલ યુઝરનેમ તથા પાસવર્ડ મેળવી તેના આધારે બેંક એકાઉન્ટ નંબર કાઢી નાંખી તેની જગ્યાએ પોતાનો બેંક એકાઉનટ નંબર લખી લીધેલ હતો. ગુગલ એડસેન્સ એકાઉન્ટમાંથી જે નાણાં અબરાર શેખના એકાઉન્ટમાં જમા થતા હતા. તેના બદલે આરોપી ભૌદિપગીરીના એકાઉન્ટમાં જમા થતા હતા.

### કાર્યક્રમ

#### જામનગરમાં આવતીકાલે આયુર્વેદિક નિદાન કેમ્પ

જામનગરની રંગુનવાલા હોસ્પિટલમાં તા.૧૭-૧૧-૧૮ના રોજ સવારના ૧૧ વાગ્યે સાંધા, પક્ષઘાત, ચામડી, પેટ, જૂની શર્દી, ઉધરસ, શ્વાસ વગેરેના પંચકર્મ ચિકિત્સા અને સાથે એકથી પાંચ વર્ષના બાળકોને ટ્રસ્ટ તરફથી શ્રવણ પ્રાશણ વિધિ શરૂ કરવામાં આવે છે તથા સ્ત્રી-પુરૂષને લગતા જાતીય રોગ અને ખરતા વાળ, ખીલ, મેદોરોગ, વ્યસન મુક્તી, યોગાસનની સલાહ આપવામાં આવે છે તથા હરસ, મસા, ભગંદર આ બધા રોગનો વિનામૂલ્યે નિદાન કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં ડૉ. વી.ડી. શુક્લ સેવા આપશે.

### હિન્દુ-મુસ્લિમની કોમી એકતાના દશ્યો સર્જાયાં

## અમરેલીમાં જલારામ જન્મજયંતીની શોભાયાત્રાનું મુસ્લિમો દ્વારા સ્વાગત

અમરેલી, તા.૧૫

સંત જલારામબાપાની ૨૧૯ની જન્મજયંતી નિમિત્તે અમરેલી શહેરમાં મુખ્ય રાજમાર્ગો પરથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી.





જ્યારે શોભાયાત્રા ટાવરચોક પાસે પહોંચી ત્યારે બહોળી સંખ્યામાં હાજર મુસ્લિમ સમાજના યુવાનો તેમજ અભિયાન સેવા ટ્રસ્ટનાં પ્રમુખ રફીકભાઈ ચૌહાણની આગેવાની હેઠળ શોભાયાત્રાનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે રઘુવંશી સમાજના પ્રમુખ અજીભાઈ સોઢા, જીતુભાઈ ગોળવાળા, સતીષભાઈ આડતિયા, ધર્મેશ ઠકરાર અને ભાવિક ગઢિયાનું પણ સન્માન કરતાં હિન્દુ-મુસ્લિમ એકતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. રફીકભાઈ ચૌહાણ, સૌરાષ્ટ્ર લાયન ટ્રસ્ટના પ્રમુખ અજીમ લાખાણી, વસીમ ધાનાણી, રીઝવાન ભટ્ટી, સચિન ચૌહાણ, ઈમરાન અલ્તાફ કુરેશી, સલીમ પઠાણ, યાસીનબાપુ કાદરી, નસરુદ્દીન ડાભી, સીરાજ હાલવા, મોહસીન ધાનાણી, ઈમ્તીયાઝ કુરેશી, સલીમ મોગલ અને મુસ્તકીમ ચૌહાણે જલારામબાપાની શોભાયાત્રાનું ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું.

## વારસાઈ મિલકતના વિવાદમાં પાલક પુત્રએ બોગસ પ્રમાણપત્ર રજૂ કર્યું

જામનગર, તા.૧૫

જામનગરની અદાલતમાં વારસાઈ મિલકતમાં ભાગ માટેના કાયદેસરના સંતાનો તથા પાલક પુત્ર વચ્ચે મંડાયેલા દાવામાં પાલક પુત્રએ શાળા છોડયાનું બોગસ પ્રમાણપત્ર અદાલતમાં સાચા તરીકે રજૂ કરી દેતા તેની સામે ફોજદારી નોંધાવાઈ છે.

જામનગરના ખોજાવાડ વિસ્તારમાં આવેલી નુર ફળીમાં રહેતા મુનાફ બાવામિયાં બુખારી નામના આસામીના સસરાએ વર્ષો પહેલા રાજકોટ જિલ્લાના ધોરાજીના અસરફમિયાં અબુમિયાં બુખારીને ગોદ લીધા હતા. ત્યાર પછી અસરફને પાલક પુત્ર તરીકે મુનાફના સસરાએ ઉછેર કર્યો હતો. જ્યારે તેની સાથે જ મહેમુદમિયાં, રઝિયાબેન, ફરીદાબેન પણ ઉછર્યા હતા.

ત્યાર પછી ફરીદાબેનના નિકાહ મુનાફ બુખારી સાથે થયા હતા ત્યાર પછી મુનાફભાઈને પત્ની ફરીદાબેન, સાળા મહેમુદમિયાં, રઝિયાબેન વગેરેને કાયદેસરના વારસામાં મળેલી મિલકતમાં ભાગ પાડવા માટે પાલક પુત્ર અસરફમિયાંએ તજવીજ શરૂ કરી હતી જે અંગેના જામનગરની અદાલતમાં બે દાવા કરવામાં આવ્યા હતા તે દાવામાં શાળા છોડયા અંગેનું અસરફમિયાંનું પ્રમાણપત્ર રજૂ કરવાનું થતા અસરફે અલિયા તાલુકા શાળાનું બોગસ પ્રમાણપત્ર ઊભું કરી તેને અદાલતમાં સાચા તરીકે રજૂ કરી દીધું હતું. જેની જાણ થતા ગઈકાલે મુનાફે સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### આર.આર.સેલે ૨૩.૪૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યા

## વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી રૂા.૧૮.૯૪ લાખનો દારૂ ઝડપાયો

મોરબી, તા.૧૫

વાંકાનેર બાઉન્ડ્રી નજીકથી આર.આર.સેલની ટીમ દ્વારા મધ્યપ્રદેશથી રાજકોટમાં ઈંગ્લિશ દારૂની રેલમછેલ થાય તે પુર્વ જ ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ ભરેલો આઈસર ટ્રક ઝડપી લઈ લાખો રૂપિયાના મુદામાલ સાથે ટ્રક ડ્રાઈવરને ઝડપી લેવામાં આવ્યો છે પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જ આઈજી સંદીપસિંહની સૂચનાથી



આર.આર.સેલ. પી.એસ.આઈએમ.પી.વાળા રામભાઈ મંડ સુરેશભાઈ હુંબલ કુલદિપસિંહ ચુડાસમા કૌશિકભાઇ અને મોગલભાઈ દ્વારા વાંકાનેર બાઉન્ડ્રીથી રાજકોટ તરફ જતા ટાટા ટ્રક નંબર એમએચ-૦૪ ઈવાય-૮૭૫૭ને ઝડપી પાડી ડ્રાઈવર સુનિલકુમાર યાદવ રહે. ઉત્તરપ્રદેશ વાળાની અટક કરી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશને ગુનો નોંધાવેલ છે હાલમાં દારૂના જથ્થામાં અંદાજે ૨૦૦ પેટી ૫૦૬૮ બોટલ ઈંગ્લિશ દારૂ ઝડપી લેવામાં આવ્યો છે અને ડ્રાઈવરની અટકાયત કરી વધુ તપાસ આર.આર.સેલના પીએસઆઈ એમ.પી.વાળા ચલાવી રહ્યા છે.

### મ.ન.પા. તંત્ર સત્વરે કાર્યવાહી કરે

## સુરત કન્ટેનર ફ્રી નહીં કચરા ફ્રી બંને તે જોવું જરૂરી છે !

સુરત, તા.૧૫

સુરત શહેરમાં ધીમે-ધીમે ગંદકીનું પ્રમાણ વધી રહ્યું છે. ઠેર-ઠેર ઉકરડા સર્જાતા હોવાનું જોવા મળે છે. ત્યારે મનપા કન્ટેનર શહેરને બદલે સુરતને કચરા ફ્રી કરે તેની જરૂરી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા કચરાના કન્ટેઈનરો હટાવવાના નિર્ણયને પગલે શહેર આખું ઉકરડો બનાવ તરફ જઇ રહ્યું છે. ખાસ કરીને રહેણાંક વિસ્તારોમાં તો લોકોએ કચરાગાડીનો સમય સાચવવો શરૂ કરી દીધો છે. જો કે, ખાસ કરીને જાહેરમાં જે ગંદકી ઠલવાઇ રહી છે તેની પાછળ ફેરિયાઓ, દુકાનદારો, લારી ગલ્લા અને હોટલ રેસ્ટોરન્ટવાળાનો હિસ્સો હોવાનું દેખાઇ રહ્યું છે. ત્યારે જો પાલિકા આ મુદ્દે કોઇ યોગ્ય વિકલ્પ નહીં લાવે તો આ સમસ્યાનો કોઇ ઉકેલ આવે તેવું લાગતું નથી.

મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને શાસકોએ તરંત્રી નિર્ણય લીધો હતો કે શહેરને કન્ટેઈનર ફ્રી બનાવાય ખરેખર તો શહેરને કચરાથી ફ્રી બનાવવાનું અભિયાન શરૂ કરાવવાની જરૂર હતી. બન્યું એવું કે દિવાળી પહેલાં જ પાલિકાએ શહેરભારમાંથી કચરાના કન્ટેઈનરો હટાવી લીધાં જેને પગલે લોકોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ગિરનારની લીલી પરિક્રમા માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢએ પ્રાકૃતિક, ઐતિહાસીક અને નૈસર્ગિક બાબતોમાં ઈશ્વરનાં છુટાહાથની લ્હાણી ધરાવતો પ્રદેશ છે. આથી જ અહીંની પ્રકૃતિને પામવા અહીં કારતક માસની અગીયારસથી શરુ થતી પરંપરાગત લીલી પરીક્રમામાં પુણ્યનું ભાથુ બાંધવા ભાવીકો પધારતા હોય છે.

ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ આગામી તા.૧૯-૧૧-૧૮ થી થઇ રહયો છે. લીલી પરિક્રમાની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહયો છે. વન વિભાગે ૩૬ કિમીના રૂટ પર રસ્તાની કામગીરી પુર્ણ કરી છે. રસ્તા પર યાત્રિકોને ઉપયોગી બને તે માટે સાઈનબોર્ડ મુકવામાં આવ્યા છે. રસ્તાઓ પર વન વિભાગ દ્વારા લાગુ જગ્યાઓ પર કચરા પેટી મુકવામાં આવી છે. યાત્રિકો દ્વારા કચરો જંગલમાં જયાં ત્યાં ફેકવામાં ન આવે તે માટે અપીલ કરવામાં આવી છે.

પરિક્રમામા લાખો ભાવીકો જોડાનાર હોય યાત્રીકો/ભાવીકોની સુખાકારી માટે વહીવટીતંત્ર દ્વારા આગોતરી તમામ કામગીરી આટોપી લેવાઈ છે. યાત્રિકો માટે દુધ રીક્ષાભાડાનું, ભાવબાંધવાનું તબીબી સેવા,લાઈટ વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે. આ વખતે પરિક્રમા સાથે જોડાયેલ દરેક વિભાગનો કંટ્રોલ રૂમ હશે અને હેલ્પવ લાઈન નંબર જાહેર કરાશે .

### પશ્ચિમ રેલવેનાં ભાવનગર ડિવિઝન દ્વારા

## લીલી પરિક્રમા મેળામાં જવા માટે વિશેષ ટ્રેન દોડાવવાનું આયોજન

જૂનાગઢ, તા.૧૫

પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન ઉપર આવેલ રેલવે રૂટ જૂનાગઢ અને સત્તાધાર સ્ટેશનો વચ્ચે (નાનીલાઈન) લીલી પરિક્રમા મેળા દરમ્યાન મુસાફરોની સુવિધા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ડિવિઝન રેલવે મેનેજર રૂપા શ્રીનિવાસને આ માહિતી આપતા જણાવ્યું કે, લીલી પરિક્રમા મેળા દરમ્યાન ૧૮ નવેમ્બરથી ૨૪ નવેમ્બર-૨૦૧૮ સુધી જૂનાગઢ - સત્તાધાર સ્ટેશનો વચ્ચે પ્રતિદિવસ સ્પેશ્યલ ટ્રેન ચલાવવામાં આવે છે. વધુમાં ૧૮,૨૦,૨૧,૨૩ અને ૨૪ નવેમ્બર (પાંચ ટ્રીપ)ને રાજકોટથી તથા જૂનાગઢથી મોટી લાઈન (બ્રોડગેજ) સ્પેશ્યલ ટ્રેન ચલાવવામાં આવશે. સોમનાથ અને જૂનાગઢ વચ્ચે ૧૮થી ૨૪ નવેમ્બર ૨૦૧૮ સુધી (કુલ સાત ટ્રીપ) બન્ને દિશામાં પ્રતિદિન સ્પેશ્યલ ટ્રેન ચલાવવામાં આવશે.

આનાથી વધુ ટ્રેન નં.૨૨૯૫૭/૨૨૯૫૮ વેરાવળ-અમદાવાદ ૧૮થી ૨૪ નવેમ્બર સુધી એક થર્ડ એસી, એક સ્લીપર તથા એક જનરલ કોચ, ટ્રેન નં.૧૯૧૧/૧૯૧૨૦ અમદાવાદ-સોમનાથમાં ૧૮થી ૨૪ નવેમ્બર-૨૦૧૮ સુધી ચાર જનરલ કોચ, ટ્રેન નં.૫૯૫૦૭/૫૯૫૦૮ સોમનાથ-રાજકોટમાં ૧૮થી ૨૪ નવેમ્બર સુધી ચાર જનરલ કોચ, ટ્રેન નં.૧૧૪૬૩/૧૧૪૬૪/૧૧૪૬૫/૧૧૪૬૬ જબલપુર - સોમનાથ એક્સપ્રેસમાં ૧૮થી ૨૪ નવેમ્બર સુધી એક જનરલ કોચ તથા મીટરગેજમાં ૫૨૯૫૧/૫૨૯૫૨ જૂનાગઢ-દેલવાડા તથા ૫૨૯૫૬/૫૨૯૫૫ જૂનાગઢ ધારી ટ્રેનોમાં ૧૮થી ૨૪ નવેમ્બર સુધી એક જનરલ કોચ વધુ લગાડવામાં આવશે.

## દ.ગુ.મુલતાની પિંજારા સમાજનો ચોથો સમૂહલગ્ન કાર્યક્રમ યોજાયો

માંગરોળ, તા.૧૫

દક્ષિણ ગુજરાત મુલતાની પિંજારા સમાજ (કાઠિયાવાડી મુસ્લિમ મુલતાની પિંજારા) સમાજનો ચોથો સમૂહલગ્ન કાર્યક્રમ તાજેતરમાં સાંસરોદ મુકામે યોજાયો હતો. આ સમૂહ લગ્નમાં પિંજારા સમાજના ૨૧ જોડાઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. સૈયદ પીર હાજીમિયાં મોટામિયાં વિરમગામવાળા બાપુનાં સાનિધ્યમાં નિકાહનો કાર્યક્રમ



સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના ચાર હુંડાના હોદ્દેદારોએ હાજરી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના અગ્રણી એવા યાસીનભાઈ મુલતાની (માસ્તર)એ ઉપસ્થિત સમાજના આગેવાનો, મોભીઓ સહિત તમામને સમૂહલગ્ન દ્વારા જે ફાયદા થાય છે તેની વિસ્તૃત માહિતી આપી, સમાજને મોંઘવારી અને ખોટા ખર્ચાઓથી બચાવવા હાંકલ કરી, સમાજને શિક્ષણ પ્રત્યે જાગૃત થવા અનુરોધ કર્યો હતો. કાઠિયાવાડી મુલતાની પિંજારા સમાજના પ્રમુખ, મંત્રી ઝંખવાવના મુસ્તાકભાઈ મુલતાની વગેરેઓ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ હોદ્દેદારો-આગેવાનો અને દાનવીરોનો આભાર વ્યકત કર્યો હતો.

## ગીર-સોમનાથમાં ખેલાડીઓની પસંદગી કરવા ૨૭મીએ બેટરી ટેસ્ટ યોજાશે

વેરાવળ,તા.૧૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, (ગાંધીનગર) દ્વારા સંચાલિત જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત જિલ્લાના પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી પ્રક્રિયાના ભાગરૂપે ૨૭ નવેમ્બરનાં રોજ જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટ યોજાશે. બેટરી ટેસ્ટ કોડીનાર ખાતે સોમનાથ એકેડેમી બાયપાસ પાસે ૨૭ નવેમ્બરનાં રોજ સવારનાં ૮ કલાકથી રાખવામાં આવેલી છે.

આ ટેસ્ટમાં ખેલ મહાકુંભ-૨૦૧૮માં તાલુકાકક્ષાની અંડર-૯ તથા અંડર ૧૧ ની ઈવેન્ટમાં એક થી આઠ ક્રમમાં પસંદગી પામેલા તેમજ તા.૧-૧-૨૦૦૮ પછી જન્મેલા તમામ ભાઈઓ તથા બહેનો આ બેટરી ટેસ્ટમાં ભાગ લઈ શકશે. આ યોજનાની વધુ વિગતો માટે કાનજી ભાલીયા સીનીયર કોચ જિલ્લા રમત-ગમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીર-સોમનાથ કચેરી અથવા કન્વીનર નરેશ ગોહિલ (મો નં.૯૨૨૮૮૯૨૭૧૭) પર સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે.

### જૂનાગઢ એડીએમ સમક્ષ રજૂઆત કરી શકાશે

## માંગરોળનાં કેદી મહંમદભાઈ ઘાંચીના મૃત્યુની મેજિસ્ટ્રેરીયલ ઈન્કવાયરી

જૂનાગઢ,તા.૧૫

જૂનાગઢ જિલ્લા જેલમાં કાચા કામનાં કેદી મહમદભાઇ મુસાભાઇ ઘાંચીનાં અવસાન સંદર્ભે મેજીસ્ટ્રેટીયલ ઈક્વાયરી સંદર્ભે રજુઆત કરવા ઈચ્છુ રજુઆત કર્તાઓ ૨૬/૨૭ નવેમ્બરનાં આધાર પુરવા સાથે કરી શકશે રજુઆત કરી શકશે.

જૂનાગઢ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના તા. ૦૧-૧૦-૨૦૧૮ના હુકમ મુજબ જિલ્લા જેલનાં કાચા કામના કેદી મહમદભાઇ મુસાભાઇ ઘાંચી (ઉ.વ.૬૮ રહે માંગરોળ)નું શ્વાસો શ્વાસ, પીતાશય તથા અન્ય બિમારીના કારણે સારવાર દરમ્યાન છેવટ સિવિલ હોસ્પીટલ અમદાવાદ ખાતે તા. ૧૩-૦૮-૨૦૧૮ના રોજ અવસાન થયેલુ તેની મેજીસ્ટ્રેટીયલ ઈક્વાયરી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી જૂનાગઢ જે.એમ.રાવલને સોંપવામાં આવેલ છે. આ તપાસના સંદર્ભમાં જે.એમ.રાવલ સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી જૂનાગઢ વિભાગ આગામી તા. ૨૬-૧૧-૧૮ અને ૨૭-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી સાંજનાં ૧૭-૦૦ કલાક સુધી એસ.ડી.એમ. કચેરી જૂનાગઢ બીજો માળ તાલુકા સેવાસદન સરદારબાગ જૂનાગઢ ખાતેથી સબડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીની ચેમ્બરમાં આ તપાસની કાર્યવાહી ચલાવવામાં આવશે. જેથી ઉપરની બાબતે જે કોઇ વ્યક્તિએ રજુઆત કરવી હોય તો રૂબરૂ આધાર પુરવાઓ સાથે ઉપર જણાવેલ તારીખે અને સમયે એસ.ડી.એમશ્રી જૂનાગઢને રજુઆત કરી શકશે.

## ધોળકાનાં રૂપગઢમાં નર્મદાની કેનાલ તૂટતાં ખેત પાકને વ્યાપક નુકસાન

ધોળકા,તા.૧૫

ધોળકા તાલુકા ના રુપગઢ ગામ નજીક કેનાલ તુટતા ખેતરોમાં પાણી ફરી વળ્યા છે.કેનાલો તુટવાના બાનવોને કારણે ખેડુતોને વેઠવાનો વારો આવ્યો છે. પંથકમાં આવેલ માયનોર કે ડીસ્ટ્રીબ્યુટરી કેનાલોમાં પાણી છોડવામાં આવે એટલે કેનાલો તુટી જવાનુ જાણે સામાન્ય બની ગયુ હોય તેવુ લોકોને પ્રતિત થઈ રહ્યુ છે. માઈનોર કેનાલમાં પાણી છોડવામાં આવતા મોટા પ્રમાણમાં કેનાલો તુટી હતી. કેનાલનુ તળીયુ પાણી આવતા બેસી ગયુ હતુ. અને આગળ કેનાલમાં મોટુ ગાબડુ પડયુ હતુ. કેનાલમાં ગાબડુ પડતા કેનાલ નજીક ખેતરમાં ડાંગર ના ઉભા પાકમાં પાણી ફરી વળ્યા હતા. અને મોટાપાયે પાકને નુકશાની થયુ હોવાનુ ખેતર માલીક અને રૂપગઢ ગામના માજી સરપંચ રણજીતભાઈ રાવજીભાઈ પરમારે જણાવ્યું હતું.

કેનાલમાં આવેલ પાણી તાત્કાલીક બંધ કરવામાં ના આવતા પાણી આગળના ખેતરોમાં ગયુ હતુ. જેના કારણે આગળના ખેડૂતોને પણ નુકશાન થયુ હતુ. કેનાલ તુટવા બાબતે ખેડુતોની પણ એક જ રજુઆત સાંભળવા મળી હતી કે કેનાલોના કામો હલકી ગુણવત્તાવાળા હોવાને કારણે કેનાલમાં પ્રથમવખત પાણી આવતા કેનાલ તુટી જવા પામી છે. કેનાલોમાં પાણી આવ્યા પહેલા જ કેટલીક કેનાલોમાં મસમોટી તીરાડો પડી હતી. ત્યારે આ કેનાલોના કામો ફરી થાય તે બાબતે પંથકના ખેડૂતોએ રજુઆતો કરી હતી. આવી કેનાલોના રીનોવેશનના કરોડો રૂપિયાનો ખર્ચ કરી કેનાલો રીપેરીગ કરવામાં આવી હતી. પરંતુ કેનાલોના કામોની ગુણવત્તા બાબતે આંખઆડાકાન અધિકારીઓ કેમ કરે છે ? એમ ખેડૂતો પૂછી રહ્યા છે.

## સુડાની નવી કચેરી વેસુ ખાતે કાર્યરત

સુરત, તા.૧૫

સુરત શહેરી વિકાસ સત્તામંડળની નવી કચેરી, વેસુ ખાતે કાર્યરત કરવામાં આવી છે. જેથી સર્વે અરજદારોએ તથા તમામ કચેરીઓને સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથેનો પત્રવ્યવહાર સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુડા ભવન, વેસુ-આભવા રોડ, વેસુ સુરત-૩૯૫૦૦૭, ફોન નં.૦૨૬૧-૨૫૦૦૦૫૦, Email:-sudaonline1978@gmail.com પર કરવા સુડાના મામલતદારની યાદીમાં જણાવાયું છે.

એક તરફ મુખ્યમંત્રી ગરીબોને આવાસ યોજનામાં મકાનો આપવાની વાત કરે છે બીજી બાજુ

# વડોદરામાં સહકારનગરના રહીશો ૧૮ માસથી મકાન વિહોણા : જિ.કલેક્ટર, મ્યુ.કમિ.ને આવેદન

## હજી સુધી એક ઈંટ પણ મૂકાઈ નથી અને ભાડાના ૭ હજાર ચૂકવીએ છીએ મનપા ૨૦૦૦ ભાડુ આપે છે : સોહાનાબાનુ સૈયદ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૫

શહેરના તાંદલજા વિસ્તારનાં સહકારનગરના ૧૪૦૦ જેટલા મકાનોને તોડ્યા બાદ રહિશોને હજુ સુધી મકાનો નહીં બાંધી આપતા બેઘર બનેલ રહિશો રેલી સ્વરૂપે કલેક્ટર કચેરીએ આવી જિલ્લા કલેક્ટરને તેમજ મ્યુનિ. કમિશનરને મકાન આપવાની માંગણી સાથે આવેદનપત્ર આપ્યું હતું. સહકારનગરના રહિશો પુઠાના પ્રતિકાત્મક મકાન અને ચાવી કલેક્ટર અને કમિશનરને આપી બેઘર લોકોને મકાન આપવાનું યાદ અપાવ્યું હતું.






તાંદલજા વિસ્તારનાં સહકારનગરમાં આવેલ ૧૪૦૦ જેટલા પાકા મકાન અને દુકાનોને સ્માર્ટ સિટીના નામે ૧૮ માસ અગાઉ જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. તત્કાલિન મ્યુનિ. કમિશનર વિનોદ રાવે રહિશોને વહેલી તકે મકાનો બનાવવાની બાંહેધરી આપી હતી. તેમની ઉપર વિશ્વાસ રાખી સહકારનગરના રહિશોએ દબાણ શાખાની ટીમને સહકાર આપી મકાનો તોડ્યા હતા. સેવાસદન દ્વારા દર માસે ભાડા પેટે ૨૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. ૧૮ માસ ઉપરાંતનો સમય વિતી ગયો હોવા છતાં સહકારનગરની જમીન ઉપર એક ઈંટ પણ મૂકવામાં આવી નથી. જેથી બેઘર બની ગયેલા લોકોમાં વહીવટી તંત્ર સામે નારાજગી જોવા મળી રહી છે. સહકારનગરના ઈન સી ટુ સ્લમ રિહેબિલીએશન હેઠળ મકાનો ન મળતાં બેઘર બનેલ રહીશો દ્વારા સહકારનગર સંઘર્ષ સમિતિના નેજા હેઠળ આજે પુઠાના પ્રતિકાત્મક મકાન અને ચાવી સાથે તાંદલજાથી અકોટા, દાંડિયાબજાર બ્રિજ થઇ વિશાળ રેલી કાઢી જિલ્લા કલેક્ટર તેમજ મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર તથા સાથે લાવવામાં આવેલ પ્રતિકાત્મક મકાન અને ચાવી આપી પોતાને મકાન આપવાનું ભૂલી ગયા હોવા અંગેની યાદ અપાવી હતી. સંઘર્ષ સમિતિના અગ્રણી સાકીર સૈયદ, ઐયુબઅલી (દાઢી), રીયાઝબાપુ, સોહાનાબાનુ સૈયદ, મોહસીન પઠાણ, ઈસ્માઈલભાઈ મૌલા, અસ્ફાક મલેક વગેરેએ આપેલ આવેદનપત્રમાં વહેલી તકે મકાન આપવાની માગણી કરવામાં આવી છે.

સહકારનગર સંઘર્ષ સમિતિના અગ્રણીના રહીશ સોહાનાબાનુ સૈયદે જણાવ્યું હતું કે, વડાપ્રધાન દ્વારા દરેકને મકાન આપવાના વચનો આપ્યા છે. પરંતુ અમોને અમારા ઘર તોડીને અમોને બેઘર બનાવી દીધા છે. અમે ભાડાના રૂપિયા ૭ હજાર ચૂકવ્યે છે જેની સામે સેવાસદન દ્વારા ફક્ત રૂા.૨૦૦૦ જ ભાડું આપવામાં આવે છે. બેઘર બનેલા રહિશોની જીવવું ભારે થઇ ગયું છે. મકાન આપવાનું ભૂલી ગયા હોઈ જેથી અમો પ્રતિકાત્મક મકાન અને ચાવી લઈને આવ્યા છે. જ્યારે ઐયુબઅલી દાઢીએ જણાવ્યું હતું કે, જ્યારે મકાનોનાં દબાણો દૂર કરવાનાં હતા તે વખતે અધિકારીઓ દ્વારા અમારી સાથે મીઠી-મીઠી વાતો કરવામાં આવી હતી પરંતુ હવે ઘટના સ્થળે કોઈ જોવા પણ આવતું નથી કે અમો કેવી રીતે જીવી રહ્યાં છે. અસ્ફાક મલેકે જણાવ્યું હતું કે, સેવાસદનનાં અધિકારીઓ દ્વારા ૧૪૦૦ જેટલા મકાનો દૂર કરીને કિંમતી કરોડોની જમીન ખાલી કરવા પાછળ કૌભાંડ થયું હોવાની શંકા સેવી હતી.

---

અલ્પેશ ઠાકોરની શિક્ષણાધિકારીને રજૂઆત

# સાંતલપુર તાલુકાની શાળાના શિક્ષકોની અનિયમિતતાથી બાળકોના શિક્ષણ ઉપર માઠી અસર

પાટણ,તા.૧૫

સાંતલપુર તાલુકાની પ્રાથમિક શાળામાં લાંબા અંતરેથી અપ-ડાઉન કરતા અને પોતાની ફરજ પ્રત્યે અનિયમિતતા દાખવતા શિક્ષકોને કારણે તાલુકામાં શિક્ષણનું સ્તર નીચુ ગયું છે તેથી સ્થાનિક ધારાસભ્યએ જિલ્લા શિક્ષણ અધિકારીને કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ કરી હતી.

રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે શિક્ષણ અધિકારીને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, શિક્ષકોની અનિયમિતતાને કારણે શાળામાં ભણતા બાળકોના શૈક્ષણિક કાર્ય પર માઠી અસર થઈ રહી છે અને શિક્ષકો પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી રહ્યા છે. શાળામાં શિક્ષકો કોઈપણ જાતની પરવાનગી વિના અપ-ડાઉન કરે છે અને આવા શિક્ષકો પોતાના બેઝીક પગારમાં રેન્ટ હાઉસ (રહેઠાણ ભથ્થુ)ના નાણાં મેળવે છે. જે સરકારને આર્થિક નુકસાન પહોંચાડે છે. તેથી આવા શિક્ષકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ધારાસભ્યએ રજૂઆત કરી હતી.

આ ઉપરાંત, રાધનપુર, સાંતલપુર તાલુકામાં સરકારી કર્મચારી ફરજ પર હાજર થયા બાદ જાણે સરકારી નિયમોને નેવે મુકીને જલસા કરતા હોય છે તેથી આ વિસ્તારમાં પ્રજાલક્ષી કામોમાં ખૂબ જ વિલંબ થતો હોયની રાડો ઉઠતી હોય છે. ધારાસભ્ય દ્વારા તમામ સરકારી કચેરીઓની ઓચિંતી મુલાકાત લઈ આવા કર્મચારીઓ સામે પગલાં ભરવા જોઈએ એવી કેટલાક લોકોની અપીલ છે.

---

વીમા વળતરના નાણાં બીજી વખત મેળવવા

# બોગસ દસ્તાવેજ બનાવી સાચા તરીકે કોર્ટમાં રજૂ કરનાર વકીલ સામે ફરિયાદ

દાહોદ, તા.૧૫

એક એડવોકેટે તેના મળતીયાઓ સાથે મળી કાવતરૂ રચી અરજદાર વિધવા બાઈના તથા અન્યના વતી ટ્રિબ્યુનલમાં ઈન્સ્યુરસ કંપનીમાંથી બીજીવાર વળતર મેળવવા ખોટા દસ્તાવેજો ઊભા કરી તેમાં અરજદાર વિધવા બાઈ તથા અન્યની ખોટી સહીઓ(અંગુઠા)કરી તેનો સાચા તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત કર્યા સબબ તે એડવોકેટ અને તેના મળતીયાઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ થયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર અરજદાર વિધવા બાઈ સેનાબેન મસુલભાઈ પણદાએ પોતાના વકીલ મારફતે આઈસીઆઈસી લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યુરન્સ કંપનીમાંથી વીમાના વળતરના રૂપિયા ૯ લાખ ૫૦ હજાર લીધા હતા. તે નાણાં એક વખત ચૂકવાઈ ગયા છતા ફરીથી તે વળતના નાણાં મેળવવા મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના મોકમશીનાં ભેવાડાના અદ્વૈત ડાહ્યાલાલ સતનામી અને તેના મળતીયાઓએ ભેગા મળી કાવતરૂ રચી અરજદાર વિધવાબાઈ સેનાબેન મસુલભાઈ પણદા તથા અન્યવતી ટ્રિબ્યુનલમાં એમએસીપી નં. ૫૪૮/૨૦૧૦થી ઓક્ટોબર ૨૦૧૦થી ઓગષ્ટ ૨૦૧૮ સુધીના સમયગાળામાં કોઈ પણ વખતે બીજી વખત વળતર મેળવવા માટે ખોટા દસ્તાવેજા ઊભા કર્યા હતા અને તેમાં અરજદારોની ખોટી સહિઓ અંગુઠા કરી તે ખોટા દસ્તાવેજાનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી વિશ્વાસઘાત છેતરપીંડી કરી હતી.

આ સંબંધે દાહોદ, ગોધરા રોડ, ૨૧/બી શ્રીરામ કોલોનીમાં રહેતા ૪૬ વર્ષીય ગીરીશ ઓમ પ્રકાશ ઝાએ ગતરાતે દાહોદ તાલુકા પોલીસે સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

પાટણ જિ.પં.ની સામાન્ય સભામાં પ્રમુખ સભ્ય પાસે શાબ્દિક તડાફડીને મુદ્દે સામાન્ય સભા મુલત્વી રખાતા

# કોંગ્રેસે બહુમતીના જોરે સામાન્ય સભા બોલાવી શિક્ષણ સમિતિના સભ્યોની વરણી કરતાં ભાજપ અવાચક

## સભાનું કામકાજ શરૂ થતાની સાથે જ ભાજપના સભ્ય લવીંગજી ઠાકોરે પ્રમુખ વિનુ પ્રજાપતિ સાથે તું...તારી...કરી સભા ભાષાનો ઉપયોગ કરતા હંગામો મચી ગયો જેને લઈ પ્રમુખે સભા મુલત્વી રાખતા કોંગ્રેસના સભ્યોએ ઉગ્ર વિરોધ કર્યો, શનિવારે મળનાર સભા પર સૌની નજર



પાટણ,તા.૧૫

પાટણ જિલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ પાસે સભ્યોનું પૂરતું સંખ્યાબળ ન હોઈ પ્રમુખ અને સભ્ય વચ્ચે થયેલ શાબ્દિક તડાફડીને મુદ્દો બનાવી નાટકીય રીતે સભા મુલત્વી રાખી હતી. ત્યાર બાદ કોંગ્રેસે બહુમતીના જોરે સામાન્ય સભા બોલાવી શિક્ષણ સમિતિના સભ્યોની વરણી કરી હતી. આજની આ સભામાં કોંગ્રેસના બે બળવાખોર સભ્યો તથા એક ભાજપના સભ્યએ કોંગ્રેસને સમર્થન આપતા કોંગ્રેસનું સભ્ય સંખ્યા બળ ૧૬ થયું છે. જયારે સત્તાધારી ભાજપ પાસે બે સભ્યો ગેરહાજર રહેતા ૧૩ સભ્યો જ હતા. જેથી સતા હાથમાંથી સરકતી જોઈ ષડયંત્રના ભાગરૂપે પ્રમુખ દ્વારા સભા મુલત્વી રાખવામાં આવી હોવાનો આક્ષેપ જિલ્લા પંચાયત ખાતે દોડી આવેલ પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, ધારાસભ્યો ડો. કિરીટ પટેલ અને ચંદનસિંહ ઠાકોરે કર્યો હતો.

પાટણ જિલ્લા પંચાયતના સ્વર્ણિમ હોલમાં આજે શિક્ષણ સમિતિની રચના, તા.૧૮-૭-૨૦૧૮ના રોજ મળેલ બેઠકમાં સમિતિઓની રચનાઓ ગેરકાયદેસર રીતે થયેલ હોઈ તમામ સમિતિઓ રદ કરી ફરીથી સમિતિઓની રચના કરવા સહિતના મુદ્દાઓને લઈ સામાન્ય સભા મળી હતી. પરંતુ સભાનું કામકાજ શરૂ થતાની સાથે જ ભાજપના સભ્ય લવીંગજી ઠાકોરે પ્રમુખ વિનુભાઈ પ્રજાપતિ સાથે તું...તારી...કરી અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા હંગામો મચી ગયો હતો જેને લઈ પ્રમુખે સભા મુલત્વી રાખી શનિવારે પુનઃ સભા બોલાવવાની જાહેરાત કરતા કોંગ્રેસના સભ્યોમાં રોષની લાગણી ફેલાઈ હતી. સભા મુલત્વીની જાહેરાત સાથે જ સત્તાધારી પક્ષના સભ્યો હોલ છોડી જતા રહ્યા હતા. જયારે કોંગ્રેસના સભ્યો એ પુનઃ સભા બોલાવવાની માગ સાથે જગ્યા ઉપર બેસી રહ્યા હતા.

સત્તા હાથમાંથી સરકી રહી હોવાના કારણે સત્તાધારી પક્ષ દ્વારા હંગામાનું નાટક કરી સભા મુલત્વી રાખી હોવાની જાણ કોંગ્રેસ પક્ષના મોવડીઓને કરવામાં આવતા પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, પાટણના ધારાસભ્ય ડો. કિરીટ પટેલ, સિધ્ધપુરના ધારાસભ્ય ચંદનજી ઠાકોર, પૂર્વ જિલ્લા પ્રમુખ કાનજીભાઈ દેસાઈ સહિતના આગેવાનો જિલ્લા પંચાયત ખાતે દોડી આવ્યા હતા અને સભ્ય સચિવ વ જિલ્લા વિકાસ અધિકારીને મળી ગુજરાત પંચાયત અધિનિયમ વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે મોકુફ રખાયેલી સભા ૧૯૫૭ના નિયમ (૧૨) મુજબ ચાલુ રાખવા માગણી કરી લેખિત રજૂઆત કરી હતી છતાં હકારાત્મક પ્રતિસાદ નહીં મળતા બપોરે ૩-૩૦ કલાકે સભાગૃહમાં હાજર કોંગ્રેસના ૧૬ સભ્યોએ બહુમતીના જોરે ભાજપમાંથી કોંગ્રેસમાં આવેલ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ જોઈતીબેન લક્ષ્મણજી ઠાકોરને કાર્યકારી અધ્યક્ષ બનાવી તેમના અધ્યક્ષ સ્થાને સભાની કામગીરી શરૂ કરી હતી. જેમાં બાબુભાઈ ખોડાભાઈ દેસાઈએ શિક્ષણ સમિતિના સાત સભ્યોના નામની દરખાસ્ત રજૂ કરતા તેમને રફીકભાઈ મોમીને ટેકો આપતા હાજર ૧૬ સભ્યોએ સર્વાનુમતે હાથ ઉંચા કરી બહાલી આપી ઠરાવ વિકાસ કમિશનરને મોકલી આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પાટણ જિ.પં.ની કુલ ૩૨ બેઠકો પૈકી એક સભ્યનું અવસાન થતા હાલ ૩૧ સભ્યો છે. જેમાં આજની સભામાં કોંગ્રેસના બે બળવાખોર સભ્યો અને એક ભાજપના સભ્યએ કોંગ્રેસને ટેકો જાહેર કરતા ગૃહમાં કોંગ્રેસ પાસે ૧૬ સભ્યોનું સંખ્યાબળ હતું. જયારે સત્તાધારી ભાજપના ૧૫ સભ્યો પૈકી બે સભ્યો ગેરહાજર રહેતા ૧૩ સભ્યો જ હાજર હતા. ત્યારે શનિવારે ફરી મળનાર સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ વિવિધ સમિતિઓ બચાવવામાં સફળ રહે છે કે પછી રાજકીય દાવપેચ રમી કોંગ્રેસને મહાન કરે છે. તેને લઈ જિલ્લાનું રાજકારણ શિયાળાના પ્રારંભે જ ગરમાયું છે.

પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર ધારાસભ્યો ડો. કિરીટ અને ચંદનજી ઠાકોર દ્વારા

### સામાન્ય સભા મુલત્વી રાખવા ષડયંત્ર રચાયું હોવાનો આક્ષેપ

કોંગ્રેસ શાસિત પાટણ જિલ્લા પંચાયતમાં બળવો કરાવી સત્તા મેળવનાર સત્તાધારી ભાજપના ત્રણ સભ્યોએ આજે કોંગ્રેસને બહુમતી હોવાનું દેખાતા આજની સામાન્યસભા મુલત્વી રાખવા ષડયંત્ર રચવામાં આવ્યાનો આક્ષેપ પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર, ધારાસભ્યો ડો. કિરીટ પટેલ અને ચંદનજી ઠાકોરે કરી પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપ પાસે પુરતુ સંખ્યાબળ નહીં હોવાથી જિલ્લા વિકાસ અધિકારીની ઓફિસમાં અગાઉથી થયેલ કાવતરા મુજબ ભાજપના એક સદસ્ય અને અધ્યક્ષ વચ્ચે સામાન્ય બોલાચાલી કરી સભા મુલત્વી રાખી લોકશાહીનું ખૂન કરવામાં આવ્યું છે. સરકારી કચેરીના વડાઓ પદને ના શોભે તેવું કામ સરકારના ઈશારે કરી રહ્યા છે. કાયદાનો છડેચોક ભંગ થાય છે. આ રીતે જ લોકશાહીને ગળે ટુંપો દઈ બહુમતી સભ્યોના અવાજને દબાવવામાં આવશે તો કોંગ્રેસ આગામી દિવસોમાં સરકારી કચેરીઓની બહાર ભાજપની કચેરી છે, તેવા બોર્ડ લગાડશે. જયારે જિલ્લા પંચાયતના પ્રમુખ અને આજની સભાના અધ્યક્ષ વિનુભાઈ પ્રજાપતિએ પત્રકારોને જણાવ્યું હતું કે, સામાન્ય સભા શરૂ થતાની સાથે જ શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન લવીંગજી ઠાકોરે મારા ઉપર હુમલો કરી અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા મારે આજની સામાન્ય સભા મુલત્વી રાખવાની ફરજ પડી અને હવે પછી આગામી શનિવારના રોજ પુનઃ સભા બોલાવવામાં આવી છે.

---

# નંદેસરી ખાતે દિપક નાઈટ્રેટ કંપની માલિકના નિવાસ સહિત આઠ સ્થળે ITના દરોડા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૫

શહેર નજીક નંદેશરી ખાતે આવેલ કેમીકલ ઉત્પાદન કરતી દિપક નાઈટ્રેટ કંપનીની ઓફિસ કંપનીના માલિકોના નિવાસ સ્થાનો, ગેસ્ટહાઉસ સહિત ૮ સ્થળોએ આવકવેરા વિભાગની ટુકડીઓએ આજે દરોડા પાડ્યા હતા. પોલીસ કાફલા સાથે સવારથી ૮ આવકવેરા વિભાગની ટીમોએ સર્ચની કાર્યવાહી હાથ ધરી હતી. મુંબઈ અને સુરત આવકવેરા વિભાગની ટીમો પણ સામેલ હતી. કંપનીની દેશવ્યાપી ઓફિસોમાં પણ આવકવેરા વિભાગે દરોડા પાડયા હોવાની વિગતો જાણવા મળી છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, આવકવેરા વિભાગની મુંબઈ, સુરત તથા વડોદરાની ૮ ટીમોએ દિપક નાઈટ્રેટ કંપનીની કોર્પોરેટ ઓફિસ, ગેસ્ટહાઉસ, ફાર્મહાઉસો પર આજે પોલીસ સાથે દરોડો પાડી સર્ચ કર્યું હતું. દરોડાની કામગીરી દરમ્યાન વાંધાજનક દસ્તાવેજો કંપનીનાં ઉત્પાદન તેમજ વેચાણની વિગતો સહિત વિવિધ વિગતો મેળવી હતી. અધિકારીઓએ કેમીકલનાં વેચાણની એકસપોર્ટ અંગેનાં ચોપડાઓ અને કોમ્પ્યુટર અને હાર્ડડીસ્ક કબજે કરી તપાસ આરંભી હતી. હાલમાં પણ કામગીરી ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. કામગીરી દરમ્યાન બિનહિસાબી કાળુ નાણું બહાર આવે તેવી શક્યતા જોવા મળી રહી છે. એક સાથે આયકર વિભાગે ૮ ટીમોએ કંપનીનાં વિવિધ સ્થળોએ દરોડા પાડતા નંદેશરી ખાતે આવેલ ઔદ્યોગિક એકમોનાં માલિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

---

પાલનપુરમાં ટેકાના ભાવે

# મગફળીની ખરીદી ધીમી ગતિએ ચાલતા તંત્ર સામે ખેડૂતો રોષે ભરાયા

પાલનપુર, તા.૧૫

દિવાળી બાદ આજથી રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે ખેડૂતોની મગફળી ખરીદવાની શરૂઆત કરવામાં આવી હતી આ વખતે ૨૦ કિલો મગફળીના ૧૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. જો કે, આજે જિલ્લા મથક પાલનપુરમાં આવેલા નવા ગંજ બજાર ખાતે મગફળી ટેકા ભાવ શરૂઆતના પ્રથમ દિવસે તંત્ર દ્વારા મગફળી ખરીદી માટે કોઈ જ વ્યવસ્થાના કરતા ખેડૂતો રોષે ભરાયા હતા ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂતાનો રોષ ચરમસીમા પર પહોંચે તે પહેલાં માર્કેયાયાર્ડના સંચાલક દ્વારા મગફળી ખરીદી માટે વ્યવસ્થા ઊભી કરતા આ મામલો શાંત પડ્યો હતો ઓનલાઈન મગફળી ટેકા ભાવે ખરીદવામાં ૯૦૦થી વધુ ખેડૂતોની નોંધણી પણ થઈ છે.પનજીભાઈ નામના ખેડૂતએ જણાવ્યું હતું સવારથી ટ્રેકટરમાં મગફળી ભરીને માર્કેટ આવ્યા છતાં કલાકો સુધી કોઈજ કાર્યવાહી થઈ નથી તેમજ મગફળી ખરીદીને લઈને કોઈજ વ્યવસ્થા કરી નથી.



---

# ભરૂચના નિકોરા ગામે તસ્કરોનો તરખાટ : ૬.૭૭ લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા) ભરૂચ,તા.૧૫

ભરૂચ તાલુકાના નિકોરા ગામે તસ્કરોએ એક મકાનને નિશાનો બનાવી ૨૫ તોલા ઉપરાંતના સોના-ચાંદીના દાગીના તેમજ રોકડા રૂા.૪૦,૦૦૦ પર હાથફેરો કરી જતા લોકોમાં ગભરાટની લાગણી વ્યાપવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નિકોરા ગામ ખાતે પટેલ ફળિયામાં રહેતા રોહિત ઝવેરભાઈ પટેલના મકાનમાં ગત રાત્રીએ ઘરના પાછળના દરવાજેથી ઘરમાં પ્રવેશી લોખંડની તિજોરી તોડી અન્ય તિજોરીના તાળાં ખોલી તેમાં મુકેલા સોના-ચાંદી દાગીના કુલ ૨૫ તોલા કિંમત રૂા.૬,૩૭,૫૦૦ ઉપરાંત રોકડા રૂા. ૪૦,૦૦૦ મળી કુલ રૂા. ૬.૭૭,૫૦૦ની મતા ઉપર હાથ ફેરો કરી જતા રહીશોમાં ગભરાટની લાગણી વ્યાપવા પામી છે. આ અંગે નબીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા વધુ તપાસ સર્કલ પીઆઈ ગોસ્વામી ચલાવી રહ્યા છે.

---

# નડિયાદમાં સ્વીમીંગ પૂલ તથા ટેનિસ કોર્ટનું નીતિન પટેલના હસ્તે લોકાર્પણ

નડિયાદ, તા.૧૫

નડિયાદ નગરપાલિકા દ્વારા દાવલીયાપુરા ખાતે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ ઘટક હેઠળ અંદાજે રૂા.૫.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ સ્વીમીંગપુલ તથા ટેનિસ કોર્ટનું નાયબ મુખ્યપમંત્રી નીતિનભાઈ પટેલ, મુખ્યદંડક પંકજભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

આ સંકુલમાં ટેનિસ કોર્ટનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. સંકુલમાં ફુડકોર્ટ તેમજ ટોયલેટ બ્લોક પણ બનાવવામાં આવ્યા છે.

આ પ્રસંગે નગરપાલિકા પ્રમખુ દિપીકાબેન પટેલ, નગરસેવકો, પદાધિકારીઓ, કલેક્ટર આઈ.કે.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક દિવ્યા મિશ્ર, નિવાસી અધિક કલેક્ટરશ્રી રમેશ મેરજા, પ્રાંત અધિકારી લલિત પટેલ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો હાજર રહયા હતા.

---

# નડિયાદ : રાજ્યકક્ષાની એથલેટીક્સ સ્પર્ધા

નડિયાદ, તા.૧૫

ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, મરીડા ભાગોળ, નડિયાદ ખાતે રાજયકક્ષાની ભાઈઓ માટે એથ્લેટીક્સ સ્પર્ધા તા.૧૬-૧૧-૨૦૧૮થી તા.૨૪-૧૧-૨૦૧૮ સુધી યોજાનાર છે.

જિલ્લા રમત-ગમત અધિકારી ડૉ. અમિત ચૌધરીના જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાના વિજેતા અને સીધા રાજ્યકક્ષાની સ્પર્ધા અંડર-૧૪ ભાઈઓ માટે તા.૧૬-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોજાશે. અંડર-૧૭ (ઓપન) ભાઈઓ માટે તા.૧૮, ૧૯, ૨૦-૧૧-૨૦૧૮ના રોજ સ્પેર્ધાઓ યોજાશે. અંડર-૧૭ ભાઈઓ માટે તા.૨૧-૨૨-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોજાશે, જ્યારે અંડર-૯, ૧૧ જિલ્લા અને રાજ્યકક્ષાની સ્પર્ધા તા.૨૪-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોજાશે.

---

અંકલેશ્વર શહેરમાં

# જશ્ને ઈદેમિલાદુન્નબીના જુલૂસ અંગે મુસ્લિમ સમાજ દ્વારા મીટિંગ યોજાઈ

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર શહેરમાં જશ્ને ઈદેમિલાદુન્નબીના તહેવાર અને જુલૂસ અંગેના આયોજનને લઈ મુસ્લિમ સમાજની એક મીટિંગ અંગેના હજરત હલીમશા દાતાર ભંડારી (ર.અ.)ની દરગાહ ખાતે યોજાઈ હતી. તા.૨૧-૧૧-૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે કસ્બાતી જમાઅત ખાનાથી જુલૂસ કાઢવાનું નક્કી થયું હતું. જે જુલૂસ ગોયાબજાર ભંડાર હોટલ થઈને મુલ્લાવાડથી હાજી ફળિયા થઈ દરગાહ શરીફ ખાતે સમાપન થશે અને જ્યાં પયગમ્બર (સ.અ.વ.) સાહેબના પવિત્ર મુએ મુબારકની ઝિયારત કરાવવામાં આવશે. આજની મીટિંગમાં દરગાહ શરીફના સજ્જાદાનશીન મનસુરઅલી ઈનામદાર તથા કાદરી મુનવ્વર બાવા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જશ્ને ઈદેમિલાદુન્નબી કમિટીના સિકંદર ફડવાલા સંચાલન કમિટીના સભ્ય મુખ્તીયાર મલેક, મુસ્તાક હમીદ શેખ, ગ્યાસુદ્દીન શેખ, હનીફ ભરૂચી, મુનીર શેખ, ગુ.હુસેન શાકભાજીવાલા, શબ્બીરહુસેન શેખ, નુરૂ કુરેશી, રઈશ સુફી, ઝાકીર સુફી, અબ્દુલકાદીર ઘંટીવાલા, ફીરોજ મુલ્લા, સાદીક શેખ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

# મોડાસા એપીએમસી ખાતે બારદાનની વ્યવસ્થા ન હોવાથી ખેડૂતોમાં હોબાળો

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૧૫

મગફળી ખરીદીનું રજિસ્ટ્રેશન કરાવેલ ખેડૂતો ટ્રેકટર ટેમ્પો વગેરે વાહનોમાં પોતે પકવેલી મગફળી લઈ અરવલ્લી જિલ્લાના મોડાસા એપીએમસી ખરીદ કેન્દ્ર ખાતે આવ્યા હતા. જો કે ટેકાના ભાવે મગફળી વેચવા આવનાર ખેડૂતોની સંખ્યા માત્ર ૨૮ હતી આટલી ઓછી સંખ્યામાં આવેલા ખેડૂતોને મગફળી ભરવા માટે તંત્ર દ્વારા બારદારનની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. જેના કારણે ખેડૂતોએ મોડાસા એપીએમસી ખાતે ભારે હોબાળો મચાવ્યો હતો. ખેડૂતોને દિવાળી બગડ્યા બાદ આજે આશા હતી કે મગફળીના નાણાં ખાતામાં આવશે એ આશા પર પાણી ફરી વળ્યું હતું. ત્યારે ખેડૂતોએ તંત્ર સામે ભારે હોબાળો મચાવ્યો હતો અને ઝડપથી બારદાન મંગાવી મગફળી ખરીદી શરૂ કરવાની માંગ કરી હતી.

આ અંગે સ્થાનિક મગફળી ખરીદી અધિકારીને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે અમારા નાફેડના ઉપરી અધિકારીને વારંવાર બારદાન માટે ટેલિફોનિક વાત કરી છે પણ હજુ સુધી બારદાન આવી શક્યા નથી.

---

# ઉમરેઠ પાસેથી સરકારી ઘઉંનો જથ્થો ભરેલ ટેમ્પો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ,તા. ૧૫

આણંદ જિલ્લાનાં ઉમરેઠ પોલીસે ગત રાત્રીના સુમારે નાઈટ પેટ્રાલિંગ દરમિયાન ૩૭૩ મણ સરકારી ઘઉંનો જથ્થો ભરેલા આઈશર ટેમ્પો સાથે બે શખ્સોને ઝડપી પાડી વધુ પૂછપરછ હાથ ધરી છે. ઉમરેઠ પોલીસ મથકના પીએસઆઈ રણજીતસિંહ ખાંટે ગત રાત્રીના સુમારે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ઢુણાદરાથી નડિયાદ તરફ જઈ રહેલા આઈશર ટેમ્પોને ઉમરેઠ નજીક અટકાવી ટેમ્પોની તલાસી લેતાં ટેમ્પોમાં ૩૭૩ મણ સરકારી ઘઉંનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. જેથી આ બાબતે પોલીસે આઈશર ટેમ્પોના ચાલક સહિત બે જણાની પૂછપરછ કરતાં તેઓ આ અંગે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જેથી રાત્રીના સુમારે સરકારી ઘઉંના જથ્થાની કાળા બજારમાં સગેવગે કરવા માટે લઈ જવામાં આવતો હોવાનું જણાતાં પોલીસે આઈશર ટેમ્પો અને ૩૭૩ મણ ઘઉંનો જથ્થો કબ્જે લઈ સીઆરપીસી ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી આ બનાવ અંગે પુરવઠા વિભાગને જાણ કરી હતી.

સરકારી ઘઉંના જથ્થાને કાળા બજારમાં સગેવગે કરવા માટે લઈ જતાં ટેમ્પોને ઉમરેઠ પોલીસે ઝડપી પાડતાં ચકચાર મચી જવા પામી છે. જ્યારે પુરવઠા વિભાગે પણ આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં લઈ જવામાં આવતો હતો તેની તપાસ હાથ ધરી છે.

---

# હિંમતનગર ખાતે આજે પ્રેસ ડેની ઉજવણી

હિંમતનગર, તા.૧૫

ગુજરાત રાજ્ય પ્રેસ અકાદમી-ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી-સાબરકાંઠાના સંયુક્ત ઉપક્રમે પ્રેસ ડેની ઉજવણી કરવામાં આવશે.

આવતી કાલે તા.૧૬ નવેમ્બર ૨૦૧૮ શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે હિંમતનગરના નવિન સર્કિટ હાઉસ ખાતે યોજાનાર પ્રેસ ડે ઉજવણી નિમિત્તે ધ પાયોનિયરના વરિષ્ઠ પત્રકાર નયન દવે ઉપસ્થિત રહી "પત્રકારત્વના નીતિશાસ્ત્ર અને ડિજિટલ યુગના પડકારો" વિષય પર માર્ગદર્શન આપશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સંયુક્ત માહિતી નિયામક એમ.વી. રાણા ઉપસ્થિત રહેશે.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટની મીટિંગ મળી

# કોંગ્રેસ પક્ષમાં લઘુમતીઓને પૂરતું રક્ષણ અને સન્માન મળશે : AICCના મંત્રીની ખાતરી

## સ્થાનિક ચૂંટણીમાં મુસ્લિમોને પૂરતું પ્રતિનિધિત્વ આપવા ડૉ. મિરઝાની માંગ

અમદાવાદ, તા.૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેન્ટની સમગ્ર ગુજરાતની કારોબારી મીટિંગ અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે રાખવામાં આવી હતી. જેમાં એ.આઈ.સી.સી.ના મંત્રી જીતેન્દ્ર બઘેલએ પક્ષમાં લઘુમતીઓને પુરતું રક્ષણ અને સન્માન મળે તેવી બાંહેધરી આપી હતી. તેમજ રાહુલ ગાંધીના હાથ મજબૂત કરવા ગુજરાતના લઘુમતી સમાજના લોકોને અપીલ કરી હતી. તેમણે માઈનોરિટીના સંગઠન બાબતે વિસ્તૃત માહિતી પુરી પાડી હતી. આ મીટિંગમાં તમામ સેલોના તેમજ ગુજરાતના માયનોરિટી નિરીક્ષક ઈન્ચાર્જ ડૉ.મિરઝા બોમ્બે તેમજ ગુજરાત કોંગ્રેસ માયનોરિટી ચેરમેન ગુલાબખાન રાઉમા તેમજ વાઈસ ચેરમેન ચીરાગ શેખ સહિત ગુજરાતના તમામ જિલ્લાના ચેરમેનો ઝોનલ ચેરમેનો, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ.મિરઝાએ માર્ગદર્શન આપ્યું હતું તેમજ લઘુમતીઓને પક્ષમાં સ્થાનિક ચૂંટણીઓમાં પ્રતિનિધિત્વ આપવા માટે જણાવ્યું હતું. ગુલાબખાન રાઉમાએ તમામ કારોબારીને તેમજ ચેરમેનોને આવનારી આગામી લોકસભાની ચૂંટણીમાં તન મન



ધનથી પક્ષને સાથે રહી મદદ કરવા તેમજ ૨૬ લોકસભા બેઠક પર કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને જીતાડવા મહેનત કરવા અપીલ કરી હતી. જ્યારે ચીરાગ શેખએ પ્રવચનમાં જણાવ્યું હતું કે, મુસ્લિમ કોંગ્રેસ પક્ષ સાથે એટલા માટે છે કે કોંગ્રેસ પક્ષ બિનસાંપ્રદાયીક છે આગામી લોકસભાની ચૂંટણીમાં ડિપાર્ટમેન્ટ દ્વારા ખૂબ જ મહેનત કરી કોંગ્રેસ પક્ષલક્ષી પરિણામ લાવીને વર્તમાન ફાસીસ્ટ વાદી સરકારને જાકારો આપવા વિનંતી કરી હતી. આભારવિધિ અને મીટિંગનું સફળ સંચાલન સુશીલ મેકવાને કર્યું હતું.

### અમૂલને નોટિસ ફટકારવાના મ્યુ. કમિ.ના આદેશથી દોડધામ

# અમૂલે બગીચાઓમાં પાર્લરો તો ઊભા કરી દીધા પણ સારસંભાળની તસ્દી ન લીધી !

## બગીચાઓમાં લોન, રમત-ગમતના સાધનો, સિકયોરિટી, પાણી, લાઈટીંગ સહિત અનેક સમસ્યા

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ૨૨૯ જેટલા બગીચા અમૂલને સારસંભાળ માટે આપવામાં આવ્યા છે. તેના બદલામાં અમૂલને બગીચાની જમીનમાં પાર્લર ચલાવવાની છૂટ આપવામાં આવી હતી. આ પાર્લરો તો ધમધોકાર ચાલી રહ્યા છે. પરંતુ અમૂલ દ્વારા બગીચાના સારસંભાળ લેવાની તસ્દી ન લેવાતા મ્યુનિસિપલ કમીશનરે બાગ બગીચા વિભાગને નોટિસ ફટકારવા આદેશ આપતા દોડધામ મચી ગઈ છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા શહેરનાં મોટા ભાગનાં બગીચા અમૂલને સાર-સંભાળ માટે અપાયાં છે. તેનાં બદલામાં સત્તાવાળાઓએ લાખો કરોડો રૂપિયાની બગીચાની જમીનમાં અમૂલને પાર્લર ચલાવવાની છૂટ આપી છે. જો કે બાગ-બગીચાની સારસંભાળ તો થઈ શકતી નથી પરંતુ કેટલાંક કિસ્સામાં થર્ડ પાર્ટીને પાર્લર ઊંચા ભાવે ચલાવવા અપાયાં હોવાંની પણ ચર્ચા છે. સામાન્ય નાગરિકોને સ્વચ્છતાનાં નામે રોડ પર થૂંકવા સહિત કચરો ફેંકવા માટે રૂ.૧૦૦નો દંડ વસુલનાર સત્તાધીશો અમૂલનાં સંચાલકો પાસેથી એક રૂપિયાનો દંડ વસૂલી શકતા નથી. છેક વર્ષ ૨૦૦૨માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખાનગીકરણની બોલબાલા વધવાથી શહેરનાં ૪૨ બગીચાની સારસંભાળ અમૂલને અપાઈ હતી. ત્યારથી અમૂલ દ્વારા બગીચામાં પાર્લર ઊભા કરાઈ રહ્યાં છે. ત્યાર બાદ જેમ જેમ નવા બગીચા બનતા ગયાં તેમ તેમ તેનો સારસંભાળનો હવાલો અમૂલને સોંપાતો ગયો. ૪૨ બગીચાનાં ૧૨૩ બગીચા, પછી ૨૧૨ બગીચા અને હવે ૨૨૯ બગીચાનો હવાલો અમૂલ હસ્તક છે, બગીચાની સંખ્યા વધતી ગઈ. જો કે અમૂલ હસ્તકનાં બગીચામાં મેન્ટેનન્સનાં ધાંધિયા યથાવત રહેવા પામ્યાં છે. અમૂલ હસ્તક બગીચામાં સિક્યોરીટી, રમતગમતનાં સાધનો, લોન સહિતનાં ગાર્ડનીંગનાં ધાંધિયા, લાઈટીંગ-વોટરીંગનાં પ્રશ્નો વગેરેનો મામલો ઉઠ્યો હતો. ૨૨૯ બગીચા પૈકીનાં અનેક બગીચા ટોઈલેટની ગંદકી, નબળી સિક્યોરીટી, ઉબડખાબડ વોકવે, બાળકોના રમતગમતના સાધનોની દયનીય દશાનાં કારણે જે ખરાબ હાલતમાં હોઈ હાલનાં કમિશ્નર વિજય નહેરા ખફા થયાં છે. કમિશ્નર વિજય નહેરાએ અમૂલ હસ્તકનાં બગીચામાં સાત દિવસમાં મેન્ટેનન્સને લગતા ધાંધિયા દૂર થાય તેવી તત્કાળ નોટીસ ફટકારવાનો બાગ-બગીચા વિભાગને આદેશ આપતા તંત્રમાં દોડધામ મચી છે.

### રજિસ્ટ્રેશન કરાયેલા ખેડૂતોને SMSથી જાણ કરી બોલાવાય છે

# રાજ્યમાં ટેકાના ભાવે મગફળી ખરીદી શરૂ : ૩૯,૦૦૦ ક્વિન્ટલ ખરીદાઈ !

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૫

રાજયમાં આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. જે અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આજે પહેલા જ દિવસે રાજયના ૨૮૨૦ ખેડૂતોએ પોતાની ૩૯,૦૦૦ ક્વિન્ટલથી વધુ મગફળી ટેકાના ભાવે વેચી હતી. આમ આજે અંદાજે રૂા.૧૯ કરોડથી વધુ રકમની મગફળીની સરકાર દ્વારા ખરીદી કરાઈ હતી. ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે રાજયભરમાં ૧૨૨ ખરીદ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. કેટલાંક તાલુકાઓને બીજા તાલુકાઓ સાથે મર્જ કરતા રાજયમાં હવે ૯૪ ખરીદ કેન્દ્રો પરથી આજથી મગફળીની ખરીદી શરૂ કરવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તા.૧લી નવેમ્બરથી શરૂ થયેલા રજીસ્ટ્રેશન પ્રમાણે પ્રથમ નોંધાયેલા ખેડૂતો પાસેથી ક્રમાનુસાર મગફળીની ખરીદીની શરૂઆત કરવામાં આવી છે. નોંધાયેલા ખેડૂતોને સરકાર દ્વારા એસ.એમ.એસ.થી જાણ કરવામાં આવી રહી છે. ૪૭૦૦ જેટલાં ખેડૂતોને તેમણે રજીસ્ટ્રેશન કરાવેલા કેન્દ્રો ખાતે મગફળી લઈને આવવા આ રીતે જાણ કરાઈ છે.

તેમણે જણાવ્યું હતું કે, આજે સવારે ૯:૦૦ વાગ્યાથી શરૂ થયેલ ખરીદી મોડી રાત સુધી ચાલુ રહેવાની સંભાવના છે.

ખેડૂતોને મગફળીના વેચાણમાં જ્યાં પણ નાની મોટી ફરિયાદો મળી છે કે, વ્યવસ્થામાં ઓછપ જણાઈ છે ત્યાં આવતીકાલથી વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવાના પૂરતા પગલાં લેવાઈ ગયા છે.

કેન્દ્ર સરકારના નાફેડની સાથે રહીને અન્ન નાગરિક પૂરવઠા નિગમે નોડલ એજન્સી તરીકે ખરીદીની પ્રક્રિયાનો આજથી પ્રારંભ કર્યો છે. કેન્દ્ર સરકારે મગફળી માટે રૂ. ૪,૮૯૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કર્યાં છે. તે ઉપરાંત રાજ્ય સરકાર રૂા.૧૧૦ પ્રતિ ક્વિન્ટલ બોનસ આપી રહી છે.

# રિવરફ્રન્ટ ખાતે ભાજપ દ્વારા ત્રણ લોકસભાનું સંયુક્ત નૂતનવર્ષ સ્નેહ સંમેલન યોજાયું

અમદાવાદ, તા.૧૫

આજરોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભાજપ દ્વારા અમદાવાદ પશ્ચિમ, પૂર્વ અને ગાંધીનગર લોકસભાનું સંયુક્ત નૂતન વર્ષ સ્નેહસંમેલન યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કાર્યકરોને આવનારી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિત માટે દેશના વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદી ફરી આરૂઢ થાય તે ખૂબજ જરૂરી છે. તે દિશામાં કાર્યકરોને કામ કરવા હાકલ કરી હતી. સતા એ સેવાનું માધ્યમ છે તે રીતે ભાજપની કેન્દ્રની અને રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે, તેમજ રાષ્ટ્રને તોડનાર પરિબળોને જડમૂળમાંથી ઉખાડી નાખવા કાર્યકરોને હાકલ કરી હતી. કોંગ્રેસને આડે હાથ લેતા તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે હંમેશા જાતિવાદ, પરિવારવાદ, પ્રાંતવાદ અને ભ્રષ્ટાચારની જનક છે તે દેશની જનતા જાણે છે . આજે મતદારો જાગૃત બન્યા છે આજે ભાજપ સર્વગ્રાહી અને સર્વવ્યાપી બની રહી છે આવનારી ચૂંટણીમાં વિરોધપક્ષ દ્વારા મહાગઠબંધન પણ માત્ર નરેન્દ્ર મોદીના ડરથી બન્યું છે પરંતુ દેશની જનતા વિરોધ પક્ષોની આવી મલિન રાજનીતિને ઓળખી ગઈ છે. પરિણામે દેશની જનતા ફરીથી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વાસ રાખીને ભાજપને સત્તાનું સુકાન પ્રજાની સેવાર્થે સોંપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સાંસદો પરેશ રાવલ, ડૉ. કિરીટ પટેલ, ઝોનમહામંત્રી, કે.સી. પટેલ વગેરેએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

### ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી કરવાને બદલે બંધ કરવાનો નિર્ણય લઈ

# ગુજરાત સરકારે જમીન વિકાસ નિગમના ભ્રષ્ટાચારનો આડકતરી રીતે સ્વીકાર કર્યો

## રાજ્યમાં ખેત તલાવડીના નામે કરોડોનો ભ્રષ્ટાચાર થયો છે : અમિત ચાવડા

અમદાવાદ,તા.૧૫

ગુજરાત સરકારે ગુજરાત જમીન વિકાસ નિગમ લીમીટેડને બંધ કરવાના લીધેલા નિર્ણયનો કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. સરકારના આ પગલાને કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ અયોગ્ય ગણાવ્યું છે. આ અંગે પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે રાજયમા ખેત તલાવડીના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેમજ આ નિગમને બંધ કરવાના બદલે ભ્રષ્ટાચારની સામે કાર્યવાહી થવી જોઈએ. આ ઉપરાત આ રીતે નિગમ બંધ કરવાનો નિર્ણય સરકારે આડકતરી રીતે ભ્રષ્ટાચારનો સ્વીકાર કરી લીધો છે તે ફલિત કરે છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ભાજપ સરકારે ભ્રષ્ટાચારના પર્યાય બની ચુકેલા ગુજરાત જમીન વિકાસ નિગમ લીમીટેડને આખરે બંધ કરવાનો નિર્ણય લઈ લીધો છે. જેમાં આ નિગમમાં થયેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અને એસીબીએ રેડ પાડીને કરેલી કાર્યવાહીના પગલે સરકારની ઈમેજ ખરડાઈ હતી. જેમાં ગત એપ્રિલ માસના એસીબીને મળેલી બાતમીના આધારે કરેલી કાર્યવાહીમાં ગુજરાત જમીન વિકાસ નિગમના એમ.ડી. કે. એસ. દેત્રોજા, જોઈન્ટ ડિરેક્ટર કે.સી.પરમાર અને મદદનીશ નિયામક એમ.કે. દેસાઈ અને ફિલ્ડ સુપરવાઈઝર એસ.એમ. વાઘેલા પાસેથી ૬૦ લાખની રોકડ ઓફીસમાંથી મળી આવી હતી. જયારે આ ઉપરાંત રાજયના અન્ય શહેરોમાં અધિકારીઓ અને કર્મચારીઓના નિવાસ પર પાડવામાં આવેલા દરોડામાં લાખો રૂપિયાની બેહિસાબી સંપત્તિ મળી આવી હતી. જેના પગલે વિપક્ષ કોંગ્રેસે આ મુદ્દે ભાજપ સરકારને ઘેરી હતી. તેમજ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. જેથી ભાજપ સરકારને મળેલા આખરી અહેવાલ મુજબ સરકારે આ નિગમને બંધ કરીને તેના કર્મચારીઓને અન્ય વિભાગમાં સમાવી લેવા માટેનો સૈધ્ધાંતિક નિર્ણય લીધો છે.જયારે આ નિગમની મિલકતો સરકાર હસ્તક લેવામાં આવશે. તેમજ જે અધિકારીઓ પર એસીબીએ કેસ નોંધ્યા છે તેની કાયદા મુજબની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૯ અંગે રોડ-શો અને વન-ટુ-વન બેઠકો યોજાશે

# મુખ્યમંત્રી રૂપાણીની દિલ્હીમાં આજે ઉદ્યોગ અગ્રણીઓ સાથે બેઠક

## વિવિધ રાષ્ટ્રોના રાજદૂતો-ડિપ્લોમેટ્સને પણ રૂપાણી મળશે

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલે તા.૧૬ નવેમ્બરે નવી દિલ્હીની હોટલ તાજ પેલેસમાં સવારે ૯થી ૧ દરમ્યાન ઉદ્યોગ-વેપાર જગતના અગ્રણીઓ સાથે વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ સંદર્ભે બેઠકો યોજશે. મુખ્યમંત્રી આગામી વાયબ્રન્ટ સમિટની વિશેષતાઓની સાથો-સાથ ગુજરાતની વૈશ્વિક ફલક પર વિકસી રહેલી બેસ્ટ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશનની પ્રતિભા સંદર્ભમાં આ ઉદ્યોગ-વેપાર અગ્રણીઓ સમક્ષ વિશદ વિચાર-વિમર્શ, રોડ-શૉ અને વન-ટુ-વન બેઠકમાં કરવાના છે.

મુખ્યમંત્રી વિવિધ રાષ્ટ્રોના નવી દિલ્હી સ્થિત રાજદૂતો-ડિપ્લોમેટ્સને પણ શુક્રવારે સાંજે મળશે અને વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૧૯ વિષયક પ્રસ્તુતિ કર્ટન રેઈઝર કરવાના છે.

આ બેઠકોમાં ભારત સરકારના વિદેશ, ઉદ્યોગ તથા અન્ય મંત્રાલયોના વરિષ્ઠ સચિવો, રાજયના મુખ્ય સચિવ, ડૉ. જે. એન. સિંહ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન અને ગુજરાત સરકારના સંબંધિત ઉચ્ચ અધિકારીઓ પણ જોડાશે.

# રિવરફ્રન્ટ પર કપલ્સને નિશાન બનાવતો નકલી પોલીસ ઝડપાયો

### વીડિયો ઉતારી કપલ્સ પાસેથી નાણાં પડાવતો હતો

અમદાવાદ, તા.૧૫

વીડિયો બનાવીને સાબરમતી રિવરફ્રન્ટ પર બેઠેલા કપલ્સને લૂંટતો નકલી પોલીસ અસલી પોલીસના હાથે ઝડપાયો છે. નકલી પોલીસ રિવરફ્રન્ટ પર બેઠા હોય તેવા કપલ્સને બ્લેક મેઈલ કરીને ૫૦૦ રૂપિયા સુધી પડાવતો હતો. રંગે હાથ ઝડપાતા પોલીસે તેને પકડતા તેના ચહેરાના રંગ ઉતરી ગયા હતા. ૫મીએ નોબેલનગરમાં રહેતા ૧૯ વર્ષીય દીપક લાલવાણી તેની ફ્રેન્ડ સાથે લેમન ટ્રી હોટલ પાસે બેઠો હતો. ત્યારે પોલીસના સ્વાંગમાં એક વ્યક્તિ ત્યાં આવી હતી અને તેની પાસેથી ૫૦૦ રૂપિયા પડાવ્યા હતા. જો કે, તેને શંકા જતાં તેણે પોલીસને આ અંગે જાણ કરી હતી. ત્યાર બાદ છટકું ગોઠવીને પોલીસે નકલી પોલીસ બનેલા આધેડને દબોચી લીધો હતો. પૂછપરછમાં તેનું નામ જગત પટેલ (ઉ.વ.૬૦, સેટેલાઈટ) હોવાનું સામે આવ્યું હતું. રિવરફ્રન્ટ પર ૩ મહિનાથી ત્યાં આવતા યુગલોના વીડિયો બનાવી પોલીસ તરીકે ઓળખ આપી પૈસા પડાવતા નકલી પોલીસને રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે પકડી પાડ્યો હતો. રિવરફ્રન્ટ પોલીસે આ મામલે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ડીસા પાલિકાના ચીફ ઓફિસર સહિત ત્રણ જણ દારૂ પીતા ઝડપાયા હતા

# અધિકારીને દારૂ પીવાની સજા હોસ્પિટલમાં ૧ માસ સુધી સફાઈ

## સફાઈ કામગીરીનું વીડિયો રેકોર્ડિંગ કરવાનો પણ કોર્ટનો હુકમ

અમદાવાદ,તા.૧૫

આજથી નવ વર્ષ અગાઉ ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત ત્રણ લોકો સરકારી ગેસ્ટ હાઉસમાં દારૂ પીતા રંગે હાથ ઝડપાયા હતા. આ અંગેનો કેસ ડીસાની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે તમામ આરોપીઓને ડીસાની સિવિલ હોસ્પિટલમાં એક માસ સુધી સફાઈ કરવાની સજા ફટકારતા સમગ્ર પંથકમાં આ ચુકાદો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. કોર્ટે તમામ આરોપીઓ દ્વારા કરાતી સફાઈનું વીડિયો રેકોર્ડિંગ કરવાનો પણ હુકમ કર્યો છે. મળતી માહિતી મુજબ ૯ વર્ષ અગાઉ ડીસા પાલિકાના પૂર્વ ચીફ ઓફિસર સહિત ૩ લોકો સરકારી ગેસ્ટહાઉસમાં દારૂ પીતા રંગેહાથ ઝડપાયા હતા. જે અંગે કેસ ચાલતા ડીસાની સેસન્સ કોર્ટ દ્વારા સમાજમાં ઉદાહરણરૂપ ચૂકાદો સંભળાવ્યો હતો. જેમાં ડીસા પાલિકાના પૂર્વ ચીફ ઓફિસર સહિત ત્રણને લોકોને ડીસાની સિવિલ હોસ્પિટલમાં એક માસ સુધી સફાઈ કરવાની સજા ફટકારી હતી. જેનું વિડીયો રિકોર્ડિંગ પણ કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ ૨૧ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ ડીસા ખાતે આવેલા ટોપ ઈન ટાઉન ગેસ્ટ હાઉસના રૂમનંબર ૧૦૨માં દેવચંદ પુનમચંદ મોદી, કિર્તીલાલ ચમનલાલ નાઈ અને રવિશ પ્રહલાદભાઈ પટેલ દારૂની મહેફિલ તથા જુગાર રમતા પોલીસ રેડ દરમિયાન પીધેલી હાલતમાં મળી આવતાં ડીસાના શહેર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ડીસાની કોર્ટમાં કેસ ચાલતાં જજે આ ત્રણેય આરોપીઓને ડીસા સિવિલ હોસ્પિટલમાં સવારે ૧૦થી ૧૨ અને સાંજે ૪ થી ૬ દરમિયાન સફાઈકામ કરવાનું અને તેનું વીડિયો રેકોર્ડિંગ કરવાનું અને દર સપ્તાહે સિવિલ હોસ્પિટલના અધિકારી દ્વારા કોર્ટમાં રજૂ કરવાનો હુકમ કર્યો હતો.



**અહમદાબાદ શહેરનું નામ બદલવાની હિલચાલના વિરોધમાં સહી ઝુંબેશ**

સુલતાન અહમદશાહ બાદશાહ (રહમતુલ્લાહ અલયહ)એ વસાવેલા પવિત્ર શહેર અહમદાબાદનું નામ કર્ણાવતી કરવાના હિલચાલનો હિન્દુ-મુસ્લિમ સહિત તમામ કૌમના બૌધ્ધિકો વિરોધ નોધાવી રહ્યા છે. દરમ્યાન આ હિલચાલના વિરોધમાં લોકોનું સમર્થન પ્રાપ્ત કરવા ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની આગેવાનીમાં સહીઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશને વેગવંતી બનાવવા અને વધુમાં વધુ લકોનો સરકાર મેળવવા જમાલપુર વોર્ડ કોંગ્રેસ પ્રમુખ મુબીન કાદરી, મ્યુનિસિપલ કાઉન્સિલરો અઝરા કાદરી, રઝિયા સૈયદ, પ્રદેશ કોંગ્રેસના આગેવાનો ઈલ્યાસ કુરેશી અને જુનેદ શેખ, બુરહાનુદ્દીન કાદરી, મારૂફ સાકીવાલા સહિતના કાર્યકરો હોશભેર જોડાયા હતા.

# અસલાલીથી એકતા રથયાત્રાના બીજા તબક્કાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

અમદાવાદ, તા.૧૫

સરદાર પટેલે તેમની કુનેહ અને દીર્ઘદ્રષ્ટીથી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતુ. સરદાર પટેલના આદર્શો અને એકતા-અખંડિતતાનો ભાવ જન-જન સુધી પહોંચે તે જરૂરી છે એમ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવી ઉમેર્યુ કે, જ્ઞાતી-જાતિ-ધર્મ-સંપ્રદાય-ભાષા-પ્રાંતથી ઉપર ઉઠીને અનેકતામાં એકતાનું સૂત્ર સાર્થક કરીએ આજે અમદાવાદ જિલ્લાનાં અસલાલીથી એકતા રથ યાત્રાના બીજા તબક્કાનો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર દરમ્યાન પ્રથમ તબક્કામાં ૫૯ એકતા રથોએ ૩૩ જિલ્લાના ૧૭૧ તાલુકામાં સરદાર સંદેશ સાથે ભ્રમણ કર્યું હતુ. ૧૬ લાખથી વધુ લોકો આ યાત્રામાં જોડાયા અને રાષ્ટ્રની એકતા માટેના સામૂહિક શપથ લીધા હતા. મુખ્યમંત્રીએ સરદાર પટેલે ૫૬૨ રજવાડાઓને એક કરીને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, દેશની એકતાના ભોગે કંઈ નહીનો સંકલ્પ લઈએ. રાષ્ટ્રહિતને સર્વોપરી બનાવી ભારત માતાના ઉત્કર્ષ માટે જીવવાનો અને એકતાનો ભાવ જન-જનમાં જગાવવા માટે આ એકતા યાત્રાનું આયોજન કરાયું છે. તેમણે ઉમેર્યું કે, ભાવિ પેઢી પણ સરદાર પટેલના આદર્શોમાંથી પ્રેરણા લે અને ભારતવાસીઓ એકતા-અખંડિતતા માટે કટિબદ્ધ બને તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરાયું છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની સૌએ નોંધ લીધી છે.

# ત્રણ સનદી અધિકારીઓની બદલી સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં મૂકાયા

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજયના ત્રણ આઈ.એ.એસ. અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના વહીવટકર્તા પણ મૂકાયા છે. રાજય સરકારના હુકમો અનુસાર ખેડા જિલ્લા કલેક્ટર આઈ.કે પટેલને સરદાર સરોવર પુનર્વસવાટ એજન્સીના સી.ઈ.ઓ. તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય વહીવટદાર તરીકે નિમણૂક આપવામાં આવી છે. જ્યારે સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટિ (સુડા)ના સી.ઈ.ઓ. સુધીર પટેલને ખેડા કલેક્ટર તરીકે નિમણૂંક આપવામાં આવી છે. હવે સુડાની આ જગ્યા ખાલી રહેતા સી.ઈ.ઓ. સુડાનો હવાલા રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર, સુરત અમિત અરોરાને વધારાનો હવાલો અપાયો છે.

# ભટનાગર બંધુઓ અને પૂર્વ સાંસદ પુત્રની બેરેકમાંથી મોબાઈલ મળ્યા

## જેલ ઝડતી સ્કવોર્ડને બે મોબાઈલ ફોન ચાર્જર, મેમરીકાર્ડ વગેરે કબ્જે કર્યા

અમદાવાદ, તા.૧૫

કૌભાંડી ભટનાગર બંધુઓ એવા અમિત અને સુરેશ ભટનાગર, પ્લેન હાઈજૅકનો ધમકી ભર્યો પત્ર લખનાર કરોડપતિ વેપારી બિરજુ સલ્લા અને પૂર્વ સાંસદ ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોરસિંહ રાઠોડ રાજયની સૌથી સુરક્ષિત એવી અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલની એક જ બેરેકમાં બંધ છે. ગઈકાલે તેમની બેરેકમાંથી જેલ ઝડતી સ્ક્વોર્ડને બે મોબાઈલ ફોન, ચાર્જર, મેમરી કાર્ડ સહિતની વસ્તુઓ મળી આવી હતી. ત્યાર બાદ જેલરે રાણીપ પોલીસ સ્ટેશનમાં ચારેય વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે જાણવા મળ્યા મુજબ, સાબરમતી સેન્ટ્રલ જેલના સિનિયર જેલરની આગેવાનીમાં સાંજે નવી જેલમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કરોડો રૂપિયાનું બેંક કૌભાંડ આચરનાર વડોદરાના સુરેશ ભટનાગર અને અમિત ભટનાગર, પ્લેન હાઈજૅકનો ધમકી ભર્યો પત્ર લખનાર કરોડપતિ વેપારી બિરજુ સલ્લા અને પૂર્વ સાંસદ ભાવસિંહ રાઠોડના પુત્ર કિશોરસિંહ રાઠોડને સાબરમતી જેલમાં એક જ બેરેકમાં રાખવામાં આવ્યા છે. બેરેકની તપાસ કરતા માતાજીના ફોટા નીચે ખૂણામાં દિવાલની અંદરથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ મોબાઈલ ફોન ઉપરાંત એક ચાર્જર, ચાર સીમકાર્ડ અને એક મેમરી કાર્ડ પણ મળી આવ્યું હતું. પોલીસે મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ કબ્જે કરી હતી. બંને મોબાઈલમાં પાસવર્ડ હોવાથી કોને કોને ફોન કર્યા હતા તેની માહિતી મળી શકી ન હતી.



**એસ.જી હાઈવે પર સીક્સલેન રોડ બનાવવાનું કામ પૂરજોશમાં**

એસ.જી હાઈવે પર ગુજરાત હાઈકોર્ટની ગોતા સુધીનો રોડ ૬ લાઈનનો બનાવવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીને પગલે એક સાઈડનો રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. આ કામગીરી પૂર્ણ તથા વાહન ચાલકોને અવરજવર કરવામાં ખૂબ જ સરળતા રહેશે અને ટ્રાફિક જામની સમસ્યામાથી મુક્તિ મળશે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

૧૬ નવેમ્બર શુક્રવાર ૨૦૧૮
૭ રબીઉલ-અવ્વલ હિજરી ૧૪૪૦
કારતક સુદ આઠમ સંવત ૨૦૭૫

# સ્વાયત્ત સંસ્થાઓને સરકાર પાળેલો પોપટ ન બનાવે

વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશનું ગૌરવ આપણે લઈએ છીએ, લેવું પણ જોઈએ. પણ એ લોકશાહીને સાચા અર્થમાં બરકરાર રાખવા માટે જે કોઈપણ પક્ષ-પક્ષોની સરકાર સત્તામાં હોય તેણે દેશની સ્વાયત્ત સંસ્થાઓને પાળેલો પોપટ ન બનાવવી જોઈએ. છેલ્લા કેટલાય સમયથી દેશ જુએ છે, જાણે છે કે, સત્તા પરની સરકાર સ્વાયત્ત સંસ્થાઓને તેની કહ્યાગરી બનાવવા માંડી છે. એના તાજા દાખલા આપણી સમક્ષ એ છે કે, CBIના ચીફ આલોક વર્માએ જે રીતે તેમના પછીના નંબર-ટુના સ્થાને છે એવા રાકેશ અસ્થાના પરના ભ્રષ્ટાચારના આરોપો અંગે નક્કર તપાસ કરી તે ખુલ્લું પાડવાની અણી પર હતા ત્યારે જ તેમને જબરદસ્તીથી રજા પર ઊતારી દેવાયા, એવું જ RBIના ગવર્નર ઉર્જિત પટેલ અને નાણાં મંત્રાલય વચ્ચે RBIના સરપ્લસ ફંડમાંથી કેટલોક હિસ્સો દેવામાં (કૌભાંડો) ડૂબેલી-રોકડની આર્થિક તંગી અનુભવતી બેંકોમાં ભરવા નાણાં મંત્રાલય રકમ માંગે છે, જે માટે RBIના ગવર્નર, ડેપ્યુટી ગવર્નર સહેજે તૈયાર ન હતા પણ મળતા સમાચાર મુજબ ૧૪ નવેમ્બરે વડાપ્રધાન સાથેની મુલાકાત પછી RBI ગવર્નર પેલી સરપ્લસ રકમમાંથી રકમ છૂટી કરવા સંમત થયા છે. એનો અર્થ એ જ કે, નાણાં મંત્રાલયે યેનકેન RBI ગવર્નર પાસે પોતાનું ધાર્યું કરાવ્યું, જેથી ૨૦૧૯ની લોકસભાની સામી ચૂંટણીએ ઉદ્યોગપતિઓ તથા અન્યને લોનો મેળવવામાં સરળતા રહે. સૌ કોઈ જાણે છે કે, સરપ્લસ ફંડ ખાસ ઈમરજન્સી વેળા જ ઉપયોગમાં લેવાતું હોય છે.

આવું જ અત્યારે 'કેગ' (CAG-કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ)એ ધારણ કરેલ મૌનનું છે. કેન્દ્ર સરકાર બે વરસ પહેલાં કરેલ નોટબંધથી ન તો ભ્રષ્ટાચારમાં કોઈ ફરક પડ્યો કે ન તો કાળાં નાણાંને નાથી શકાયું. 'કેગ' એ મૌન ધારણ કર્યું એ બિચારા સામાન્યજનની સમજમાં તો ન જ આવે, પણ ટોચના હોદ્દાઓથી નિવૃત્ત થયેલા ૬૦ જેટલા સનદી અધિકારીઓએ 'કેગ'એ તેની પાસેનો ઓડિટ અહેવાલ ઝટ ન રજૂ કર્યો તેથી લાલબત્તી ધરી તેને મૌન તોડવા જણાવ્યું છે. 'કેગ'ના સર્વોચ્ચ વડા રાજીવ મેહરિષીએ કોણ જાણે કેમ ૨૦ મહિનાથી તૈયાર થયેલો ઓડિટ અહેવાલ જાહેર કર્યો નથી. એમના આ મૌનનો પડઘો ૬૦ જેટલા ઉચ્ચકક્ષાના સ્વચ્છ પ્રતિભા ધરાવતા પૂર્વ સનદી અધિકારીઓએ તોડવા અહાલેક જગાવી અને 'કેગ'ને તથા રાષ્ટ્રપતિશ્રીને એ પત્રની નકલ મોકલી. કારણ કે 'કેગ'એ સ્વાયત્ત સંસ્થા છે અને તેના વડાની નિમણૂક રાષ્ટ્રપતિ જ કરે છે. 'કેગ'ના અહેવાલ હંમેશા વિશ્વસનીય રહ્યા છે. એણે નોટબંધી, રાફેલ ડીલ જેવા તથા દેશની આર્થિક મુશ્કેલી અંગે પણ પ્રકાશ પાડ્યો જ હશે, પણ કેગે એ અહેવાલ વીસ વીસ મહિનાથી અભરાઈ પર જ મૂકી રાખ્યો છે, એનો અર્થ એ કે, 'કેગ'ની સ્વાયત્તાનો પણ સરકારના સીધા કે આડકતરા દબાણે લૂણો લગાડી દીધો હોય એમ માનવાને નક્કર કારણ મળે છે.

જો દેશની CBI, RBI, ચૂંટણી પંચ, કેગ જેવી સ્વાયત્ત સંસ્થાઓને સત્તા પરની સરકાર આ રીતે પોતાને મનગમતા નિર્ણયો માટે મજબૂર કરે તેનો અર્થ એ કે, દેશની લોકશાહીને પંગુ બનાવવી. કારણ કે સરકારને જરૂર પડે આરોપીના પાંજરામાં પણ સ્વાયત્ત સંસ્થાઓ ખડી કરી દે છે. 'કેગ'ના મૌનથી એવી શંકા જરૂર જાય કે, કેન્દ્ર સરકાર ૨૦૧૯ની લોકસભાની સામી ચૂંટણીએ 'કેગ'ના ઓડિટ અહેવાલ સંસદના ટેબલ પર મૂકાય તો તેને ચૂંટણીમાં ખૂબ ભારે પડે અને એટલે જ દેશને તેમની ઉમદા સેવા આપી નિવૃત્ત થયેલા પંજાબના પોલીસ વડા જુલિયો રિબેરો, પૂનાના માજી પોલીસ કમિશ્નર મિરાન બોરવનકર, IAS અધિકારી અને સોશિયલ એક્ટિવિસ્ટ અરૂણા રોય જેવા સ્વચ્છ પ્રતિભા ધરાવતા અધિકારીઓ છે. વિપક્ષોએ જે કામ મોટે ઉપાડે ઉપાડવું જોઈએ એ કામ પૂર્વ સનદી અધિકારીઓએ ઉપાડ્યું છે. આવા જાગૃત લોકો જેટલા વધુ હશે તેટલી દેશની લોકશાહી વધુ મજબૂત-પારદર્શી રહેશે.

## એક સારા કવિ અને તર્કશીલ અકબર અલ્હાબાદી

પ્રાસંગિક

અકબર અલ્હાબાદીનો જન્મ ૧૬ નવેમ્બર ૧૮૪૬એ અલ્હાબાદમાં થયો હતો. તેમનું જન્મ સમયનું નામ સૈયદ હુસૈન હતું. તેમનો પરિવાર ઘણો સન્માનીય હતો. તેમના પિતાનું નામ સૈયદ તફફજુલ હુસૈન હતું.

અકબરે પોતાનું પ્રાથમિક શિક્ષણ પોતાના પિતા દ્વારા ઘરમાં જ લીધું. તેમણે ૧૫ વરસની ઉંમરમાં પોતાનાથી બે કે ત્રણ વરસ મોટી છોકરીથી લગ્ન કર્યા હતા અને બહુ વહેલા તેમના બીજા લગ્ન પણ થયા. બંને પત્નીઓથી અકબરને ત્યાં ૨-૨ પુત્ર થયા. અકબર અલ્હાબાદીએ વકીલાતનો અભ્યાસ કર્યા પછી સરકારી કર્મચારી તરીકે કાર્ય કર્યું.

વસ્તુતઃ અકબર એક અનિવાર્ય રૂપે એક જીવંત આશાવાદી કવિ હતા. તેઓના પછીના જીવનમાં ચીજો વિશે તેમની દૃષ્ટિ ઘરના પીડાના અનુભવથી ઘેરાય ગઈ હતી. તેમના પુત્ર અને

**પૂરું નામ : અકબર અલ્હાબાદી**
**જન્મનું નામ : સૈયદ હુસૈન**
**જન્મ : ૧૬ નવેમ્બર ૧૮૪૬ અલ્હાબાદ- ઉત્તરપ્રદેશ**
**રાષ્ટ્રીયતા : બ્રિટીશ ભારતીય**
**કાર્યક્ષેત્ર : સેશન જજ, કવિ**
**મૃત્યુ : ૯ સપ્ટેમ્બર ૧૯૨૧**



પૌત્રનું નિધન નાની ઉંમરમાં જ થઈ ગયું. આ તેમના માટે ઘણો મોટો ઝટકો હતો. અને નિરાશાનું કારણ બન્યું ફળસ્વરૂપે તે પોતાના જીવનના અંતની તરફ ઘણા ચિંતાગ્રસ્ત રહેવા લાગ્યા તેને કારણે તે વધારે ધાર્મિક થવા લાગ્યા.

અકબર એક શાનદાર તર્કશીલ, મિલનસાર માનવી હતા અને તેમની કવિતા હાસ્યની એક ઉલ્લેખનીય ભાવનાની સાથે એક ઓળખ બની ગઈ. તે ભલે ગઝલ, નઝમ, રૂબાઈ કે કિત હોય. તેનો પોતાનો જ એક અલગ અંદાજ હતો. તે એક સમાજ સુધારક હતા અને સુધારવાદી ઉત્સાહ બુદ્ધિ અને હાસ્યના માધ્યમથી કામ કરતા હતા. કદાચ જ જીવનનું કોઈ એવું પાસું છે જે તેમના વ્યંગ્યની દૃષ્ટિથી બચી ગયું હોય.

૯ સપ્ટેમ્બર ૧૯૨૧એ ૭૫ વરસની ઉંમરમાં તેમની મૃત્યુ થઈ ગઈ.

# ગરીબોને એમના હાલ ઉપર છોડી દેવાયા છે

વાસ્તવિકતા

- રિતિકા ખેરા

ઝારખંડના સિમડેગાની દલિત છોકરી સંતોષી કુમારની મૃત્યુની આ અઠવાડિયે પ્રથમ વરસી હતી. ૧૧ વર્ષની ઉંમરે એ ભૂખમરાના લીધે મૃત્યુ પામી હતી. મૃત્યુના થોડા અઠવાડિયાઓ પહેલા સરકારે એમનું રાશનકાર્ડ આધાર સાથે જોડાયેલ નહીં હોવાના લીધે રદ કર્યું હતું.

સુપ્રીમ કોર્ટે આધાર સંદર્ભે ચુકાદો ૨૬મી સપ્ટેમ્બરે જાહેર કર્યું હતું. અમને લાગે છે કે સંતોષી કુમારના મૃત્યુની નોંધ સુપ્રીમ કોર્ટે લીધી હશે. જેના લીધે એણે આધાર કાયદાની કલમ ૨૬ રદ કરી હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે સરકારના દાવાઓને ખોટી રીતે હકીકતોની જેમ સ્વીકાર્યું ન હતું.

**દાવાઓ વિરુદ્ધ હકીકતો :-**

ચુકાદામાં સુપ્રીમ કોર્ટના જજોએ આધાર બાબત સરકારના ઉદ્દેશ્યનો ઉલ્લેખ કરતા કહ્યું કે સરકારનો ઉદ્દેશ્ય એ પ્રકારના લોકોને આધાર સાથે જોડવાનો છે જે લોકો સરકારી લાભો લેવાની યોગ્યતા ધરાવતા હોય. જ્યારે આ ઉદ્દેશ્યથી કરોડો લોકોને લાભ મળતો હોય ત્યારે જો અમુક લોકો એનાથી બાકાત રહી જતા હોય તો એ બાબત અયોગ્ય કહેવાય નહીં જજોએ કહ્યું કે અમે ફરીથી કહીએ છીએ કે જો બાકાત રાખવાનો પ્રશ્ન હોય તો અમે એને ઓછુ મહત્વ નથી આપતા એના ઘણા દાવાઓ છે. જેને હકીકતો તરીકે સ્વીકારવામાં આવ્યું છે. આ લેખથી અમે જણાવવા માંગીએ છીએ કે, દાવાઓનો સમાવેશ કરવામાં, ઓળખવામાં અને બાકાત રાખવા માટે એ કઈ રીતે ખોટા છે.

દાખલા તરીકે UIDAIએ કોર્ટ સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આંગળાઓની છાપ અને આંખોની અધિકૃતતા બાબત નિષ્ફળતા ક્રમશઃ ૬ ટકા અને ૮.૫૪ ટકા રહી છે. એના પછી બાકાત રાખવાના મુદ્દે ચર્ચા કરતી વખતે જજોએ જણાવ્યું કે, UIDAIએ દાવો કર્યો છે કે બાયોમેટ્રિક ચોકસાઈ ૯૯.૭૬ ટકા રહી છે. અર્થાત UIDAIએ નિષ્ફળતા બાબતના બે વિરોધાભાસી દાવાઓ રજૂ કર્યા છે.

જો કે UIDAIએ દાવો કર્યો છે કે એમણે ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ બહાર પડાયેલ પરિપત્રમાં મુક્તિ આપવાની યોજનાનો ઉલ્લેખ કર્યો છે. જે પહેલા કોઈ મુક્તિ અમલમાં ન હતી. જો કે પરિપત્ર બહાર પડાયા પછી પણ એવા ખૂબ જ ઓછા પુરાવાઓ છે. જેથી સાબિત થાય કે એનું અમલ થયું છે. ૨૦૧૭ના વર્ષથી ઓછામાં ઓછા ૨૫ મોત થયા હતા. જેનું કારણ આધારનો રાશનકાર્ડ અને પેન્શન સાથે જોડાણ થયેલ ન હતો. એમાંથી ૨૦ મૃત્યુઓનો આ પરિપત્ર બહાર પાડ્યા પછી નોંધાયો હતો.

લોકોના મગજમાં ઠસાવવામાં આવ્યું છે કે આધાર સાથે જોડાવવું લાભપદ છે. જજોના મગજમાં પણ એ વાત ઠસાવવા પ્રયાસો કરાયા છે. આ પ્રકારનો વિશ્વાસ જો કે ખોટી રીતે સમજવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે ઓળખનો પુરાવાઓ રજૂ કરવા માટે આધાર સૌથી સરળ દસ્તાવેજ છે. એ કદાચ સાચું હોઈ શકે. ફક્ત 'કદાચ' કારણ કે ઘણા બધા લોકોએ આધાર મફત હોવા છતાએ મેળવવા પૈસા ખર્ચ્યા હતા. ઘણા બધાએ આધાર મેળવવા પ્રયાસો કર્યા હતા. એ પછી એમને આધારકાર્ડ મળ્યું હતું. ઘણા બધા એવા પણ હતા જેમને આધારકાર્ડ મેળવવામાં ખૂબજ મુશ્કેલીઓ થતી હોઈ આધાર મેળવી શક્યા ન હતા.

જો કે આધારકાર્ડ નહીં મેળવી શકનાર લોકોની સંખ્યા ખૂબ જ ઓછી છે, પણ એ લોકો ખૂબ જ નબળા છે પથારીવશ થયેલ વૃદ્ધો, અકસ્માત પીડિતો, અંધ વ્યક્તિઓ વગેરે છે.

વધુમાં એ ખ્યાલ પણ ખોટો છે કે કરોડો ભારતીઓ માટે એમનો ઓળખનો પુરાવો માત્ર (અથવા પ્રથમ) આધારકાર્ડ જ છે. એક RTIમાં ખુલાસો કરાયો હતો કે ૯૯.૯૭ ટકા લોકોએ આધાર મેળવવા માટે એમણે પોતાના હયાત ઓળખનો પુરાવો રજૂ કર્યો પછી મેળવ્યો હતો. જેથી લોકો પાસે ઓળખનો પુરાવો તો હતો જ એ સાબિત થાય છે.

વધુ મહત્વપૂર્ણ વાત એ છે કે કોઈપણ સરકારી અધિકારી સ્પષ્ટરીતે બતાવી શક્યો નથી કે કઈ રીતે આધારનો સમાવેશ કરવાથી સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈ શકાય છે. સરકારની પ્રત્યેક કલ્યાણકારી યોજનાઓના જુદા જુદા માપદંડો છે. જાહેર વિતરણ વ્યવસ્થામાં પ્રત્યેક રાજ્યમાં સમાવિષ્ટ કરવાના અથવા નહિં કરવાના જુદા-જુદા માપદંડો છે. અમુક રાજ્યોમાં જો તમારી પાસે સરકારી નોકરી હોય અથવા તમે પાકા મકાનમાં રહેતા હોય તો તમે જાહેર વિતરણ વ્યવસ્થા માટેનો રાશનકાર્ડ મેળવી શકતા નથી ભલે પછી તમારી પાસે આધારકાર્ડ હોય.

**આધારના નામે જે લાભો ગણાવાયા છે એને હાલનાં ડેટાથી કોઈ સમર્થન મળતું નથી.**

એની વિરુદ્ધમાં જો તમે એક સામન્ય ઝૂંપડીમાં રહેતા હો અથવા આદિવાસી હો તો તમે જાહેર વિતરણ વ્યવસ્થાનો રાશન કાર્ડ મેળવી શકો છો. આધાર આવ્યા પછી રાજ્યના માપદંડો મુજબ હવે તમને રાશનકાર્ડ સાથે તમારો આધાર નંબર જોડવો ફરજિયાત છે જેથી તમે રાશનકાર્ડના લાભો લઈ શકો.

આધાર આવ્યા પહેલા તમારી પાસે રાશનકાર્ડ હતા એના દ્વારા તમે સબસીડી ધરાવતા અનાજ આધાર વિના જ મેળવી શકતા હતા પણ હવે આધારને ફરજિયાતપણે આધારથી જોડાણ કરવાનો આગ્રહ રખાયા પછી તમે કલ્યાણકારી યોજનાનો લાભ નથી લઈ શકતા એ દુખની વાત છે કે ચુકાદો આપનાર જનોએ આ મુદ્દાને ધ્યાનમાં નથી લીધું.

સરકારની કલ્યાણકારી યોજનાઓમાંથી ઘણાં બધા લોકો બાકાત રહ્યા પછી (આધાર પહેલા અને આધાર પછી) પણ હકીકત એ છે કે ભારત કલ્યાણકારી યોજનાઓ માટે ખૂબ જ ઓછો ખર્ચ કરે છે. ફૂડ સિક્યુરિટી એક્ટ ૨૦૧૩ લાગુ કરાયા પહેલા લગભગ ૫૦ ટકા લોકો રાશનકાર્ડ મેળવવામાં સમાવિષ્ઠ હતા. આ કાયદા પછી બે તૃતીયાંશ લોકોનો સમાવેશ થયો. રાશનકાર્ડનો આ પ્રમાણે વ્યાપ વધારવાથી ઘણાં બધા લોકોનું સમાવેશ થયો જોકે ઘણાં બધા લોકો બાકાત રહ્યા હતા. જેમકે પશ્ચિમ ઓડિશાના લોકો જેમને સમાવિષ્ઠ કરવું જરૂરી હતું.

**બજેટ અંગેની વાત મુખ્ય છે ?**

હવે પ્રશ્ન એ થાય છે કે શું સરકારે બાકાત રહેલ લોકોના સ્ત્રોત માટે અભ્યાસ કર્યું છે કે કયા કારણે લોકો બાકાત રહી જાય છે. અથવા ફક્ત સરકાર આધાર નહી હોવાની દલીલ રજૂ કરી પોતાની નબળાઈ છુપાવે છે. સરકાર બજેટમાં અપૂરતી ફાળવણી કરે છે અને લાભ લેનારાઓની પસંદગી ખામીયુક્ત તરીકે કરે છે. એ નબળાઈને ઢાંકવા આધારનો આશરો લે છે. અથવા સરકાર જાણી બુઝીને જનતાને ગેરમાર્ગે દોરે છે. કારણ કે જો લોકોને ખરા મુદ્દાની ખબર પડી જાય તો સરકારને બજેટમાં ખર્ચ માટે વધુ જોગવાઈ કરવી પડે ?

ગમે તે રીતે સરકાર પોતાની વાત લોકોને સમજાવવામાં સફળ રહી છે કે, આધારના ઉપયોગથી લોકો કલ્યાણકારી યોજનાઓનો વધુ લાભ મેળવી શકશે અને ભ્રષ્ટાચારને દૂર કરવાનો એક છેવટનો સાધન છે.

ભ્રષ્ટાચાર ખતમ કરવામાં આધાર ઉપયોગી થશે એ દાવાને સરકાર કઈ રીતે સાબિત કરી શકશે એ હકીકત સમજ બહારની છે. દાખલા તરીકે જથ્થો આપવાની છેતરપિંડીને લઈ એક દાખલો આપીએ જ્યારે એક લાભાર્થીને એનો અમુક જથ્થો મેળવવાનો અધિકાર હોવા છતા ઓછો જથ્થો આપવામાં આવે છે પણ એમની પાસેથી સહીએ રીતની લેવાય છે કે અમને પૂરતો જથ્થો મળી ગયો છે. આ પ્રકારની ગેરરીતિયોતો ચાલું રહેવાની જ છે. ભલે આધાર આધારિત બાયોમેટ્રિક અધિકૃતતા કરવામાં આવી હોય. એક અપ્રમાણિક ડોલર જેને અમે સરળતાથી કંઈ વહી નહિ શકીયે એ બળજબરીથી અમને બાયોમેટ્રિમ અધિકૃતતા ૩૫ કિલો માટે લઈ લેશે પણ અમને ફક્ત ૩૨ કિલો જ સામાન આપશે અને અમને રજિસ્ટરમાં સહી કરવા કહેશે.

દરમિયાનમાં સરકારના પ્રચાર માધ્યમો લોકોને વારંવાર સમજાવી રહ્યા છે કે ભારતમાં કલ્યાણકારી યોજનાઓ પહેલા બનાવટી અને ભૂતિયા હતી. આ પ્રકારની છેતરપિંડીના કોઈ પુરાવાઓ નથી. હાલની ખાનગી સર્વે અને સરકારનાં ડેટા મુજબએ હકીકત બહાર આવી છે કે ફક્ત આજ રીતે ભ્રષ્ટાચાર થતું ન હતું. ઓડિશામાં રાશન કાર્ડને આધાર સાથે જોડાયા પછી ફક્ત ૦.૩ ટકા બનાવટી રાશન કાર્ડો મળી આવ્યા હતા.

**વિભાજનના મુદ્દાઓ**

તેમ છતાય મોટાભાગના જજોનું માનવું હતું કે આધાર કાયદાનો ઉદ્દેશ્ય છટકબારીઓ બંધ કરવાનો છે અને અમે પહેલા જ નોંધ્યું છે કે એનો ઉદ્દેશ્ય સારો અને કાયદાકીય છે. એમના માટે જે લોકો આ યોજના માટે કાર્ય કરી રહ્યા છે પણ એ મૂંઝવણમાં મૂકનાર વાત છે કે આ પ્રકારની સીધી ગેરરજૂઆતોને મીડિયા દ્વારા પડકારવામાં કેમ નથી આવતી.

આ ઘટના દર્શાવે છે કે ભારત સામાજિક અને આર્થિક ક્ષેત્રે વિભાજીત છે. એવા લોકો જેમને આ યોજનાથી લાભ થઈ રહ્યું છે અને જે લોકો સમજે છે કે કયા કારણે આધાર દ્વારા સમાવિષ્ઠતતાને વધારી શકાશે નહી એ લોકોનો અવાજ મીડિયા સુધી અથવા નીતિ ઘડનારાઓ સુધી નહી પહોંચતો હોય આ પ્રકારના ઉપદેશો મોટા નિર્ણયો લેવા માટેનો આધાર બની જાય છે. પુરાવાઓ અને હકીકતો આધારિત નીતિઓ ઘડવાને બદલે ઉપદેશાત્મક વલણ ધ્યાનમાં રાખી નીતિઓ ઘડાય છે. બહુમતી જજોના વિચારો પણ આ પ્રકારના જાતિ અને વર્ગોમાં ભાગલા બાબતે છેતરામણી ધરાવતા છે.

આધાર બાબત ચુકાદો આપતી વખતે ચાર જજોએ સરકારની ટીકા કરી હતી અને એમનામાંથી એક જજે સ્વતંત્રતા પૂર્વક પોતાની વિવેક બુદ્ધિથી કહ્યું હતું. તમે દરેક વખતે લોકોને ગેરમાર્ગે નહિ દોરી શકો.

(સૌ. ધ હિન્દુ)

# મી ટૂનો પ્રભાવ દેખાવા માંડ્યો

અસરકારકતા

- જયંતી રંગનાથન

કેટલાક દિવસો પહેલા હિન્દી ફિલ્મોમાં ચારિત્ર્ય ભૂમિકા ભજવનાર વરિષ્ઠ કલાકાર દિલિપ તાહિલે મી ટૂ અભિયાનને નવો વળાંક આપ્યો હતો અને એને પગલે કેટલાક સવાલ પણ ઉપસ્થિત થયા. સુધીર મિશ્રાની આગામી ફિલ્મમાં દલિપ એક બળાત્કારીની ભૂમિકા ભજવી રહ્યા છે. અભિનેત્રીને આ દૃશ્ય કરવામાં કોઈ તકલીફ નથી એવું લેખિતમાં આપે અને સેટ પર એમની સુરક્ષાનો પૂરતો બંદોબસ્ત કરવામાં આવશે આપે એવી શરત સાથે તેઓ આ ભૂમિકા માટે મહાપરાણે દલિપના આ નિવેદન પછી અનેક ફિલ્મકારોએ જાહેરમાં એમની સાથે સંમતિ દર્શાવી. આયુષ્માન ખુરાના, રણવીરસિંહ અને રાજકુમાર રાવ જેવી નવી પેઢીના યુવા અભિનેતાઓએ કહ્યું કે, ફિલ્મમાં અભિનેત્રીની સંમતિ વગર એમને હાથ પણ લગાવશે નહીં. મી ટૂની પક્ષપાતી ઈન્ડસ્ટ્રીઝની યુવા પેઢી પોતે જ જેમનું નામ આ અભિયાનમાં સામે આવી રહેલા નામો સાથે કામ કરવાથી અંતર જાળવે છે. સાર્વજનિક છે કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની નવી પેઢી પણ મી ટૂ અભિયાનનું સમર્થન કરી રહી છે. ભલે પછી એમની મજબૂરી હોય કે અંતરાત્માનો અવાજ હોય કારણ કે, એમના નામ પર મ્હાર મારનાર અને સફળ બનાવનાર બીજું કોઈ નહીં સામાન્ય જનતા છે. જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ મહિલા કલાકારો સાથે મનસ્વીપણે વર્તતી હતી એને વધુ સમય થયો નથી. એવા અનેક ઉદાહરણો છે જેમાં અભિનેત્રીઓએ કહ્યું છે કે, બાલ્ડ દૃશ્યોનું ફિલ્માંકન કરતા પહેલાં નિર્દેશકોએ એમની સંમતિ મેળવી નહોતી. રાજા નવાથે નિર્દેશિત અનજાના સફર રેખાની પ્રથમ હિન્દી ફિલ્મ હતી એ વખતે રેખાની ઉંમર ૧૫ વર્ષ હતી અને ફિલ્મના અભિનેતા વિશ્વજીતે એમને જાણ કર્યા વગર પાંચ મિનિટનું ચુંબન દૃશ્ય ભજવ્યું હતું. રેખાએ કહ્યું હતું આ ઘટનાને તેમણે ખરાબ રીતે વિખેરી નાંખી હતી. ક્યાંક દૂર જતા રહેવાનું મન થઈ ગયું હતું પરંતુ પૈસા કમાવવાની મજબૂરી હતી એટલે કામ કરતી રહી. ૭૦-૮૦ના દશકની હિન્દી ફિલ્મોમાં નાયક કે નાયિકાની બહેનનું બળાત્કારનું દૃશ્ય ફિલ્મ ચલાવવાનો ટોટકો માનવામાં આવતો હતો. એ સમયે અભિનેત્રીની સંમતિ મેળવવી તો દૂરની વાત હતી. એમને ફિલ્મના દૃશ્ય વિશે યોગ્ય રીતે જણાવવામાં પણ આવતું નહોતું. રોટી, કપડા ઔર મકાન ફિલ્મની નાયિકા મોસમી ચેટરની અને પ્રેમગ્રંથની હિરોઈન માધુરી દીક્ષિત બંનેએ બળાત્કારનું દૃશ્ય પોતાના જીવનના માનસપટમાંથી કાઢી નાંખવાની વાત કરી હતી. મોસમી આ દૃશ્ય ભજવ્યા બાદ પતિ સાથે કેટલાય દિવસો સુધી સહજ થઈ શકી નહોતી. માધુરી આ દૃશ્ય બાદ મનોચિકિત્સકની મદદથી સામાન્ય બની શકી હતી. પડદા પાછળથી દુનિયા લજ્જાપૂર્ણ, ક્રૂર અને અમાનવીય રહી છે. શું આ પ્રવૃત્તિ માત્ર એક અભિયાન દ્વારા બદલાઈ જશે ? કહેવું મુશ્કેલ છે. કાસ્ટિંગ કાઉચ જેવી પ્રવૃત્તિઓ નિયંત્રણમાં લાવી શકાશે ? વર્ષોથી ચાલ્યા આવતા કામ કરવાની પરિસ્થિતિને આટલી જલ્દી બદલી શકાશે ? ફક્ત ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં જ નહિ, અન્ય ક્ષેત્રોમાં પણ આજે જે લોકો મી ટૂનું સમર્થન કરી રહ્યા છે શું એ ભવિષ્યમાં પણ અડિખમ રહેશે ?

હાલમાં તો મી ટૂનો પ્રભાવ એ સ્તરે જોવા મળી રહ્યો છે કે, આ અભિયાનમાં જે લોકોનાં નામ આવ્યા એમને સામાજિક ટીકાઓ સાથે નોકરીમાંથી પણ હાંકી કાઢવામાં આવ્યા. પત્રકાર અને નેતા એમ જે અકબર, નિર્દેશક સુભાષ ઘાઈ, સાજીદખાન, સુભાષ કપૂર, સંગીતકાર અનુ મલિક એવા કેટલાક નામો છે જેમને પોતાના નામ, કામ અને પદ ગુમાવવા પડ્યા લેખક ચેતન ભગતને સોશિયલ મીડિયામાં ફટકાર વરસાવવામાં આવી રહી છે. કેટલાક મોટા નામ સાર્વજનિક રીતે માફી માંગી ચૂક્યા છે.

**હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની નવી પેઢી ભલે એમની મજબૂરી હોય કે પછી અંતરાત્માનો અવાજ મી ટૂ અભિયાનનો સાથ આપી રહી છે.**

વાસ્તવમાં પહેલાની સરખામણીમાં દુનિયા હવે અનેક ગણી પારદર્શિ થઈ ગઈ છે. સોશિયલ મીડિયાને કારણે દરેક જણ બધાની નજરમાં છે મી ટૂ એક એવું સાધન બની ગયું છે જે કોઈને પણ સત્યતાની ચકાસણી વિના રાતોરાત આસમાનથી ધરતી પર પટકી શકે છે. આજે કોઈપણ નૈતિક જવાબદારીમાંથી છટકી શકતું નથી. સ્ત્રી અને પુરૂષો બંને સરખા પ્રમાણમાં જવાબદાર છે. કાર્યક્ષેત્રમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે તલવાર ખેંચવાનું નુકસાન છેવટે કોઈકે તો ભોગવવું જ પડશે. સ્ત્રીઓને નોકરી આપવાથી ક્યાંક પુરૂષોમાં હવે ભય ન પામે. જે ક્ષેત્રોમાં આજ સુધી સ્ત્રી-પુરૂષ એકસાથે કામ કરતા હતા આજે ત્યાં નવા-નિયમો લાગુ કરવામાં આવી રહ્યા છે.

હાલમાં જ અભિનેત્રી કલ્કિ કોચલીને તેના ઈન્સ્ટાગ્રામ પર થિએટર ગ્રુપની નવી ગાઈડ લાઈન વિશે ઉલ્લેખ કર્યો છે. જેનો સહકલાકાર સાથે કેવો વ્યવહાર કરવો ? કેવો સ્પર્શ કાયદેસર અથવા બિનકાયદાકીય છે. શું આ નીતિઓને પગલે ફિલ્મ, ટીવી અને વેબ સિરીઝમાં કામ કરવાની સ્થિતિઓ બહેતર બનશે ? ક્યાંક આંતરિક સહજતા પર એનો પ્રભાવ તો નહીં પડે ? પેઈન્ટર પિતા જતિનદાસ ગુપ્તા મી ટૂ અભિયાનના ઘેરામાં છે એ વાત જાણ્યા બાદ પણ કલાકાર અને નિર્દેશક નંદિતાદાસે ખૂબ જ મહત્ત્વપૂર્ણ વાત કરતા કહ્યું કે, આ સમય સાચા-ખોટાનો નહીં પરંતુ આત્મમંથનનો સમય છે. આપણને અવાજ ઉઠાવવા મંચ મળ્યો છે જેથી આવનાર સમયમાં કેવા સમાજમાં જીવવું એ નક્કી કરી શકાય. સમાજમાં હંમેશા સાચા વ્યક્તિને સમર્થન આપે છે એ તો નક્કી છે. હું મારા પિતા વિશે પણ એ જ કહીશ કે જો એ સાચા છે તો એનું પ્રમાણ આપે !

હાલમાં દરરોજ મી ટૂ હેઠળ પણ નવા ખુલાસા થઈ રહ્યા છે. નવા નામો સામે આવી રહ્યા છે. આ સંપૂર્ણ પ્રકરણમાં મહિલાઓ સામે પણ સવાલ ઉપસ્થિત થઈ રહ્યા છે. એ વાત યાદ રાખવી જરૂરી છે કે, પોતાની સાથે વર્તમાન કે ભૂતકાળમાં ઘટેલ જાતીય સતામણીની તીય ઘટના સાર્વજનિક કરવી કોઈપણ મહિલા માટે અત્યંત ત્રાસદાયક ઘટના છે મી ટૂ અભિયાનની કેટલીક આડઅસરો થઈ શકે છે. પરંતુ છેવટે તો મહિલાઓ માટે કાર્યક્ષેત્રમાં બહેતર માહોલ બનવાની આશા છે.

(સૌ :- હિન્દુસ્તાન)




(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
જગ્યાનું નામ : વન રક્ષક સંવર્ગ-૩
કુલ જગ્યા : ૩૩૪
મૂળ ગુજરાતી ઉમેદવારો પાસેથી અરજી ફક્ત ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.
ઓનલાઈન અરજી : છેલ્લી તારીખ ૨૮/૧૧/૨૦૧૮
શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ તથા વધુ વિગત માટે વેબસાઈટ : https:llojas.gujarat.gov.in તથા https:llforests.gujarat.gov.in જોવી
(૨) રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા
સિક્યુરિટી ગાર્ડની ભરતી
કુલ જગ્યા : ૨૭૦
શૈક્ષણિક લાયકાત : ધો.૧૦ પાસ (એસ.એસ.સી./મેટ્રીક્યુલેકશન)
વય મર્યાદા : વધુમાં વધુ ૨૫ વર્ષ
ઓનલાઈ અરજી : છેલ્લી તારીખ ૩૦/૧૧/૨૦૧૮
વિગતવાર વધુ માહિતી માટે વેબસાઈટ : www.rbi.org.in જોવી
નીચેની લિંક પર ક્લિક કરવું.
Recruitment for the post of security Guards-2018
(૩) સ્ટાફ સિલેકશન કમિશન
ભારત સરકારના વિવિધ વિભાગો અને ખાતાઓમાં ભરતી
૧. સ્ટેનોગ્રાફર ગ્રેડ-સી વય મર્યાદા : ૧૮થી ૩૦ વર્ષ
૨. સ્ટેનોગ્રાફર ગ્રેડ-ડી વય મર્યાદા : ૧૮થી ૨૭ વર્ષ
શૈક્ષણિક લાયકાત : ધોરણ-૧૨ પાસ
પરીક્ષા કેન્દ્ર : અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, કચ્છ
ઓનલાઈન અરજી : છેલ્લી તારીખ ૧૯/૧૧/૨૦૧૮
(૪) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
૧. એનાલિટિકલ ટ્રાન્સલેટર-૪ જગ્યા
૨. સેક્ટર, ક્રેડિટ સ્પેશ્યાલિસ્ટ-૧૯ જગ્યા
૩. પોર્ટફોલિયો મેનેજમેન્ટ સ્પેશ્યાલિસ્ટ -૪ જગ્યા
૪. સેકટર રિસ્ક સ્પેશિયાલિસ્ટ -૨૦ જગ્યા
શૈક્ષણિક લાયકાત : BE/B.Tech/MBA/MCA/CA/ICWA/FCA
વય મર્યાદા : ૨૫થી ૩૫ વર્ષ
ઓનલાઈન અરજી : છેલ્લી તારીખ ૨૨/૧૧/૨૦૧૮
વધુ વિગત માટે વેબસાઈટ : sbi.co.in.careers જોવી
(૫) આણંદ જિલ્લા પંચાયતમાં ભરતી
૧. ફીમેલ હેલ્થ વર્કર : ૮૯ જગ્યા
૨. ફાર્માસિસ્ટ : ૧૦ જગ્યા
૩. લેબ ટેકનિશિયન : ૫ જગ્યા
જિલ્લા પંચાયત હસ્તકની આરોગ્ય શાખા માટે (બિન સરકારી) જગ્યાઓ ૧૧ માસ માટે અથવા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી અથવા સરકારશ્રી દ્વારા જગ્યા મંજૂરીની મુદત પૈકી, જે વહેલું હોય તે સમયગાળા માટે માસિક ફિક્સ વેતનથી ભરતી કરવાની છે.
વય મર્યાદા : ૧૮થી ૨૮ વર્ષ
સીધું રૂબરૂ ઈન્ટરવ્યુ : દર માસના બીજા મંગળવારે
સ્થળ : જા.ક્રમાંક ૧થી ૩ જિલ્લા પંચાયત
આરોગ્ય શાખા : બોરસદ ચોકડી પાસે, આણંદ-૩૮૮૦૦૧
ઈન્ટરવ્યુ માટે, ઈન્ટરવ્યુના દિવસે જ ૧૦:૩૦ થી ૧૨:૩૦ કલાક દરમ્યાન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
લાયકાત : જા.ક્ર.૧ માટે આરોગ્ય કાર્યકરનો સરકાર માન્ય બેઝીક કોર્ષ પાસ, ડિપ્લોમા નર્સિંગ, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ રજિસ્ટ્રેશન હોવું જરૂરી, કોમ્પ્યુટરની જાણકારી જરૂરી.
જા.ક્ર.૨. બી. ફાર્મ કે ડી. ફાર્મ માન્ય યુનિવર્સિટીમાંથી ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી, કોમ્પ્યુટરની જાણકારી જરૂરી
જા.ક્ર.૩. બી.એસ.સી. (માઈક્રો બાયોલોજી) સરકાર માન્ય સંસ્થાના લેબ ટેકનિશિયન અભ્યાસક્રમ પાસ કરેલો હોવો જોઈએ. કોમ્પ્યુટરની જાણકારી જરૂરી
જરૂરી દસ્તાવેજ : રહેઠાણનો પુરાવો, જન્મ તારીખ, લાયકાત તેમજ અનુભવ (હોય તો)નો પુરાવો, તેમજ પાસપોર્ટ સાઈઝના ફોટા, અસલ તથા પ્રમાણિક ઝેરોક્ષ નકલ સાથે લઈ જવાનો રહેશે.

**ખાસ નોંધ : કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારની વર્ગ-૩ની ભરતી માટે ઈન્ટરવ્યુ લેવામાં આવતા નથી, માત્ર લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે જગ્યાઓ ભરવામાં આવે છે. માટે લેખિત પરીક્ષામાં વધુમાં વધુ ગુણ મેળવવાથી સીધી નિમણૂંક થઈ જવાની સંભાવના રહેલી છે.**

# મહાત્મા બાદ મહાન ભારતીય ? : ભારતનું નેતૃત્વ સંભાળવા ગાંધીજીએ નહેરૂની શા માટે પસંદગી કરી હતી ?

(એજન્સી) તા.૧૫

૧૪ જાન્યુ.૨૦૧૮ના રોજ ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂની ૧૨૯મી જન્મજયંતિ હતી. ગાંધીજી એવું કહેતા હતા કે દેશ પ્રેમની બાબતમાં નહેરૂની તોલે કોણ આવી શકે. નહેરૂ શંકાથી પર સત્યવાદી છે. જયારે ૩ ઓક્ટો.૧૯૨૯ના રોજ ૪૦ વર્ષના જવાહરલાલ નહેરૂ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ ચૂંટાયા ત્યારે તેમણે જવાહરલાલ નહેરૂ અંગે આવા શબ્દો ઉચ્ચાર્યા હતા. તેના બે મહિના અગાઉ એટલે કે ૧ ઓગસ્ટ ૧૯૨૯ના રોજ મહાત્મા ગાંધીએ નહેરૂ અંગે એવું નિવેદન કર્યું હતું કે નહેરૂ ખુરશી પર હોય એ મારા ખુરશી પર હોવા સમાન છે. અમારે કદાચ બૌદ્ધિક મતભેદો



હશે પરંતુ અમારા બંનેના હૃદય એક છે.

પંડિત જવાહરલાલ નહેરૂના નામની માત્ર ત્રણ પ્રાંતીય સમિતિઓએ ભલામણ કરી હતી તેમ છતાં મહાત્મા ગાંધીએ તેમની તરફદારી કરી હતી અને તે માટે તેમની પાસે પૂરતા કારણો હતા. ગાંધીજીના પૌત્ર રાજમોહન ગાંધીએ સરદાર પટેલની બાયોગ્રાફીમાં જણાવ્યું છે કે, મહાત્મા ગાંધીએ એવી ગણતરી કરી હતી કે નહેરૂ યુવકો અને યુવતીઓને આકર્ષિત કરી શકશે.

તેમણે આશા વ્યક્ત કરી હતી કે જવાબદારી યુવાનોને ગંભીર બનાવશે. ત્રીજું તેમને વિશ્વાસ હતો કે, પંડિત જવાહરલાલ નહેરૂ તેમના મંતવ્યોને વળગી રહેશે. ૨૯ ડિસે.ની રાત્રે પંડિત જવાહરલાલ નહેરૂએ રવિ નદીના કિનારે સ્વતંત્ર ભારતનો ધ્વજ લહેરાવ્યો ત્યારે તેમણે જાહેર કર્યું હતું કે, આજે તમે જે ધ્વજ હેઠળ ઊભા છો અને તમે જેને હમણાં સલામી આપી તે ધ્વજ કોઈ ચોક્કસ સમુદાયનો નથી, આ ધ્વજ હેઠળ આજે જે લોકો ઊભા છે તે હિંદુ કે મુસ્લિમ નથી પરંતુ ભારતીયો છે.

આમ ગાંધીજીએ ૧૯૨૯, ૧૯૩૬ અને ખાસ કરીને ૧૯૪૬માં સરદાર પટેલ કરતા પંડિત જવાહરલાલ નહેરૂની પસંદગી કરી તેના પરથી સ્પષ્ટ થઈ ગયું હતું કે, કોંગ્રેસ પ્રમુખ ભારતના પ્રથમ વડાપ્રધાન બનશે. નહેરૂના અવસાનના બે દાયકા કરતા ઓછા સમય બાદ આપણા પૂર્વ રાષ્ટ્રપતિ સર્વોપલ્લિ રાધાકૃષ્ણને નહેરૂને ગાંધી બાદ સૌથી મહાન ભારતીય ગણાવ્યા હતા.

# વિચારધારાને અનુરૂપ ઈતિહાસના પુનઃ લેખન અને નવા નામાભિધાન અંગે ઈતિહાસકાર સ્વપ્ના લીડેલે ઘેરી ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) તા.૧૫

સ્વપ્ના લીડેલે એક એવા ઈતિહાસકાર છે કે, જેમણે માહિતીપ્રદ અને મનોરંજક તેમજ સરળતાથી વાંચી શકાય તેવા લેખન દ્વારા ઈતિહાસ અને વિરાસત સુધી સરળ પહોંચ બનાવવાનો પ્રયાસ કર્યો છે. ૧૯મી સદીના દિલ્હી અને આ વિષય પર તેમણે કરેલ પીએચડીથી તેમણે પાટનગર નહીં દિલ્હીમાં ઐતિહાસિક સ્થાપત્યના જતન કરવામાં આટલા વર્ષો સક્રિય ભૂમિકા ભજવી છે. તેઓ વર્ષો સુધી ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (ઈનટાક) સાથે સંકળાયેલ હતા અને હાલ તેઓ દિલ્હી ચેપ્ટરના કન્વિનર છે. અત્રે તેમની સાથેની એક મુલાકાતના મહત્ત્વના અંશો પ્રસ્તુત છે.

દિલ્હી સાથેના પોતાના પ્રેમ અને ખાસ કરીને દિલ્હીની સાંસ્કૃતિક અને બૌદ્ધિક જીવન પર તેમણે લખેલ પીએચડી



થિસીસ અંગે વાત કરતા સ્વપ્ના લીડેલે જણાવ્યું છે કે, હું ઈતિહાસની વિદ્યાર્થિની હતી અને તેથી મને ધીમે ધીમે દિલ્હીના સ્મારકોમાં રસ પડવા લાગ્યો જેના કારણે મને દિલ્હીના ઈતિહાસમાં રસ પડ્યો.

વિરાસત સંરક્ષણના જતન અને તેની આડે કાનૂની હસ્તક્ષેપ અંગે વાત કરતા સ્વપ્ના લીડેલે જણાવ્યું હતું કે, અમારો મુખ્ય હેતુ માત્ર સામાન્ય પ્રજામાં જ નહીં પરંતુ જાહેર સત્તાવાળાઓ અને સરકારના જુદા જુદા વિભાગોમાં જાગૃતિ અને શિક્ષણ ફેલાવવાનો છે. અમે આ માટે સરકારી સત્તાવાળાઓ સાથે પણ કાર્ય કરવાનો પ્રયાસ કરીએ છીએ અને વિરાસત જતનનું કામ ઘણું મુશ્કેલ છે.

અલ્હાબાદ અને ફૈઝાબાદના નવા નામો અનુ.પ્રયાગરાજ અને અયોધ્યા રાખવામાં આવ્યા છે. અમદાવાદ પણ હવે ટૂંક સમયમાં કર્ણાવતી બનનાર છે. આ અંગે પ્રતિક્રિયા આપતા સ્વપ્ના લીડેલે જણાવ્યું હતું કે, હું સામાન્યતઃ નામો બદલવાની વિરૂદ્ધ છું કારણ કે નામો બદલવાની પ્રક્રિયામાં ઐતિહાસિક મૂલ્ય ભૂલાઈ જાય છે. તેમણે ઈતિહાસના પુનઃલેખન અને નામો બદલવા બાબતે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં જે સ્મારકો વર્ષોથી નામ ધરાવે છે તેને બદલવા જોઈએ નહીં.

# જેમણે હિંસાનો માર્ગ પસંદ કર્યો તેમને લોકશાહીમાં વિશ્વાસ હોતો નથી : નહેરૂ

(એજન્સી) તા.૧૫

આપણા ભારત દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂની વર્ષગાંઠે આપણે તેમણે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૯ના રોજ જે ભાષણ આપ્યું હતું તેને અમે યાદ કરી રહ્યા છીએ. આ ભાષણ તેમણે આઝાદીના બે વર્ષ બાદ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, જેમણે હિંસાનો માર્ગ પસંદ કર્યો તેમને લોકશાહીમાં વિશ્વાસ નથી હોતો. રાષ્ટ્રનું કામ ક્યારેય પૂરું થતું નથી. માણસો આવે છે અને જાય છે, પેઢીઓ બદલાતી રહે છે પરંતુ રાષ્ટ્રનું આયુષ્ય ચાલુ જ રહે છે. આપણે દેશમાં શાંતિ સ્થાપિત કરવી પડશે પછી ભલે તેના માટે ગમે તે નીતિ અપનાવવી પડે. કેટલાક ગેરમાર્ગે દોરાયેલા લોકો હિંસા ફેલાવી રહ્યાં છે અને અનુશાસનનો ભંગ કરી રહ્યા છે. મને અચરજ છે કે, કેવી રીતે



આવા હોંશિયાર હોવા છતાં લોકો દેશ વિરોધી પ્રવૃત્તિ કરવા વિશે વિચારી શકે છે. તેમ છતાં આ આપણા સૌનું કર્તવ્ય છે કે, દેશમાં શાંતિ સ્થાપિત થાય. ભલે પછી તેની પાછળ ગમે તેવી રાજનીતિ હોય. દેશમાં શાંતિ તો હોવી જ જોઈએ. લોકોને અધિકાર છે કે તેઓ કાયદામાં પરિવર્તન કરે, તે સરકાર બદલી નાખવાનો પણ અધિકાર ધરાવે છે. પરંતુ આ તમામ પ્રક્રિયા શાંતિપૂર્ણ અને લોકશાહીને અનુરૂપ જ હોવી જોઈએ. પરંતુ હું જણાવી દઉં છું કે જે વ્યક્તિ હિંસાનો માર્ગ પસંદ કરે છે તે ક્યારેય લોકશાહીમાં વિશ્વાસ ધરાવતો નથી. જો તેમનો માર્ગ પ્રચલિત હોત તો કદાચ અરાજકતા ફેલાય અને અને દેશમાં રહેતા લોકોની સ્થિતિ વધુને વધુ કથળી જાય. તમામ પ્રગતિ અટકી જશે અને આગામી પેઢીઓએ વધારે ભાર સહન કરવો પડશે. હજુ પણ ઘણાં એવા લોકો છે જેમનાથી દિશાહિન છું જે દેશમાં હિંસાની જ ટીકા કરે છે અને પછી હિંસા ફેલાવનારાઓ સાથે હાથ મિલાવે છે. તેઓ ફક્ત ચૂંટણી જીતવા વિચારે છે અને દેશના મુદ્દાને તેઓ ભૂલી જાય છે અને તેઓ દેશ કરતાં પણ પક્ષને મોટો માને છે. જો આપણે ભારત અને તેના નાગરિકોને ભૂલી જઈશું તો આપણે દેશ માટે દગાબાજ ગણાઈશું અને તેની સાથે છેતરપિંડી કરનારા ગણાઈશું.

# શિવસેના : બાલા સાહેબ ઠાકરેની વિરાસતના ધૂંધળા ઓછાયા હેઠળ

(એજન્સી) તા.૧૫

બાલ ઠાકરેના અવસાનની છઠ્ઠી વરસી નજીક આવી રહી છે ત્યારે આશ્ચર્યની વાત એ છે કે, શિવસેના હજુ તેના પગ પર ઊભી છે અને બાલ ઠાકરેની વિરાસત એક કરતા વધુ રીતે ટકી રહી છે. અલબત્ત શિવસેના એ તેના ભૂતકાળનો ઓછાયો છે પરંતુ બાલ ઠાકરેના અવસાન પહેલા જ તેના પતનની શરૂઆત થઈ ગઈ હતી.

બાલા સાહેબની વિદાયના એક વર્ષ બાદ ભાજપે બાલા સાહેબના અવસાન સાથે પક્ષનું અસ્તિત્વ મટી જશે એવી આશા રાખનાર ભાજપ હજુ પણ તેની સાથે ગઠબંધન ઈચ્છે છે તે બતાવે છે કે, રાજયના રાજકારણ પર બાલા સાહેબની અમિટ છાપ અને પ્રભાવ હજુ



પ્રવર્તે છે. બાલા સાહેબ ઠાકરે વૈચારિક જીપ્સી હતા અને વિજયની અપેક્ષા તેમને જયાં લઈ ગઈ ત્યાં જતા હતા.

વંદે માતરમ્‌ના ગાન સામે પ્રતિકાર બદલ ૧૯૭૦માં મ્યુનિસિપલ ચૂંટણીઓ દરમિયાન મુસ્લિમોની ઝાટકણી કાઢનાર ઠાકરેને જયારે બહુમતી ખૂટતી હતી ત્યારે તેમને ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગના જીએમ બનાતવાલા સાથે સ્ટેન્ડિંગ કમિટીનું અધ્યક્ષ પદ જીતવા હાથ મિલાવવામાં તેમને કોઈ ખચકાટ કે ખટકો ન હતો. ભાજપના સાથી પક્ષ તરીકે તેમણે એક કરતા વધુ વખત પક્ષ સાથે છેડો ફાડીને કોંગ્રેસને ખુલ્લેઆમ લાભ કરાવ્યો હતો. જેમ કે તેમણે ૨૦૦૭માં યુપીએના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પ્રતિભા પાટીલ અને ૨૦૧૨માં પ્રણવ મુખરજીને સમર્થન આપ્યું હતું.

એ જ રીતે ૨૦૦૬માં રાજયસભામાં શરદ પવારના પુત્રી સુપ્રિયા સુલેની બિનહરીફ વરણી સુનિશ્ચિત કરવા ભાજપના ઉમેદવારને ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની ફરજ પાડીને તેમને રાજનીતિ કરતા પોતાની અંગત મૈત્રીને વધુ મહત્ત્વ આપ્યું હતું. ઉદ્ધવ ઠાકરે તેમના પિતા જેવા નથી પરંતુ તેમ છતાં શિવસેનાની તમામ આલોચના છતાં ભાજપ તેમને ચલાવી રહી છે એ વાત બતાવે છે કે, બાલ ઠાકરે હજુ પણ લોકોમાં ઊંડો પ્રભાવ ધરાવે છે. આમ શિવસેના બાલા સાહેબ ઠાકરેની વિરાસતના ધૂંધળા ઓછાયા હેઠળ ચાલી રહી છે.

# જવાહરલાલ નહેરૂના જીવન સાથે સંકળાયેલી ૧૦ વાતો

## નહેરૂ ૯ વખત જેલ ગયા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

પંડિત જવાહરલાલ નહેરૂના જન્મદિવસને બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. બાળદિવસના અવસરે ગૂગલે ડૂડલ બનાવ્યું છે. જવાહરલાલ નહેરૂનો જન્મ ૧૪ નવેમ્બર, ૧૮૮૯માં અલ્હાબાદમાં થયો હતો. તેમના પિતાનું નામ મોતીલાલ નહેરૂ અને માતાનું નામ સ્વરૂપરાણી હતું. જવાહરલાલ નહેરૂ કાશ્મીરી પંડિત સમુદાયથી હતા, માટે તેમને પંડિત નહેરૂ બોલાવવામાં આવતા હતા. નહેરૂ બાળકોને ઘણો પ્રેમ કરતા હતા. બાળકો તેમને ચાચા નહેરૂ કહીને બોલાવતા હતા. જવાહરલાલ નહેરૂએ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી લોનો અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ૧૯૧૨માં ભારત આવીને વકીલાત શરૂ કરી હતી. ૧૯૧૯માં નહેરૂ મહાત્મા ગાંધીના સંપર્કમાં આવ્યા અને ગાંધીથી પ્રભાવિત થઈને તેમણે ગાંધીના ઉપદેશો અનુસાર પોતાને ઢાળી લીધા. દેશની આઝાદીમાં નહેરૂએ ખાસ્સું યોગદાન આપ્યું હતું. ૧૯૪૨ના ભારત છોડો આંદોલનમાં નહેરૂજીની ૯ ઓગસ્ટ, ૧૯૪૨માં



મુંબઈમાં ધરપકડ થઈ હતી અને અહેમદનગર જેલમાં રહ્યા, જયાંથી તેમને ૧૫ જૂન, ૧૯૪૫માં મુક્ત કરવામાં આવ્યા હતા. જાણીએ પંડિત જવાહરલાલ નહેરૂના જીવન સાથે સંકળાયેલી ૧૦ વાતો.

૧. પંડિત જવાહરલાલ નહેરૂનો જન્મ ૧૪ નવેમ્બર, ૧૮૮૯માં અલ્હાબાદમાં થયો હતો. નહેરૂ મોતીલાલ નહેરૂના ચાર પુત્રોમાંથી સૌથી મોટા પુત્ર હતા.
૨. જવાહરલાલ નહેરૂને અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃતનું સારું જ્ઞાન હતું.
૩. જવાહરલાલ નહેરૂના લગ્ન ૧૯૧૬માં કમલા નહેરૂ સાથે થયા હતા તેમની એક પુત્રી હતી જેનું નામ ઈન્દિરા પ્રિયદર્શની હતું.
૪. જવાહરલાલ નહેરૂ લાલ કિલ્લા પર તિરંગો ફરકાવનારા પ્રથમ વ્યક્તિ હતા.
૫. જવાહરલાલ નહેરૂને સિગારેટ પીવાનો ઘણો શોખ હતો તઓ દરેક સ્થળે સિગારેટ પીતા જોવા મળ્યા હતા.
૬. જવાહરલાલ નહેરૂ એક વખત લંડન જતા હતા તેમનો હજામ હંમેશા મોડો પડતો તે કહેતો કે મારી પાસે ઘડિયાળ નથી માટે હું મોડો પહોંચું છું. તેથી નહેરૂ તેમના હજામ માટે લંડનથી ઘડિયાળ લઈ આવ્યા હતા.
૭. જવાહર ચિંતિત હતા કે ભારતની મહિલાઓ બ્યૂટી પ્રોડક્ટસ પાછળ મોટા પાયા પર વિદેશી નાણા ખેંચ કરે છે. જેથી નહેરૂએ જીઆરડી ટાટાને બ્યૂટી પ્રોડક્ટ બનાવવાનું નિવેદન આપ્યું ત્યારબાદ લેકમે માર્કેટમાં આવી.
૮. નહેરૂ એક સારા લેખક પણ હતા તેમની પ્રમુખ પુસ્તકો ડિસ્કવરી ઓફ ઈન્ડિયા અને ગ્લિમ્પ્સ ઑફ વર્લ્ડ હિસ્ટ્રી છે.
૯. નહેરૂએ પોતાના જીવનમાં નવ વખત જેલ ગયા હતા. ચાચા નહેરૂને ૧૯૫૫માં ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
૧૦. જવાહરલાલ નહેરૂ ભારતને આઝાદ કરવા માટે લડતા રહ્યા અને સ્વતંત્રતા મળ્યા પછી પણ ૧૯૬૪માં પોતાની મૃત્યુ સુધી દેશની સેવા કરી હતી.

# આયુષમાન ભારત : આ એવી સાત બાબતો છે જે પુરવાર કરે છે કે વડાપ્રધાન મોદી દેશ સમક્ષ જૂઠાણા ચલાવી રહ્યા છે

**આયુષમાન ભારત યોજના અંગે આ એવી સાત બાબતો છે જે મોદી સરકાર ઈચ્છતી નથી કે લોકોને ખબર પડે • અહીં નવી સ્વાસ્થ્ય યોજનાને લઈને સાત એવી હકીકતો રજૂ કરી છે જેના અંગે દેશને ખબર પડે એવું વડાપ્રધાન મોદી, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને ભાજપ ઈચ્છતા નથી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બરમાં પ્રધાનમંત્રી જનઆરોગ્ય અભિયાન નામની એક ખૂબ જ મોટી સ્વાસ્થ્ય યોજનાની શરૂઆત કરી છે. આ યોજનાને આયુષમાન ભારત અથવા નેશનલ હેલ્થ પ્રોટેક્શન મિશન પણ કહેવામાં આવે છે. તેમણે એવી જાહેરાત કરી હતી કે સ્વાસ્થ્યને લઈને વિશ્વની આ સૌથી મોટી પહેલ છે જે ૨૭-૨૮ યુરોપિયન દેશોની વસ્તીની સમકક્ષ ભારતના લોકો માટે ફાયદાકારક રહેશે.

વડાપ્રધાનની આ યોજના અંગે મોટા-મોટા દાવાના સંદર્ભમાં હાથ ધરાયેલ એક ગંભીર વિશ્લેષણ બતાવે છે કે, સરકારની આ પહેલ ન તો વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે અને ન તો એટલી પ્રભાવશાળી છે જેટલી સરકાર દ્વારા દર્શાવવામાં આવી રહી છે. નિષ્ણાતોનો મત છે કે, આ નીતિની ડિઝાઈન દોષયુક્ત છે જેના કારણે ભ્રષ્ટાચારના માર્ગો ખુલ્લા છે અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, આ યોજના રાજયોના બંધારણીય અધિકારોને નબળા પાડે છે. અહીં આ નવી સ્વાસ્થ્ય યોજનાને લઈને સાત એવી હકીકતો રજૂ કરવામા આવી રહી છે જે અંગે દેશને ખબર પડે એવું વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને ભાજપ ઈચ્છતા નથી.

**૧. શું સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે ?**

વડાપ્રધાન મોદી દેશ સમક્ષ જે સૌથી ખોટી વાત કહેતા આવ્યા છે તે એ છે કે, આયુષમાન ભારત સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે અને તેના હેઠળ ૧૦.૭૪ કરોડ પરિવારોને આવરી લેવામાં આવશે. તેમને જાહેર અને ખાનગી આરોગ્ય ક્ષેત્રમાં ૫ લાખ સુધીની કેશલેસ આરોગ્ય સેવા મળી શકશે.

જ્યારે નેશનલ હેરાલ્ડને જે



દસ્તાવેજો મળ્યા છે તેનું વિશ્લેષણ કરતા એવી જાણ થઈ છે કે, વડાપ્રધાને આ યોજના હેઠળ ફાયદો મેળવનારા લોકોની સંખ્યા વધારે પડતી બતાવી છે. હકીકત એ છે કે, કેટલાય રાજયો પહેલેથી જ પોતાની સ્વાસ્થ્ય યોજનાઓ ચલાવી રહ્યા છે અને આંકડા બતાવી રહ્યા છે કે, આયુષમાન ભારતની જાહેરાત થઈ તે દિવસ સુધી ૧૨ કરોડ કરતા વધુ પરિવારોને પહેલાથી જ કેટલાય રાજયો તરફથી વિનામૂલ્યે સ્વાસ્થ્ય યોજનાઓનો ફાયદો મળી રહ્યા છે. જેમ કે મહારાષ્ટ્ર સરકારની મહાત્મા જ્યોતિબા ફુલે જનઆરોગ્ય યોજના લગભગ ૨.૨ કરોડ ઓછી આવક ધરાવતા પરિવારોને વિનામૂલ્યે ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય સુવિધાઓ આપે છે.

**૨.ગોટાળાના આરોપનો સામનો કરી રહેલ જર્મનીની એક કંપનીને યોજનામાં સામેલ કરવામાં આવી છે.**

મોદી સરકારે જર્મનીને એક ટેકનિકલ સહાય પહોંચાડતી કંપની જીઆઈઝેડનો આયુષમાન ભારતમાં કન્સલ્ટન્ટ તરીકે સામેલ કરેલ છે. આ કંપની પર ભૂતકાળમાં ગેરરીતિઓ અને ગોટાળાના આરોપ મૂકવામાં આવ્યા હોવા છતાં તેને આ યોજનામાં સામેલ કરેલ છે. જીઆઈઝેડના ભારતના વડા નિશાંત જૈન આયુષમાન ભારતના ડેપ્યુટી સીઈઓ દિનેશ અરોરાની નિકટના હોવાનું માનવામાં આવે છે.

**૩. સાત વર્ષ જૂના આંકડાઓ પર આધારિત યોજના**

પીએમ મોદીએ એવો દાવો કર્યો છે કે, આ યોજના હેઠળ ૧૦ કરોડ પરિવારોને આવરી લેવામાં આવશે. વિડંબના એ વાતની છે કે, સામાજિક-આર્થિક અને વસ્તી ગણતરીના જે આંકડાઓ પર આયુષમાન ભારત આધારિત છે તે આંકડા સાત વર્ષ જૂના છે. આમ જૂના આંકડા પર આધારિત જરૂરતમંદોની યાદીમાં આવે છે એવા પરિવારોને જ તેનો લાભ મળશે અને બાકી વધેલા પરિવારોને આ યોજનાનો લાભ નહીં મળે.

**૪. પારદર્શિતા સંકટ**

મોદી સરકારનો દાવો છે કે, આ યોજનાને લાગુ કરવામાં સરળતા માટે થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટરની (ટીપીએ) નિમણૂક કરી છે. જ્યારે ઘણા લોકોનું માનવું છે કે, આવું ઈરાદાપૂર્વક શાસક પક્ષના નિકટના લોકોને ફાયદો પહોંચાડવા માટે કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપના નેતાઓ અને પ્રધાનોના સગાસંબંધીઓને ટીપીએ બનાવવામાં આવ્યા છે.

**૫. ભ્રષ્ટાચારી હોસ્પિટલને આપોઆપ તક મળશે**

પીએમ મોદીએ રાચીમાં આ વાતને ગર્વભેર કહી હતી કે, દેશની ઓછામાં ઓછી ૧૩,૦૦૦ હોસ્પિટલોને આયુષમાન ભારત યોજના લાગુ કરવા માટે સાથે લેવામાં આવી છે. નિષ્ણાતોનું કહેવું છે કે, આરોગ્ય સંબંધિત માળખાગત વ્યવસ્થા મહત્ત્વની છે, સંખ્યા નથી. આયુષમાન ભારતના ટેન્ડર દસ્તાવેજોના અભ્યાસ પરથી એ વાત ખબર પડી છે કે, કોઈ હોસ્પિટલને પેનલની બહાર મૂકવી એટલું અઘરું છે કે, ગંભીર ભ્રષ્ટાચારોના આરોપો છતાં તેને પેનલમાંથી બહાર કાઢી શકાતી નથી. નિષ્ણાતોનું કહેવું છે કે, આવી હોસ્પિટલોને તપાસ કર્યા વગર આપોઆપ સામેલ કરવી ખતરનાક પુરવાર થશે અને તેનો અમલ કરવામાં મુશ્કેલી પડશે.

**૬. રોકડ લાભ એ સારો વિચાર નથી**

આયુષમાન ભારત હેઠળ સરકારી હોસ્પિટલમાં કરવામાં આવતી સર્જરીને પ્રોત્સાહિત કરવાનો વિચાર છે. નિષ્ણાતોનો મત છે કે, સરકારી હોસ્પિટલોના ડોક્ટરોને સર્જરીના બદલે રોકડ લાભ આપવાનો વિચાર યોગ્ય નથી. એવી દહેશત છે કે, તેના કારણે જરૂર નહીં હોય એવા કેસોમાં પણ સર્જરી થવા લાગશે.

**૭. જાહેર નાણા ભંડોળને ભાજપના ખજાનામાં ડાયવર્ટ કરાશે ?**

આ યોજના અંગે પ્રચાર-પ્રસાર વધારવા માટે ટોલફ્રી નંબર ૧૪૫૫૫ને લોંચ કરતા પીએમ મોદીએ એવો દાવો કર્યો હતો કે, આયુષમાન ભારત ભવિષ્યની તમામ સ્વાસ્થ્ય યોજનાઓ માટે એક મોડલ બની રહેશે પરંતુ વિશ્લેષકોનો દાવો છે કે, મોદી સરકારે દાયકાઓ જૂના ઈન્સ્યોરન્સ મોડલને ઉપેક્ષા કરીને ટ્રસ્ટ મોડલનો એટલા માટે સ્વીકાર કર્યો છે કારણ કે તેમને એક જ ઈરાદો હતો કે, ભાજપના ખજાનામાં જાહેર નાણા ભંડોળને મોકલવામાં આવે. ટ્રસ્ટ મોડલમાં ન તો કોઈ દાવાને રદ કરી શકાશે કે ન તો તેને યોગ્ય ઠરાવી શકાશે અને તેનાથી ભ્રષ્ટાચાર માટેના દ્વારો ખૂલી જશે. **– વિશ્વ દિપક**

(નેશનલ હેરાલ્ડ ઈન્ડિયા)

# ગુજરાતની બહુસાંસ્કૃતિક ઓળખ અને અસ્મિતાને ઝાંખપ લગાડો નહીં

**કલકત્તાનું કોલકાત્તા કે બરોડાનું વડોદરાની જેમ અમદાવાદનું નામ કર્ણાવતી કરવું એ સહજ અને સ્વાભાવિક બદલાવ નથી. જ્યારે તમે શહેરનું નામ બદલો છો ત્યારે તમે તેની ઐતિહાસિક ઉત્ક્રાંતિના મૂળ પર ઘા કરો છો અને તેના બદલે શહેરની આગવી ઓળખ અને બ્રાન્ડ વેલ્યુમાં ગુણાત્મક બદલાવ થાય છે**

(એજન્સી) તા.૧૫

નામમાં શુ છે એવું કહેનાર શેક્સપિયરના નાટકનું પાત્ર જુલિયેટ એકદમ નિષ્કપટ હતી. શેક્સપિયરને એ સમજાયું ન હતું કે ઘણું બધું નામમાં છે અને જો તમે ગુલાબને બીજા નામથી બોલો તો તે પોતાના જેવી અસલ મધુર સુગંધ આપતુ નથી. જો તેનું નામ જસ્મીન, લીલી કે વાયોલેટ રાખવામાં આવે તો તેમાં કેટલાક લોકોને ગુલાબમાં પણ કોઈ જુદી જ સુગંધનો અહેસાસ થશે.



જ્યાં લોકો પ્રથમ અને મધ્યમ નામ અને અટકને આટલું બધું મહત્ત્વ આપે છે ત્યાં નામના બદલાવથી ભારતમાં ગંભીર પરિણામો આવી શકે છે. આજના સૌથી મોટા એવા નેમ ચેન્જર યુપીના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથથી આ વાત બીજું કોણ સૌથી સારી રીતે જાણી શકે ? યોગીની રાહે ગુજરાત સરકારે હવે અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી રાખવાનો વર્ષો જૂનો મુદ્દો ફરીથી સજીવન કર્યો છે.

પરંતુ તાજેતરમાં ગુજરાતના મુખ્યપ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાનના નિવેદનો એવો નિર્દેશ આપે છે કે, રાજ્યના મુખ્ય શહેર અમદાવાદના નામને બદલવાનો કોઈ સાચો ઈરાદો જણાતો નથી. તેની પાછળનો હેતુ કદાચ ૨૦૧૯ની સંસદીય ચૂંટણી પૂર્વે હિંદુઓની લાગણીને પોતાની તરફેણમાં કરવાની પક્ષની રણનીતિ હોઈ શકે. કલકત્તાનું કોલકાત્તા કે બરોડાનું વડોદરાની જેમ અમદાવાદનું કર્ણાવતી કરવું એ એટલું સરળ અને સ્વાભાવિક નથી જયારે કોઈ શહેરનું નામ બદલવામાં આવે છે ત્યારે તમે તેની ઐતિહાસિક ક્રાંતિના મૂળ પર ઘા કરો છો.

તેના કારણે શહેરની ઓળખ અને બ્રાન્ડ વેલ્યુમાં ગુણાત્મક ફેરફારો થાય છે. અમદાવાદનું કર્ણાવતી કરવાથી એ શહેર કે સ્થળ રહેશે નહીં જે મહાત્મા ગાંધી અને તેમની સ્વાતંત્ર ચળવળ દરમિયાન તેમની સાથે સંકળાયેલું હતું અને યુનેસ્કો તરફથી ભારતને પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો મળ્યો છે. કર્ણાવતી આ દરજ્જો ગુમાવી દેશે કારણ કે અમદાવાદના જૂના શહેરમાં અહમદશાહ અને તેમના અનુગામીઓ દ્વારા નિર્માણ પામેલ વિરાસતના આધારે આપવામાં આવ્યો હતો.

આમ અમદાવાદનું નામ બદલીને ગુજરાતની બહુસાંસ્કૃતિક ઓળખને ઝાખપ લગાડો નહીં. હિંદુ, જૈન અને ઈસ્લામિક સંસ્કૃતિઓ, તેની પરંપરા અને સ્થાપત્યના સુભગ સમન્વય દ્વારા ગુજરાતની એક આગવી ઓળખ અને અસ્મિતા ઊભી થઈ છે. દરેક ગુજરાતીને તેનું ગૌરવ હોવું જોઈએ.

(સૌ. : અહેમદાબાદમિરર.ઈન્ડિયાટાઈમ્સ.કોમ)

જૂનાગઢની મુસ્લિમ એકતા મંચ દ્વારા

# એસટી કર્મચારી પર લાગેલા ત્રાસ અને લાંચ માંગવાના આરોપોની તટસ્થ તપાસની માંગ

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ ખાતે ખાનગી બસ સંચાલકે એસ.ટી.ના આસિ. સિક્યુરિટીનો હોદ્દો ધરાવતા કર્મીએ લાંચની માગણી કરી ત્રાસ આપતા ઝેરી દવા પી લીધી હતી. આ અંગે મુસ્લિમ એકતા મંચ દ્વારા એસટી નિગમના વાઈસ ચેરમેનને પત્ર લખી ઘટનાની યોગ્ય તપાસ કરવાની માંગ કરી છે.

બનાવની વિગત અનુસાર બે દિવસ પૂર્વે જૂનાગઢ ખાતે ખાનગી બસ સંચાલક મુસ્તાક ઈકબાલ શેખ પાસે એસટી કર્મચારી રમેશ ચંદ્રવાડિયા (જે આસિસ્ટન્ટ સિક્યુરિટીનો હોદ્દો ધરાવે છે)એ સી.ઓ. ચેકિંગ દરમ્યાન તેમની પાસે તેલના ડબલા તથા રોકડ રકમની લાંચ માંગી જણાવ્યું હતું કે જો તારે હાઈવે પર બસ ચલાવવી હોય તો મને હપ્તો અને તેલના ડબ્બા આપવા પડશે. તેવી ધમકી આપી હતી. આ રમેશચંદ્ર વાડિયા અવારનવાર તેમની પાસે લાંચની માગણી કરી માનસિક ત્રાસ આપતા જેથી મુસ્તાકભાઈને લાગી આવતા તેમણે ઝેરી દવા પી લેતા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ કર્મચારી દ્વારા અવારનવાર ત્રાસ અપાતા પોતે ઝેરી દવા પીધી હોવાનું જણાવ્યું હતું. તેમજ જૂનાગઢ જિલ્લાની હદની બહાર પણ તેમના દ્વારા અનેક વખત ખાનગી વાહનોમાં ચેકિંગ હાથ ધરાતું હોય છે. આ અંગે મુસ્લિમ એકતા મંચના કન્વીનર ઈમ્તિયાઝ પઠાણે એસટી નિગમના વાઈસ ચેરમેન સોનલબેન મિશ્રાને પત્ર લખી આ અંગે ઉચ્ચકક્ષાએથી સમગ્ર ઘટનાની યોગ્ય તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરી. જો એસટી કર્મચારીની સંડોવણી હોય તો તેમને શિક્ષાત્મક પગલા તેમજ કાર્યવાહી કરવા જણાવ્યું છે. આ ઘટનાની પોલીસ ફરિયાદ તથા લાંચ રૂશ્વત બ્યુરોમાં પણ ફરિયાદ કરાઈ છે. આ વિવાદાસ્પદ કર્મચારી પર તાત્કાલિક ધોરણે કાર્યવાહી અને યોગ્ય તપાસ કરવા વિનંતી કરી છે.

# શિંગોડા નદીમાંથી કોડિનારના યુવાનની લાશ મળી

કોડિનાર, તા.૧૫

શિંગોડા ડેમમાંથી કોડિનારના યુવાનની લાશ મળતાં પોલીસે ઘટના સ્થળે દોડી જઈ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાની વિગત મુજબ કોડિનાર મામલતદાર ઓફિસ નજીક સુરજકુંડ વિસ્તારમાં શિંગોડા નદીમાં મૃતદેહ તરી રહ્યો હોવાની જાણ થતાં પીએસઆઈ કે.એન. પરમાર, ટાઉન જમાદાર કાળુભાઈ ગઢવી, રાઈટર પ્રદીપભાઈ ગોહિલ સહિતનાં સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને નદીમાંથી બહાર કાઢી સરકારી દવાખાને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરતા મૃતકનું નામ પરેશભાઈ વજુભાઈ મેર (ઉ.વ.૨૫ રહે. હાડીવાસ કોડિનાર)નો હોવાનું અને પરેશભાઈ બે દિવસ પહેલા સરકારી દવાખાને સારવાર લીધા પછી ગુમ થતાં ગઈકાલે તેના પરિવારજનોએ પોલીસમાં ગુમ થયાની નોંધ દાખલ કરાવી હતી. ત્યારે આજે સવારે પરેશભાઈનો મૃતદેહ શિંગોડા નદીમાંથી મળી આવતાં પ્રાથમિક તપાસમાં કોઈ અગમ્ય કારણોસર પરેશભાઈનું નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાનું જાણવા મળેલ છે. મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જાણવા મળશે.

# જૂનાગઢમાં રેડક્રોસ દ્વારા ફર્સ્ટ એઈડ કોર્ષ શરૂ કરાશે

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢના આઝાદચોકમાં આવેલ રેડક્રોસ ભવન ખાતે સેંટ જ્હોન એમ્બ્યુલન્સ દ્વારા ચાલતા ઈમજન્સી ફર્સ્ટ એઈડ કોર્ષની નવી શૈક્ષણિક બેંચ તા.૧૭-૧૧-૨૦૧૮, શનિવારથી શરૂ થશે. આગ, હોનારત, અતિવૃષ્ટિ, ધરતીકંપ, અકસ્માત વગેરેમાં ઈજાગ્રસ્ત દર્દીઓને પ્રાથમિક સારવાર આપવા માટેની ઘનિષ્ઠ તાલીમ તબીબ અધ્યાપક ડૉ. જગદીશ દવેના માર્ગદર્શન હેઠળ આપવામાં આવેલ છે. આ કોર્ષનું સર્ટિફિકેટ એસ.ટીમાં કંડક્ટર તરીકે સરકારી નોકરી મેળવવા તેમજ પ્રાઈવેટ હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રોમાં નોકરી મેળવવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. અસંખ્ય વિદ્યાર્થીઓએ આ કોર્ષની તાલીમ લીધા બાદ નોકરી મેળવેલ છે. તેમ રેડક્રોસની યાદીમાં જણાવાયું છે.

# ઉકાઈમાંથી ૨૧૦૦ ક્યુસેક પાણી છોડવા છતાં કોઝવેની સપાટી ન વધી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૫

સુરત મહાનગરપાલિકા શહેરીજનોને પીવાનું પાણી પુરૂ પાડવા માટે તાપી નદીમાંથી રો વોટર લઈ તેનું પ્યુરીફિકેશન અને ડિસ્ટ્રીબ્યુશન કરી ઘરોઘર પાણી પહોંચાડવાનું કામ કરે છે. વિયર કમ કોઝવેની ભયજનક સપાટી ૬ મીટરની છે. પરંતુ ૫ મીટર સુધી પણ જો વિયરની જળ સપાટી જળવાઈ રહે તો રો વોટરની ગુણવત્તા સારી રહે છે. હાલ તાપી નદીની સપાટી ખૂબ જ ઓછી હોવાથી વિયર કમ કોઝવે ખાતે પાણીનું લેવલ ૪.૫૦ મીટર કરતા પણ ઓછું થયું હતું. પાલિકા દ્વારા સિંચાઈ વિભાગને ઉકાઈમાંથી પાણી છોડવાની માંગ કરતા ગતરોજ બપોરે ૧૨ કલાકથી ઉકાઈમાંથી ૨૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. આજે બપોરે ૧૨ કલાકે વિયરની સપાટી ૪.૫૦ મીટર થઈ છે. એટલે જળસ્તરમાં નજીવો સુધારો થયો છે. સાંજ સુધી વિયરની સપાટી ૫ મીટર થાય તેવી શક્યતા છે. ૫ મીટર સુધી વિયર કમ કોઝવેની જળસપાટી થઈ જાયતો રો વોટરની ગુણવત્તા જળવાઈ રહેશે.

# ભાવનગરના બોરતળાવમાં સેલ્ફી લેવા જતાં પોલિટેકનિક કોલેજના બે વિદ્યાર્થીનાં મોત

ભાવનગર,તા.૧૫

ભાવનગરના બોરતળાવમાં સેલ્ફી લેવા જતા પોલિટેકનિક કોલેજના બે વિદ્યાર્થીઓના બોરતળાવમાં પડી જતાં મોત નીપજયો હતો.



આ બનાવની વિગતો એવી છે કે શહેરની પોલિટેકનિક કોલેજમાં અભ્યાસ કરતા શહેરના ઘોઘા રોડ શિવાજી સર્કલ પાસે રહેતા હરવિજયસિંહ સહદેસિંહ ગોહિલ અને ગાયત્રીનગર સમપર્ણ સોસાયટીમાં રહેતા વિશ્વરાજસિંહ કિશોરસિંહ ગોહિલ શહેરના બોરતળાવ (ગોરીશંકર સરોવર), ખાતે સવારે ગયા હતા અને બોરતળાવમાં મોબાઈલ ફોન ઉપર સેલ્ફી લેવા જતાં બન્ને કોલેજિયન મિત્રો ૨૫ ફુટ પાણી ભરેલા બોરતળાવમાં પડી જતાં ડૂબી ગયા હતા.

બનાવની જાણ થતા જ ડી-ડિવિઝન પોલીસ અને ફાયર બ્રિગેડનો સ્ટાફ દોડી આવ્યો હતો અને પાણીમાંથી બન્ને મૃતદેહો બહાર કાઢયા હતા. આ બનાવથી ક્ષત્રિય પરિવારમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

# અમદાવાદનું નામ આશાવલ રાખવા મહેશ વસાવાએ કરેલી રજૂઆત

માંગરોળ, તા.૧૫

છેલ્લા કેટલાક સમયથી દેશ તથા ગુજરાત રાજ્યનાં કેટલાક શહેરોના નામો બદલવાના સમાચારો વાયુવેગે પ્રસરી રહ્યા છે. તેવામાં ધારાસભ્ય છોટુભાઈ વસાવાના પુત્ર અને ડેડિયાપાડા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ પી. વસાવાએ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, મુખ્ય ન્યાયાધીશ, સુપ્રીમકોર્ટ, વડાપ્રધાન, ગુજરાતના રાજ્યપાલ તથા મુખ્યમંત્રીને એક પત્ર પાઠવી અમદાવાદનું નામ આશાવલ રાખવા માંગ કરી છે.



એમણે લખેલા પત્રમાં જણાવ્યું છે કે, અમદાવાનું જૂનું નામ આશાવલ્લી હતું. તે વખતે અમદાવાદ રાજા ભીલનું રાજ્ય હતું. એમણે જણાવ્યું કે હાલની કેન્દ્ર સરકાર ઈતિહાસને ઘણું મહત્ત્વ આપી રહી છે. એમણે જણાવ્યું કે ઈતિહાસને ધ્યાનમાં રાખી, અમદાવાનું નામ આશાવાલ રાખવાનો આદેશ રાષ્ટ્રપતિ આપે જેથી સરકાર આદિવાસી સમુદાય અને સમાજની હિતેચ્છુ છે એમ સમજશે. કેન્દ્ર સરકાર આગામી લોકસભાના સત્રમાં દેશનાં ૧૪ શહેરોમાં નામ બદલવા જઈ રહી છે જેમાં ગુજરાત રાજ્યનું અમદાવાદ શહેર પણ સામેલ છે. એમણે અંતમાં જણાવ્યું છે કે, અમદાવાદનું નામ આશાવલ રાખવામાં ન આવે તો ના છૂટકે આદિવાસી સમુદાય સડક ઉપર ઉતરી પડશે.

દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે તેવો ખેડૂતો સાથે સર્જાયો ઘાટ

# મગફળી માટે ઉચ્ચ ક્વોલિટી અને સેમ્પલ માટે ઢગલા કરવા હઠાગ્રહ કરાતાં ખેડૂતો વેચ્યા વિના પરત ફર્યા

## ઢગલા કર્યા બાદ ખેડૂતોને કહેવામાં આવે કે આ મગફળી ખરીદી શકાય નહિં; તો માલ ઠાલવવાનો અને પાછો ભરવાની મજૂરી કોણ ચૂકવે તેવો ખેડૂતોનો પ્રશ્ન

મોરબી, તા.૧૫

મોરબી માર્કેટિંગ યાર્ડમાં આજે ખેડૂતો સાથે થયુ એવું કે ધરતીપુત્રોને પોતાની મગફળી સાથે પરત ફરવુ પડયું સરકારે મસમોટી જાહેરાતો કરી એક હજાર રૂપિયા પ્રતિમણના ભાવે મગફળી ખરીદવા ઢંઢેરો પીટ્યા બાદ આજથી શરૂ થયેલ ખરીદીમાં સરકારના પ્રતિનિધિઓ દ્વારા મગફળી માટે ઉચ્ચ ક્વોલિટી અને સેમ્પલ માટે મગફળીના ઢગલા કરવા હઠાગ્રહ સેવતા ખેડૂતો મગફળી વેચ્યા વગર જ પરત ફરી જતા હોબાળો મચી જવા પામ્યો છે. ગતવર્ષે ટેકાના ભાવે મગફળી ખરીદીમાં કૌભાંડ આચરવામાં આવ્યા બાદ આ વર્ષે સરકારે પુરવઠા નિગમ મારફતે ખેડૂતો પાસેથી પ્રતિમણ ૧૦૦૦ રૂપિયાના ભાવે મગફળી ખરીદવાની જાહેરાત કરી હતી અને આજથી મોરબી યાર્ડમાં ખરીદી શરૂ કરી દૂધના દાઝ્યા છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે તેમ ખેડૂતોની મગફળી ઉચ્ચ ક્વોલિટીની હોય ૬૫થી ૭૦નો ઉતારો હોય અને કાંકરા કે કચરો ન હોય તો જ ખરીદવાના નિયમો લાગુ કરી ખેડૂતો ગુણી ભરીને લાવેલ મગફળી મેદાનમાં ઢગલા કરે તો જ ખરીદવાનો ફરજીયાત નિયમ કરતા ખેડૂતોમાં દેકારો બોલી ગયો હતો વધુમાં ખેડૂતો દ્વારા સરકારના ટેકાના ભાવે ખરીદીના જડ નિયમોમાં મગફળીની ખુલ્લા મેદાનમાં ઢગલા કરવાના આગ્રહ સામે ખેડૂતોએ જણાવ્યું હતું કે, ટ્રેકટરમાંથી સેમ્પલ લેવામાં આવે તેનો કોઈ વિરોધ નથી પરંતુ ઢગલા કર્યા બાદ ખેડૂતોને કહેવામાં આવે કે આ મગફળી ખરીદી શકાય નહિ તો માલ ઠાલવવાનો અને પાછો ભરવાની મજૂરી કોણ ચૂકવે ? અને આવો



હઠાગ્રહ શા માટે રાખવામાં આવી રહ્યો છે તેમ જણાવી ટેકાના ભાવે હવે મગફળી વેચવાને બદલે ખેડૂતો યાર્ડ છોડી ચાલ્યા ગયા હતા. ઉલ્લેખનીય છે કે, અગાઉ મોંટામાથાઓ મગફળી કૌભાંડ આચરીને જતા રહ્યા અને હવે સરકાર ખેડૂતોને હેરાન પરેશાન કરવા જ આવા કાવાદાવા કરી નહિવત માત્રામાં ખેડૂતોની મગફળી ખરીદવાની મસમોટી જાહેરાત કરી ખેડૂતોને પરેશાન કરવાનું શરૂ કરતા આશ્ચર્ય સર્જાયું છે.

# કોડિનાર માર્કેટયાર્ડના ચેરમેન વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી

કોડિનાર, તા.૧૫

કોડિનાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની આજે બિનહરીફ વરણી થઈ છે.

કોડિનાર ઉત્પન્ન બજાર સમિતિના હોલમાં ગીર-સોમનાથ જિલ્લા રજિસ્ટ્રાર આર.પી. ખરારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ચેરમેન, વા.ચેરમેનની ચૂંટણી માટે નવા ટર્મની બોર્ડની પ્રથમ બેઠક મળી હતી. જેમાં ચૂંટાયેલા તમામ ૧૪ ડિરેકટરોએ હાજર રહી



ચૂંટણીની કાર્યવાહી આગળ ધપાવતા ચેરમેન તરીકે સુભાષભાઈ વિરભણભાઈ ડોડિયાના નામની દરખાસ્ત બાલુભાઈ કાનાભાઈ કામળિયાએ કરતા તેની ઝાલા ભરતભાઈ રામભાઈએ ટેકો આપતા અને વાઈસ ચેરમેન તરીકે વાઢેલ ભીખાભાઈ મેરૂભાઈ ના નામની દરખાસ્ત હાજી આદમ અલીમહંમદભાઈએ કરતાં તેને કાળુભાઈ નારણભાઈ બારડે ટેકો આપતાં સર્વ ડિરેકટરોએ સર્વસંમતિથી અને આ બંને હોદ્દા માટે અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ન ભરતા જિલ્લા રજિસ્ટ્રાર ખરારીએ ચેરમેન પદ માટે સુભાષભાઈ વિરભણભાઈ ડોડિયા અને વાઈસ ચેરમેન તરીકે વાઢેળ ભીખાભાઈ મેરૂભાઈને બિનહરીફ જાહેર કરતાં તમામ ડિરેકટરો-દરેક સહકારી સંસ્થાના આગેવાનો-ભાજપના અગ્રણીઓએ તેમને આવકારી શુભેચ્છા પાઠવી હતી. આ તકે જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન પી.એસ. ડોડિયા, ગીર-સોમનાથ ભાજપ કોષાધ્યક્ષ દતાભાઈ કોગ્જે સંઘ પ્રમુખ દિલીપભાઈ મોરી, નગરપાલિકા પ્રમુખ રફીકભાઈ જુણેજા, ગુજરાત ભાજપ લઘુમતી મોર્ચાના ઉપપ્રમુખ જીશાનભાઈ નકવી, વરસીંગભાઈ વાળા, બાબુભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

# ભાવનગરમાં ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં પાકીટમારો ઝડપાયા

## પકડાયેલ અને નાસી છૂટેલ પાકીટમારો અમદાવાદના

ભાવનગર,તા.૧૫

ભાવનગર શહેરમાં આજે મોડી સાંજે યોજાયેલા ભાજપના સ્નેહમિલન કાર્યક્રમમાં કેટલાકના પાકીટો મોબાઈલ ચોરાતા હોબાળો મચી ગયો હતો. આ અંગે એક યુવક પકડાય જતા ભાજપના કાર્યકર્તાઓએ સખત માર મારતા યુવક અધ મુવો થઈ ગયો હતો અને સારવાર કરાવવી પડી હતી. આ અંગે તસ્કરોએ પણ ટોળા સામે માર માર્યાની ફરિયાદ નોંધાવતા ભાજપના આગેવાનોએ રીતસર એ-ડિવિઝન પોલીસ મથકમાં દેકારો મચાવ્યો હતો. આ અંગે ભાજપમાં આગેવાને એલઆઈસી વીમા એજન્ટ ઉત્તમભાઈ જેયંતીભાઈ સોલંકીએ એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદી બન્યા હતા. દરમ્યાન ઝડપાયેલા તસ્કર અમદાવાદમાં વટવા ક્રોસીંગ પાસે રહેતા સાદિક મહંમદભાઈ શેખ (ઉ.વ.૨૫) હોવાનું અને તેની સાથે અન્ય સાથી ભાગી છુટયા હતા. જેમાં નામ મહંમદ હનીફ ત્રીજાનું નામ અસ્ફાક અને ચોથાનું નામ અસલમ છે. તમામ અમદાવાદના રહેવાસી છે.ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, મનસુખ માંડવિયા શહેર પ્રમુખ તથા આગેવાનો કાર્યકર્તાના વિશાળ સ્નેહમિલનના કાર્યક્રમમાં ચોર ઝડપાતા ભારે ચકચાર મચી ગઈ હતી.

# જૂનાગઢ : ઉપલા દાતાર ઉર્ષ દરમ્યાન પ્રતિબંધાત્મક હુકમો

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢના ઉપલા-નીચલા દાતાર ખાતે તા.૧૮-૧૧-૨૦૧૮થી તા.૨૧-૧૧-૨૦૧૮ સુધી ઉર્ષ ઉજવવામાં આવનાર છે. જેમાં બહોળા પ્રમાણમાં શ્રધ્ધાળુઓ ભાગ લેનાર છે. ઉર્ષ દરમ્યાન કોઇ જાતનો અનિચ્છનિય બનાવના બને તે હેતુથી તા.૧૮થી ૨૧-૧૧-૨૦૧૮ સુધી ઉપલા દાતાર તરફ જતા તમામ માર્ગો, પગદંડીઓ અને પગથિયાઓ સહિત ઉપલા દાતાર ઉપર જવા સારૂ ઉપલા દાતારના સમગ્ર ડુંગર વિસ્તારમાં વિલીંગ્ડન ડેમ સાઈટ અને જાહેર ઉદ્યાન સિવાય કોઈપણ વ્યમક્તિને પ્રવેશબંધી ફરમાવતુ જાહેરનામુ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જે.એમ. રાવલે પ્રસિદ્ધ કર્યું છે.

એક્ઝીકયુટીવ મેજિસ્ટ્રેટ જૂનાગઢની પરમીટ મેળવીને જનાર અને પરમીટની શરતો મુજબ વર્તનાર વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

ઉર્ષ પર્વ દરમ્યાન કોઇ જાતનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ જવલંત એમ. રાવલે તા.૧૮/૧૧/૨૦૧૮થી તા.૨૧/૧૧/૧૮ સુધી ઉપલા દાતાર ખાતે જવા માટે સીડીના પ્રથમ પગથિયાથી ઉપલા દાતાર સુધીના કોઇપણ ભાગમાં ફોટોગ્રાફી-વીડિયોગ્રાફીની સી.આર.પી.સી.ની કલમ-૧૪૪ મુજબનું મનાઇ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. આ હુકમોનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# સંસ્થા સમાચાર

## ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટ દ્વારા મદ્રેસાના બાળકોનો જલસો અને વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ

ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટ દ્વારા જશ્ને ઈદેમિલાદુન્નબી (સ.અ.વ.)ની ઉજવણીના ભાગરૂપે તા.૧૯-૧૧-૨૦૧૮, સોમવારે રાત્રે ૯ કલાકે ટાવર બજાર ચોક, ધોળકામાં ઈનામી જલસાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને એમ.જી. ગુજરાતી (પૂર્વ પ્રમુખ આણંદ નગરપાલિકા અને ઉપપ્રમુખ જમિયત ઉલેમા-એ-હિન્દ-ગુજરાત રાજ્ય) હાજર રહેશે. મુખ્ય મહેમાન પદે ડૉ. મોહંમદરફી જી. મનસુરી (એસોસીએટ પ્રોફેસર તથા સેનેટ અને સિન્ડીકેટ મેમ્બર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર) ઉપસ્થિત રહેશે. અતિથિ વિશેષ પદે પીરે તરીકત હઝરત મૌલાના મોહંમદયુસુફ નકશબંદી-અશરફી બિરાજશે. વિવિધ મદ્રેસાના ૧૦ બાળકો તકરીર કરશે. ૫૦થી વધુ તેજસ્વી મુસ્લિમ વિદ્યાર્થીઓને સિલ્વર મેડલથી સન્માનિત કરાશે. અસાધારણ સિદ્ધિ મેળવનાર વિશિષ્ટ પ્રતિભાઓનું પણ સન્માન કરાશે.

**ધોળકામાં વિજ્ઞાનમેળો યોજાયો :** ધોળકા ખાતે હિઝ હોલિનેસ ડોક્ટર સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબની ૭૫મી મીલાદ અને બાલદિવસ નિમિત્તે જમાલી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના બાળકોએ વિજ્ઞાન મેળાનું આયોજન કર્યું હતું. જેનું ઉદ્‌ઘાટન ધોળકા આમીલ સાહેબ, પીસાવાડા આમીલ સાહેબ, વિરડી આમીલ સાહેબ અને ધોળકા પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર શ્રી પાવરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ બનાવવામાં સ્કૂલના પ્રિન્સિપાલ, શિક્ષકો, સ્કૂલના કમિટી મેમ્બર્સ અને સ્કૂલના વિદ્યાર્થીઓએ ખૂબ જ મહેનત કરી હતી. (તસવીર : મોહંમદી કાંટાવાલા, ધોળકા)



# જૂનાગઢમાં વનસંરક્ષણ શ્રમજીવીઓની છટણી પ્રક્રિયા હાથ ધરાતાં ઉપવાસ આંદોલન શરૂ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢનાં જંગલમાં ફરજ બજાવતા શ્રમજીવીઓની વનવિભાગ દ્વારા છટણી હાથ ધરાઈ છે. તેમના સ્થાને નવા બિન અનુભવી માણસોની નિમણૂકની ગતિવિધિ તેજ થઈ છે. ત્યારે ભોગ બનેલા મજૂરો દ્વારા સરદાર બાગ સ્થિત



વનવિભાગની કચેરી સામે આજથી ન્યાય ન મળે ત્યાં સુધી ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલનનો પ્રારંભ કરાયો છે.

વનવિભાગ હેઠળની જુદી-જુદી રેન્જમાં રોજમદાર મજૂરોને એક વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવા રોજમદારોને સવેતન રવિવાર અને રાષ્ટ્રીય તહેવારની રજાઓ તેમજ તબીબી સવલત મળવા પાત્ર થશે. આવો સરકારનો હુકમ છે. જેનો અમલ કરવા ઉચ્ચ અધિકારી દ્વારા નાયબ વનસંરક્ષક કક્ષાના અધિકારીઓને લેખિત જણાવ્યું છે. દરમ્યાન આ અધિકારીઓ દ્વારા આઉટ સોર્સિંગ એજન્સીઓ સાથે કરાર કરી નવા માણસોને કે જેઓને વન્યપ્રાણી કે જંગલ રક્ષણનો અનુભવ નથી. તેવા માણસોની ભરતી કરી જૂના રોજમદાર મજૂરોની જગ્યાએ ગોઠવવામાં આવી રહેલ છે. એમ જૂનાગઢ જિલ્લા મંજૂર મંડળમાં પ્રમુખ એન.એલ. કોઠીવાળાએ જણાવ્યું છે. વધુમાં જણાવ્યું કે, ગત માસનો પગાર જોઈતો હોય, તો આઉટ સોર્સિંગનાં ફોર્મમાં સહી કરો. બાકી પગાર પણ મળશે નહીં અને પગાર પણ આપેલ નથી. જયારે જૂના રોજમદારોને છૂટા કરી નવા માણસો આઉટ સોર્સિંગથી રાખવામાં આવે છે. જૂના મજૂરો કે જેમને વન્યપ્રાણી સંરક્ષણનો બહોળો અનુભવ છે. તેઓ આજથી સરદાર બાગ સ્થિત વનવિભાગ કચેરી સામે ઉપવાસ આંદોલન શરૂ કરેલ છે.

# ધાર્મિક કાર્યક્રમ

## મોરબીમાં ઈદે મિલાદ નિમિત્તે વાએઝ થશે

મોરબીમાં જશ્ને ઈદે મિલાદુન્નબી નિમિત્તે માહે રબીઉલ અવ્વલ મહિનાનાં ૭થી ૧૨ ચાંદ, અંગ્રેજી તા.૧૫થી ૨૦-૧૧-૧૮ સુધી મસ્જિદે મોહંમદસલીમ પાસે, હુસૈની ચોકમાં મુફતી સોહેલ એહમદ કાદરી સાહેબ (દિલ્હી) તકરીર ફરમાવશે. એમ આશિકે રસુલ વાએઝ કમિટી-મોરબીની યાદીમાં જણાવ્યું છે.

## ધોરાજીમાં ૧૮મીએ યોજાશે આમદે મુસ્તુફા કોન્ફરન્સ

ધોરાજીમાં પયગમ્બર સાહેબના જન્મદિનની ઉજવણી નિમિત્તે ''આમદે મુસ્તફા કોન્ફરન્સ'' તથા કન્યાઓનો સનદ એનાયત કાર્યક્રમ યોજાશે.

મુસ્લિમ બાળાઓને ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થા ''મદ્રેસા-એ-ફાતીમુત ઝોહરા'' દ્વારા ''આમદે મુસ્તુફા કોન્ફરન્સ'' તથા ઈસ્લામ ધર્મનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થિનીઓને સનદ (ડિગ્રી) એનાયત કરવા, પદવીદાન સમારંભ તા.૧૮ નવેમ્બર, રવિવારના બપોરે ૨:૩૦ વાગ્યે શાહીગરા-મંઝિલ, જૂનાગઢ રોડ ખાતે યોજાનાર છે.

સેમિનારમાં મહંમદ પયગમ્બર સાહેબની જીવન શૈલી કન્યા કેળવણી તથા સ્વચ્છતા અભિયાન વિગેરે વિષયો અંગે શિક્ષણવિદ શહેનાઝ બીબી રઝવી સંબોધન કરશે. કાર્યક્રમના પ્રમુખ સ્થાને આલેમા સલમા આબેદી હાજર રહેશે. કાર્યક્રમને સફળ બનાવવા સૈરાની એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ તથા હાજી અમીન ગાડાવાલા ફાઉન્ડેશન (મુંબઈ) ટ્રસ્ટના અગ્રણીઓ તથા મદ્રેસા-એ-ફાતેમાના કાર્યકરો કાર્યરત છે.

# માળિયા હાટીના પંથકમાં કારે બાઈકને ટક્કર મારતા મહિલા મોતને ભેટી

જૂનાગઢ, તા.૧૫

માળિયા હાટીનાના જુથળ-રામવાવનાં પાટિયા પાસે બેફામ દોડી આવતી કારે બાઈકને અડફેટે લેતા પુત્રની નજર સામે જ માતાનું મોત થયું હતું. માધુપુર નજીકનાં મંડેર ગામે રહેતાં પ્રભાતપુરી ગોસ્વામી, તેમનો પુત્ર તુષાર અને પત્ની અસ્મિતાબેન બાઈક લઈને જેતપુર-સોમનાથ ફોર ટ્રેક ઉપર જઈ રહ્યા હતા. એ સમયે જુથળ-રામવાવનાં પાટિયા પાસે બેફામ દોડી આવતી કાર નં. જી.જે.૦૧ આરબી-૩૨૦૧ના ચાલકે પ્રભાતપુરીના બાઈકને અડફેટે લેતા ત્રણેય રોડ ઉપર ફંગોળાઈ ગયા હતા અને અસ્મિતાબેનને ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું. જયારે પિતા-પુત્રને ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા કેશોદ સારવાર અર્થે ખસેડાયાં હતા. બાદમાં વધુ સારવાર અર્થે જૂનાગઢ રીફર કરાયા હતાં. માળિયા પોલીસે કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

# વેલાવીની વિનયન કોલેજમાં આગામી સત્રથી M.A.નો અભ્યાસક્રમ શરૂ થશે

માંગરોળ, તા.૧૫

માંગરોળ તાલુકાના વેલાવી ગામે સુવિધાસભર વિનયન, વાણિજ્ય અને સાયન્સ કોલેજો કાર્યરત થઈ ગઈ છે. આ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, વાલીઓ અને આગેવાનો દ્વારા અત્રે અનુસ્નાતક કક્ષાનો એમ.એ.નો કોર્સ શરૂ કરવામાં આવે તેવી લાગણી અને માગણી ઉઠી હતી. જેને પગલે વનમંત્રી ગણપતસિંહ વસાવાએ રાજ્યના શિક્ષણમંત્રીને એક પત્ર પાઠવી રજૂઆત કરી હતી. જેને સાનુકૂળ પ્રત્યાઘાત સાંપડ્યા છે. જેથી આગામી સત્રથી અહીં એમ.એ.નો કોર્સ શરૂ થઈ જશે. જેથી ઘર આંગણે ઉચ્ચ અભ્યાસની સુવિધા ઉપલબ્ધ થશે.

# સાબરકાંઠામાં મગફળી ખરીદીમાં પ્રથમ દિવસે જ ફિયાસ્કો બે કિસાનો મગફળી વેચવા આવ્યા : બારદાનની પડી બૂમ

## ખેડૂતોની આવક બમણી કરવાના બણગા ફૂંકતી સરકાર ધરતી પુત્રોની મશ્કરી કરતી હોવાનો સૂર

હિંમતનગર, તા.૧૫

રાજ્ય સરકાર દ્વારા મોટા ઉપાડે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાની કરાયેલી જાહેરાત બાદ ગુરૂવારે સાબરકાંઠા જિલ્લામાં તેની ફિયાસ્કો થયો હોય તેમ બારદાનના અભાવે ખરીદી કરવામાં અડચણ ઊભી થઈ હતી. જો કે, બપોરે રાજ્યના નાગરિક પુરવઠા નિગમ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં બારદાનનો કેટલોક જથ્થો આવ્યો હતો અને હિંમતનગર માર્કેટયાર્ડમાંથી તે પૈકીના કેટલાંક બારદાન અન્ય ખરીદ કેન્દ્ર પર રવાના કરાયા હતા. જેના કારણે પ્રથમ દિવસે અવ્યવસ્થા સર્જાતા અધિકારીઓ માટે નીચાજોણું થયું હતું.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ નાફેડ દ્વારા ગુરૂવારથી સાબરકાંઠા જિલ્લાના તલોદ, સલાલ, હિંમતનગર, ઈડર, વડાલી અને ખેડબ્રહ્મા એપીએમસી માર્કેટમાં અગાઉ જે ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમની પાસેથી નાફેડના કર્મચારીઓ મગફળી ખરીદવાના હતા પરંતુ સરકાર અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ વચ્ચે યોગ્ય સમન્વય ન હોવાને કારણે પ્રથમ દિવસે મગફળી ભરવા માટે બારદાન ઉપલબ્ધ ન હોવાથી હિંમતનગર સહિત અન્ય ખરીદ કેન્દ્રો પર અવ્યવસ્થા સર્જાઈ હતી. જેને લઈને બપોર બાદ ખેડૂતો પાસેથી મગફળી ખરીદી કરવાનું શરૂ કરાયું હતું.

આ અંગે સાબરકાંઠા પુરવઠા નિગમના અધિકારી આહિરે કરેલા દાવા મુજબ ગુરૂવારે નિગમના ગોડાઉનમાંથી એક ટ્રક ભરીને બારદાન હિંમતનગર એપીએમસીમાં લવાયા હતા અને ત્યાંથી અન્ય સ્થળે કેટલોક જથ્થો રવાના કરાયો હતો. તો બીજી તરફ મગફળી વેચવા આવેલા રોષપૂર્વક જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક બમણી કરવાના બણગા ફૂંકતી સરકાર કોઈપણ જાતનજી તૈયારી વગર મોટા ઉપાડે જાહેરાતો કરીને ખેડૂતોને મુશ્કેલી મૂકી જાણે કે મશ્કરી કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા જિલ્લામાં મગફળી પકવતા ખેડૂતોએ દિવાળી અગાઉ ખેતરોમાંથી મગફળી તૈયાર કરીને ઘરે લાવી દીધા બાદ ૭૦ ટકા ખેડૂતોએ મગફળી વેચી દીધી છે. જેથી હવે ફક્ત ૩૦ ટકા ખેડૂતો પાસે મગફળી પડી રહી છે. જેથી સરકારે ખેડૂતોને મદદરૂપ થવું હતું તો દિવાળી અગાઉ આવા ખરીદ કેન્દ્રો શરૂ કરવાની જરૂર હતી. સાબરકાંઠા જિલ્લામાં આવેલા તમામ તાલુકાઓમાંથી ટેકાના ભાવે મગફળી વેચવા માટે હજારો ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં માલ વેચવા માટે કલાકો સુધી નિગમના કર્મચારીઓની રાહ જોઈને બેસી રહેવું પડે તે યોગ્ય નથી. દરમ્યાન એક જવાબદાર અધિકારીએ નામ ના આપવાની શરતે એવું પણ જણાવ્યું હતું કે, મગળફીની ખરીદીમાં જે અવ્યવસ્થા ઊભી થઈ છે. તેના માટે જવાબદાર કર્મચારીઓ સામે પગલા લેવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિંમતનગરના ખરીદ કેન્દ્ર પરથી અંદાજે ૧૦ ખેડૂતો પાસેથી મગફળી ખરીદવામાં આવી હતી. નિગમે નક્કી કર્યા મુજબ દરરોજ ૫૦ ખેડૂતો પાસેથી મગફળી ખરીદી કરાશે.

**કેટલા ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું ?**

સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાઓમાંથી ટેકાના ભાવે એટલે કે પ્રતિ ૨૦ કિલોના રૂા.૧ હજારના ભાવે મગફળી વેચવા માંગતા અંદાજે ૧૭,૭૦૮ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી હિંમતનગર તાલુકાના ૩૨૬૫, ઈડરના ૫૦૫૮, ખેડબ્રહ્માના ૨૧૯૪, પ્રાંતિજના ૧૫૦૦ જ્યારે તલોદ તાલુકાના ૫૭૯૦ ખેડૂતોને સમાવેશ થાય છે.

# જિલ્લા ભાજપ યુવા મોરચાના અગ્રણીની આત્મહત્યાના બનાવમાં ભાજપના પૂર્વ મહામંત્રી સહિત બે જણાની પોલીસે ધરપકડ કરી

## વ્યાજખોરોના ત્રાસથી પોતાના મકાનમાં જ આત્મહત્યા કરી હતી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૫

કરજણ તાલુકામાં જમીન લે-વેચનો ધંધો કરતાં એક યુવાને વ્યાજખોરોના ત્રાસથી ઘરમાં જ કરેલા આત્મહત્યાના કરેલા બનાવમાં ભાજપના પૂર્વ મહામંત્રી સહિત બે જણાની આત્મહત્યા પ્રકરણમાં કરજણ પોલીસે આજે ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી વિગત અનુસાર, એક વર્ષ અગાઉ ૫ ઓકટોબર, ૨૦૧૭ના રોજ કરજણ તાલુકામાં જમીન-લે વેચનો ધંધો કરનાર ભાજપ યુવા મોરચાનાં અગ્રણી પિનાકીન પટેલે વ્યાજખોરોના ત્રાસથી ઘરમાં જ આત્મહત્યા કરી જીવન ટૂંકાવી નાખ્યું હતું. આત્મહત્યા કરનાર પિનાકીન જિલ્લા ભાજપ યુવા મોરચાનો અગ્રણી હતો. પિનાકીન પટેલના વૃદ્ધ પિતા રસીકભાઈએ પોતાના પુત્રએ વ્યાજખોરોના ત્રાસથી પોતાના પુત્રએ આત્મહત્યા કરી હોવાનું જણાવ્યું હતું. વૃદ્ધ પિતાએ આ વ્યાજખોરોને સજા થાય તે માટે એક વર્ષથી કોર્ટના ધક્કા ખાધા હતા. જેમાં પિનાકીનની સુસાઈડ નોટના આધારે અને બેંકના એન્ટ્રી અને પરિવારજનોના નિવેદનને ધ્યાનમાં લઈ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી પ્રવિણસિંહ અટાલિયા અને ભરતસિંહ ચાવડાના નામ તપાસમાં ખુલવા પામ્યા હતા. પિનાકીન પટેલે તત્કાલીન ભાજપના ધારાસભ્ય સતીષ નિશાળિયા અને દિનેશ ભટ્ટ સાથે મળીને કરજણ તાલુકાના કરમડી ગામે જમીન ખરીદી હતી. જે જમીનનો પહેલો હપ્તો ચૂકવી દેવામાં આવ્યા બાદ દિનેશ ભટ્ટ દ્વારા બીજો હપ્તો નહીં ચૂકવાતા પિનાકીન પટેલે પ્રવિણસિંહ અટાલિયા પાસેથી રૂા.૧૭ લાખ ૭ ટકા વ્યાજે તેમજ ભરતસિંહ ચાવડા પાસેથી રૂા.૧૯ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા હતા. આ રૂપિયા પરત મેળવવા અને વ્યાજ સહિત પેનલ્ટી વસૂલ કરવા બંને આરોપીઓએ મુળ રકમ કરતાં ૫ ઘણા રૂપિયા વસુલ કરી લીધા હતા.

આત્મહત્યા કરનાર પિનાકીનની ડાયરીમાં પ્રવિણસિંહ અટાલિયાના ૧૭ લાખને બદલે ૧ કરોડ ચૂકવ્યા હોવાની અને ભરતસિંહ ચાવડાનાં ૧૯ લાખને બદલે ૧ કરોડ, ૨૫ લાખ વસુલ્યા હોવાની વિગતો મળી આવી હતી. આ બંને આરોપીઓએ પિનાકીન પટેલની મિલક્તોનું પણ કબજા વિનાનું બાનાખત લખાવી લીધું હોવાનું સર્ચમાં બહાર આવ્યું હતું. જેથી જિલ્લા પોલીસવડાના આદેશથી જિલ્લા એલસીબી શાખાએ ભાજપનાં અગ્રણી પ્રવિણસિંહ અટાલિયા અને ભરતસિંહ ચાવડા વિરૂદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા અંગેનો ગુનો નોંધી કરજણ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી હતી.

# ધી પાનોલી ગ્રુપ એગ્રી એન્ડ માર્કેટિંગ સોસાયટીમાં પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી

અંકલેશ્વર, તા.૧૫

ધી પાનોલી ગ્રુપ કો.ઓ. એગ્રી. પ્રો.પ્રો. એન્ડ માર્કેટિંગ સોસાયટી લી.માં આજરોજ પ્રમુખ અને ઉપપ્રમુખની અંકલેશ્વરના નાયબ કલેકટર અને પ્રાંત અધિકારી રમેશભાઈ ભગોરાની દેખરેખ તથા સહકારી સભ્યોની સર્વાનુમતેથી પ્રમુખ ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરાતા આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી.



ધી પાનોલી ગ્રુપ એગ્રી એન્ડ માર્કેટિંગ સોસાયટીમાં પ્રમુખ તરીકે ઈકબાલ હાંટીયા તથા ઉપપ્રમુખ તરીકે ગુમાનભાઈ પટેલની બિનહરીફ વરણી કરાતા પરચેઝ સેલના પ્રમુખ બાબુભાઈ દેસાઈ તથા સહકારી અગ્રણીઓ શુભેચ્છાઓ પાઠવતા નજરે પડે છે. (તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અત્રેના પાનોલી જીન ખાતે સવારે ૧૧:૩૦ કલાકે એ.પી.એમ.સી.ના ચેરમેન કરશનભાઈ પટેલની હાજરીમાં સભાસદો તથા સહકારી આગેવાનોની હાજરીમાં પાનોલી જીનના સભાખંડમાં અંકલેશ્વરના નાયબ કલેક્ટર અને પ્રાંત અધિકારી રમેશભાઈ ભગોરા તથા સહકારી મંડળીઓના પ્રતિનિધિઓની હાજરીમાં મીટિંગ કરાઈ હતી અને ચૂંટણીની પ્રક્રિયક્રમાં ઈકબાલ ઈસ્માઈલ હાંટીયા પ્રમુખ માટે તથા ઉપપ્રમુખ માટે ગુમાનભાઈ બાલુભાઈ પટેલ માટેના ફોર્મ ભરાયા હતા. જે એક એક જ ફોર્મ ભરાતા જેઓને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. આ પ્રસંગે તમામ સહકારી આગેવાનો તથા એ.પી.એમ.સી.ના ચેરમેન કરશનભાઈ પટેલ અને પરચેઝ સેલ યુનિયનનાં પ્રમુખ બાબુભાઈ દેશાઈએ તથા સભાસદોએ ઈકબાલ હાંટીયા તથા ગુમાનભાઈ પટેલને ફુલ હાર પહેરાવીને શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે પરચેઝ સેલ યુનિયનના મેનેજર શબ્બીરભાઈ પટેલ, મોલવી સુલેમાન ભૈયાત, એસ.ડી. પટેલ, એસ.કે મોમલા, યુનુસ જકડા, એ.જી. પટેલ, ઐયુબભાઈ લીંબાડા, ઉસ્માન ખાન પઠાણ, સહિતના અગ્રણીઓ હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

### ખેડૂતોના પ્રશ્નો બાબતે મામલતદારને આવેદન અપાશે

# ખેડૂત હિતરક્ષક દળ સમક્ષ આમોદ તાલુકાના ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કર્યો

(સંવાદદાતા દ્વારા) આમોદ, તા.૧૫

ખેડૂત હિતરક્ષક દળના પ્રમુખ માવસંગ પરમાર અને કોડીનેટર યાકુબ ગુરજીએ આમોદના ખેડૂતોની મુલાકાત કરી ખેડૂત વિરોધી મનોવૃત્તિ ધરાવતી સરકાર સામેનો ખેડૂતોનો આક્રોશ સાંભળી સોમવારે તારીખ ૧૯/૧૧/૨૦૧૮ના રોજ મામલતદારને ખેડૂતોના સ્થાનિક પ્રશ્નો બાબતે આવેદન પત્ર આપવાનું નક્કી કર્યું.

આમોદ ખાતે કાકુજીની વાડીએ વિવિધ ગામો અને આમોદ શહેરના વરિષ્ઠ ખેડૂત આગેવાનો એકત્રીત થઈ ખેડૂત હિતરક્ષક દળના આગેવાનો સામે આમોદ તાલુકાના વિવિધ વિસ્તારોમાં નર્મદા નિગમની નહેરો તો બની છે પણ આજ સુધી સિંચાઈના પાણીથી ખેડૂતો વંચિત રહ્યા છે.

આમોદ તાલુકામાં મુખ્યત્ત્વે લોકોનો જીવન નિર્વાહ ખેતીની આવક ઉપર જ નિર્ભર છે કપાસ અને તુવરની ખેતી મુખ્ય રીતે કરવામાં આવે છે, ભૂતકાળની સરકારોએ સિંચાઈના પાણી માટે નહેરો નું આયોજન થયું ખેડૂતોએ પોતાની જમીન સંપાદનમાં આપી પણ ભાજપ સરકારના શાસનકાળથી ખેડૂતો માટે બનાવવામાં આવેલી નહેરો સોભાના ગાંઠીયા સમાન બની રહી છે.

આમોદ ખાતેની આમોદ -૨ નંબરની નહેરમાં માત્ર ભીમપુરા સુધી પાણી આવે ત્યાંથી ગજાપરા,આમોદ રોડ, કાળી ભોંય જમીન અને ખાડી વિસ્તાર સુધી આજ સુધી પાણી મળ્યું નથી જ્યારે નિગમના અધિકારીઓ અને કર્મચારી સબ સલામત છે બધે જ પાણી મળે છે ના ગીત વગાડે છે તદુપરાંત માઈનોર ૧,૨,૩, ના અસર ગ્રસ્ત ખેડૂતો પોતાનો પાણી વિના સુકાતો પાક નિહાળી સરકારની ખેડૂત વિરોધી નીતિથી આક્રોશ સાથે પોતાની હૈયાવરાળ ખેડૂત હિતરક્ષક દળના આગેવાનો સામે રજૂ થતા સોમવારના રોજ આમોદ મામલતદાર અને નિગમના કાર્યપાલક ઈજનેરને આવેદન પત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.યોગેસભાઈ પટેલ, રાજુભાઈ હિરાભાઈ પટેલ, યુસુફભાઈ મલેક, ડાહ્યાભાઈ નરસિંહભાઈ પટેલ, સમદ પટેલ, ભુપેન્દ્રભાઈ રોધ અને મેહબુબ કાકુજીએ હાજર રહી ખેડૂતોની વ્યથા રજૂ કરી ખેડૂત વિરોધી સરકાર સામે હવે પોતાના હક અને અધિકાર માટે અવાજ ઉઠાવવાનું નક્કી કરાયું છે.

# પાલનપુરના લાલાવાડા નજીક ટ્રકની ટક્કરે બાઈક ચાલકનું મોત

પાલનપુર, તા.૧૫

પાલનપુર તાલુકાના કરજોડા ગામનો યુવક ગુરૂવારે સાંજના સુમારે લાલાવાડા ગામે તેના મિત્રને ત્યાંથી અભ્યાસનું પુસ્તક લઈને પરત ફરી રહ્યો હતો. ત્યારે ડેરી રોડ ઉપર પુરઝડપે પસાર થઈ રહેલા આઈશર ટ્રકના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવકનું માથું ટાયર નીચે આવી જતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતુ. અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

પાલનપુર નજીક સર્જાયેલા અકસ્માતની વિગત એવી છે કે, પાલનપુર તાલુકાના કરજોડા ગામનો રાહુલભાઈ હિરાભાઈ પરમાર (માજીરાણા) ઉ.વ. ૧૯ પાલનપુરની જી.ડી. મોદી કોલેજમાં અભ્યાસ કરે છે. જે ગુરૂવારે સાંજના સુમારે લાલાવાડા ગામે તેમના મિત્રને ત્યાં બાઈક લઈને અભ્યાસનું પુસ્તક લેવા માટે ગયો હતો. ત્યાંથી પરત આવી રહ્યો હતો. ત્યારે ડેરી માર્ગ ઉપર પુરઝડપે આવી રહેલા આઈશર ટ્રકના ચાલકે બાઈકને ધડાકાભેર ટક્કર મારી હતી. જેમાં બાઈક દૂર ફંગોળાઈ ગયું હતું. જ્યારે રાહુલનું માથું ટ્રકના પાછળના ટાયરમાં આવી જતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોનું ટોળુ એકત્ર થઈ ગયું હતુ. અને સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

### અંકલેશ્વરના હવામહેલ પાસે

# ટ્રક આઝાદ ડીઝલ સેન્ટરમાં ઘૂસી જતાં ભારે નુકસાન

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વરના હવામહેલ પાસે મુંબઈથી ચંડીગઢ જતાં ટ્રક ડાઈવરે ખાતે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં આઝાદ ડીઝલ સેન્ટરમાં ઘૂસી જતાં મોટું નુકશાન થવા પામ્યું હતું. સદનશીબે કોઈ જાનહાનિના થતાં ઘટના સીસીટીવી કેમેરામાં જોવા મળતા ફિલ્મી દૃશ્યો જોવા મળ્યા હતા.




(તસવીર : મુનિર શેખ, અંકલેશ્વર)

મળેલ વિગત અનુસાર મુંબઈથી માલ ભરી હરિયાણા ચંડીગઢ જતી ટ્રક નંબર એચ.આર એચ ૬.બી ૮૭૦૧ લઈને ડ્રાઈવર ઓમપ્રકાશ (ઉ.વ. ૬૦ ) (રહે હરિયાણા અંકલેશ્વર)થી પસાર થઈ રહેલ હતો તે દરમ્યાન હવામહેલ પાસે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતાં ત્યાં આવેલ આઝાદ ડીઝલ સેન્ટરમાં ધડાકા ભેર અથડાતાં આઝાદ ડીઝલ સેન્ટરનો મુખ્ય ગેટ તથા પ્રોટેશન વોલ તોડી નાખી ટ્રક તેમજ સરસામા ને ગંભીર નિકષણ પહોંચાડ્યું હતું. જો કે, સમગ્ર ઘટનામાં સદનશીબે કોઈ જાનહાનિ થવા પામી ના હતી અને ઘટના અંગેની પોલીસ ફરિયાદ પણ નોંધવા પામી નથી ખાસ નોધવું રહું કે અકસ્માતની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં ફિલ્મી દૃશ્યો જોવા મળ્યા હતા.

જો કે, આ અંગે આઝાદ ડીઝલનાં સંચાલક આબીદભાઈ જણાવ્યા અનુસાર ૫થી ૬ લાખનો અંદાજીત નુકશાન થયા હોવાનુ જાણવા મળે છે.

### ભરૂચ દહેજ બાયપાસ રોડ પર આવેલ

# સલૂનમાં તોડફોડ મામલે પોલીસે ફરિયાદી બની મહિલાઓ સામે ગુનો નોંધ્યો

ભરૂચ, તા.૧૫

ભરૂચના દહેજ બાયપાસ રોડ પર આવેલ સલુનમાં તોડફોડના મામલામાં ખૂદ ભરૂચ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ભરૂચના દહેજ બાયપાસ રોડ પર આવેલ દીપ્સ યુનિસેક્સ સલુનમાં દસેક મહિલાઓએ થોડા દિવસ પૂર્વે ધસી જઈ તોડફોડ કરી આતંક મચાવતા ચકચાર મચી જવા પામી હતી. આ સમગ્ર પ્રકરણમાં સલુનના સંચાલક ફરિયાદ આપવાથી દૂર રહ્યા હતા. તો બીજી બાજુ સ્થળ પર દોડી ગયેલ પોલીસે સી.સી.ટી.વી. ફૂટેજ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ચકચારી હુમલાના પ્રકરણમાં અંતે ભરૂચ ‘એ’ ડિવિઝન પોલીસે સી.સી.ટી.વી. ફૂટેજના આધારે ફરિયાદી બની ગુનો નોંધ્યો છે. જેમાં માલણબેન નયનભાઈ કાયસ્થ ઉપરાંત કોમલબેન વસાવા, માલણનીબેન સોનલ, પ્રિયંકાબેન મકવાણા, વૈષ્ણવી વાઘેલા, રેશ્માબેન શેખ તેની બેન તેમજ અન્ય એક યુવતી સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૫૦૪, તેમજ જી.પી. એક્ટ ૧૩૫ મુજબ ગેરકાયદેસર મંડળી બનાવી જાહેરમાં બેઝબોલ, સ્ટીક લાકડીઓ સાથે દિપ્સ યુનિસેક્સ સલુનમાં જઈ તોડફોડ કરી અંદાજે રૂા.૧,૦૦,૦૦૦/-નું નુકસાન કરી ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

આ સમગ્ર પ્રકરણમાં ભરૂચના કુખ્યાત બુટલેગરનું નામ સંડોવાયેલુ હોવાનું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે અને તે પાછળ અનેક તર્ક વિતર્ક પણ થઈ રહ્યા છે.

# કપડવંજ તા.ના ૧૦ ગામોમાં એકતાયાત્રા આજે પરિભ્રમણ કરશે

નડિયાદ, તા.૧૫

ખેડા જિલ્લામાં બીજા તબક્કાની એક્તા યાત્રાનો કપડવંજ તાલુકાના તોરણાથી પ્રારંભ થયો છે. સરદાર પટેલના એક્તા અખંડિતતાનો સંદેશો લોકો સુધી પહોંચાડવા આવતીકાલ તા.૧૬-૧૧-૨૦૧૮ના રોજ એક્તા યાત્રા કપડવંજ તાલુકાના મોટીઝેર, અલવા, થવાદ, માલઈટાડી (૫-ભાગ), માલ ઈટાડી (બા-ભાગ), ફાગવેલ, પોરડા ફાગવેલ સહિત ૧૦ ગામોમાં પરિભ્રમણ કરશે એમ કલેક્ટર આઈ.કે. પટેલે જણાવ્યું છે.


**નામ બદલેલ છે**

**જૂનું નામ**
**લોરીયા ઈસ્હાક (ISHAQ) સુલેમાન**
**નવું નામ**
**લોરીયા ઈસ્હાક (ISHAK) સુલેમાન**

સરનામું : લોરીયાવાસ, સેવાલણી, તા.સિદ્ધપુર, જિ.પાટણ-૩૮૪૨૯૦



**દિલી મુબારકબાદી**



ધી પાનોલી ગ્રુપ કો.ઓ. એગ્રી. પ્રો.પ્રો. એન્ડ માર્કેટિંગ સોસાયટી લી., પાનોલીના નવ યુવાન આગેવાન ઈકબાલ ઈસ્માઈલ હાંટીયાની પ્રમુખ તરીકે તથા ગુમાનભાઈ પટેલની ઉપપ્રમુખ તરીકે બિનહરીફ વરણી થતા હમો આવકારીને દિલી મુબારકબાદી પાઠવીએ છીએ.

શુભેચ્છક

અહમદ મહમદ જકડા, પાનોલી
જાબીર ઐયુબ કીકા, પાનોલી
મોઈન અનવર શહેરી
ઈમરાન મહંમદ પટેલ, રવીદ્રા
એસ.કે. મોમલા, પાનોલી
હનીફ અહમદ હાટીયા
ઈકબાલ સુલેમાન ગોરી, નવાગામ
ફૈઝ મોહંમદ ગુલામ પટેલ, સરપંચ રવીદ્રા


### સ્પીડબ્રેકર મૂકવાની માંગ

# ડભોઈ શિનોર ચોકડી પાસે બાઈક ટ્રક સાથે અથડાતાં આધેડનું મોત

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૫

ડભોઈ શિનોર ચાર રસ્તા નજીક આવેલી પાર્વતીનગર સોસાયટી ખાતે રહેતા હસમુખભાઈ વિઠ્ઠલભાઈ પ્રજાપતી ઉ.વ.૫૨ જે મુળ રહે. કાકોસી તા.સિદ્ધધપુર જિ. પાટણનાઓ નાસ્તો કરી પોતાની મોટરસાઈકલ જી.જે.૦૨ બી.જે.૬૮૫૧ને ગફલતભરી રીતે હંકારી ઘરે જઈ રહ્યા હતા તે દરમ્યાન નસવાડી ટાઈલ્સ ભરી ખાલી કરવા જતો આઈશર ટેમ્પો નં. જી.જે.૦૭ યુ.યુ.૮૪૪૧ ના ડ્રાઈવર સાઈડના પાછડના વ્હીલમાં બાઈક અથડાઈ હતી આ અકસ્માતમાં હસમુખભાઈને માથાના ભાગે ભારે ઈજાઓ થતા તાત્કાલિક આસપાસથી પસાર થતા લોકોએ રેફરલ હોસ્પિટલ લઈ જવા ફરજ પડી હતી પરંતુ હસમુખભાઈ દવાખાને પહોંચે તે પહેલા જ તેમનું મોત નિપજ્યુ હતું. ડભોઈ પોલીસે આઈશર ચાલકની ફરિયાદને આધારે અકસ્માતનો ગુનો નોંધી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે તો શિનોર ચાર રસ્તા પાસે અવાર નવાર બનતા અકસ્માતને પગલે રહિશોમાં ભય સેવાઈ રહ્યો હોઈ શિનોર ચાર રસ્તા પાસે પુર ઝડપે ચાલતા વાહનોને ધીમા કરવા ગતી અવરોધક ઊભા કરવા ભારે માંગ ઉઠવા પામી છે.

# સિદ્ધપુરના વાઘણા ગામના કિશોરનું હોટલ પાસેથી અપહરણ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૫

ઉમરેઠ ડાકોર રોડ ઉપર આવેલી સહયોગ હોટલમાં કામ કરતાં સગીર વયના કિશોરનું કોઈ અજાણ્યા શખ્સો અપહરણ કરી લઈ ગયા હોવાનો બનાવ ઉમરેઠ પોલીસ મથકે નોંધાયો છે.મળતી વિગતો અનુસાર પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકાના વાઘણા ગામે બસ સ્ટેન્ડ પાછળ મોમીનવાસમાં રહેતાં ઈમ્તીયાઝભાઈ નસીરભાઈ સુણસરાનો પુત્ર મહંમદ (ઉ.વ. ૧૬) જે છેલ્લા બે માસથી ઉમરેઠ નજીક ડાકોર રોડ ઉપર આવેલી સહયોગ હોટલમાં કામ કરતો હતો અને હોટલમાં જ રહેતો હતો. ગત તા. ૨૮-૯-૨૦૧૮ના રોજ ઈમ્તીયાઝભાઈએ પોતાના દિકરા મહંમદને ફોન કરી ક્યારે ઘરે આવવાનો છું તેવી પૂછપરછ કરતાં તેણે તા. ૩૦-૯-૨૦૧૮ના રોજ ઘરે આવીશ તેમ જણાવ્યું હતું પરંતુ મહંમદ તે તારીખે ઘરે નહીં જતાં ઈમ્તીયાઝભાઈએ તા. ૧-૧૦-૨૦૧૮ના રોજ મહંમદના મોબાઈલ ફોન પર સંપર્ક સાધવાનો પ્રયાસ કરતા મોબાઈલફોન સ્વીચઓફ હતો. જેથી આ બાબતે તેઓના હોટલના માલિક અરસદભાઈનો સંપર્ક કરતા તેઓએ ફોન રીસિવ કરેલો નહીં જેથી આ બાબતે અર્ષદભાઈના સાળા વાજીદભાઈનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ કે અર્ષદભાઈ પોતાનો મોબાઈલ હોટલ ઉપર મૂકી બહાર ગયા છે. ત્યારબાદ રાત્રે ૧૦ વાગે ઈમ્તીયાઝભાઈએ અર્ષદભાઈને ફોન કરેલો અને મહંમદની પૂછપરછ કરી હતી. ત્યારબાદ તા.૫-૧૦-૨૦૧૮ના રોજ ઈમ્તીયાઝભાઈ મક્કા ખાતે ધાર્મિક યાત્રાએ ગયા હતા અને તા.૨૩-૧૦-૨૦૧૮ના રોજ ઘરે પરત આવી તેઓએ પૂછપરછ કરતાં હજૂ સુધી મહંમદ ઘરે પરત નહી આવ્યો હોવાનું જણાતાં તેઓ સગાવ્હાલા તેમજ અન્ય સ્થળે તપાસ કરવા છતાં મહંમદનો પત્તો લાગ્યો ન હતો. જેથી ઈમ્તીયાઝભાઈ ઉમરેઠની સહયોગ હોટલે આવેલા અને પૂછપરછ કરતાં અર્ષદભાઈએ જણાવ્યું હતું કે, મહંમદ તા. ૩૦-૯-૨૦૧૮ના રોજ સવારે ૮ વાગે હોટલ પરથી નીકળી ગયો છે. જેથી મહંમદની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો નહીં લાગતાં સગીર વયના મહંમદનું કોઈ અપહરણ કરી લઈ ગયો હોવાનું જણાતાં આ બનાવ અંગે ઈમ્તીયાઝભાઈ નસીરભાઈ સુણસરાએ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ઈપીકો કલમ ૩૬૩ મુજબ અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**દિલી મુબારકબાદી**



ધી અંકલેશ્વર તાલુકા કો.ઓ.પરચેઝ એન્ડ સેલ યુનિયન લિ.ની ચૂંટણીમાં બાબુભાઈ આદમજી દેસાઈની પ્રમુખ તથા ભરતકુમાર પંડ્યા ઉપપ્રમુખ તરીકે બીજી વખત બિનહરીફ વરણી થવા બદલ હમો દિલી મુબારકબાદી પાઠવીએ છીએ.

શુભેચ્છક

મહમદ સુલેમાન પારેખ
યાકુબ મહમ્દ મુલ્લા
છોટા કાસીમ અહમદ ડણકા
ધી. ઉમરવાડા મુસ્લિમ વેલ્ફેર એન્ડ એજ્યુકેશન સોસાયટી, મુ.ઉમરવાડા, તા.અંકલેશ્વર



**દિલી મુબારકબાદી**



ધી અંકલેશ્વર તાલુકા કો.ઓ. પરચેઝ એન્ડ સેલ યુનિયન લિ.ની ચૂંટણીમાં બાબુભાઈ આદમજી દેશાઈની પ્રમુખ તથા ભરતકુમાર પંડ્યા ઉપપ્રમુખ તરીકે બીજી વખત બિનહરીફ વરણી થવા બદલ હમો દિલી મુબારકબાદી પાઠવીએ છીએ.

શુભેચ્છક

ઈબ્રાહીમ ગંગાત (માર્શલ)
ઈમ્તિયાઝ માંકરોડ (ઉમરવાડા સરપંચ)
ઈમરાન માંકારોડ
મહંમદ ગંગાત
લુકમાન નિયાઝી
ઈમરાન દેશાઈ
ઈમરાન ગંગાત
અસલમ લીંબાડા
સરફરાઝ ભૈયાત
જુનેદ પાચભાયા
હનીફ દરસોત
ઈમ્તીયાઝ દુધાત
શોએબ ગંગાત

# ખીણમાં બનેલી ચીનની સ્વેન્કી હોટલના દ્વાર ગ્રાહકો માટે ખુલ્લા મૂકાયા

### હોટલના રૂમોનું નિર્માણ પાણીના સ્તરથી પણ નીચું

### ● રાત્રિ રોકાણ માટેનું ભાડું ૩૩૯૪ યાનથી શરૂ



(એજન્સી) શાંઘાઈ, તા.૧૫

ચીને ગુરૂવારે પોતાના ગર્ભશ્રીમંત ગ્રાહકો માટે ખીણની અંદર બનેલી એક હોટલના દરવાજા ખુલ્લા મૂક્યા છે. ૩૩૬ રૂમ ધરાવતી આ સ્વેન્કી હોટલને ૮૮ મીટર ઊંડા (૨૯૦ ફૂટ) મોજાઓથી કઈ રીતે બચાવી શકાય, તે તેના નિર્માણય સમયે ઈજનેરો માટે પણ થોડું અઘરું હતું. શાંઘાઈ વંડરલેન્ડમાં બનેલી આ હોટલમાં થીમ પાર્ક પણ છે, કે જેને ૨૮૮ મિલિયન ડોલરના ખર્ચે બનાવાયો છે. આ હોટલની બનાવટ આધુનિક છે અને તેની એક તરફ ધોધ પડી રહ્યો છે. શાંઘાઈના મધ્ય ભાગમાંથી આ હોલટ સુધી પહોંચવામાં એક કલાક જેટલો સમય લાગે છે. આ હોટલ ૧૭ માળની છે. તેના રૂમમાં રાત્રિ રોકાણ માટેનું ભાડું ૩૩૯૪ યાન (૪૯૦ ડોલર)થી શરૂ થાય છે. આ હોટલના રૂમો પાણીના સ્તરથી નીચે આવેલ છે પરંતુ તેનાથી એવી આશા રાખવાની સહેજ પણ જરૂર નથી કે તેનાથી તમને ખીણનું સંપૂર્ણ દ્રશ્ય જોવા મળશે, કારણ કે હોટલના આ રૂમોના બાહ્ય ભાગમાં વિશાળ ફિશ ટેન્ક લગાવવામાં આવ્યા છે. ચીનના એક વરિષ્ઠ ઈજનેરે આ હોટલના નિર્માણ બાદ જણાવ્યું કે, આપણે શા માટે એવું કહેવું જોઈએ કે ખીણમાં આવેલી આ હોટલની સરખામણી બીજી કોઈ વસ્તુથી ના થઈ શકે. અમે જ્યારે તેને બનાવવાની શરૂઆત કરી ત્યારે અમે આનો કોઈપણ અનુભવ ધરાવતા નહોતા. અમારી પાસે તેને બનાવવાનો પણ કોઈ સંદર્ભ નહોતો. તેના નિર્માણમાં અમને ખૂબ મુશ્કેલી પણ પડી. છતાંય અમે તેના નિર્માણમાં સફળ રહ્યા.

# ૩ મહિનાની બાળકીના હૃદયમાં કાણું, એમ્સએ સર્જરી માટે ૬ વર્ષ પછીની તારીખ આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ત્રણ મહિનાની એક બાળકીના હૃદયમાં કાણું છે. ગત એક મહિનાથી તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. તેના કુટુંબીજનોને રોગ જાણવામમાં વિલંબ થયો. પરંતુ હવે સારવારમાં એમ્સ ઘણો વિલંબ કરવા ઈચ્છે છે. બાળકીની સર્જરી કરવા માટે એમ્સ દ્વારા મહિનાઓ નહીં પરંતુ ૬ વર્ષ રાહ જોવા માટે કહ્યું છે. આ સંસ્થાને પૂછવામાં આવતા કોઈ જવાબ પણ આપવામાં આવ્યો નથી. બાળકીના માતા-પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવી શકતા નથી. જો કે હવે સંસ્થા દ્વારા જ બાળકીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

દિલ્હીથી અડીને આવેલા ફરીદાબાદના રહેવાસી અજયકુમારે જણાવ્યું કે, તેમની બાળકી નૈસીને ખાંસી આવી રહી હતી. જેની સામાન્ય દવા કરાવવામાં આવી હતી. પરંતુ દવાની કોઈ અસર ન થતાં તેને સફદરજંગ હોસ્પિટલ લઈ જવામાં આવી જ્યાં તેને દાખલ કરી ૧૯ દિવસ સુધી સારવાર કરવામાં આવી હતી. ત્યાં જ બાળકીના હૃદયમાં કાણું હોવાની જાણકારી મળી હતી. ત્યારબાદ ડોક્ટરોએ એમ્સ લઈ જવાની સલાહ આપી. ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર માટે ચાર લાખનો ખર્ચ બતાવી રહ્યા છે. એમ્સમાં બાળકીને જોઈન ૪ યુનિટ બ્લડ અને ૫૦ હજાર રૂપિયા પણ ડિપોઝીટ કરાવવા માટે જણાવ્યું. પરંતુ સારવારની તારીખ ૬ વર્ષ પછી ૫ ફેબ્રુઆરી ૨૦૨૪ની આપવામાં આવી હતી. ઘણા આગ્રહ છતાં ડોક્ટરો માન્યા નહીં. આ બાળકીને બચાવવા માટે હાર્ડ કેર ફાઉન્ડેશન આગળ આવ્યું છે. ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટએ બાળકીની સારવાર માટે આપવામાં આવેલી ૬ વર્ષની વેટિંગ પર એમ્સને પત્ર પણ લખ્યો. આ અંગે ડો.અગ્રવાલે જણાવ્યું કે, સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જો તેમની માલિકી હેઠળની હોસ્પિટલમાં સારવાર માટે વેટિંગ એક મહિનાથી વધુ છે તો તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવશે. પરંતુ તેની પર અત્યાર સુધી કંઈ થયું નથી.

# મુંબઈમાં પાંચ વર્ષની તુલનામાં ધ્વનિ પ્રદૂષણ ઘટ્યું, દિવાળી રહી સૌથી ઓછી પ્રદૂષિત

(એજન્સી) મુંબઈ, તા.૧૫

**આ વર્ષે દિવાળીમાં છેલ્લાં પાંચ વર્ષની તુલનામાં સૌથી ઓછું ધ્વનિ પ્રદૂષણ નોંધાયું છે. જો કે, તે સ્વીકાર્ય મર્યાદા કરતાં વધુ હોવાનું મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)ના નોઈસ મોનીટરિંગ રિપોર્ટમાં બહાર આવ્યું છે. એમપીસીબીના અધિકારીના જણાવ્યા અનુસાર મુંબઈમાં ફટાકડાના વપરાશમાં ૫૦ ટકાનો ઘટાડો, જ્યારે સંપૂર્ણ રાજયમાં ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. એમપીસીબીએ રાજયભરના ૧૫૮ ઠેકાણે ધ્વનિ પ્રદૂષણનું નિરીક્ષણ કર્યું હતું, તેમાંથી ૪૫ લોકેશન મુંબઈના હતા. રિપોર્ટ અનુસાર દિવાળીના દિવસે એટલે કે સાત નવેમ્બરના રોજ મેટ્રો સિનેમાની આસપાસના વિસ્તારમાં સૌથી વધુ ઘોંઘાટ હતો. દિવસ દરમિયાન ત્યાં સરેરાશ ધ્વનિનું પ્રમાણ ૭૮ ડેસિબલ અને રાત્રે ૭૧ ડેસિબલ નોંધાયું હતું. દિવાળીના દિવસે બીજા નંબરના ઘોંઘાટિયા વિસ્તારમાં જોગેશ્રવરીના મજાસવાડીનો સમાવેશ થયો હતો, ત્યાં દિવસ દરમિયાન ધ્વનિનું સ્તર ૭૭ ડેસિબલ નોંધાયું હતું. ત્યારબાદ ૭૬.૬ ડેસિબલ સાથે પરેલનો સમાવેશ થયો હતો. રાત્રી દરમિયાન ૭૦.૭ ડેસિબલ સાથે નવી પાસપોર્ટ ઓફિસ, વરલી અને મઝગાંવના તડવાડીના આસપાસનો વિસ્તાર બીજા નંબરનો સૌથી ઘોંઘાટિયા વિસ્તાર તરીકે નોંધાયો હતો. બોરીવલી (પૂર્વ)માં સ્ટેશન નજીકના વિસ્તારમાં દિવસ દરમિયાન સૌથી ઓછું એટલે કે ૬૧.૫ ડેસિબલ અને ઘાટકોપરના ગોરડિયા નગરમાં રાત્રી દરમિયાન ૫૩.૪ ડેસિબલ સાથે સૌથી ઓછું ધ્વનિ પ્રદૂષણ નોંધાયું હતું.**

# કેલિફોર્નિયાના જંગલમાં લાગેલી વિનાશકારક આગમાં ૧૩૦ લોકો ગુમ, ૫૬નાં મોત : પોલીસ

(એજનસી) કેલિફોર્નિયા,૧૫

સંયુકત રાજય અમેરિકાના પશ્ચિમી રાજય કેલિફોર્નિયામાં ઘાતક જંગલની આગ વચ્ચે ૧૩૦ લોકો ગાયબ થઈ ગયા છે. બ્યુટ કાઉન્ટી શેરીફ કોરી હોનાએ જણાવ્યુ કે, આગ લાગવાના કારણે અત્યાર સુધી ૫૬ લોકોનાં મોત થયા છે.પોલીસ પ્રમુખ હોનાએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યુ કે આજે રાત સુધી અમારી પાસે આવેલી યાદીમાં ૧૩૦ લોકો ગાયબ છે તેમજ આઠ લોકોના અવશેષો મળી આવ્યા છે. પોલીસ અનુસાર ૪૭ માનવ અવશેષોની ઓળખ કરવામાં આવી છે. હોનેએ જણાવ્યું કે ૨૦૦થી વધુ લોકો એવા છે. જેમના ગાયબ થવાનું પોલીસે સત્તાવાર રીતે સ્વીકાર્યું નથી. પોલીસે જંગલની આગ વચ્ચે ગાયબ થયેલા ૯૮ લોકોના નામની યાદી જારી કરી છે. જોના અનુસાર અધિકારીઓએ આગમાં મૃત્યુ પામેલા લોકોના અવશેષો શોધવા માટે વધારાના ૨૮૭ કર્મચારીઓ મોકલ્યા છે, જેથી મિશન પર કર્મચારીઓની કુલ સંખ્યા ૪૬૧ થઈ ગઈ છે. કેલિફોર્નિયા અનેક વિશાળ આગથી ઝઝૂમી રહ્યું છે. જે પાછલા અઠવાડિયાથી ૮૦૦૦થી વધુ સંરચનાઓને નષ્ટ કરી ચૂકી છે. બ્લેજ કેંપ ફાયરમાંથી એકને પહેલાંથી જ રાજયના ઈતિહાસમાં સૌથી વિનાશકારી આગ તરીકે નોંધવામાં આવી છે. મીડિયા રિપોર્ટ અનુસાર સ્થાનિક રહેવાસીઓએ વીજળીની લાઈનો બરાબર રાખવામાં નિષ્ફળતાના કારણે સ્થાનિક વીજ સપ્લાય કંપનીને જવાબદાર ગણાવી છે.

# કમલનાથનો મુસ્લિમોને સંઘથી સાવચેત રહેવાની સલાહ આપતો વીડિયો વાયરલ

(એજન્સી) ભોપાલ, તા.૧૫

મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં મુસ્લિમ પ્રતિનિધિમંડળે સાવધ રહેવાની સલાહ આપતા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ કમલનાથનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં કમલનાથ મુસ્લિમ પ્રતિનિધિમંડળને કથિત રીતે કહી રહ્યા છે કે ચૂંટણી પહેલાં તેમણે સજાગ રહેવાની જરૂર છે. કલમનાથના આ નિવેદન પર ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ કોંગ્રેસ પર તૃષ્ટિકરણનું રાજકારણ કરવાનો આરોપ મૂક્યો છે. કમલનાથનો આ વીડિયો રાજ્યમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં કમલનાથ મુસ્લિમ સમાજના પ્રતિનિધિઓ સાથે બેસેલા જોવા મળે છે અને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ) પર હુમલો કરતા કહે છે કે, આરએસએસના કાર્યકરો શું કરી રહ્યા છે અને શું કહી રહ્યા છે એની મને માહિતી છે. આરએસએસનું સૂત્ર છે કે જો હિન્દુને વોટ આપવો હોય તો હિન્દુ સિંહ મોદીને વોટ આપો અને મુસ્લિમોને જીતાડવા હોય તો કોંગ્રેસને વોટ આપો. એમણે કહ્યું કે નાગપુર એમના મતક્ષેત્ર છિંદવાડા નજીક છે જ્યાં સંઘના લોકો દિવસે આવે છે અને રાતે જાય છે. તેઓ ફક્ત બે લાઈનનું પાઠ ભણાવે છે. હિન્દુઓને જીતાડવા હિન્દુ સિંહ મોદીને અને મુસ્લિમોને જીતાડવા છે તો કોંગ્રસને વોટ આપો, આ સંઘની રણનીતિ છે. કમલનાથ મુસ્લિમ સમાજના પ્રતિનિધિઓને કહી રહ્યા છે કે, આ સમય મુસ્લિમોએ જાગૃત અને સાવચેત રહેવાની જરૂર છે. આરએસએસના લોકો મુસ્લિમોને ફસાવવાના પ્રયત્નો કરશે. મતદાન સુધી તમારે વધુ સહન કરવું પડશે. ત્યારબાદ અમે તેનો નિવેડો લાવીશું.

### પોલીસે અશ્લીલ હરકતનો કેસ દાખલ કર્યો

# દિલ્હીમાં સિગ્નેચર બ્રિજ પર કિન્નરોનો ઉત્પાત, અશ્લીલ હરકતોનો વીડિયો થયો વાયરલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

દિલ્હીમાં નવા બનેલા સિગ્નેચર બ્રિજ પર કિન્નરોએ નિર્વસ્ત્ર થઈને ઉત્પાત મચાવ્યો જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં અનેક કિન્નરો અશ્લિલ હરકતો કરતા જોવા મળી રહ્યાં છે અને ગાળો પણ બોલી રહ્યાં છે. જેના પગલે સિગ્નેચર બ્રિજ પર લાંબા સમય સુધી ટ્રાફિક જામ થયો હતો. હાલ આ સમગ્ર મામલે દિલ્હી પોલીસે સાર્વજનિક સ્થળ પર અશ્લિલ હરકતનો કેસ દાખલ કર્યો છે.

પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, સાર્વજનિક સ્થાન પર અશ્લિલ હરકત કરવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આ મામલાની તપાસ થઈ રહી છે. તેમણે જણાવ્યું કે પોલીસે સિગ્નેચર બ્રિજ પર સુરક્ષા કડક કરી દીધી છે. આ અગાઉ કેટલાક લોકોએ આરોપ લગાવ્યો હતો કે પુલ પર પોલીસની હાજરી પૂરતી સંખ્યામાં નથી. ઘટનાના કથિત વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે કિન્નરો સિગ્નેચર બ્રિજ પર કપડાં ઉતારી રહ્યાં છે અને ડાન્સ કરે છે. અનેક વાહનચાલકો તેમને જોવામાં મશગુલ છે. અધિકારીએ કહ્યું કે પોલીસ કથિત ઘટનાની સટીક તારીખની જાણકારી મેળવવાની કોશિશ કરી રહી છે. સિગ્નેચર બ્રિજના ઉદ્ધાટન બાદ જ તે ઘૂમવા ફરવા માટે લોકપ્રિય જગ્યા બની ગઈ છે. મળતી માહિતી મુજબ આરોપી કિન્નરો દ્વિચક્કી વાહનો પર સવાર થઈને સિગ્નેચર બ્રિજ પર પહોંચ્યા હતાં. આ દરમિયાન પહેલા તો કિન્નરોએ તેમની સેલ્ફી લીધી અને ત્યારબાદ કપડાં ઉતારીને અશ્લિલ હરકતો કરવા લાગ્યા હતાં. આ સમગ્ર ઘટનાનો વીડિયો એક કિન્નરે જ બનાવ્યો જે સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. વીાઈરલ વીડિયોમાં કિન્નર અશ્લિલ હરકતો કરતા અને ગાળો બોલતા જોવા મળી રહ્યાં છે.

# સબરીમાલા ખાતે મહિલાઓ માટે અલગ દિવસની સંભાવના : કેરળ સરકાર

**કેરળ સરકારે મંદિરમાં મહિલાઓના પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે કેટલાક નિયમ બનાવવાના સંકેત આપ્યા, કોંગ્રેસ અને ભાજપે સરકારને સુપ્રીમ કોર્ટ પાસેથી તેનો આદેશ લાગુ કરવા માટે વધુ સમય માગવાનું કહ્યું, ૧૭મી નવેમ્બરે સબરીમાલા મંદિર ખોલવામાં આવશે, સર્વપક્ષીય બેઠકમાંથી કોંગ્રેસ અને ભાજપ વોકઆઉટ કરી ગયા, સબરીમાલા મંદિર ખાતે રાજ્યના ૨૧ હજાર પોલીસકર્મીઓને સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત કરાશે**

(એજન્સી) સબરીમાલા (કેરળ), તા, ૧૫

કેરળના સબરીમાલા મંદિરમાં બધી વયની મહિલાઓના પ્રવેશ અંગે સુપ્રીમકોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો હોવા છતાં મંદિરમાં બધી વયની મહિલાઓ પ્રવેશ કરી શકશે કે કેમ ? તેના વિશે કેરળમાં વિવાદ ચાલુ છે ત્યારે ૧૭મી નવેમ્બરે શુક્રવારે સબરીમાલા મંદિર ખોલવામાં આવશે. સબરીમાલા મંદિરમાં બધી વયની મહિલાઓના પ્રવેશ અંગેના વિવાદ વિશે ચર્ચા કરવાના ઉદ્દેશ સાથે કેરળના મુખ્યપ્રધાન પી.વિજયન દ્વારા ગુરૂવારે યોજવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાંથી કોંગ્રેસ અને ભાજપ વોકઆઉટ કરી ગયા હતા. કોંગ્રેસ અને ભાજપે સરકારને સુપ્રીમકોર્ટ પાસેથી તેનો ચુકાદો લાગુ કરવા માટે વધુ સમય માગવાનું કહ્યું છે પરંતુ કેરળ સરકાર સુપ્રીમકોર્ટના આદેશનું પાલન કરવા માટે અડીખમ છે. સર્વપક્ષીય બેઠકમાંથી કોંગ્રેસ અને ભાજપે વોકઆઉટ કરી ગયા બાદ મુખ્ય પ્રધાન પી.વિજયને જણાવ્યું કે સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ માટે કોઇ ખાસ દિવસો નક્કી કરી શકાય છે કે કેમ ? એ બાબતે આપણે ચર્ચા કરવાની છે. તેમણે કહ્યું કે શ્રદ્ધાળુઓની ભાવનાઓનો આપણે આદર કરીએ છીએ પરંતુ સુપ્રીમકોર્ટના આદેશની વિરૂદ્ધમાં રાજ્ય સરકાર કોઇ વલણ લઈ શકે નહીં. કેરળ સરકારે મંદિરમાં મહિલાઓના પ્રવેશ સુનિશ્ચિત કરવા માટે કેટલાક નિયમ બનાવવાના સંકેત આપ્યા છે. દરમિયાન, સૂત્રોના જણાવ્યા મુજબ સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ માટે કેરળ સરકાર કેટલાક નિયમ બનાવવા અંગે વિચારણા કરી રહી છે. તેમાં એક વિકલ્પ એવો પણ છે કે મંદિરમાં મહિલાઓના પ્રવેશ માટે અલગ દિવસો જ નક્કી કરી દેવામાં આવે. સર્વપક્ષીય બેઠકમાંથી કોંગ્રેસ અને ભાજપના વોકઆઉટ કરી ગયા બાદ પિનારાઈ વિજયનની ડાબેરી સરકાર પાસે મર્યાદિત વિકલ્પ જ બચ્યા છે. કોંગ્રેસ અને ભાજપ આ મુદ્દા અંગે મંદિરની પરંપરાઓનું પાલન કરવાના તર્ક આપી રહ્યા છે. બીજીબાજુ ડાબેરી સરકાર પર સુપ્રીમકોર્ટનો આદેશ અમલમાં મુકવાનું દબાણ છે.

શુક્રવારથી શરૂ થઈ રહેલા પર્વ પહેલા પ્રશાસન તરફથી મંદિરને સંપૂર્ણપણે કિલ્લામાં તબ્દીલ કરવાની તૈયારી છે. રાજ્યના ૨૧ હજાર પોલીસકર્મીઓને સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત કરવામાં આવશે. સબરીમાલા મંદિરમાં પહેલી વાર આટલી જબરદસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. અગાઉ, કેરળના મુખ્યપ્રધાને સબરીમાલા મંદિર ખાતે અશાંતિ સર્જવાનો ભાજપ અને આરએસએસ સામે આરોપ મુક્યો હતો.

# જ્યારે સ્મૃતિ ઈરાનીએ રણવીરસિંગ દીપિકા પાદુકોણના લગ્નના ફોટાઓની અપેક્ષામાં ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કર્યો ત્યારે શું થયું ?

(એજન્સી) તા.૧૫

ઈટાલીમાં બોલિવુડની જાણીતી જોડી દિપીકા-રણવીરસિંગના લગ્નનો કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે બંનેના પ્રશંસકો લગ્ન-સમારંભના ફોટો જોવા માટે આતુર છે. આ પ્રશંસકોમાં કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ સામેલ છે. ઈરાનીએ તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક હાડપિંજરનો ફોટો શેર કરતાં લખ્યું હતું કે જ્યારે તમે આટલા લાંબા સમય સુધી દીપ-વીર (દિપીકા-રણવીરના) લગ્નના ફોટાઓની રાહ જોઈ રહ્યા હોય ત્યારે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી કેન્દ્રીય મંત્રીની આ પોસ્ટ પર રસપ્રદ પ્રતિક્રિયા આપી હતી. કેટલાક યુઝર્સ તો આ જોઈને ખુશ થઈ ગયાં હતાં કે ફક્ત તેઓ જ નહીં પરંતુ કેન્દ્રીય મંત્રી પણ દિપીકા-રણવીરના લગ્નના ફોટાઓની રાહ જોઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ૧૪ નવેમ્બરે ઈટાલીના લેક કોમોમાં દિપીકા-રણવીરે કોંકણી રીત-રિવાજ પ્રમાણે લગ્ન કર્યા હતાં. જ્યારે ૧૫ નવેમ્બરે સિંધી રીત-રિવાજ મુજબ લગ્ન થયા હતા. આ લગ્ન સમારંભમાં ફક્ત ૪૦ લોકો સામેલ થયા હતાં.

# શાહીદ આફ્રિદી સાચું બોલ્યો, પાકિસ્તાન કાશ્મીરને કેવી રીતે સંભાળશે : રાજનાથસિંહ

(એજન્સી) લંડન, તા. ૧૫

કાશ્મીર અને પાકિસ્તાન પર પૂર્વ ક્રિકેટર શાહિદ આફ્રિદીના નિવેદનને લઈને હંગામો મચ્યો છે. આ વચ્ચે ગૃહમંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, તેમને (આફ્રિદી) વાત તો ઠીક કરી છે. તેઓ પાકિસ્તાન સંભાળી શકતા નથી તો કાશ્મીર શું સંભાળી શકશે? કાશ્મીર ભારતનો છે અને રહેશે. વાસ્તવમાં શાહિદ આફ્રિદીનો એક વીડિયો હાલમાં ખુબ જ વાયરલ થઈ રહ્યું છે. જેમાં તેઓ કહી રહ્યા છે કે, "પાકિસ્તાનને કાશ્મીર જોઈતુ નથી. આ (પાકિસ્તાન)ના ચાર પ્રાંતને જ સંભાળી શકતુ નથી. સૌથી મોટી ચીજ છે માનવતા. લોકો અહીયા મરી રહ્યાં છે જે ખુબ જ દુઃખદ છે. કોઈપણ સમુદાયમાં કોઈની પણ મોત થાય છે તો તે ખુબ જ દુઃખદ છે.

આફ્રિદીની ટિપ્પણી કાશ્મીર પર પાકિસ્તાનની આધિકારિક નીતિથી અલગ છે. વિવાદ વધ્યા બાદ ક્રિકેટરે સફાઈ આપી. તેમને કહ્યું કે, તેમનું નિવેદન ખોટી રીતે રજૂ કરવામા આવી રહ્યું છે. આફ્રિદીએ કહ્યું, ભારત મીડિયા મારી ટિપ્પણીને ખોટી રીતે રજૂ કરી રહ્યું છે. હું મારા દેશને લઈને ભાવૂક છુ અને કાશ્મીરિયોના સંઘર્ષને ખુબ જ મહત્વ આપુ છું. માનવતા બચી રહેવી જોઈએ અને તેમને તેમનો હક્ક મળવો જોઈએ.

# રાજીનામાઓ વચ્ચે બ્રિટનના પીએમ થેરેસા મેએ કહ્યું : કાં તો તેમનો મુસદો છે અથવા “નો બ્રેક્ઝિટ”

(એજન્સી) લંડન, તા. ૧૫

બ્રિટનના વડાપ્રધાન થેરેસા મેને ગુરૂવારે આકરો આંચકો લાગ્યો હતો. યુરોપિય સંઘથી અલગ થવા માટે પ્રસ્તાવિત સમજૂતીને લઈ ડોમીનિક રાબે બ્રેક્ઝિટ મંત્રીના પદેથી રાજીનામું આપી દીધું છે. સંસદમાં બ્રેક્ઝિટ સમજૂતી અંગે તમામને રાજી કરવાના પ્રયાસ કરી રહેલા થેરેસા મેને એવા અહેવાલોથી રાહત મળી હતી કે, યુરોપ આ સમજૂતી માટે એક સંમેલનની તૈયારીમાં છે. જો કે, થેરેસાનું સંકટ એવા સમયે વધી ગયું જ્યારે રાબે કહ્યું કે તેઓ આ સમજૂતી મુસદ્દાનું સમર્થન કરતા નથી. રાબે કહ્યું કે, ઘોષણાપત્રમાં આપણે દેશને જે વાયદા કર્યા હતા તે બાદ હું પ્રસ્તાવિક સમજૂતીના મુસદ્દા પર સમાધાન કરી શકતો નથી. તમે એવા બ્રેક્ઝિટ મંત્રીના હકદાર છો જે તમારી સમજૂતીને દઢતા સાથે આગળ વધારી શકે. મારે રાજીનામું આપી દેવું જ જોઈએ. થેરેસાની કેબિનેટમાંથી ગુરૂવારે આ બીજું રાજીનામું છે. આ પહેલા ઉત્તર આયરલેન્ડના મંત્રી શૈલશવારાએ પણ સમજૂતીને લઈ પદ પરથી રાજીનામું આપી દીધું હતું. દરમિયાન મેએ સંકેત આપ્યા હતા કે, ચર્ચા યોગ્યના હોઈ શકે ત્યારે બ્રિટન માટે આશાએ જ છે કે, ૨૯મી માર્ચના રોજ યુરોપિયન યુનિયનમાંથી ખસી જાય. જો આપણે સમજૂતી પાછળ રહીશું તો આપણા દેશને પાછળ લાવી દઈશું અને ભવિષ્યની તકોના દરવાજા બંધ કરી દઈશું. બ્રિટનના લોકો આપણી પાસે આશા રાખે છે. માર્ગ સ્પષ્ટ છે, આપણે સમજૂતીમાંથી ખસી જવાનું પસંદ કરી શકીએ આપણે બ્રેક્ઝિટનું જોખમ લઈ શકીએ અથવા આપણે એક થઈને ચર્ચા સાથે શ્રેષ્ઠ સમજૂતીને સમર્થન કરીએ.

# નીતિશકુમારે ફરાર થયેલા પૂર્વ મંત્રી મંજુ વર્માની પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી

### મંજુ વર્મા અને તેમના પતિ સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે

(એજન્સી) પટણા, તા.૧૫

બિહારના મુખ્યમંત્રી અને જનતા દળ (યુનાઈટેડ)ના પ્રમુખ નીતિશકુમારે અંતે ફરાર થયેલા પૂર્વ મંત્રી મંજુ વર્માને પોતાની પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા હતા. આર્મ્સ એક્ટ હેઠળ પૂર્વ સામાજિક કલ્યાણ મંત્રી મંજુ વર્મા અને તેમના પતિ ચંદેશ્વર વર્મા સામે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ છેલ્લા બે માસથી તેઓ નાસતા ફરે છે ચંદેશ્વર વર્મા સામે નોંધાયેલી એફઆઈઆરના પગલે બેગુસરાયમાં તેમના ઘરો પૈકીના એક નિવાસસ્થાનેથી ૫૦ જીવતા કારતૂસ મળી આવ્યા હતા આ સમય દરમ્યાન મંજુ વર્માએ પટણા હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે ઘણીબધી વખત અરજી દાખલ કરી હતી. જો કે, કોર્ટે આ અરજીઓ ફગાવી દીધી હતી દરમ્યાન મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં શારીરિક શોષણ અને બળાત્કાર કેસની સીબીઆઈ તપાસ પર સુપ્રીમ કોર્ટે નજર રાખતાં રાજ્ય પોલીસ પર ફિટકાર વરસાવવામાં આવી હતી કે, પટણા હાઈકોર્ટે આગોતરા જામીન અરજી ફગાવી છતાં રાજ્ય પોલીસ મંત્રીને પકડવામાં નિષ્ફળ નિવડી છે. આ શેલ્ટર હોમમાં ૩૦થી વધુ બાળાઓનું શારીરિક શોષણ કરવામાં આવ્યું હતું.

# શાળાના શિક્ષકોની અનિયમિતતાથી બાળકોના શિક્ષણ ઉપર માઠી અસર

પાટણ,તા.૧૫

સાંતલપુર તાલુકાની પ્રાથમિક શાળામાં લાંબા અંતરેથી અપ-ડાઉન કરતા અને પોતાની ફરજ પ્રત્યે અનિયમિતતા દાખવતા શિક્ષકોને કારણે તાલુકામાં શિક્ષણનું સ્તર નીચુ ગયું છે તેથી સ્થાનિક ધારાસભ્યએ જિલ્લા શિક્ષણ અધિકારીને કાયદેસરની કાર્યવાહી કરવા લેખિત ફરિયાદ કરી હતી. રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે શિક્ષણ અધિકારીને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, શિક્ષકોની અનિયમિતતાને કારણે શાળામાં ભણતા બાળકોના શૈક્ષણિક કાર્ય પર માઠી અસર થઈ રહી છે અને શિક્ષકો પોતાની ફરજ પ્રત્યે બેદરકારી દાખવી રહ્યા છે. શાળામાં શિક્ષકો કોઈપણ જાતની પરવાનગી વિના અપ-ડાઉન કરે છે અને આવા શિક્ષકો પોતાના બેઝીક પગારમાં રેન્ટ હાઉસ (રહેઠાણ ભથ્થુ)ના નાણાં મેળવે છે. જે સરકારને આર્થિક નુકસાન પહોંચાડે છે. તેથી આવા શિક્ષકો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ધારાસભ્યએ રજૂઆત કરી હતી. આ ઉપરાંત, રાધનપુર, સાંતલપુર તાલુકામાં સરકારી કર્મચારી ફરજ પર હાજર થયા બાદ જાણે સરકારી નિયમોને નેવે મુકીને જલસા કરતા હોય છે તેથી આ વિસ્તારમાં પ્રજાલક્ષી કામોમાં ખૂબ જ વિલંબ થતો હોયની રાડો ઉઠતી હોય છે. ધારાસભ્ય દ્વારા તમામ સરકારી કચેરીઓની ઓચિંતી મુલાકાત લઈ આવા કર્મચારીઓ સામે પગલાં ભરવા જોઈએ એવી કેટલાક લોકોની અપીલ છે.

### ભારતીયને ૨૦૨૧માં અવકાશમાં મોકલાશે

# માનવ વિનાના ‘ગગનયાન’ને ૨૦૨૦ના ડિસેમ્બરમાં છોડાશે

(એજન્સી) શ્રીહરિકોટા, તા.૧૫

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) ૨૦૨૦ના ડિસેમ્બરમાં માનવ વિહોણા ‘ગગનયાન’ને અવકાશમાં મોકલશે, જ્યારે ૨૦૨૧માં ભારતીયને અવકાશમાં મોકલાશે. અગાઉ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય દિનના પ્રવચનમાં ભારતીયને ૨૦૨૨ સુધીમાં ‘ગગનયાન’ દ્વારા અવકાશમાં મોકલવાની યોજનાની જાહેરાત કરી હતી. ભારત જો અવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થશે તો આ સિદ્ધિ મેળવનારો તે ચોથો દેશ બનશે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના વડા કે શિવને જણાવ્યું હતું કે અમે ભારતીયને અવકાશમાં મોકલતા પહેલાં માનવ વિહોણા બે અવકાશયાન છોડીશું. તેમણે જણાવ્યું હતું કે અવકાશમાં મોકલવામાં આવનારો ભારતીય પાંચથી સાત દિવસ અવકાશમાં રહીને વૈજ્ઞાનિક પ્રયોગો કરશે અને બાદમાં તેને પાછો ધરતી પર લવાશે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને માનવોને અવકાશમાં મોકલવા માટે જરૂરી ક્રૂ મોડ્યુલ, વાતાવરણ નિયંત્રણ અને લાઈફ સ્પોર્ટ સિસ્ટમ જેવી આવશ્યક ચીજો વિકસાવી છે. શિવને જણાવ્યું હતું કે ભારતીય અવકાશયાત્રીને અવકાશમાં મોકલવા માટે જીએસએલવી - એમકેથ્રી - ડીટૂ ‘લોન્ચ વેહિકલ’ તરીકે કામ કરશે. તે બહુ જ સારું, વિશ્વસનીય અને સરળ છે.

# રાજ્યકક્ષાની એથલેટીક્સ સ્પર્ધા

નડિયાદ, તા.૧૫

ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, મરીડા ભાગોળ, નડિયાદ ખાતે રાજયકક્ષાની ભાઇઓ માટે એથ્લેટીક્સ સ્પર્ધા તા.૧૬-૧૧-૨૦૧૮થી તા.૨૪-૧૧-૨૦૧૮ સુધી યોજાનાર છે. જિલ્લા રમત-ગમત અધિકારી ડૉ. અમિત ચૌધરીના જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાના વિજેતા અને સીધા રાજયકક્ષાની સ્પર્ધા અંડર-૧૪ ભાઇઓ માટે તા.૧૬-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોજાશે. અંડર-૧૭ (ઓપન) ભાઇઓ માટે તા.૧૮, ૧૯, ૨૦-૧૧-૨૦૧૮ના રોજ સ્પેર્ધાઓ યોજાશે. અંડર-૧૭ ભાઇઓ માટે તા.૨૧-૨૨-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોજાશે, જ્યારે અંડર-૯, ૧૧ જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધા તા.૨૪-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭:૦૦ કલાકે યોજાશે.

# ભારતની પહેલી એન્જિન વિનાની રેલગાડી 'ટ્રેન ૧૮' મીડિયા સમક્ષ પ્રદર્શનમાં મૂકાઈ





(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૫

દેશની સૌથી આધુનિક રેલગાડી ટ્રેન ૧૮ દેશની રાજધાની દિલ્હીના સફદરજંગ રેલવે સ્ટેશન પર પહોંચી ગઈ છે. ૧૪ નવેમ્બર, ૨૦૧૮ના રોજ આ ટ્રેનને પહેલીવાર મીડિયા સમક્ષ પ્રદર્શનમાં મૂકવામાં આવી. આ ટ્રેનને સફદરજંગ રેલવે સ્ટેશન પર પ્રદર્શનમાં મૂકાતા મજૂરો તેની સફાઈ કરતા જોવા મળ્યા હતા. રેલવે અનુસાર ટ્રેન ૧૮ શતાબ્દી એક્સપ્રેસની તુલનામાં ૧૫ ટકાથી પણ વધુ સમય બચાવશે. આ ટ્રેનને ૨૯ ઓક્ટોબરના રોજ તપાસ કરવા માટે પાટા પર દોડાવવામાં આવી હતી. એન્જિન વિનાની આ ટ્રેન ૧૬૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે દોડશે. આ ટ્રેનમાં કુલ ૧૬ ડબ્બાઓ છે. તેના એક સેટમાં ૪ ડબ્બાઓનો સમાવેશ થાય છે. આ ટ્રેનને શહેરની ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી દ્વારા ૧૮ મહિનામાં બનાવવામાં આવી છે. આ ટ્રેનનું નિર્માણ એ રીતે કરવામાં આવ્યું છે કે, મુસાફરો ડ્રાઈવરની કેબિનની અંદર જોઈ શકે. આ ટ્રેનમાં સીસીટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે. ઉપરાંત તેમાં સામાન્ય કોચમાં ૭૮ સીટો હશે, જ્યારે એક્ઝિક્યુટિવ ક્લાસમાં ૫૨ સીટો હશે. આ ટ્રેન અજવાળાથી પ્રકાશિત રહેશે. તેમાં ઓટોમેટિક ડોર અને સ્લાઈડિંગ ફૂટસ્ટેપ્સ પણ હશે. તેમજ જીપીએસ આધારિત મુસાફરોને માહિતી આપવાની પ્રણાલીનો પણ તેમાં સમાવેશ થાય છે.

# ભારતમાં રાષ્ટ્રવાદના નામે ફેક ન્યૂઝ ફેલાવવામાં આવી રહ્યા છે : BCC રિસર્ચ

## અહેવાલમાં એવો પણ ઘટસ્ફોટ કરાયો છે કે, ડાબેરીઓની સરખામણીએ કટ્ટરવાદી નેટવર્ક વધુ આયોજિત અને મજબૂત છે, કટ્ટરવાદી નેટવર્ક બનાવટી રાષ્ટ્રવાદી વાર્તાઓને વધુ ચગાવી રહ્યું છે

(એજન્સી) લંડન, તા.૧૫

બીબીસી દ્વારા કરવામાં આવેલા એક સંશોધનમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે કે, ભારતમાં રાષ્ટ્રવાદના નામે ફેક ન્યૂઝ ફેલાવવામાં આવી રહ્યા છે. સંશોધકોએ એવું શોધી કાઢ્યું છે કે, રાષ્ટ્રીય ઓળખ મજબૂત બનાવવાની લાગણીશીલ ઈચ્છા સામે વાસ્તવિક્તાઓનું બહું ઓછું મહત્ત્વ છે. એટલે કે લોકો લાગણીઓમાં તણાઈને અવાસ્તવિક બાબતોને વધુ મહત્ત્વ આપી રહ્યા છે. રિપોર્ટમાં એવો પણ ઘટસ્ફોટ કરાયો છે કે, ડાબેરીઓની




સરખામણીએ કટ્ટરવાદી નેટવર્ક વધુ આયોજિત છે અને કટ્ટરવાદી નેટવર્ક બનાવટી રાષ્ટ્રવાદી વાર્તાઓને વધુ ચગાવી રહ્યું છે. સંશોધનમાં એવું પણ જાણવા મળ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ટ્વીટ એકાઉન્ટ ફેક ન્યૂઝ ફેલાવતા કેટલાક લોકોને ફોલો કરે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ટ્વીટર હેન્ડલ એટલે નરેન્દ્ર મોદી જેટલા એકાઉન્ટને ફોલો કરે છે, તેનામાંથી ૫૬.૨ ટકા વેરિફાઈડ નથી. સામાન્ય નાગરિકો ફેક ન્યૂઝ સાથે કેવી રીતે જોડાયેલા છે ? અને કેવી રીતે ફેક ન્યૂઝ ફેલાવે છે ? તેની તપાસ કરવા માટે બીબીસી વર્લ્ડ સર્વિસ દ્વારા ભારત, કેન્યા અને નાઈજીરિયામાં વ્યાપક રિસર્ચ કરવામાં આવ્યું હતું. રિસર્ચના તારણો દર્શાવે છે કે, ફેક ન્યુઝ ફેલાવવા માટે મુખ્યપ્રવાહના મીડિયાને પણ જવાબદાર ઠરાવવામાં આવ્યું છે. લોકો એવું માને છે કે, રાજકીય અને વ્યાવસાયિક હિતોના દબાણમાં મીડિયા વેચાઈ ગયું છે. લોકો ફેક ન્યૂઝની ચકાસણી કર્યા વગર તેને ખરી વાર્તા સમજીને તેને ફેલાવવામાં મદદ કરી રહ્યા હોવાનું માને છે.

# પ્રદૂષણથી ત્રસ્ત ૩૫ ટકા દિલ્હી નિવાસીઓ પોતાનું જ શહેર છોડી જવા તૈયાર

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૫

સતત વધતા પ્રદૂષણને કારણે ત્રસ્ત દિલ્હી-એનસીઆરમાં ૩૫ ટકા નિવાસીઓ અન્ય સ્થળાંતર કરવા માંગે છે. લોકલ સર્કલ એજન્સી દ્વારા ઓનલાઈન હાથ ધરાયેલા સર્વેમાં આ પરિણામો પ્રકાશમાં આવ્યા હતા. એજન્સી દ્વારા ૫થી ૧૨ નવેમ્બર વચ્ચે ઓનલાઈન સર્વેમાં પ્રદૂષણથી ત્રસ્ત ૫૨ ત્રણ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. સર્વેમાં જુદા-જુદા સવાલોના ૧૨૦૦૦ લોકોએ ૨૩ હજાર જવાબ આપ્યા હતા. સર્વેમાં પૂછવામાં આવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ૩



વર્ષમાં પ્રદૂષણવાળા ક્ષેત્રોમાં સુધારાના ઉપાયોને જોતા એમાંથી કેવો ઉકેલ શોધશે ? ૩૫ ટકા લોકોએ કહ્યું કે, પ્રદૂષણની આવી જ સ્થિતિ રહેશે તો તેઓ અન્ય જગ્યા જતા રહેવાનું પસંદ કરશે. ૨૬ ટકા લોકો એર પ્યોરીફાયર, માસ્ક અને ઘરની આજુબાજુ સ્વચ્છ હવા માટે છોડ રોપીને દિલ્હીમાં જ રહેવા જણાવ્યું. દિલ્હી-એનાસીઆરના પ્રદૂષણને છેલ્લા ત્રણ અઠવાડિયામાં પરિવાર અને તમારા આરોગ્ય પર કેવી રીતે અસર કરી છે, એવા પ્રશ્નના જવાબમાં ૫૩ ટકા પરિવારના કોઈને કોઈ સભ્યનું આરોગ્ય તો બગડ્યું હતું પરંતુ હોસ્પિટલ લઈ જવા પડ્યા નહીં હોવાનું જણાવ્યું હતું. ૨૩ ટકાથી વધુ હોસ્પિટલમાં દાખલ થઈ ચૂક્યા છે. ૭ ટકા લોકોએ ડોક્ટર પાસે આંટાફેરા કરવા પડ્યા હતા. ખરાબ હવાનો સામનો કેવી રીતે કરો છો ? ૨૧ ટકાએ જણાવ્યું કે, એમની પાસે માસ્ક અને એર પ્યોરીફાયર બંને હોય છે જ્યારે ૧૫ ટકા પાસે ફક્ત માસ્ક અને ૮ ટકા પાસે ફક્ત એરપ્યોરીફાયર છે. જ્યારે ૫૬ ટકા પાસે પ્રદૂષણ સામે રક્ષણ મેળવવા માસ્ક કે પ્યોરીફાયર બંને નથી.

# હૈદરાબાદ : સૌથી પહેલી મસ્જિદ જ્યાં હેલ્થકેર સેન્ટર પણ બનાવાયું, હવે દરેક ધર્મના ગરીબોને મફત સારવાર મળશે

(એજન્સી) તા.૧૫

હેલ્પિંગ હેન્ડ ફાઉન્ડેશન શહેરના ગરીબ લોકો માટે કોમ્યુનિટી હેલ્થકેર સેન્ટર ચલાવી રહ્યું છે. એનજીઓએ હૈદરાબાદની મસ્જિદ-એ-ઈશ્કમાં વધુ એક કોમ્યુનિટી સેન્ટર શરૂ કર્યું છે. આ એનજીઓના મેનેજિંગ ટ્રસ્ટીઓ કહે છે કે આ હેલ્થકેર સેન્ટરની ચારે બાજુ લગભગ ૯ ઝૂંપડપટ્ટીઓ આવેલી છે અને અહીંના લોકો સારવાર માટે તેમની ક્લીનિકમાં જ આવે છે. તેમણે જણાવ્યું કે, આ સેન્ટર તમામ ધર્મના લોકો માટે દરરોજ ખૂલ્લું રહે છે અને અહીંના લોકોથી સકારાત્મક પ્રતિક્રિયા પણ મળી રહી છે.




તેમણે જણાવ્યું કે, આ ફાઉન્ડેશન ગત ૧૩ વર્ષોથી સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કામ કરી રહ્યું છે અને સમગ્ર શહેરમાં તેના લગભગ ૩૦ હોસ્પિટલ છે અને દરેક સ્થળે અમારું વોલેન્ટિયરી સપોર્ટ સ્ટાફ કામ કરે છે. તેમણે કહ્યું કે, અમે રોગીઓના સ્વાસ્થ્યની તપાસ કરી રોગના આધારે તેમને જુદી જુદી હોસ્પિટલોને મોકલી આપીએ છીએ રોગીઓને હોસ્પિટલ મોકલવા અને તેમની સારવારમાં થતા ખર્ચને પણ ફાઉન્ડેશન જ ભોગવે છે. એનજીઓના મેનેજર ફરીદે જણાવ્યું કે, આ સેન્ટરમાં દરરોજ ૪૦-૪૫ રોગીઓ આવે છે. હૈદરાબાદના જૂના વિસ્તારમાં મધ્યમ વર્ગના લોકોના વિસ્તારમાં આ પ્રાથમિક સારવાર કેન્દ્ર શરૂ કરાયું છે. એક જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં હેલ્પિંગ હેન્ડ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી મુજતબા અસકરીએ જણાવ્યું કે, તેઓ અનેક જગ્યાએ તેમના પ્રાથમિક સારવાર કેન્દ્રો શરૂ કરી રહ્યાં છે. તેઓ ગરીબ વિસ્તારમાં આવી ક્લીનિક શરૂ કરવા માગે છે કે જેથી કરીને મોટાપાયે ગરીબોને તેનો લાભ મળી શકે.

# બેંગકોકમાં "GAA" રેસ્ટોરેન્ટ બદલ "મિસેલિન સ્ટાર" સન્માન મેળવનાર ગરીમા અરોરા પ્રથમ ભારતીય મહિલા

## ગરીમા અરોરાએ મુંબઈમાં અભ્યાસ પૂર્ણ કરી પત્રકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

બેંગકોક રેસ્ટોરન્ટ જીએએ માટે ગરીમા અરોરા મીસેલિન સ્ટાર એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય બન્યા હતા. મિસેલિને બેંગકોક, ફુકેટ અને ફાંગ-એનજીએ માટે વર્ષ ૨૦૧૯ની પોતાની "વોચ્ડ ગાઈડ" રજૂ કરી હતી જેને અંતે ભારતીય મહિલા શેફે મિસેલિન સ્ટાર ખિતાબ જીત્યો હતો. મુંબઈમાં જન્મેલ શેફ ગરીમા અરોરા બેંગકોકમાં જીએએ



રેસ્ટોરન્ટ ધરાવે છે. જેણે પ્રતિષ્ઠિત યાદીમાં સ્થાન મેળવ્યું હતું. આ સન્માન મળવા બદલ ગરીમાને ટ્વીટ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ગરીમાએ મુંબઈની જયહિન્દ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે અને તે પત્રકાર તરીકે પણ કામ કરી ચૂક્યા છે. ત્યારબાદ તેમણે સેલિબ્રિટી શેફ બનાવવાનો નિર્ણય કર્યો હતો. તેમણે ૨૦૧૭માં રેસ્ટોરન્ટ શરૂ કરી હતી. શેફ ગરીમા અરોરાની જીએએ બેંગકોકની એકમાત્ર એવી રેસ્ટોરેન્ટ છે જેનું સંચાલન કોઈ ભારતીય મહિલા દ્વારા કરાતું હોય.

# કોબ્રા સાપને ગળામાં લપેટી સેલ્ફી લેવા જતાં યુવકનું મોત

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૫

સેલ્ફીના ગાંડપણમાં એક યુવકે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ કિસ્સો આંધ્રપ્રદેશનો છે. યુવક કોબ્રા સાંપ સાથે સેલ્ફી લેવા ઈચ્છતો હતો. તેની આ ઈચ્છા ક્યારે જીવલેણ બની ગઈ તેનો તેને ખ્યાલ જ ના રહ્યો અને થોડીક ક્ષણોમાં જ તેનું મોત નિપજ્યું. ઘટનાના પ્રત્યક્ષદર્શી અને સાંપના મદારીએ જણાવ્યું કે, તે એવી ઔષધિનું સેવન કરે



છે કે, જેની અસરથી જો સાંપ કરડે તો પણ કંઈ ના થાય. પોટ્ટી શ્રીરામુલૂ નેલ્લોર જિલ્લાના મંગલામપેટમાં રહેતા ૨૪ વર્ષીય જગદીશે ટોપલીમાં મૂકેલા કોબ્રા સાંપને લઈ લીધો અને ગળામાં લપેટીને સેલ્ફી લેવાનું ઈચ્છ્યું. આ દરમિયાન સાંપ તેના હાથ પર કરડી ગયો. જગદીશના મોઢામાંથી ફીણ નીકળતાં તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ત્યાં એન્ટીવેનમ નહોતું. તેથી બીજી હોસ્પિટલમાં લઈ જતી વખતે રસ્તામાં જ તેનું મોત નિપજ્યું.

# ચૂંટણી વિજ્ઞાપનોના ખર્ચ પર ટ્રેક રાખવાનું ગૂગલનું મોડલ ભારતની લોકસભા ચૂંટણી માટે જટિલ અને પડકારરૂપ બની રહેશે

## અમેરિકાની મધ્યવર્તી ચૂંટણીમાં ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે ગૂગલનું ટ્રેકર ભારત માટે સાર્થક પુરવાર થશે નહીં

(એજન્સી) તા.૧૫

૨૦૧૯માં આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે ગૂગલે ચૂંટણી દરમિયાન રાજકીય વિજ્ઞાપનોના નાણા ભંડોળનો ટ્રેક રાખવા ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે. તાજેતરમાં અમેરિકાની મધ્યવર્તી ચૂંટણીમાં આ ક્વાયત હાથ ધરવામાં આવી હતી અને ગૂગલ હવે આ સિસ્ટમનો ભારતમાં અમલ કરવા માંગે છે અને ચૂંટણીને લગતા ફેક ન્યૂઝના પ્રચાર-પ્રસારને નિયંત્રિત કરવા ટુલ્સ સ્થાપવા માંગે છે.

તાજેતરની બેઠકમાં ગૂગલે ચૂંટણી પંચને એવી ખાતરી આપી



છે કે, આવા વિજ્ઞાપનોના પૂર્વ પ્રમાણપત્ર સુનિશ્ચિત કરવા તેમજ તેના પર થયેલા ખર્ચની વિગતો એકત્ર કરીને તેને શેર કરવા માટે એક મિકેનિઝમ વિકસાવશે. એવું ધ હિંદુના અહેવાલમાં જણાવાયું છે. ગૂગલ ઈન્ડિયાના ડાયરેક્ટર ઓફ ટ્રસ્ટ એન્ડ સેફ્ટી સુનિત મોહંતીએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે અમે કઈક અલગ આયોજન કરી રહ્યા છીએ. તાજેતરમાં સંપન્ન થયેલ અમેરિકાની ચૂંટણીમાં ચૂંટણી વિજ્ઞાપન પાછળ કોણ ખર્ચ કરે છે તેના પર અમે કડક નિયંત્રણો રાખ્યા હતા. અમે રાજકીય વિજ્ઞાપનોના પ્રકાર પર પારદર્શિતા અહેવાલ લોન્ચ કર્યો હતો. અમે ચૂંટણીની આસપાસ ફેક ન્યૂઝ અને ખોટી માહિતીના પ્રચાર-પ્રસાર પર નિયંત્રણ રાખ્યું હતું. ગૂગલે અમેરિકાની મધ્યવર્તી ચૂંટણીમાં ચૂંટણી વિજ્ઞાપનો માટે કોણે નાણાં ચૂકવ્યા તે માટે ટ્રેકર વિકસાવ્યું હતું પરંતુ આ મોડેલનો ભારતની લોકસભાની ચૂંટણીમાં ઉપયોગ કરવો ગૂંચવાડાભર્યો રહેશે. ભારતમાં સત્તાવાર મર્યાદા કરતા ઘણીવાર પ્રચાર પાછળ ઓછો ખર્ચ બતાવે છે અને તેથી ભારતમાં વિજ્ઞાપનો પાછળ થતા ખર્ચનું કદ અને સિસ્ટમની અપારદર્શિતાને કારણે ભારતીય રાજકારણીઓના ચૂંટણી ભંડોળનો ટ્રેક રાખવું ઘણું મુશ્કેલ બનશે. ભારતનું વર્તમાન રાજકીય નાણાતંત્ર સંપૂર્ણપણે તૂટી ગયું છે અને પારદર્શિતા તેમજ જવાબદારી નિશ્ચિત કરવા જે કાયદાઓ છે તેમાં પણ સુધારા કરવાની જરૂર છે ત્યારે ગૂગલની પહેલ વધુ પડતી મહત્વાકાંક્ષી લાગે છે. અમેરિકામાં ભારતની જેમ ગઠબંધન સિસ્ટમ હોતી નથી કે જ્યાં માત્ર બે રાષ્ટ્રીય પક્ષોનું ટ્રેકિંગ પર્યાપ્ત છે.

ashrafichannel@gmail.com /ashrafichannel

ashrafi Channel

MEHFIL E NAAT E MUSTAFA

ઈદે મીલાદુન્નબી કે મૌકે પર

મહેફીલે નાતે મુસ્તફા (LIVE)

સીર્ફ અશરફી ચેનલ પર

28 years GT

| અશરફી ન્યૂઝ ટાઈમ | ગુજરાત ટુડે હાઈલાઈટ્સ ટાઈમ |
| --- | --- |
| ૦૯:૦૦ pm, ૧૧:૦૦ pm, ૧૨:૩૦ am, ૦૮:૩૦ am, ૧૧:૦૦ am, ૦૨:૩૦ pm, ૦૪:૩૦ pm, ૦૬:૦૦ pm | ૦૯:૪૫ pm ૦૯:૧૫ am |

868 GTPL 133 796 DEN 868

# તમે ચીકન કે મટનની ડીશના સ્વાદ લો છો પણ આર્સેનિક તમને ધીમે ધીમે મોતની અણીએ લઈ જઈ રહ્યું છે, આ જ સમય છે સુરક્ષિત ખોરાક પસંદ કરવાનો

(એજન્સી) તા.૧૫

આપણે ત્યાં ડીનર માટે મહેમાન આવે તો આપણે પત્નીને કહીએ કે એક સ્વાદિષ્ઠ ચીકન કડી રાંધ તેમાં આર્સેનિક પણ નાખજે. જો કે તેના બદલે તંદૂરી ચીકન પણ બહાર લઈ જઈને ખવડાવી શકીએ છીએ. એમાં પણ આર્સેનિક. આ કોઈ બોલિવૂડ ફિલ્મમાં થતાં મર્ડર કે હત્યાની રહસ્યમય વાર્તા નથી. આ હકીકત છે. આર્સેનિક એક ઘાતક તત્ત્વ છે જે ધીમે ધીમે લોકોને માઠું નુકસાન પહોંચાડી રહ્યું છે. આપણે રોજિંદા આર્સેનિકનો જે ઉપયોગ કરીએ છીએ તેમાં શું છુપાયેલું છે, જાણીએ. આર્સેનિક બે પ્રકારના હોય છે. એક ઓર્ગેનિક અને ઈન ઓર્ગેનિક. માનવી માટે ઓર્ગેનિક આર્સેનિકની તુલનાએ ઈનઓર્ગેનિક આર્સેનિકનું સેવન વધારે નુકસાનકારક હોય છે. તે



માનવીના શરીરના કોષ પર અસર કરે છે. તે કોષને નિષ્ક્રિય બનાવી દે છે. ઉદાહરણ તરીકે કોષ ઊર્જા બનાવવા અને સિગ્નલિંગ માટે ફોસ્ફેટનો ઉપયોગ કરે છે. પણ આર્સેનિકનો એક પ્રકાર જે આર્સનેટ તરીકે ઓળખાય છે તે ફોસ્ફેટનું અનુકરણ કરી શકે છે અને તેનું સ્થાન લઈ શકે છે. જેના કારણે ઊર્જા પેદા કરવામાં તથા અન્ય કોષ સાથે કોમ્યુનિકેશનમાં તકલીફ પેદા થઈ શકે છે. તે ૨૦૦થી વધારે એન્ઝાઈમનું ફંક્શનિંગની કામગીરી બંધ કરી શકે છે. એટલે કે આ એક પ્રકારે ઘાતક ઝેર છે. ૧૫૦૦ બીસીમાં આર્સેનિકને એક પ્રકારે ઝેર જ માનવામાં આવતું હતું. આર્સેનિકની અસરને કારણે વોમિટ થાય છે, પેટમાં દુખાવો થાય છે, ડાયેરિયા અને લોહીમાં તકલીફ, કાર્ડિયાકની સમસ્યા, રેડ બ્લડ સેલનો નાશ, શોક, કોમા કે મોત પણ આવી શકે છે. તમારે આર્સેનિકથી સાવચેત થઈ જવાની જરૂર છે. આર્સેનિકનો મોટાપાયે ઉપયોગ લાકડાને સંરક્ષિત કરવા માટે થાય છે. દુનિયાભરમાં આર્સેનિક પર પ્રતિબંધ છે પણ ભારતમાં આજે પણ લાકડાને સાચવવા માટે આર્સેનિકનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે ત્યાં દૂધ, સફરજનનો જ્યૂસ અને વાઈનમાં પણ ઈનઓર્ગેનિક આર્સેનિક મળી આવે છે. જો કે મીટ તથા માછલી, શેલફીશ અને ચીકનમાં પણ તેની હાજરી જોવા મળે છે. આર્સેનિકનો ઓછો ડોઝ પણ વધારે અસર કરી શકે છે. આ જ સમય છે એક સારા અને શુદ્ધ ખોરાકની પસંદગી કરવાનો.

# સામાજિક મુદ્દાઓ માટે છેલ્લા ૩ વર્ષમાં ફેસબુકના માધ્યમથી લોકો દ્વારા $ ૧ બિલિયન ભંડોળ એકત્રિત

(એજન્સી)

નવી દિલ્હી, તા.૧૫

ફેસબુકે બુધવારે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં તેના 'ચેરિટી ગીવિંગ ટૂલ' દ્વારા $ ૧ બિલિયન ભંડોળ એકત્રિત થયું છે. અત્યાર સુધી ૨૦ મિલિયનથી વધુ લોકોએ દાન કર્યું છે અથવા ભંડોળ માટેની ઝુંબેશ શરૂ કરી છે. ફેસબુકે જાહેરાત કરી કે તે આ બિનનફાકારક ભંડોળ ઊભું કરવાની સુવિધા કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં પણ શરૂ કરશે.




હાલ તે ૨૦ દેશોમાં ઉપલબ્ધ છે. ફેસબુકે આ ફિચરને ૨૦૧૫માં બહાર પાડ્યું હતું. જો કે તે હજુ ભારતમાં ઉપલબ્ધ નથી. ફેસબુકે પોતાના નિવેદનમાં કહ્યું કે, વિશ્વના ૧૯ દેશોની કુલ ૧ મિલિયનથી વધુ સેવાભાવિ સંસ્થાઓને ભંડોળ એકત્રિત કરવામાં મદદ મળી છે. દા.ત. 'બાળકો બચાવો' નામના અભિયાને છેલ્લા બે વર્ષમાં $ ૭.૫ મિલિયનથી વધુ એકત્રિત કરી વિશ્વના ૬૦ દેશોમાં ૬.૫ મિલિયન બાળકોની મદદ કરી છે. ૨૭ નવેમ્બર, ૨૦૧૮ના રોજ ફેસબુક તેના સાથી પેપલ સાથે મળી યુએસ આધારિત સેવાભાવિ સંસ્થાઓએ ઊભા કરેલ $ ૭ મિલિયન ફંડને અંકિત કરશે.

# MeToo ચળવળે ભારતના જાહેર પ્રસારણકર્તાને પણ ઘરોળ્યું, કેટલીક મહિલાઓની જાતિય સતામણીના આરોપ બાદ મેનકા ગાંધીએ માહિતી પ્રસારણ મંત્રાલયને પત્ર લખ્યો

(એજન્સી) તા.૧૫

દેશભરમાં ચાલી રહેલા 'મી ટુ' અભિયાન અંતર્ગત દરરોજ ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઓલ ઈન્ડિયા રેડિયોમાં યૌનશોષણના કેટલાક કિસ્સા સામે આવ્યા હતા. આ ઘટનાઓને ધ્યાનમાં લેતા મહિલા તેમજ બાળ વિકાસમંત્રી મેનકા ગાંધીએ સૂચના-પ્રસારણ મંત્રી રાજ્યવર્ધનસિંહ રાઠોડને પત્ર લખી ભારતભરના ઓલ ઈન્ડિયા રેડિયો સ્ટેશનો પર થયેલી યૌનશોષણની ફરિયાદો વિશે તપાસ કરવા કહ્યું હતું. એક ન્યૂઝ એજન્સીના અહેવાલ પ્રમાણે ગાંધીએ આ પત્રમાં કહ્યું હતું કે, આ પ્રકારની ફરિયાદોનું નિરાકરણ લાવવા માટે એક યોગ્ય અને સંવેદનશીલ પ્રણાલી ઊભી કરવામાં આવે. એક સમાચારપત્ર મુજબ કેઝ્યુઅલ એનાઉન્સર તરીકે કામ કરતી ઘણી મહિલાઓએ તેમના વરિષ્ઠ અધિકારીઓ સામે યૌનશોષણની ફરિયાદ કરી હતી. આ પ્રકારની ઘટનાઓ મોટેભાગે કોન્ટ્રાક્ટ પર કામ કરનારી મહિલાઓ સાથે થઈ છે. આમાંની કેટલીક મહિલાઓ તો અહીં છેલ્લા બે દાયકાથી કામ કરે છે. પરંતુ ફરિયાદ કર્યા પછી તેમને કામ આપવામાં આવતું નથી. બીજી તરફ તમામ આરોપીઓ ઓલ ઈન્ડિયા રેડિયોના કાયમી કર્મચારીઓ છે. આરોપો થયા પછી કેટલાકને આરોપમુક્ત કરી દેવામાં આવ્યા તો કેટલાકની બદલી કરી દેવામાં આવી.

# શાહિદ આફ્રિદીએ કોહલી અને ગંભીર માટે ઉદાહરણ પૂરું પાડ્યું કે દંભી રાષ્ટ્રવાદ કરતા માણસાઈનો સંદેશ વધુ મહત્ત્વનો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ભારતના ગૃહમંત્રી રાજનાથસિંઘે પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર શાહિદ આફ્રિદીની કાશ્મીર અને પાકિસ્તાન અંગેની ટિપ્પણીને વધાવી હતી. રાજનાથસિંહે કહ્યું કે, આફ્રિદી સાચું બોલ્યા છે. પાકિસ્તાન ખરેખર પોતાના ચાર પ્રાંતોને સંભાળી નથી શકતું તો કાશ્મીર કેવી રીતે સંભાળશે ? કાશ્મીર ભારતનો અભિન્ન હિસ્સો છે. વાયરલ થયેલા વીડિયોમાં ૩૮ વર્ષીય પૂર્વ પાકિસ્તાની ક્રિકેટ કપ્તાન બ્રિટિશ પાર્લામેન્ટમાં વિદ્યાર્થીઓને કહી રહ્યા છે કે, પાકિસ્તાનને કાશ્મીર નથી જોઈતું. તેને ભારત પણ ન આપો. કાશ્મીરને સ્વતંત્ર રહેવા દો તેનાથી ઓછામાં ઓછું માનવતા ઝીલી રહેશે. પાકિસ્તાનને કાશ્મીર નથી જોઈતું. તેનાથી ચાર પ્રાંતો નથી સંભાળાતા, અહીં મોટી વાત માણસાઈની છે. લોકો ત્યાં મરી રહ્યા છે, ઘણું દુઃખદાયી છે. કોઈપણ સમાજના કોઈપણ વ્યક્તિનું મૃત્યુ દુઃખદાયી છે. જો કે આ વિષયે આફ્રિદીએ ટ્વિટર પર ખુલાસો કરતા લખ્યું હતું કે, ભારતીય મીડિયા દ્વારા મારી વાતોને ખોટી રીતે ગોઠવવામાં આવી રહી છે. હું મારા દેશ પ્રત્યે લાગણીશીલ છું અને કાશ્મીરીઓના સંઘર્ષને મહત્ત્વ આપું છું. માણસાઈ હોવી જ જોઈએ અને તેમને તેમના અધિકારો મળવા જોઈએ. વાયરલ થઈ રહેલ ક્લિપ અધૂરી અને સંદર્ભ વિહોણી છે. જો પહેલાં જે કહ્યું તે ગુમ છે. કાશ્મીર એક વણઉકેલ્યો મુદ્દો છે અને તે ભારતના ક્રૂર કબજા હેઠળ છે. તેને યુએનના ઠરાવ હેઠળ ઉકેલવો જોઈએ. દરેક પાકિસ્તાની અને હું કાશ્મીરની સ્વતંત્રતા ચળવળના પક્ષમાં છે. ભારતીય મીડિયાએ ઊભા કરેલ વિવાદને અવગણના આફ્રિદીએ વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર જેવા ભારતીય ક્રિકેટરો માટે ઉદાહરણ પૂરું પાડ્યું છે કે, દંભી રાષ્ટ્રવાદ કરતા માણસાઈ સાથે ઊભા રહેવું જરૂરી છે. વિરાટ કોહલી અને ગંભીર જેવા લોકોએ પોતાની વિવાદિત સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા નફરતના રાજકારણને સફળ બનાવવામાં કોઈ કસર બાકી નથી રાખી. ટૂંક સમયમાં પહેલાં જ વિરાટ કોહલીએ એક ક્રિકેટ પ્રેમીને ભારત છોડી જવા સૂચન કર્યું હતું. કારણ કે તેને ભારતીય ક્રિકેટરો કરતા ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ક્રિકેટરો વધુ પસંદ છે. ગંભીરે તો પોતાના વિભાજનકારક નિવેદનોને કારણે અનેકવાર ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. ગત વર્ષે ગંભીરે ભારતના રાષ્ટ્રધ્વજના ત્રણ રંગોની ભયંકર વ્યાખ્યા આપી તમામ હદો પાર કરી હતી. તેણે લખ્યું હતું કે, ભારત વિરોધીઓ આપણા ગુસ્સાની જવાળા, સફેદ જિહાદીઓના કફન અને લીલો આતંકવાદ પ્રત્યે નફરત માટે છે. ઓસ્ટ્રેલિયન બ્લોગર ડેનિસ ફ્રિડમેને ગંભીરને 'શાબ્દિક આતંકવાદી' ગણાવ્યો હતો. આફ્રિદી દેશમાં પોતાની કેટલી ટીકા થશે તેનો ખ્યાલ કર્યા વગર માનવતા માટે આગળ આવ્યા હતા ત્યારે ભારતીય મીડિયાએ તેમની વાતના અર્થનો અનર્થ કરી નાખ્યો. આ જ મીડિયાએ ભારતીય ક્રિકેટરે જો આવી ટિપ્પણી કરી હોત તો તેનો અલગ જ અર્થ કાઢ્યો હોત.

# હિન્દુ ધર્મ મુઘલ યુગમાં પણ ભયમાં ન હતો, તો પછી તે હિન્દુ વડાપ્રધાનના શાસનમાં તે ભયમાં કેવી રીતે હોઈ શકે : દિગ્વિજયસિંઘ

(એજન્સી) તા.૧૫



કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંઘે કહ્યું હતું કે, જ્યારે મુઘલ યુગમાં હિન્દુઓ અસુરક્ષિત ન હતા તો પછી જ્યારે દેશના વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ હિન્દુ હોય તો તે સમુદાય કેવી રીતે અસુરક્ષિત હોઈ શકે. તેમણે કહ્યું હતું કે, કેટલાક નેતાઓ અમેરિકા જઈને કહે છે કે, હિન્દુ ધર્મ ખતરામાં છે. જ્યારે ૫૦૦ વર્ષથી મુઘલ યુગમાં હિન્દુઓ અસુરક્ષિત ન હતા તો પછી જ્યારે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ બંને હિન્દુ હોય તો હિન્દુ ધર્મ કેવી રીતે ખતરામાં હોઈ શકે. તેઓ સત્તામાં હોવા છતાં જો હિન્દુ ધર્મ ખતરામાં હોય તો પછી તેઓ ઢોંગી છે. ભાજપ પર પ્રહાર કરતાં દિગ્વિજયસિંઘે કહ્યું હતું કે, ભગવા પાર્ટી અયોધ્યામાં રામમંદિરના નિર્માણ વિશે વિવાદ ઊભો કરવા માંગે છે. પરંતુ ભગવાન રામ પોતે આ ઈચ્છતા નથી કે, વિવાદિત સ્થળ પર મંદિર બને. તેમણે કહ્યું હતું કે, આ વિચિત્ર બાબત છે કે, ફક્ત ચૂંટણી દરમિયાન જ અયોધ્યામાં રામમંદિરના નિર્માણનો મુદ્દો ઊભો થાય છે. રામમંદિરના નિર્માણ સામે કોઈ વાંધો નથી, આપણે બધા તે ઈચ્છીએ છીએ પરંતુ ભગવાન રામ નથી ઈચ્છતા કે વિવાદિત સ્થળ પર મંદિર બને.

### વાનરે બે દિવસ પહેલાં બાળકને મોતને ઘાટ ઉતાર્યું હતું

# આગ્રામાં વાંદરાઓનો આતંક યથાવત, ૫૮ વર્ષની મહિલા પર હુમલો કરતા મોતને ભેટી

આગ્રા, તા.૧૫

તાજમહેલની નગરી આગ્રામાં આજકાલ વાંદરાઓનો આતંક છે. સોમવારે વાંદરાઓએ એક મહિલાના ખોળામાંથી ૧૨ દિવસના નવજાતને છીનવી લઈને તેને મારી નાંખ્યુ હતું.

એ પછી વાંદરાઓએ એક મહિલા પર હુમલો કરીને તેનું મોત નીપજાવ્યું છે. ભૂરન દેવી નામની આ મહિલા ખેતરમાં ગઈ હતી ત્યારે વાંદરાઓએ તેના પર હુમલો કરી દીધો હતો. તેની બૂમો સાંભળીને આસપાસથી લોકો દોડ્યા ત્યારે તે સ્થળ પર લોહી લુહાણ હાલતમાં પડેલી મળી હતી. એ પછી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

ઉપરા છાપરી બે મોતથી લોકોમાં ભારે રોષ છે. વન વિભાગ અને આગ્રા કોર્પોરેશન વાંદરાઓની વધતી જતી સમસ્યા માટે એક બીજા પર દોષનો ટોપલો ઢોળી રહ્યા છે અને બીજી તરફ લોકોનું જીવવું મુશ્કેલ બની ગયું છે. લોકોએ પોતાના ઘરોને પાંજરા જેવા બનાવી લીધા છે. જેથી વાંદરાઓ ઘરમાં ના ઘૂસી શકે.

# ભિક્ષા માંગતા બાળકોને શિક્ષણ આપતા શાહિદ, વડાપ્રધાન મોદીએ પણ કરી પ્રશંસા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

જ્યારે કંઈક કરવાનું ધાર્યું હોય તો ગમે તેટલી મુશ્કેલીઓ આવે સફળતા તો મળે જ છે. કંઈક આવું જ બિહારના ચંપારણના પકડીદયાલના રહેવાસી શાહિદ નિઝામની સાથે થયું છે. શાહિદે ૩ વર્ષ પહેલા દિલ્હીના પાલિકા બજારમાં બાળકોને ભિક્ષા માંગતા જોયા હતા. જે ઉંમરમાં બાળકોના હાથમાં રમકડા હોવા જોઈએ તે ઉંમરમાં બાળકોના હાથમાં કટોરા જોઈને શાહિદ ભાવુક થઈ ગયા હતા. બાળકોની સ્થિતિ જોઈ તેમણે બાળકોને શિક્ષિત કરવાનો નિર્ણય લીધો અને તેમના નિર્ણયની પ્રશંસા પોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ કરી ચૂક્યા છે. શાહિદના આ પગલાંથી ૩૦૦૦ બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ૫૦૦થી વધુ બાળકો સ્કૂલ જતા થયા છે. ૨૪ વર્ષના શાહિદ નિઝામે ૧૦મા ધોરણ સુધીનો અભ્યાસ ગામડામાંથી કર્યો છે. ઈન્ટર પછી ઉચ્ચ શિક્ષણ મેળવવા દિલ્હી ગયા. એક કોલેજમાંથી મેકેનિકલ એન્જિનિયરીંગના અભ્યાસ દરમિયાન ૨૦૧૫માં દિલ્હીના પાલિકા બજાર ગેટ પાસે બાળકોને ભીખ માંગતા જોયા. ત્યારે મનમાં વિચાર આવ્યો કે, તેમને શિક્ષિત કરવા જોઈએ. શાહિદ ૩ વર્ષ પહેલા જ ભીખ માંગનારા બાળકોને શિક્ષિત કરવાનો નિર્ણય લઈ ચૂક્યા હતા. તેમણે નિર્ણય લીધો હતો કે, આ બાળકોને શિક્ષિત કરી તેમનું જીવન સુધારી શકાય છે. તેમણે શરૂઆતમાં ૩ બાળકોને ભણવા માટે રાજી કર્યા અને પોતે ભણાવવા લાગ્યા. મનબૂત મનોબળના કારણે તેમને સફળતા મળવા લાગી.

શાહિદે સેવ ચાઈલ્ડ બેગર અભિયાન શરૂ કર્યું. આ અભિયાન બિહારમાં ચાર કેન્દ્રો ઉપરાંત ઉત્તરપ્રદેશ અને હરિયાણા સુધી ફેલાઈ ગયું છે. આ કેન્દ્રો પર ૩૦૦૦થી વધુ અનાથ, ભિક્ષા માંગનારા તેમજ ઝૂંપડપટ્ટીમાં વસતા બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. શાહિદ આ અભિયાન પોતાના મિત્રો સાથે મળીને ચલાવી રહ્યા છે. આ અભિયાનની ચર્ચા જ્યારે તેમણે મિત્રો સાથે કરી તો તેમને પણ આ વિચાર ખૂબ ગમ્યો. જોતજોતામાં કર્ણાટકના રહેવાસી વિવેક મંજુનાથ, છત્તીસગઢના કુંદન કાસ્કર, બિહારના મધેપુરાના જયસિંહ રાજપૂત, હાજીપુરના અમૃતાંશ કુંવર, પશ્ચિમી ચંપારણના બેતિયા રહેવાસી શાહિલ કૌશર અને ઉત્તરપ્રદેશના ગાજીપુર રહેવાસી શુભમસિંહ તેમના મદદગાર બની ગયા.

બાળકોની દરેક રીતે મદદ કરવામાં આવી રહી છે. આ અભિયાનની પ્રશંસા કરતા પૂર્વ ચંપારણના જિલ્લા અધિકારી રમણકુમાર જણાવે છે કે, આ પ્રકારનું કાર્ય સમાજ માટે લાભકારક છે. તેનાથી એવા બાળકોને શિક્ષણ સાથે જોડી શકાય છે જે અભ્યાસથી દૂર છે. તેઓ પોતે ગામ જઈને ત્યાંની વ્યવસ્થાને જોશે.

### તેજસ્વી યાદવે સીએમ નીતિશકુમાર પર મૂક્યો જાસૂસીનો આરોપ

# મારા ઘરમાં ડોકિયું કરશો નહીં, પાડોશી નીતિશકુમારના ઘરની છત પર લાગેલ CCTVનો તેજસ્વીએ વિરોધ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

રાષ્ટ્રીય જનતા દળ (રાજદ)ના નેતા તેમજ બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વીપ્રસાદ યાદવ સત્તાપક્ષના નેતાઓ અને મુખ્યમંત્રી નીતિશકુમારને ઘેરવાની કોઈપણ તક જતી કરવા માગતા નથી. આ દરમિયાન હવે યાદવે સીએમ નીતિશકુમાર પર જાસૂસી કરવાનો આરોપ મૂક્યો છે. આટલું જ નહીં, તેજસ્વીએ તેના માટે નક્કર પુરાવાઓ પણ આપ્યા છે. હકીકતમાં તેજસ્વીએ સીએમ આવાસ પર લાગેલા સીસીટીવી કેમેરાની તસવીર તેમજ વીડિયો શેર કરતા દાવો કર્યો છે કે આ કેમેરા તેમના ઘરની ગતિવિધિઓ પર નજર રાખવા માટે લગાવવામાં આવ્યા છે. તેજસ્વીએ આરોપ મૂકતા કહ્યું છે કે નીતિશકુમારે જાણીજોઈને પોતાના આવાસમાં એ જગ્યા પર જ કેમેરા લગાવ્યા છે કે જ્યાંથી તેઓ તેમના આવાસ પર નજર રાખી શકે. તેજસ્વી યાદવે ટ્વીટ કરતાં લખ્યું કે, નીતિશકુમાર તમારી પોલીસ અને તમને પોતાની સુરક્ષાનો સંપૂર્ણ અધિકાર છે, પરંતુ અમારા બેડરૂમ, આવાસની અંદર મુખ્ય ભવનના દ્વાર, રસોડામાં, આવાસીય કાર્યાલય અને આવાસીય ગોપનિયતામાં ૩૬૦ ડિગ્રીના એચ.ડી. કેમેરા લગાવીને નજર રાખવાનો કોઈ અધિકાર નથી. તમે અમારા ઘરની બહાર મેઈન ગેટ પર કેમેરા લગાવો અમને કોઈ વાંધો નથી. તેજસ્વી યાદવે પોતાની આ ટ્વીટની સાથે એક વીડિયો પણ શેર કર્યો છે. જેમાં પાછળથી એક શખ્સ જણાવી રહ્યો છે કે, કેવી રીતે આ કેમેરા તેજસ્વી યાદવના ઘરની જાસૂસી કરી રહ્યો છે.

# કર્ણાટકમાં રૂા.૧૨૦૦ કરોડના બનાવટી જીએસટી ઈનવોઈસ કૌભાંડનો પર્દાફાશ

(એજન્સી) તા.૧૫

બેંગ્લુરૂમાં રૂા.૧૨૦૦ કરોડની કિંમતના બનાવટી જીએસટી બિલોનો કૌભાંડ બહાર આવ્યો છે. જીએસટી વિભાગના કમિશનરે બે મહિના લાંબી તપાસ પછી આ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. આ કૌભાંડી કંપનીઓ ઈનપુર ક્રેડિટ મેળવવા માટે બનાવટી બિલો બનાવતી હતી. પોલીસે આ કેસના મુખ્ય સૂત્રધારોની ઓળખાણ સોહેબ, બાશા અને હફીઝુર તરીકે કરી છે. સોહેબ અને બાશા ૨૦ બનાવટી કંપનીઓ ચલાવતા હતા અને બનાવટી નામ અને સરનામા સાથે બધી જ કંપનીઓની નોંધણી થયેલી હતી. પરંતુ વાસ્તવમાં આ બધી કંપનીઓનું વહીવટ એક જ ઠેકાણેથી થતું હતું તેમજ એક જ કોમ્પ્યુટર પરથી બધી કંપનીઓના બિલ બનાવવામાં આવતા હતા. બેંગ્લુરૂ દક્ષિણના આઈઆરએસ કમિશનર ઓફ સેન્ટ્રલ ટેક્ષ જી. નારાયણસ્વામીએ જણાવ્યું હતું કે ૧૨ નવેમ્બરે શોધખોળ કરવામાં આવી હતી. અમને ૨૫ ઠેકાણાઓ પરથી કેટલાક ગુનાહિત દસ્તાવેજો મળ્યા હતા અને ત્યારબાદ અમે આ કેસના ત્રણ મુખ્ય સૂત્રધારોની ધરપકડ કરી હતી.

# સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના પ્રથમ કેસમાં આરોપીઓને દોષિત જાહેર કરાવ્યા

(એજન્સી) તા.૧૫

૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોની તપાસ માટે ૨૦૧૫માં રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે આ રમખાણો સાથે સંકળાયેલા કુલ ૨૯૩ કેસોમાંથી ૬૦ કેસોને રિ-ઓપન કરી તપાસ શરૂ કરી હતી. બુધવારે આ એસઆઈટી પ્રથમ કેસમાં આરોપીઓને ગુનેગાર સાબિત કરવામાં સફળ રહી હતી. બુધવારે દિલ્હી હાઈકોર્ટે બે શીખોની હત્યા બદલ બે શખ્સોને દોષિત ઠેરવ્યા હતા. એડિશનલ સેશન્સ જજ અજય પાંડેએ ૧૯૮૪માં દક્ષિણ દિલ્હીના મહિપાલપુરમાં હરદેવસિંહ અને અવતારસિંહની હત્યા બદલ નરેશ શેરાવત અને યશપાલસિંઘને દોષિત ગણ્યા હતા. કોર્ટે ઘણા પુરાવાઓ અને બંને પક્ષોની દલીલોને ધ્યાનમાં રાખીને નરેશ અને યશપાલને દોષિત જાહેર કર્યા હતા. હરદેવસિંહના ભાઈ સંતોખસિંહે આ કેસ દાખલ કરાવ્યો હતો. ૧૯૯૪માં પુરાવાઓના અભાવે આ કેસ બંધ કરી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૧૯૮૪માં શીખ અંગરક્ષકો દ્વારા તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા પછી દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યા હતા. આ રમખાણોમાં ૩૦૦૦થી પણ વધારે લોકોએ જાન ગુમાવી હતી.

# ટીમ કૂકથી હતાશ થયેલા ઝુકરબર્ગે તેમના કર્મચારીઓને આઈફોનનો વપરાશ બંધ કરવા કહ્યું : અહેવાલ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૫

અમેરિકાની બે જાયન્ટ કંપનીઓ એપલ અને ફેસબૂક વચ્ચે તનાતની ચાલી રહી છે. જેનું પરિણામ એ આવ્યું છે કે ફેસબૂકના સીઈઓ માર્ક ઝુકરબર્ગે ફેસબૂકમાં આઈફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ઝુકરબર્ગે પોતાની મેનેજમેન્ટ ટીમને માત્ર એન્ડ્રોઈડ ફોન વાપરવાની સૂચના આપી છે.

અમેરિકન અખબારના અહેવાલ પ્રમાણે એપલના સીઈઓ ટીમ કૂકે એક ઈન્ટરવ્યૂમાં કેમ્બ્રિજ એનાલિટિકાને ફેસબૂક યુઝર્સના ડેટા લીક કરવાના મામલે સવાલ પૂછાયો ત્યારે કૂકે કહ્યું હતું કે ફેસબૂક તેના યુઝર્સના ડેટા વેચીને પૈસા કમાય છે. એપલ ક્યારેય એવું નહીં કરે. ઝુકરબર્ગે ટીમ કૂકના નિવેદનને વાહિયાત ગણાવ્યું હતું. એ પછી ફેસબૂકમાં આઈફોન પર પ્રતિબંધનો આદેશ આવ્યો છે ત્યારે તેને આ ઈન્ટરવ્યૂ સાથે જોડવામાં આવી રહ્યો છે. ફેસબૂક દ્વારા જો કે, આ મામલામાં હજી સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

# ભારતીય મુસ્લિમોનો ફાળો ઓછો આંકી શકાય તેમ નથી : ફારૂક અબ્દુલ્લા

(એજન્સી) તા.૧૫

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ બુધવારે કહ્યું હતું કે સમગ્ર ભારતભરમાં શહેરોના નામ બદલવાની પ્રક્રિયા એ દેશના 'બહુવિધ દશ્ય'ને બદલવાનો અને પ્રવર્તમાન વિકાસ ખાધ પરથી લોકોનો ધ્યાન હટાવવા માટેનો પ્રયત્ન છે. તેમણે કહ્યું હતું કે, ભારત ઐતિહાસિક રીતે વિવિધ સંસ્કૃતિઓનો એકત્ર થવાનો કેન્દ્રબિંદુ છે અને તેના વિવિધ શહેરોના નામ દેશની બહુવિધ સંસ્કૃતિઓને પ્રતિબિંબિત કરે છે. ફારૂક અબ્દુલ્લાએ કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિઓના મિશ્રણમાં મુસ્લિમોનું યોગદાન ઓછું આંકી શકાય તેમ નથી, પછી તે ભાષા, શિલ્પકલા, ભોજન અથવા કલાના અન્ય સ્વરૂપો કેમ ન હોય. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ પ્રકારના પ્રયત્નો ભાજપના નેતૃત્વવાળી રાજ્ય સરકારોનો વેરભાવ પ્રગટ કરે છે. આમાં ઉત્તરપ્રદેશ સરકારને શૈક્ષણિક અને ઐતિહાસિક તથ્યો સામેનો વેરભાવ પણ સામેલ છે તેમણે કહ્યું હતું કે, ઈતિહાસ આ વાતનો સાક્ષી છે કે મુસ્લિમોએ જ આપણા દેશના વિવિધતા ધરાવતા મૂલ્યોને મજબૂત બનાવ્યા છે. દેશની સ્વતંત્રતામાં મુસ્લિમોનું યોગદાન અવગણી શકાય તેમ નથી. ફખરૂદ્દીન અલી અહમદ, મૌલાના આઝાદ, ડો. ઝાકીર હુસૈન, એ.પી.જે. અબ્દુલ કલામ અને અન્ય મુસ્લિમોએ ભારતના વિકાસમાં ખૂબ જ યોગદાન આપ્યું છે.

# દેશમાં આતંકી હુમલાનું એલર્ટ : ૭ આતંકીઓ ઘૂસ્યાની આશંકા

### આતંકીઓ દિલ્હી તરફ રવાના થયા હોવાની આશંકા, મોટા હુમલાને અંજામ આપે તેવી શક્યતા, પંજાબમાં સંઘના મોટા નેતાઓ ખાલી સ્થાનોને આતંકીઓ નિશાન બનાવે તેવી સંભાવના

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

પંજાબ પોલીસ ઈન્ટેલિજન્સના ઈનપુટ પ્રમાણે જેશ એ મોહમ્મદના ૬-૭ આતંકવાદી પંજાબમાં ઘૂસી ગયા છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં પોલીસ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી તપાસ હાથ ધરી છે, ખૂફિયા વિભાગના ઈનપુટ પ્રમાણે આતંકી ફિરોઝપુરની આસપાસ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હાલ સમગ્ર રાજ્યમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પંજાબનો ફિરોઝપુર જિલ્લો પાકિસ્તાનની બોર્ડર નજીક આવેલો છે, અને માનવામાં આવી રહ્યું છે કે, આતંકી ઘુસણખોરી કરી આ વિસ્તારમાં પ્રવેશી ચૂક્યા છે, ખૂફિયા વિભાગ પાસે ઈનપુટ મળ્યા છે કે આતંકવાદીઓ દિલ્હી જવાનો પ્રયાસ કરી રહ્યાં છે. બુધવારે પંજાબના પઠાનકોટના મોધોપુરમાં ચાર સંદિગ્ધો દ્વારા એક કાર લૂંટી લેવામાં આવી છે, આ ઘટનાને પોલીસ આતંકી ગતિવિધિ સાથે જોડી રહી છે અને તે દિશામાં તપાસ કરી રહી છે. માનવામાં આવી રહ્યું છે કે આ આતંકી સડકમાર્ગે દિલ્હી તરફ આગળ વધી રહ્યાં છે, દિલ્હીમાં તેઓ કોઈ મોટા ટારગેટને અંજામ આપી શકે છે અથવા જો પંજાબ ન પહોંચી શક્યા તો તેઓ પંજાબમાં પણ કોઈ મોટી ઘટનાને અંજામ આપી શકે છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા ફિરોઝપુરનો બોર્ડર એરિયા સીલ કરી દેવામાં આવ્યો છે. જાણકારો અનુસાર, આતંકી RSSની પંજાબની શાખાઓને ટાર્ગેટ કરી શકે છે. પંજાબમાં RSSના મોટા નેતાઓ અને સવારના સમયે પંજાબના શહેરોમાં પાર્કો અને ખાલી સ્થાનો પર RSSની ગતિવિધિઓને નિશાન બનાવી શકે છે, તેના સિવાય પંજાબમાં રાજનૈતિક પાર્ટીઓની રેલીઓ દરમિયાન પણ આતંકી હુમલો થવાની દહેશતમાં એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. તો જમ્મુ કાશ્મીરમાં કુપવાડા જિલ્લામાં સુરક્ષાદળ અને આતંકવાદીઓ વચ્ચે રવિવારે અથડામણ સર્જાઈ હતી, જેમાં જેશ એ મોહમ્મદના એક પાકિસ્તાની આતંકી ઠાર મરાયો હતો. પોલીસે જણાવ્યું કે જિલ્લાના હંદવાડામાં આતંકવાદીઓએ સુરક્ષાદળની એક ટીમ પર હુમલો કર્યો હતો. પોલીસના એક પ્રવક્તાએ કહ્યું કે, બપોરના સમયે હંદવાડામાંથી પસાર થતી વખતે આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. ઠાર મરાયેલા આતંકવાદી પાસેથી કેટલાક હથિયાર અને ગોલા બારૂદ મળી આવ્યા છે.

# ભાજપનું નામ બદલવાનું અભિયાન વિવિધતાને નુકસાન પહોંચાડી રહ્યું છે, લોકો વચ્ચે અંતર વધારી રહ્યું છે : કર્મશીલો

(એજન્સી) તા.૧૫



ભાજપ સરકાર દ્વારા ચલાવાઈ રહેલું શહેરોનું નામ બદલવાનું અભિયાન હવે તમામ લોકોની નજરે છવાઈ ગયું છે. મુસ્લિમ શહેરોનું નામ બદલવામાં આવી રહ્યું છે અને આ મામલે બુદ્ધિજિવિઓએ ભાજપ સરકારને આડેહાથ લીધી છે. માનવાધિકાર કાર્યકર્તાઓ, બુદ્ધિજિવિઓએ આ અભિયાનને સાંપ્રદાયિક ધ્રૂવીકરણ કરવાનું પગલું ગણાવ્યું છે અને તેમણે કહ્યું કે આ ભારતના સાંસ્કૃતિક ઈતિહાસ પર મોટો હુમલો છે. એક જાણીતા મીડિયા સાથેની વાતચીમાં તેમણે કહ્યું કે આ અભિયાન ભાજપની બેઈમાનીને ઉઘાડી પાડે છે. તે વિકાસ કરવામાં તદ્દન નિષ્ફળ રહ્યો છે અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં તેણે જે વાયદાઓ કર્યા હતા તે પૂરાં કરવામાં નિષ્ફળ રહ્યું છે. એક જાણીતા સામાજિક કાર્યકર અને પૂર્વ સરકારી કર્મચારી અને મજદૂર કિસાન શક્તિ સંગઠનના સંસ્થાપક અરુણા રોયે કહ્યું હતું કે સરકારનું આ અભિયાન શરમજનક છે. તે ભારતની વિવિધતા પર પ્રહાર છે અને તે આપણા ભારતના ઈતિહાસને નુકસાન પહોંચાડી રહ્યું છે અને ઐતિહાસિક સંબંધો સાથે છેડછાડ સમાન છે. મને લાગે છે કે હવે દેશ નાનો થતો જઈ રહ્યો છે અને તે એક દિવસ હારશે. ભાજપ હાલમાં જે પણ કરી રહ્યું છે તેનાથી કોઈને ફાયદો નહીં પરંતુ બે સમુદાયના લોકો વચ્ચેનું અંતર વધી જશે. તેમણે કહ્યું કે તેનાથી લઘુમતી સમુદાયના લોકો એકલાં પડશે અને તેનાથી સંઘર્ષની જ શરૂઆત થશે. આપણે નાની લડાઈ હારી પણ જઈશું પણ યુદ્ધ તો જીતીશું. જોકે બીજી બાજુ એક આરટીઆઈ કાર્યકર્તા અને એમકેએસએસના સંસ્થાપક નિખિલ દેયે કહ્યું કે ભાજપનું આ અભિયાન સંસ્કૃતિને નુકસાન પહોંચાડી રહ્યું છે. ભાજપનું આ રાજકીય પગલું દર્શાવે છે કે તે વાયદાઓ પૂરાં કરવામાં નિષ્ફળ રહ્યું છે. શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારના ક્ષેત્રમાં તે કંઈ કરી શક્યો નથી. દિલ્હીના પ્રોફેસર મનોજ કે. ઝાએ કહ્યું કે આ મુદ્દાને ઐતિહાસિક રીતે જોવામાં આવે તો સરકારે કંઈ જ કર્યુ નથી ફક્ત નામ જ બદલ્યું છે. યુપીના સીએમ યોગી પર કટાક્ષ કરતાં કહ્યું કે સર, મહેરબાની કરીને ગેસ સિલિન્ડરનું નામ આદિત્યનાથ સિલિન્ડર કરી દો કે જેથી કરીને બાળકોના મોત ન નીપજે.

# પંડિત રામ સાગરે પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં લખી છે શેર...શાયરી...

(એજન્સી) મુંબઈ, તા.૧૫



મુંબઈ નિવાસી પંડિત રામ સાગર ઉર્ફે પૃથ્વીપાલ ત્રિપાઠીએ પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.)સાહેબની પ્રશંસા કરતી શાયરીઓનો સંગ્રહ લખ્યો છે. ૬૮ વર્ષીય સાગર અયોધ્યાના એક ટ્રસ્ટ રામલલ્લા વિનય સાથે જોડાયેલ પરિવાર સાથે સંબંધ ધરાવે છે અને વિશ્વ બ્રાહ્મણ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે. અહેવાલ મુજબ યુપીના સુલતાનપુરમાં જન્મેલ સાગર કહે છે કે, પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ ફક્ત ઈસ્લામ ધર્મ સાથે સંકળાયેલ મહાન પયગમ્બર (સંદેશાવાહક) નથી તેઓ સમસ્ત માનવ માટે કલ્યાણકારી સંદેશાવાહક છે. હું હંમેશાં એમનો આશીર્વાદ લઉં છું. એમાં કશું ખોટું નથી. પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ કોઈ એક જાતિ કે કોમના નથી. તેઓ બધી કોમના રહેબર (રાહ ચીંધનાર) છે. 'નાત કલામ' અને અલ્લાહ ત્આલાની શાનમાં શેર કહેનાર સાગરને ઢગલાબંધ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. એમના ઘરમાં પવિત્ર કુર્આન શરીફની હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષાની પ્રતો છે. તેઓ ગીતા અને રામાયણને પણ સમાન મહત્ત્વ આપે છે. સાગર મુશાયરાઓમાં ચર્ચિત ચહેરો બની ચૂક્યા છે એમની કવિતાઓમાં પયગમ્બર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) સાહેબની ભારોભાર પ્રશંસા સાથે કોમી સૌહાર્દની પણ દલીલ હોય છે. અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી સ્નાતક કરનાર સાગર આઈએએસ અધિકારી બને તેવી તેમના દાદાની ઈચ્છા હતી પરંતુ કવિતા પ્રત્યેના પ્રેમને કારણે સાગરે ક્યારે યુપીએસસીની પરીક્ષા આપી નહીં.

# દિલ્હીમાં ફેશન ડિઝાઈનર અને તેના નોકરની હત્યા દરજીએ કરી, આરોપીઓએ પોલીસ સ્ટેશન જઈ આત્મસમર્પણ કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

દિલ્હીના પોશ વસંતકુંજ વિસ્તારમાં ડબલ મર્ડરનો કેસ સામે આવ્યો છે. અહીં ૫૩ વર્ષની એક ફેશન ડિઝાઈનર અને તેના નોકરની છરીના ઘા મારી હત્યા કરી દેવામાં આવી છે. પોલીસને ગુરૂવારે સવારે ઘરમાંથી તેમના મૃતદેહ મળ્યા છે. મૃતકોની ઓળખ માલા લખાણી અને ૫૦ વર્ષીય નોકર બહાદુર તરીકે થઈ છે. પોલીસ અનુસાર આ ડબલ મર્ડરમાં સામેલ ત્રણ લોકોએ પોલીસ સ્ટેશન જઈને આત્મસમર્પણ કરી દીધું હતું. ત્રણેયની ઓળખ રાહુલ અનવર, રહેમત અને બાસિત તરીકે થઈ છે. પોલીસ મુજબ આ ત્રણેયએ રાત્રે ૧૦થી ૧૨ વાગ્યાની વચ્ચે હત્યા કરી હતી. તેમણે હત્યા કર્યા પછી ઘરેણા લૂંટી અને મહિલાની ગાડી લઈને ભાગી ગયા હતા. જો કે પછી તેમને ફસવાનો ભય થયો અને અઢી વાગે વસંતકુંજ પોલીસ સ્ટેશન જઈને આત્મસમર્પણ કરી દીધું હતું. પોલીસ જ્યારે ઘટનાની સૂચના મળતા જ ઘટનાસ્થળે પહોંચી તો ત્યાં માલા લખાણી અનુ બહાદુરના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસે બંને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા છે. અનવર મહિલાના ઘરમાં બનેલા કપડાના વર્કશોપમાં ટેલર હતો. પોલીસ અનુસાર અનવરનો માલા સાથે પૈસા અંગે પણ ઝઘડો થયો હતો. તેણે જ લખાણીને કપડા જોવા વર્કશોપમાં બોલાવી હતી. આ દરમિયાન તેણે લૂંટના ઉદ્દેશથી લખાણી પર હુમલો કરી દીધો. આ દરમિયાન અવાજ સાંભળીને લખાણીનો નોકર બહાદુર તેને બચાવવા આવ્યો તેની પણ હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે, રાહુલની સાથે પકડાયેલા બે અન્ય લોકો રહેમત અને બાસિત કામ અંગે લખાણીના ઘર આવતા-જતા હતા. આ ત્રણેયએ લગભગ દસ વાગ્યા પહેલાં જ હત્યાનું આયોજન કર્યું હતું અને વિસ્તારના બજારમાંથી જ છરી ખરીદી હતી. પોલીસ અનુસાર આ ત્રણેયએ પોતાના નિશાન હટાવવા માટે ત્યાં સફાઈ પણ કરી હતી. પોલીસને તેમની પાસેથી એક બેગ ઘરેણા, મોબાઈલ ફોન અને બીજી વસ્તુઓ પણ મળી છે. પોલીસ ત્રણેયને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરી રહી છે.

### વિવાદિત શિકારમાં મોતને ભેટનાર

# વાઘણ અવનીના અનાથ બચ્ચા જીવિત મળી આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

મહારાષ્ટ્રમાં વાઘણ અવનીની વિવાદાસ્પદ હત્યા બાદ તેના બચ્ચાઓને બચાવી, પુનઃસ્થાપિત કરાયા છે. ડઝનથી વધુ ગ્રામીણોની હત્યાના અહેવાલ બાદ તંત્રએ વાઘણનો શિકાર કરતા વન્યજીવ સંરક્ષણ કાર્યકર્તાઓમાં રોષની લાગણી જાગી હતી. મહારાષ્ટ્ર રાજ્ય વન વિભાગના એ.કે. મિશ્રાએ જણાવ્યું કે, વાઘણના બચ્ચા સ્વસ્થ છે અને વિશેષજ્ઞો દ્વારા તેમની ચકાસણી કરવામાં આવશે કે તેઓ પણ નરભક્ષી છે કે નહીં. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટએ વાઘણના શિકાર પર પ્રતિબંધ મૂક્યો હતો અને વન્ય સંરક્ષણ કાર્યકર્તાઓને આ અંગે અનેક અરજીઓ પણ દાખલ કરી હતી. એક કેબિનેટ મંત્રીએ તો આ ઘટનાને નિર્દય હત્યા ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે ભારતમાં વાઘના સંરક્ષણ માટે અભિયાન શરૂ કરાયા બાદ ૨૦૧૪માં વાઘોની સંખ્યા ૧૫૦૦થી વધીને ૨૨૦૦ થઈ હતી. પરંતુ વધતા શહેરીકરણના કારણે વાઘો અને મનુષ્યોના સંઘર્ષમાં નોંધનીય વધારો થયો છે. ટૂંક સમય પહેલાં જ ઓડિશા નજીક શિકારીઓના જાળમાં ત્રણ વર્ષીય વાઘ મૃત હાલતમાં મળી આવ્યો હતો.

# કેન્દ્રએ હાઈકોર્ટને કહ્યું- ૨૨ નવેમ્બર સુધી નેશનલ હેરાલ્ડનું કાર્યાલય ખાલી નહીં કરાવીએ

(એજન્સી) તા.૧૫

દિલ્હી હાઈકોર્ટે આજે નેશનલ હેરાલ્ડ મામલે સુનાવણી હાથ ધરી હતી. આ સુનાવણી એસોસિએટેડ જર્નલની અરજી પર કરાઈ હતી. જેમાં કોર્ટે ૨૨ નવેમ્બર સુધી નેશનલ હેરાલ્ડના હાઉસને ખાલી કરાવવા કેન્દ્ર સરકારના આદેશ પર સ્ટે મૂકી દીધો છે. હેરાલ્ડનું કાર્યાલય દિલ્હીના આઈટીઓ પર આવેલ છે. કેન્દ્ર સકારે હાઉસને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશને હાઈકોર્ટમાં પડકારાયો હતો. કેન્દ્ર સરકારે કોંગ્રેસના મુખપત્ર મનાતા નેશનલ હેરાલ્ડ અખબારના હાઉસને ૧૫ નવેમ્બર સુધી ખાલી કરાવવાનો આદેશ આપ્યો હતો. સરકારે ૩૦ ઓક્ટોબરે આદેશ આપ્યો હતો. કોર્ટમાં અભિષેક મનુ સિંઘવીએ પક્ષ રજૂ કરતાં કહ્યું કે, કેન્દ્રનો આદેશ દુર્ભાવનાપૂર્ણ અને નકારવાને લાયક છે. આ ખરાબ નિયત અને રાજકીય ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે આપવામાં આવ્યો હતો. કેન્દ્રએ દિલ્હી હાઈકોર્ટને મૌખિક આશ્વાસ આપ્યું હતું કે તે ૨૨ નવેમ્બર સુધી નેશનલ હેરાલ્ડના પ્રકાશક, એજેએલના લીઝ મામલે યથાસ્થિતિ જાળવી રાખશે. જસ્ટિસ સુનીલ ગૌડે જ્યારે કહ્યું કે, તે આ મામલે સુનાવણી કોઈ અન્ય દિવસે કરશે અને કેન્દ્રને યથાસ્થિતિ જાળવી રાખવી જોઈએ. લેન્ડ એન્ડ ડેવલપમેન્ટ વિભાગ તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ તેમને આવું કરવા અંગે મૌખિક આશ્વાસન આપ્યું. કોર્ટે આ મામલે સુનાવણી માટે આગામી તારીખ ૨૨ નવેમ્બર નક્કી કરી છે. મંત્રાલયે આદેશમાં એજેએલને મળેલી ૫૬ વર્ષની લીઝને સમાપ્ત કરતાં આઈટીઓ સ્થિત પરિસર ૧૫ નવેમ્બર સુધી ખાલી કરવા માટે કહ્યું હતું. અગાઉ મંગળવારે દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, નેશનલ હેરાલ્ડ હાઉસને ખાલી કરવાના કેન્દ્રના આદેશ વિરૂદ્ધ એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડની અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાની કોઈ જરૂર નથી.

## પોલીસે હેલ્મેટ વિનાના વાહનચાલકોને દંડવાનું શરૂ કરતાં હેલ્મેટ ખરીદવા લોકોની પડાપડી





અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા શહેરભરમાં મોટાપાયે ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરી છે. જેમાં ખાસ કરીને હેલ્મેટ વિના વાહન ચલાવતા ચાલકોને નિશાન બનાવી મેમો પકડાવવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્ય ચાર રસ્તાઓ અને રીવરફ્રન્ટ પર પોલીસે ખાસ નાકાબંધી કરી આતંકવાદીઓને પકડતા હોય તે રીતે 'નો હેલ્મેટ નો ગો' ઝુંબેશ શરૂ કરી હેલ્મેટ વિનાના દ્વિચક્રી વાહન ચાલકોને પકડી દંડ ફટકારવામાં આવે છે. પરિણામે વાહનચાલકોમાં રીતસર ફફડાટ વ્યાપી જતા અમને હેલ્મેટ ખરીદવાની ફરજ પડી હતી. આથી હેલ્મેટ ખરીદવા વાહન ચાલકોએ રીતસર પડાપડી કરી હતી.

# રાજ્યમાં ૧૮ વર્ષ સુધીના ૧.૫૯ કરોડ બાળકોના આરોગ્યની તપાસ કરાશે

### ગત વર્ષે ૨૮,૨૮૩ બાળકોને હૃદયરોગની-કિડની જેવી ગંભીર બીમારીની સારવાર અપાઈ હતી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૫

રાજ્યમાં ફરી એકવાર સરકાર બાળકોના આરોગ્યની તપાસ કરવા જઈ રહી છે. સરકારના શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે તા.૨૭મી નવેમ્બરથી રાજ્યભરના ૦થી ૧૮ વર્ષની વય ધરાવતા શાળામાં જતા તથા શાળામાં ન જતાં તમામ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવશે. એટલે કે આ વખતે રાજ્યના ૧.૫૯ કરોડથી વધુ બાળકોના આરોગ્ય અંગેની ચકાસણી કરવાનું આયોજન હાથ ધરાયું છે. આ તપાસણી કાર્યક્રમ તા.૧લી ફેબ્રુઆરી (૪૫ દિવસ) સુધી ચાલશે.

આજે ગાંધીનગર ખાતે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમની સ્ટીયરીંગ કમિટિની બેઠક યોજાઈ હતી. જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ હેઠળ આંગણવાડી, પ્રાથમિક-માધ્યમિક શાળાઓ, આશ્રમશાળાઓ, કસ્તુરબા શાળા, અનાથ આશ્રમ, વિકલાંગ, અંધજન, બહેરામુંગા, ચિલ્ડ્રન હોમ, મદ્રેસા, કેન્દ્રિય વિદ્યાલય સહિતની કુલ ૧,૧૧,૧૪૬ સંસ્થાઓમાં આરોગ્ય તપાસણી કરાશે. ગયા વર્ષે ૧,૫૫,૧૪,૮૯૯ બાળકોના આરોગ્યની તપાસ કરી ૧૯,૬૧,૮૯૦ બાળકોને સ્થળ પર સારવાર આપવામાં આવી હતી. જ્યારે ૧,૮૪,૧૪૮ બાળકોને સંદર્ભ સેવા અપાઈ હતી. ૨૨૯૩૨ બાળકોને હૃદયરોગ, ૩૫૦૮ને કિડની અને ૧૮૪૩ને કેન્સર, ૬૨૬ ક્લેપ લીપ/પેલેટ, ૫૩૦ ક્લબ ફૂટની સારવાર અપાઈ હતી. જ્યારે ૨૫ બાળકોને કિડનીનું પ્રત્યારોપણ, ૫૦૧ કોકલીયર ઈમ્પલાન્ટ તથા ૨૮ બાળકોના બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટની સંપૂર્ણ સારવાર વિના મૂલ્યે રાજ્ય સરકાર દ્વારા પૂરી પડાઈ હતી. આ ઉપરાંત ૯૯,૨૧૦ બાળકોને વિના મૂલ્યે ચશ્માનું વિતરણ કરાયુ હતું. આમાં સરકાર સામે ચાલીને બાળકોની તપાસ કરે છે. જેમાં ઓપરેશન સહિતનો તમામ ખર્ચ કેન્દ્ર તથા રાજ્ય સરકાર ઉપાડે છે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, બાળકો-ભૂલકાંઓના આરોગ્યની તપાસનો આ કાર્યક્રમ સરકારી સેવામાં આત્મસંતોષ માટેનો સફળ કાર્યક્રમ બની રહ્યો છે.

### એક કા ડબલના રૂા.૨૬૦ કરોડનું કૌભાંડ કેસ

# વિનય શાહની કથિત ઓડિયો ક્લિપ વાયરલ : ક્લિપમાં રૂા.૯૦ લાખ જે.કે. ભટ્ટને આપ્યા હોવાનો દાવો

## કૌભાંડી વિનય શાહની સુરેન્દ્ર રાજપૂત અને સ્વપ્નિલ રાજપૂત સાથે કથિત વાતચીતનો ઓડિયો વાયરલ થતાં ચકચાર

### કૌભાંડી વિનય સાથે સુરેન્દ્ર અને સ્વપ્નિલ રાજપૂત વચ્ચેની કથિત વાતચીતનો સારાંશ

**સુરેન્દ્ર રાજપુતઃ** જે ઓફીસર પાસેથી આપણે કામ લેવા છે તમે સમજ્યા તે ઓફીસરનુ નામ આમા આવતું થાય તો તે લોકોની કેરીયર બુરી થાય કેરીયર બુરી થાય તો રીટાયરમેન્ટ જગ્યાએ આ વસ્તુઓ ઉભી થાય તો તેમની વાત એવી છે કે તેમના નામ કોઇ વાત કોઇ વહેતી ન થાય એ કેસેટ એમની પાસે છે એમને કહો તેમાં રઘવાયા ન થાય આ બધું ચાલતું હોય છે. જગતની અંદર બધું આ જ ચાલતું હોય છે કોનું કશું શું તૂટી ગયું

**વિનય શાહઃ** જો સાંભળો જે.કે. ભટ્ટ સાહેબ છે ને એ બે મહિના પછી રીટાયર થવાના છે તેની બધી માહિતી મારી પાસે છે.

**સુરેન્દ્ર રાજપુતઃ** એના પાસે જે છે એ બધું કરાવી શકાયને બે મહિનાની અંદર

વિનય શાહઃ એમની બધી માહિતી, રેકોર્ડીંગ મારી પાસે છે, આપણે તે માહિતી બજારમાં મુકી નથી.

**સુરેન્દ્ર રાજપુતઃ** અત્યારે ન મુકાય એ આપણા માટે પ્લસ છે.

**વિનય શાહઃ** આપણા માટે પ્લસ છે એટલે મુકી નથી

**સુરેન્દ્ર રાજપુતઃ** એવું છે એટલે આપણે બે જણા બેસીશું એ લોકો ટ્રેપ કરે છે. એ વાત વાયરલ થાય તો આપણે તો

**વિનય શાહઃ** વાઈરલ શું કામ થાય છે સરકારી નોકરીયાત છે કમિશનર લેવલના માણસ છે, આપણા થકી એમને પૈસા આપ્યા છે આપણા પૈસાનો એમણે ઉપયોગ નથી કર્યો દૂરપયોગ કર્યો છે. આપણા પૈસાથી મારું નામ સ્વુપ્નિલ ભાઇ,તમારુ નામ ઉછાળ્યુ છે. આપણે ★★★નથી.

**સુરેન્દ્ર રાજપુતઃ** હમ...

**વિનય શાહઃ** એ માણસ જે હોય એ. કે. ભટ્ટ ભાઇ જે હોય તે હોય એને બે મહિનાનુ રિટાયરમેન્ટ છે, મને બધી ખબર છે. બધી માહિતી મારી પાસે છે.હું જ્યારે બહાર આવીશને હિસાબ કીતાબ પુરા નહીં કરે તો આપણે નહીં છોડીએ તમે સમજી લેજો હું નહી છોડું હું ભલે જેલમાં જઉ બધી માહિતી એ રીતે સેફમાં મુકી છે એ ભાઇને હું નહીં છોડું કારણ કે ૯૦ લાખ રુપિયા આપ્યા છે નાના પૈસા નથી આપ્યા.

**વિનય શાહઃ** સાંભળી લો ૯૦ લાખ રુપિયા જે.કે. ભટ્ટ સાહેબને આપ્યા છે એને હું છોડું નહીં, કારણકે એને જે કરવાનુ હતું તેણે આપણા જ પૈસાથી આપણી ગેમ બજાવી છે. આ સત્ય છે સમજી લેજો.

**સુરેન્દ્ર રાજપુતઃ** આપણે પછી વાત કરીશું

### સીઆઈડી ક્રાઈમ હરકતમાં : વિનય શાહની થલતેજ ઓફિસે તપાસ કરાઈ

એક કા ડબલ કરવાની લાલચ આપી રૂા.૨૬૦ કરોડના કૌભાંડ કેસના મુખ્ય સૂત્રધાર વિનય શાહ અને તેની પત્ની ફરાર થઈ ગયા છે. ત્યારે આ સમગ્ર કેસ મામલે રાજ્ય સરકારે સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપી છે. ત્યારે સીઆઈડી ક્રાઈમની ટીમ દ્વારા આજે વિનય શાહની આર્ચરકેર કંપનીની થલતેજ સ્થિત ઓફિસની તપાસ કરવા પહોંચી હતી. એટલે ગઈકાલે તપાસ સોંપાતાની સાથે આજથી સીઆઈડી ક્રાઈમ હરકતમાં આવી ગઈ છે.

### વિનય શાહ બાદ વાડજમાં પણ વધુ એક કૌભાંડ ખુલ્યું

ગુજરાતમાં એક પછી એક ઠગાઈના કિસ્સા સામે આવી રહ્યા છે. વિનય શાહના કરોડોના કૌભાંડ બાદ કિમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નામે વધુ એક કૌભાંડ બહાર આવ્યું છે. વાડજ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ દાખલ થઈ છે. રોકાણ પર લલચામણુ વળતર આપવાનું કહી લોકો સાથે છેતરપિંડી આચરાઇ હોવાનો આરોપ મૂકાયો છે. આ કંપની સામે ભાવનગર અને છત્તીસગઢમાં પણ ફરિયાદ નોંધાઈ છે. ગુજરાત, દિલ્હી સહિતના રાજ્યમાં છે કિમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઓફિસ આવેલી છે. ફરિયાદ દાખલ થતા વાડજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કથિત ઓડિયો ક્લિપ મુદ્દે સ્વપ્નિલ રાજપૂતનો ખુલાસો

## વિનય શાહ ટેકનિકલમાં માસ્ટર છે તેણે મારા ખોટા ઓડિયો બનાવ્યા

### અન્યોની જેમ અમે પણ વિનય શાહના કૌભાંડમાં શિકાર બન્યા : રાજપૂત

અમદાવાદ, તા.૧૫

એક કા ડબલના રૂા.૨૬૦ કરોડના કૌભાંડમાં સુરેન્દ્ર રાજપૂત અને તેમના પુત્ર સ્વપ્નિલ રાજપૂતની કૌભાંડી વિનય શાહ સાથેની કથિત ઓડિયો ક્લિપ વાયરલ થતા ચકચાર મચી ગઈ છે. ત્યારે આ મામલે સ્વપ્નિલ રાજપૂતે ખુલાસો કરતા કહ્યું છે કે વિનય શાહ ટેકનિકલ માસ્ટર માઈન્ડ છે. તેણે તેના અવાજનો ઉપયોગ કરીને ખોટા ઓડિયો બનાવ્યા છે. તેમણે વાયરલ થયેલી કથિત ઓડિયો ક્લિપમાં તેમણે વાતચીત કરી જ નથી, તેવો દાવો કર્યો છે. વધુમાં સ્વપ્નિલ રાજપૂતે કહ્યું કે જો વિનય શાહ પત્ર લખીને અને ઓડિયો ક્લિપ વાયરલ કરીને નેતા, મીડિયા અને પોલીસે પૈસા પડાવ્યા હોવાનું બહાનું આગળ ધરીને છટકવા માંગે છે. હું મારા વકીલ મારફતે લીગલ કાર્યવાહી કરીશ. સરકાર તરફથી આ કેસમાં તપાસ માટે રચાયેલી સીટને પણ પુરેપુરો સહયોગ આપીશ. વિનય શાહના કરોડોના કૌભાંડમાં અનેક લોકોની સાથે હું પણ શિકાર બન્યો છું. અમે પણ વિનય શાહને પૈસા આપ્યા હતા. તો વિનય શાહ મારા ઉપર આરોપ લગાવી રહ્યો છે. તો તે આરોપોને સાબિત કરી બતાવે. એમ સ્વપ્નિલ રાજપૂતે પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું.

અમદાવાદ,તા.૧૫

એક કા ડબલ કરી આપવાનું કહીને રૂા.૨૬૦ કરોડના કૌભાંડ કેસમાં આરોપી વિનય શાહે બપોરે ૧૧ પાનાને પત્ર વાયરલ થતા ચર્ચાના દોર શરૂ થઈ ગયો છે. ત્યારે આ સમગ્ર કેસમાં સુરેન્દ્ર રાજપૂતના પુત્ર સ્વપ્નિલ રાજપૂતે વિનય શાહ પાસેથી કરોડો રૂપિયા લેવાના હોવાની વાત કરી હતી. ઉપરાંત તેમની માનહાનિ થઈ હોવાથી બદનક્ષીની ફરિયાદ થઈ છે. ત્યારે આજે વિનય શાહ સાથે સુરેન્દ્ર રાજપૂત અને તેમના પુત્ર સ્વપ્નિલ રાજપૂત વચ્ચેની કથિત વાતચીતની ઓડિયો કિલપ વાયરલ થઈ છે. જેમાં વિનય શાહ કહે છે કે જે. કે. ભટ્ટને રૂા.૯૦ લાખ આપ્યા છે. આ ઓડિયો કિલપમાં વિનય શાહ અવારનવાર સ્વપ્નિલને તેના પોતાના કેસની વાત કરે છે. તેમજ જે.કે. ભટ્ટના નામનો અવારનવાર ઉલ્લેખ કરે છે. જયારે વિનય શાહની કંપનીમાં વસ્ત્રાપુર પોલીસના રાઈટર તેમજ ક્રાઈમ બ્રાન્ચના કેટલાક પોલીસ કર્મીઓએ પણ રોકાણ કર્યું હોવાની વાતો કરી રહ્યો છે. સ્વપ્નિલ રાજપૂત અનોવિનય શાહ વચ્ચેની વાતાચીત કેટલી જુની છે અને કયા નંબર પરથી થઈ છે તે હાલ ચર્ચાનો વિષય બન્યો છે.

### રાજ્યભરમાં ૧૨૨ કેન્દ્રો પરથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ

# ખેડૂતોમાં ઉગ્ર રોષ : રાજ્ય સરકારની દાનત મગફળી ખરીદવાની છે જ નહીં

### ક્યાંક અધિકારીઓ મોડા આવ્યા તો ક્યાંક વજનકાંટા કે બારદાન ન પહોંચતાં ખરીદીમાં વિલંબ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

રાજ્ય સરકારે ૧૫ નવેમ્બરથી રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી જાહેરાત કર્યા બાદ આજથી રાજ્યના ૧૨૨ સેન્ટરો પરથી મગફળી ખરીદીની શરૂઆત તો કરવામાં આવી પરંતુ સરકારના પ્રતિનિધિઓ દ્વારા ઉચ્ચ ક્વોલિટી અને નમૂના જોવા માટે તમામ મગફળીના ઢગલા કરવાનો આગ્રહ તેમજ ૩૦ કિલોના બદલે ૩૫ કિલોની ભરતીનો આગ્રહ રાખતા ખેડૂતોમાં રોષ ફેલાયો છે.

ખેડૂતોનું જણાવવું છે કે સીધા વાહનોમાંથી નમૂના લેવામાં આવે તો અમારો કોઈ વિરોધ નથી પરંતુ ઢગલા કર્યા બાદ હલકી ગુણવત્તાના નામે ખરીદી કરવાની ના પાડે તો અમારે મજૂરી મોંઘી પડે. રાજ્યમાં આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની શરૂઆત થઈ છે. ચાલુ વર્ષે મગફળીના ટેકાના ભાવ પ્રતિમણ દીઠ રૂ.૧૦૦૦ જાહેર કરાયો છે.ટેકાના ભાવે મગફળની ખરીદી શરુ થતાં જ સૌરાષ્ટ્ર સહિતના માર્કેટ યાર્ડ ખાતે વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા હતાં. જામ ખંભાળિયામાં ખેડૂતો દ્વારા મગફળી સળગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

બીજી તરફ આજે વહેલી સવારથી મગફળી ખરીદ કેન્દ્રો પર ખેડૂતો મગફળી વેચવા પહોંચ્યાં હતાં. જયાં ઓનલાઈન મગફળી વેચવાની નોંધણી કરાવી હતી. જયારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા, ભાણવડ અને ભાટિયા કેન્દ્ર પર ટેકાની મગફળી ખરીદી કેન્દ્ર ખોલવામાં આવ્યા છે. અહીં પણ અધિકારીઓ મોડા આવતા ખરીદી મોડી ચાલુ થઈ હતી. સરકારે મગફળીની ખરીદીની જાહેરાત કરી ત્યારે પ્રતિ બોરી ૩૦ કિલોગ્રામ મગફળીની ભરતી ફરજિયાત કરી હતી. પરંતુ ખરીદીની શરૂઆત કરી ત્યારે ૩૫ કિલોગ્રામ ભરતી કરવાની ફરજિયાત કરતા ખેડૂતો રોષે ભરાયા હતા અને ૩૫ કિલોગ્રામ ભરતીની માંગ કરી સરકારે સાબિત કર્યું છે કે મગફળી ખરીદવાની દાનત જ નથી. આમ કહી રોષે ભરાયેલા ખેડૂતોએ મગફળી પાછી લઈ જવી એના કરતા સળગાવી નાખવી સારી એમ કહી મગફળીની હોળી કરી હતી.



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તો પ્રતિ બોરી ૩૦ના બદલે ૩૫ કિલો મગફળી ભરવાનો આગ્રહ રાખતા ખેડૂતોએ મગફળી પાછી લઈ જવાને બદલે સળગાવી નાખી

મોટાભાગના વેચાણ કેન્દ્રો પર સવારના ૧૦ વાગ્યા સુધી કોઈ અધિકારી દેખાયા ન હતાં. જેથી ખેડૂતોએ આ ખરીદી કેન્દ્રમાં વ્યવસ્થા સંભાળતા અધિકારીઓની નિષ્ફળતા સામે બળાપો કાઢ્યો હતો. જવાબદાર અધિકારીઓએ દોષનો ટોપલો બારદાન પહોંચાડતા કોન્ટ્રાક્ટર પર ઢોળ્યો હતો અને ખરીદીકેન્દ્ર પર બારદાન પહોંચ્યા ન હોવાનો લૂલો બચાવ રજુ કર્યો હતો.

મોરબી યાર્ડ ખાતે આજે વહેલી સવારે મગફળી વેચવા પહોંચેલા ખેડૂતોને મગફળી વેચ્યા વગર જ પરત ફરવું પડ્યું હતું. સરકારના પ્રતિનિધિઓ દ્વારા મગફળી માટે ઉચ્ચ ગુણવત્તાના નમૂના માટે મગફળીના ઢગલા કરવા હઠાગ્રહ સેવવામાં આવતા ખેડૂતો રોષે ભરાયા હતાં.

ખુલ્લા મેદાનમાં મગફળીના ઢગલા કરવાના આગ્રહ સામે ખેડૂતોનું કહેવુ છે કે, ટ્રેકટરમાંથી નમૂના લેવામાં આવે તેનો કોઈ વિરોધ નથી પરંતુ ઢગલા કર્યા બાદ ખેડૂતોને કહેવામાં આવે છે કે, આ મગફળી હલકી ગુણવત્તાની છે જેથી

ખરીદી નહીં શકાય. ત્યારે માલ ઠાલવવાની અને પાછો ભરવાની મજૂરી ખર્ચ કોણ ચૂકવશે? જેથી મગફળી વેચવાના બદલે ખેડૂતો યાર્ડ છોડી ચાલ્યા ગયાં હતાં. બનાસકાંઠા જિલ્લામાં પણ ખેડૂતોએ મગફળી કેન્દ્રો પર લાઈનો લગાવી દીધી હતી પરંતુ સરકારી બારદાન ન આવતા ખરીદી શરૂ થઈ શકી ન હતી. ખેડૂતોએ કલાકો સુધી રાહ જોવી પડતાં રોષ વ્યાપી ગયો હતો. બનાસકાંઠા જિલ્લામાં ૩ હજાર જેટલા ખેડૂતોએ જ

### શહેરોના નામ બદલવા મુદ્દે પાટીદાર અગ્રણીના ભાજપ સરકાર પર આકરા પ્રહારો

# ૧૨૫ કરોડ ભારતીયોના નામ બદલીને 'રામ' રાખી દેવા જોઈએ : હાર્દિક પટેલ

### દેશમાં ગંભીર પ્રશ્નો છે ત્યારે સરકાર નામ બદલવામાં અને પ્રતિમા બનાવવામાં લાગી છે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

ભાજપ માટે રામમંદિર માત્ર વોટબેન્ક છે એમ જણાવતા પાટીદાર અનામત આંદોલનના અગ્રણી હાર્દિક પટેલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ફક્ત શહેરોના નામ બદલીને દેશને સોનાની ચિડિયા બનાવી શકતો હોય તો દેશની ૧૨૫ કરોડની જનતાનું નામ બદલીને રામ રાખી દેવું જોઈએ. પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ)ના અગ્રણી નેતા હાર્દિક પટેલ ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલા કલ્કી મહોત્વસમાં હાજરી આપવા માટે પહોંચ્યો હતો. ત્યાં હાર્દિક પટેલે દેશના શહેરોના નામ બદલવાની શરૂ થયેલી ઝૂંબેશ પર ટિપ્પણી કરી હતી. યુપીમાં



ભાજપ માટે રામમંદિર માત્ર વોટબેન્ક : હાર્દિક

હાર્દિકે કહ્યું હતું કે અહીં બેરોજગારી મોટા પ્રમાણમાં છે, જેના કારણે યુવાધન ભટકી રહ્યું છે.

ફૈઝાબાદનું નામ અયોધ્યા અને અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની જાહેરાત અંગે પૂછાયેલા સવાલના જવાબમાં હાર્દિકે જણાવ્યું કે, "જો આ દેશને ફક્ત શહેરોના નામ બદલીને સોનાની ચીડિયા બનાવી શકાતો હોય તો હું માનું છું કે દેશની ૧૨૫ કરોડ જનતાનું નામ બદલીને રામ રાખી દેવું જોઈએ. આ દેશમાં બેરોજગારી અને ખેડૂતોના મોટા અને ગંભીર પ્રશ્નો છે તેને હલ કરવાને બદલે આપણે નામ બદલવામાં અને પ્રતિમાઓ બનાવવામાં લાગ્યા છીએ." હાર્દિકે પત્રકારો સાથે વાતચીતમાં વધુ પ્રહારો કરતા કહ્યું કે, "ઉત્તર પ્રદેશમાં ભાજપ વોટબેંક માટે રામ મંદિરનો મુદ્દો ઉઠાવી રહી છે. ગુજરાતમાં દરેક ગામમાં રામ મંદિર છે અને અયોધ્યામાં કે જ્યાં રામનો જન્મ થયો હતો ત્યાં જ મંદિર નથી બનાવી શકાયું. આ મામલે ભાજપ જાણી જોઈને રાજકારણ કરે છે. ભાજપ રાફેલ, આરબીઆઈ જેવા મુદ્દા પરથી ધ્યાન હટાવવા માટે રામ મંદિરનો મુદ્દો ઉછાળી રહ્યું છે. ભાજપ અને આરએસએસ દેશનો માહોલ ખરાબ કરી રહ્યું છે, આ યોગ્ય નથી. મુદ્દાઓને ભટકાવવા માટે જગ્યાઓના નામ બદવામાં આવી રહ્યા છે."

## પાટણ જિ.પંચાયતના DDO રાજકીય પ્યાદુ બનતાં કોંગ્રેસ ભાજપ કાર્યલયનું બોર્ડ મારશે

અમદાવાદ, તા.૧૫

ગુજરાતમાં રૂપાણી સરકારની ઘોર નિષ્ફળતાના કારણે ભાજપ સત્તા જાળવી રાખવા હવાતિયા મારી રહ્યું છે. સત્તા જાળવવા માટે વહીવટી તંત્રનો બેફામ દુરૂપયોગ વધારે ઝડપી બનાવ્યો છે. પાટણ જિલ્લા પંચાયતની આજે મળેલી સામાન્યસભામાં ભાજપના ચાર સદસ્યોની ગેરહાજરીથી ભાજપ લઘુમતીમાં મુકાઈ જતા ડીડીઓએ ભાજપનું પ્યાદુ બની અડધો કલાક સુધી રાહ જોયા બાદ સામાન્યસભા મોકૂફ કરતા કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. પાટણ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૫ સદસ્યો તોડીને ભાજપે સત્તા આંચકી લીધા બાદ આજે મળેલી સામાન્યસભામાં અછત અને વિકાસ કામોની ચર્ચા અને નિર્ણયો કરવાના બદલે ડીડીઓએ નિયમ વિરૂદ્ધ મનસ્વી રીતે સભા મુલત્વી રાખી ભાજપના પદાધિકારી તરીકેની ભૂમિકા ભજવી છે. ડીડીઓની આ ગેરવર્તણૂક સામે પાટણમાં કોંગ્રેસ દ્વારા દરેક સરકારી કચેરીએ ભાજપ જિલ્લા-તાલુકા કાર્યાલયના બોર્ડ લગાવી ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરવામાં આવશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો.હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, પાટણ જિલ્લા પંચાયતની આજે મળેલી સામાન્ય સભામાં અછત, ઘાસચારો-પાણી જેવા મુદ્દાઓ અંગે નિર્ણય કરવાનો હતો. પરંતુ ભાજપના ૪ સદસ્યોની ગેરહાજરીના કારણે કોંગ્રેસના ૧૫ સદસ્યો સામે ભાજપના ૧૧ સદસ્યો જ થતા હતા. આથી ડીડીઓએ ભાજપનું પ્યાદુ બની અડધો કલાક સુધી રાહ જોયા બાદ આ સામાન્યસભા મોકૂફ કરી દીધી હતી. સત્તા લાલશુ ભાજપે સત્તા જવાના ડરથી ડીડીઓને રાજકીય હાથા બનાવી અછતની પરિસ્થિતિ અંગે ચર્ચા-નિર્ણય નહીં કર ખેડૂતો-ગરીબોની દુર્દશા વધારી છે. કોંગ્રેસ આ બેઠકમાં સત્તા આંચકી લેવાની નહોતી તેમ છતાં ડીડીઓની ભાજપના પદાધિકારી જેવા વર્તણૂંક સામે સમગ્ર પાટણ જિલ્લામાં રોષની લાગણી વ્યાપી છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS